ભૂગોળવિદ્યાનાં મૂળતત્ત્વો

ભાગ ૧લો.

[illegible]

The Department of Public Instruction, Bombay.

OUTLINES OF GEOGRAPHY

PART I.

BY

A. R. DESAI,

Late First Assistant, P. R. Training College, Ahmedabad.

AND

A. M. DIWANJI, B. A.,

Personal Assistant to the Educational Inspector, Northern Division.

ભૂગોળવિદ્યાનાં મૂળતત્ત્વો.

ભાગ ૧.

રચનાર,

અમીધર રણછોડજી દેશાઈ,

માજી ફર્સ્ટ આસિસ્ટંટ, પ્રે. રા. ટ્રેનિંગ કોલેજ, અમદાવાદ.

અને

આત્મારામ મોતીરામ દીવાનજી, બી. એ.,

ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરના પર્સનલ આસિસ્ટંટ,

તેરમી આવૃત્તિ. નકલ ૩૦,૦૦૦.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, નાણાવટ, સુરત.

ઇ. સ. ૧૯૨૫

PRINTED BY
VAJERAM MANSING AT THE "SURAT CITY" PRINTING PRESS,
NEAR CHOUTA BRIDGE, SURAT.
AND
PUBLISHED BY
BALUBHAI KARSANDAS OF MESSRS. KARSANDAS NARANDAS
& SONS, BOOK-SELLERS AND PUBLISHERS,
NANAVAT, SURAT.

શિક્ષકોને સૂચના.

ત્રીજા ધોરણમાં વિદ્યાર્થીઓ પોતાના જિલ્લાની તેમજ ગુજરાત અને ઉત્તર વિભાગની ભૂગોળ શીખી ગયા છે, તોપણ એને સારૂ શિક્ષકોને માટે તૈયાર કરેલાં મોટાં પુસ્તકોમાંથી વિદ્યાર્થીઓના અધિકાર પ્રમાણે જ્ઞાન અપાયું હશે, તેથી બધા શિષ્યોમાં તેજ જાતનો અને તેટલોજ સંસ્કાર થયો હશે, એ કહી શકાય નહિ; માટે આ ધોરણમાં ત્રીજા ધોરણ માટે આપેલી જિલ્લાભૂગોળનો **મુખ્ય ભાગ** અને ઉત્તર વિભાગ અને ગુજરાતની સામાન્ય ભૂગોળમાં જે જે લખવામાં આવ્યું છે તે **બધું** વિદ્યાર્થીઓએ જાણવાની જરૂર છે, માટે તેનું સારૂં પુનરાવર્તન કરાવવું. (જુઓ ગુજરાતશાળાપત્ર પુ. ૪૬, પા. ૩૦૧.)

આ ધોરણમાં ગુજરાતની જિલ્લા અને એજન્સિવાર વિશેષ ભૂગોળ શીખવવાની છે, માટે સામાન્ય ભૂગોળનું માત્ર દિગ્દર્શન કરાવ્યું છે; કારણ કે સામાન્ય ભૂગોળ તેઓ જાણે છે. માત્ર પ્રાચીન અને અર્વાચીન રાજ્ય અને લોકો વિષે સહેજસાજ કહેવામાં આવ્યું છે.

પોતાના જિલ્લા કે એજન્સિની ભૂગોળનું બાળકોને જોઈએ તેટલું જ્ઞાન છે, એમ ધારીને દરેક વિદ્યાર્થીને બીજા જિલ્લાઓ અને એજન્સિઓ વિષે જેટલું જાણવાની જરૂર છે તેટલું આ પુસ્તકમાં આપેલું છે, માટે આમાં આપેલી હકીકત દરેક બાળકે જાણવી જોઈએ. આ વિશેષ માહીતીથી ગુજરાતની સામાન્ય ભૂગોળના તેમના જ્ઞાનમાં વધારો થશે.

પોતાના જિલ્લાનો કે એજન્સિનો ઉત્તર વિભાગ સાથેનો તેમજ આસપાસના જિલ્લાઓ અને એજન્સિઓ સાથેનો સંબંધ છોકરાંઓના મન પર બરાબર ઠસાવી પછી પડોશના જિલ્લા વિષે હકીકત શીખવવી. ત્યાંની જમીન, ખેતી, ઝાડ, વેપાર, રસ્તા, લોકો, વગેરેને પોતાના જિલ્લા કે એજન્સિ સાથે સરખાવવાં. ત્યાં પણ રાજ્યપદ્ધતિ તેમજ અમલદારોનાં નામો અને તેમની ફરજો તેજ છે એમ સમજાવવું, અને પછી તે બધાના ઉપરી **કમિશનર** અને તેમના હાથ નીચેના ખાલસા મુલક "ઉત્તર વિભાગ" સાથે તેનો સંબંધ જોડી દેવો. કમિશનર, એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, વગેરે આખા વિભાગને માટે રાખેલા અમલદારો અને તેમની

ફરજો વિષે જ્ઞાન આપવું. ઉત્તર વિભાગમાં આવેલાં દેશી રાજ્યો અને એજન્સિઓના મુલકના વર્ણન સાથે રાજાઓના અને તે ઉપર દેખરેખ રાખવા માટે રાખેલા સરકારી અમલદારોનો મુંબઈ ઇલાકા અને ગવર્નર સાથે શો સંબંધ છે તેનો છોકરાંઓને બરાબર ખ્યાલ આપવો.

કોઈ પણ જિલ્લા, એજન્સિ, ઇલાકો, પ્રાંત, કે દેશ શીખવતી વખતે બને તો માટીના નમુના બનાવી જમીનના ઢાળ, પહાડ, નદીઓ, વગેરે બતાવવાં. તેને અનુસરીને જંગલ, રણ, જમીનની પ્રત, વગેરેનો સંબંધ જોડવો. દેશની સ્થિતિ, દરીઆથી તેનું અતર, અને પહાડો, જંગલો, કે રણોને અનુસરીને વરસાદ ઓછો વધતો આવે છે તેનું પણ સહજ સકારણ જ્ઞાન આપવું. તે ઉપરથી આબોહવા શીખવવી, અને આબોહવાને અનુસરીને પેદાશ, જાનવર, લોકોનો ઉદ્યોગ, વેપાર, વગેરે વિષયો સબંધપૂર્વક વિદ્યાર્થીઓની યોગ્યતા પ્રમાણે શિક્ષકે સહેજ સહેજ કારણો સાથે શીખવવા; એટલે તેમના કુદરતી ભૂગોળના પણ કંઇક જ્ઞાનનો પાયો રચાય. આ ઠેકાણે ખસુસ કરીને શિક્ષકોને સૂચના આપવાની જરૂર જણાય છે કે તેમણે બીજા ભાગોમાં આપેલી પ્રાકૃતિક ભૂગોળ વાંચીને પક્કા મ હીતગાર થવું, કે જેથી નકશામાં અક્ષાંશ, રેખાંશ, વગેરે દોરેલી લીટીઓ અને તેના ઉપયોગ વિષે પણ પોતે કંઇક જ્ઞાન આપી શકે.

આજ પ્રમાણે ઇલાકા કે પ્રાંતોનો સંબંધ જોડીને હિંદના સાંમ્રાજ્યની ભૂગોળ શીખવવાની છે. પ્રાંતવાર જમીનનો અને લોકોનો ભેદ શો છે તે, તેમજ આખા હિન્દી રાજ્યનું ઐક્ય શા માટે ગણવામાં આવે છે તે પણ શીખવવું. આખા દેશનો સામાન્ય ચિતાર આપ્યા પછી ઇલાકા કે પ્રાંતવાર તેની વિશેષ માહીતી આપવી.

નકશા વગર કોઈ પણ ભૂગોળનો પાઠ આપવો નહિ, તેમજ જે ભાગ પોતે છોકરાંઓને વર્ગમાં પરસ્પર સંબંધ દર્શાવીને શીખવ્યા નથી તે ભાગ ચોપડીમાંથી તૈયાર કરી લાવવાનું કહેવું નહિ પર્વતો, નદીઓ, વગેરેનાં નામની ટીપો ગોખી જવાથી કંઈ ફાયદો નથી; પણ તેમની રચના, તેથી દેશની આબોહવા, વનસ્પતિ, લોકો, ખેતી, વેપાર, વગેરે ઉપર થતી અસર, એનું વિદ્યાર્થીને શક્તિ પ્રમાણે આપેલું જ્ઞાન તેમને વધારે કામનું થઈ પડવાનો સંભવ છે.

જે જે ભાગની ભૂગોળ ચાલતી જાય તે તે ભાગોનો પાટીઆ ઉપર નકશો દોરી એક વખત તેનું (ઉચ્ચ પ્રદેશ, નીચ પ્રદેશ, પહાડો, નદીઓ, ઢોળાવો, વગેરે) કુદરતી સ્વરૂપ બતાવવું. બીજી વખત ખનીજ, ખેતી, ઉદ્યોગ, વગેરેથી થતી પેદાશ; અને રેલવે, નદીઓ, વગેરે વ્યવહારના રસ્તાઓ, લખીને કે ચીતરીને બતાવવાં. ત્રીજી વખત વનસ્પતિ, જાનવર, અને લોકોની વહેંચણી; વળી એક વખત રાજકીય વિભાગો અને મોટાં શહેરો લખી દેખાડવાં. એક નકશામાં આ બધું સામટું બતાવવાથી ગુંચવાડો થાય છે, અને છોકરાંઓનાં મનમાં બધી હકીકત સાથે સારી ઠસતી નથી.

હિન્દુસ્તાનની પેદાશ, વેપાર (આયાત અને નિકાસ), અને જુદે જુદે દેશ માલ લઈ જવા લાવવાના કે દરિઆઈ રસ્તા ઉપર ખાસ ધ્યાન આપવાનું છે. રાજકીય ભૂગોળ કરતાં વ્યાવહારિક ભૂગોળ ઉપર ઓછુ ધ્યાન આપવાનું નથી. હિન્દુસ્તાનની અંદરના રેલવેના મુખ્ય રસ્તાઓથી પણ બાળકોને વાકેફ કરવાં. ભૂગોળની સાથે સહેજ ઇતિહાસ પણ શીખવવાની જરૂર છે. દેશી રાજ્યોના ઉપર દેખરેખ રાખવાને સરકારે શી ગોઠવણ કરી છે તે શીખવતાં દેશી રાજાઓને તથા તેની વસ્તીને બ્રિટિશ રાજ્યની દેખરેખથી થતી સારી અસર વિષે પણ કહેવું. હિન્દુસ્તાનની રાજ્યપદ્ધતિ શીખવ્યા પછી બ્રિટિશ સામ્રાજ્યની સાથે આપણો શો સંબંધ છે તે શીખવવું.

ભૂગોળના પારિભાષિક શબ્દો (ભૂશિર, અખાત, વગેરે) જેમ જેમ આવતા જાય તેમ તેમ પ્રસંગાનુસાર માટીના નમુનાની અને નકશાની મદદથી શીખવવા. તેની વ્યાખ્યાઓ ગોખાવવી નહિ.

શહેરની પાસે વસ્તીના કે પહાડ પાસે ઉંચાઇના આંકડા આપ્યા છે તે ગોખાવવા માટે નથી, શિક્ષકે તેની મદદથી જાણીતાં શહેરો કે પહાડો સાથે તેમને સ્થૂળ રીતે સરખાવવા સારૂ આપેલા છે; એ ખાસ ધ્યાનમાં રાખવું.


કેળવણી ખાતાએ આગળ આપેલી સૂચનાઓનું શિક્ષકોએ વારવાર મનન કરી તે શિક્ષણપદ્ધતિને અનુસરી શીખવવું કે ભૂગોળનો અભ્યાસ અરસિક કે શુષ્ક થઈ જાય નહિ. (જુઓ ગુજરાત શાળાપત્ર પુસ્તક ૪૧, પા. ૨૦૦, ૩૦૩ તથા પુસ્તક ૪૬, પાનું ૨૯૮).

અંગ્રેજી શબ્દોના શુદ્ધ ઉચ્ચાર કરતાં શિક્ષકો અંગ્રેજી જાણનાર પાસેથી શીખે એ ઇચ્છવા લાયક છે.

અનુક્રમણિકા.

મુંબઈ ઇલાકો ... ... ૧—૬૮
ઉત્તર વિભાગ અને ગુજરાત ૧૨
ઉત્તર વિભાગ... ... ... ૧૫
અમદાવાદ જિલ્લો ૧૫
ખેડા જિલ્લો ૧૭
પંચમહાલ જિલ્લો ૧૮
ભરૂચ જિલ્લો ૧૯
સુરત જિલ્લો ૨૧
થાણા જિલ્લો ૨૩
દેશી રાજ્યો ૨૪
પાલણપુર એજન્સિ ૨૪
મહીકાંઠા એજન્સિ ૨૫
રેવાકાંઠા એજન્સિ ૨૬
ખંભાતનું રાજ્ય ૨૮
સુરત એજન્સિ ૨૯
જવાર સંસ્થાન ૩૦
કાઠિઆવાડ ૩૦
વડોદરાનું રાજ્ય ૩૫
કચ્છ ૩૮
સિંધ ૩૯
મુંબઈ... ... ... ૪૪
મુંબઈ પરાં વિભાગ ૪૯
મધ્ય વિભાગ ૫૦
દક્ષિણ વિભાગ ૫૯
હિંદનું સામ્રાજ્ય ૬૯–૧૩૪
મદ્રાસ ઇલાકો ૯૭

કુર્ગ ...	૧૦૧
અંદામાન અને નિકોબાર ...	૧૦૨
બ્રહ્મદેશ ...	૧૦૨
આસામ ...	૧૦૫
બંગાળા ઇલાકો ...	૧૦૬
બહાર અને ઓરીસા ...	૧૦૯
આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાન્તો ...	૧૧૧
દિલ્હી પ્રાંત ...	૧૧૬
પંજાબ ...	૧૧૬
વાયવ્ય સરહદનો પ્રાન્ત ...	૧૨૦
બલુચિસ્તાન ...	૧૨૧
અજમેર-મ્હેરવાડા ...	૧૨૧
મધ્ય પ્રાન્તો અને વરાડ ...	૧૨૨
દેશી રાજ્યો ...	૧૨૪
કાશ્મીર ...	૧૨૫
રજપુતાના એજન્સિ ...	૧૨૬
મધ્ય હિંદુસ્તાન એજન્સિ ...	૧૨૯
હૈદરાબાદનું રાજ્ય ...	૧૩૧
મ્હૈસુર ...	૧૩૨
સ્વતંત્ર રાજ્ય ...	૧૩૩
નેપાળ ...	૧૩૩
ભુતાન ...	૧૩૪
ફ્રેંચ સંસ્થાનો ...	૧૩૪
ફિરંગી સંસ્થાનો...	૧૩૫
સિલોન ...	૧૩૫



ભૂગોળવિદ્યા ભાગ ૧લો.

मुंबई इलाको.

તમે ઉત્તર વિભાગ, કાઠિઆવાડ, અને ગાયકવાડી રાજ્યની ભૂગોળ શીખી ગયા; પણ એ ઉત્તર વિભાગ મુંબઈ ઇલાકાનો એક ભાગ છે. જે પ્રાંતનો ઉપરી અધિકારી ગવર્નર હોય છે, તે પ્રાંત ઇલાકો કહેવાય છે. આપણા કમિશનર સાહેબના ઉપરી મુંબઈ ઇલાકાના ગવર્નર છે. આ મુંબઈ ઇલાકો અરબી સમુદ્ર પર લાંબો, સાંકડો, પટી જેવો પ્રદેશ છે; અને એની રાજધાની મુંબઈ શહેર છે, તેથી એનું નામ મુંબઈ ઇલાકો પડયું છે.

સીમાઃ—આ ઇલાકાની વાયવ્ય, ઉત્તર, અને ઇશાનની સરહદ પર જોશો તો બલુચિસ્તાન, પંજાબ, અને રજપુતસ્તાન છે; પૂર્વની સરહદ પર મધ્ય હિંદુસ્તાનનાં દેશી રાજ્યો, મધ્ય પ્રાંતો, અને નિઝામનું રાજ્ય છે; દક્ષિણે મદ્રાસ ઇલાકો અને મ્હેસુર છે; અને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

विस्तारः—આપણા ઉત્તર વિભાગના ખાલસા મુલક સાથે મુંબઈ ઇલાકાને સરખાવીશું, તો માલમ પડશે કે આ ઇલાકો લગભગ તેનાથી સાડાચૌદગણો મોટો છે.*

મુંબઈ ઇલાકાના ખાલસા ભાગનું ક્ષેત્રફળ ૧,૨૩,૫૪૧ ચો. માઇલ અને મુંબઈ ઇલાકાનાં દેશી રાજ્યોનું ક્ષેત્રફળ ૬૩,૪૫૩ ચો. માઇલ, એટલે કુલ મુંબઈ ઇલાકાનું ક્ષેત્રફળ ૧,૮૬,૯૯૪ ચો. માઇલ છે. ગાયકવાડી રાજ્ય મુંબઈ ઇલાકાનો વિભાગ નથી, પણ આપણી પાસેનું રાજ્ય છે; માટે જો તેને દાખલ કરીએ તો ક્ષેત્રફળ ૧,૯૫,૧૭૯ ચો. માઇલ થાય છે.

कुदरती विभागोः—કેટલીક વખતે કુદરતી રીતેજ ભાષા ઉપરથી યા તો લોકોના રિવાજ ઉપરથી અથવા દેશની રચના ઉપરથી દેશના વિભાગ થાય છે. આ બધી બાબત લક્ષમાં રાખીને જો આપણે આપણો ઇલાકો તપાસીશું, તો માલમ પડશે કે કાઠિઆવાડની ઉત્તરે આવેલા નવા દેશના લોક કચ્છી ભાષા બોલે છે. તેમ તે કચ્છના અખાત

*શિક્ષકે પોતાના જિલ્લાના ક્ષેત્રફળ સાથે સરખાવવું.

અને રણને લીધે ગુજરાતથી કુદરતી રીતે છુટો પડેલો છે. આ દેશને કચ્છ કહે છે. કચ્છની ઉત્તરે લોક સિંધી ભાષા બોલે છે, અને તે દેશ **સિંધ** કહેવાય છે. તે પણ કચ્છના રણને લીધે ગુજરાત અને કચ્છથી છુટો પડે છે. આપણા વિભાગમાં છેક દક્ષિણનો જિલ્લો **થાણા** છે; અને ત્યાંના લોક મરાઠી ભાષા બોલે છે. એ થાણા જિલ્લો દમણગંગા નદીથી શરૂ થાય છે, એટલે દમણગંગાની દક્ષિણનો બધો પહાડી મુલક **મહારાષ્ટ્ર** નામે ઓળખાય છે. એ મહારાષ્ટ્ર પરથી "મરાઠી" શબ્દ નીકળેલો છે. મહારાષ્ટ્રની છેક દક્ષિણમાં જઈએ તો જરા નિચાણનો પ્રદેશ આવે છે. ત્યાં કાનડી ભાષા બોલાય છે અને તે ભાગ **કાનડા** કહેવાય છે. આ પ્રમાણે આ ઇલાકાના કુદરતી રીતે પાંચ ભાગ થઈ શકે છેઃ—૧ **गुजरात**, ૨ **कच्छ**, ૩ **सिंध**, ૪ **महाराष्ट्र**, અને ૫ **कोंकण**.

राजकीय विभागोः—કુદરતી વિભાગો પ્રમાણે હંમેશ રાજકીય વિભાગો હોતા નથી. રાજકીય વિભાગો તપાસતાં એક વાત યાદ રાખવાની છે, અને તે એ છે કે ખાલસા મુલક દેશી રાજ્યોથી તદન અળગો છે. દેશી રાજ્યો ધ્યાનમાં ન લેતાં ઉત્તર તરફ **સિંધ વિભાગ** છે. આપણી દક્ષિણે **મુંબઈ** શહેર છે, તે એક જુદોજ વિભાગ ગણાય છે. આપણા વિભાગની અને મુંબઈની પૂર્વનો ભાગ **મધ્ય વિભાગ** ગણાય છે. મધ્ય વિભાગની દક્ષિણે જઈએ તો **દક્ષિણ વિભાગ** આવે છે. આ પ્રમાણે મુખ્ય પાંચ રાજકીય વિભાગો છેઃ—**उत्तर विभाग, सिंध, मध्य विभाग, दक्षिण विभाग,** અને **मुंबई परां विभाग.**

कुदरती रचनाः—મુંબઈ ઇલાકો અરબી સમુદ્રના કિનારા પર આવેલો છે. તેની ઉત્તરનો સિંધ વિભાગ રણનો પ્રદેશ છે, અને તેમાં રેતીના ડુંગર છે. ઉત્તર વિભાગ ઘણાનો સપાટ વિસાળ પ્રદેશ છે, અને તેમાં પૂર્વ સરહદ પર ડુંગરો છે. મધ્ય વિભાગ ઉચ્ચ* પ્રદેશ છે, અને એમાં પુષ્કળ કાળી જમીન આવેલી છે. એ વિભાગમાં ઘણા ડુંગરો છે. દક્ષિણ વિભાગમાં કૃષ્ણા નદીની દક્ષિણે નીચો પ્રદેશ આવે છે, અને પશ્ચિમ તરફના બે જિલ્લા રત્નાગિરિ અને કોલાબા દરીઆની સપાટી

---

* શિક્ષકે ઉચ્ચ પ્રદેશ શું છે, તે સમજાવવું.



પર દરીઆ અને પહાડ વચ્ચે આવેલા છે.* મુંબઈ પરાં વિભાગ દરીઆ પરનો સુંદર બગીચાનો પ્રદેશ છે.

पहाडोः—સિંધ દેશની પશ્ચિમ સરહદ પર **हाला** પર્વત છે. ઉત્તર વિભાગમાં નાના ડુંગરાઓ છે, અને એની પૂર્વની સરહદ પર જે ડુંગરો આવેલા છે તે **विंध्याचळ** અને **सातपुडा**ના ફાંટાઓ છે. દક્ષિણમાં ઉત્તરદક્ષિણ **सह्याद्रि** આવેલો છે. એ પર્વત **पश्चिमघाट**ને નામે ઓળખાય છે.

સહ્યાદ્રિની પશ્ચિમે આવેલા રત્નાગિરિ, કોલાબા, અને થાણા જિલ્લા **कोंकण** નામે ઓળખાય છે. એમાં **माथेरान** અને **महाबळेश्वर** નામનાં ઉંચાં શિખરો છે.

नदीओः—સિંધની અંદર જમીનનો ઢાળ દક્ષિણ તરફનો હોવાથી **सिंधु** નદી સિંધ પ્રાંતમાં દાખલ થઈ દક્ષિણ તરફ વહે છે. ગુજરાતની જમીનનો ઢાળ પશ્ચિમ તરફ હોવાને લીધે **नर्मदा** અને **तापी** નદી અરબી સમુદ્રમાં પડે છે. સહ્યાદ્રિની પૂર્વમાં ઉચ્ચ પ્રદેશનો ઢાળ પૂર્વ તરફ છે, તેથી **गोदावरी** અને **कृष्णा** નદી પૂર્વ તરફ વહે છે. આ છેલ્લી બે નદીનો થોડો ભાગ આપણા ઇલાકામાં છે.

ગોદાવરી નદી નાશક પાસેથી અને કૃષ્ણા મહાબળેશ્વરના ડુંગરમાંથી નીકળી પૂર્વ તરફ વહે છે.

धोधः—નદીનું પાણી પહાડ ઉપરથી અથવા ખડક ઉપરથી પડે છે ત્યારે તેને ધોધ કહે છે. મુંબઈ ઇલાકામાં જોવા લાયક ધોધ બે છેઃ એક નર્મદા નદીનો **सुरपाण**નો અને બીજો દક્ષિણમાં **गेरसप्पा**નો. ‡

रणः—મુંબઈ ઇલાકામાં કચ્છની ઉત્તરે એક મોટું રણ છે. રણમાં વનસ્પતિ હોતી નથી, અને મુસાફરોને ઊંટ પર મુસાફરી કરવી પડે છે. આ રણ આપણા સુરત જિલ્લાથી પાંચગણું મોટું છે. એ અસલ સમુદ્રનો

* શિક્ષકે માટીનો નમુનો કરી આ પ્રમાણે મુંબઈ ઇલાકાની રચનાનો ખ્યાલ સારી રીતે આપવો.

‡ શિક્ષકે ધોધ આગળના કુદરતી દેખાવનું વર્ણન આપવું. (પાઠ ૨૯, પાંચમી ચોપડી.)

ફૂટો હતો કે સરોવર હતું, તે નક્કી કહી શકાતું નથી. ચોમાસામાં રણમાં જ્યારે પાણી ફરી વળે છે, ત્યારે કચ્છ એક ટાપુ બની જાય છે.

किनारोः—હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાનો લગભગ પોણો ભાગ આ ઇલાકામાં છે. સિંધમાં **करांची** મોટું બંદર છે. દક્ષિણમાં આવતાં આપણે કચ્છની દક્ષિણે **कच्छनो अखात** જોઈએ છીએ. ત્યારપછી કાઠિઆવાડના કિનારા પર આવતાં ત્યાં ઘણાં બંદરો જોવામાં આવે છે; પણ આ બંદરોમાં ચોમાસામાં વહાણ રહી શકતાં નથી. કાઠિઆવાડની પૂર્વે **खंभातनो अखात** છે. ત્યાંથી દક્ષિણમાં આવતાં **मुंबई** મોટામાં મોટું બંદર છે, અને દુનિયાનાં સારાં અને મોટાં બંદરોમાંનું એક છે. છેક દક્ષિણમાં **कारवार** નામનું મોટું બંદર છે.

आबोहवाः—સિંધમાં રણ હોવાને લીધે તથા કોઈ પહાડ ન હોવાને લીધે વરસાદ ઘણોજ ઓછો પડે છે, અને ઉનાળામાં રેતાળ જમીનને લીધે તથા વનસ્પતિની તાણને લીધે તાપ વધારે લાગે છે. ગુજરાતમાં સિંધ કરતાં વરસાદ વધારે પડે છે, પણ તાપ ઓછો છે. નૈર્ઋત્યનો ભેજવાળો પવન સહ્યાદ્રિથી ઠંડો પડે છે, અને તે ગુજરાતમાં ફરી વળે છે. સહ્યાદ્રિના પશ્ચિમ ભાગ પર નૈર્ઋત્યનો પવન બરાબર કાટખુણે આવવાથી વરસાદ રત્નાગિરિ અને કોલાબા જિલ્લા અને મુંબઇ તરફ વધારે પડે છે. મધ્ય વિભાગ ઉચ્ચ પ્રદેશ છે, અને વરસાદ સહ્યાદ્રિ પર પડી જવાથી મધ્ય વિભાગને માટે બહુ રહેતો નથી, અને એજ કારણને લીધે તે ભાગમાં હવા કોરી રહે છે. પશ્ચિમ બાજુએ દરીઆ પરના પ્રદેશની હવા ભેજવાળી છે. ગુજરાતના ઉત્તર ભાગમાં દરીઓ પાસે ન હોવાથી તેમજ રણના જેવી ભૂમિને લીધે હવા સુકી છે.

वनस्पतिः—જ્યાં જ્યાં ડુંગરો હોય છે, ત્યાં ત્યાં જંગલો વિશેષ હોય છે. કાઠિઆવાડના ગીરનાર ડુંગરમાં, અને પંચમહાલ અને પૂર્વના ડુંગરો તરફ મહુડા, સીસમ, રાયણ, સાગ, અને વાંસ પુષ્કળ થાય છે. ઘાટ પર સાગ, ખેર, અને વાંસ થાય છે. કાનડા તરફ સુખડનાં ઝાડ જંગલોમાં જોવામાં આવે છે. આ ઉપરાંત આંબા, ફણસ, લીમડા, પીપળા, વડ, આમલી, વગેરે ઝાડ આ ઇલાકામાં ઘણેખરે ઠેકાણે જોવામાં આવે છે. સિંધમાં મુખ્ય ઝાડ બાવળ છે.*

* શિક્ષકે આ બધાં ઝાડ બનતા લગી બતાવવાં.

જાનવર:—દેશની હવા અને દેશની રચના પર જનાવરોનો આધાર છે. ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, વગેરે સર્વ જગામાં જોવામાં આવે છે. તે ઉપરાંત સિંધમાં રેતાળ પ્રદેશને લીધે ઊંટ, અને ગધેડા જોવામાં આવે છે. ગીરનારના જંગલમાં સિંહ છે. ડુંગરો પર અને જંગલોમાં વાઘ, દીપડા, ચિત્તા, રીંછ, સાબર, ડુક્કર, અને હરણ ઘણાં જોવામાં આવે છે. ડુંગરો પર પાડા પાસે, સિંધમાં ઊંટ પાસે, અને બીજા ભાગોમાં બળદ પાસે ખેતી કરાવવામાં આવે છે. કાઠિઆવાડના ઘોડા વખણાય છે.

વસ્તી:—મુંબઈ ઇલાકાની કૂલ વસ્તી આસરે પોણા ત્રણ કરોડ છે. તેમાં નાનાં દેશી રાજ્યોમાં ૭૪ લાખ, ગાયકવાડી રાજ્યમાં ૨૧ લાખ ને ૨૧ હજાર, અને ખાલસા મુલકમાં ૧ કરોડ ૯૩ લાખ છે.[1]

આપણા ઇલાકાની મુખ્ય વસ્તી હિંદુ, મુસલમાન, તથા પારસી છે. વસ્તીનો પોણો ભાગ હિંદુ છે, મુસલમાનો હિંદુઓનો ચોથો ભાગ છે, અને પારસીની વસ્તી ઘણીજ થોડી છે (૮૫,૧૪૯);[2] પણ તેઓ ચતુર, સાહસિક, અને હોશિયાર છે. મુંબઈમાં પારસીની વસ્તી વધારે છે. આ ઉપરાંત ખ્રિસ્તી, યાહુદી, વગેરે જોવામાં આવે છે. જંગલના ભાગોમાં ભીલ, કોળી, નાયકા, વગેરે અનાર્ય જાત રહે છે.[3]

ધર્મ:—મુખ્ય ધર્મ પાંચ છે. હિંદુ ધર્મમાં સ્માર્ત[4] અને વૈષ્ણવ[5] એવા બે મોટા સંપ્રદાય છે. સ્માર્ત ધર્મવાળા શ્રીમચ્છંકરાચાર્યના અનુયાયી છે. વૈષ્ણવ ધર્મવાળા વિષ્ણુના ભક્ત છે.

બીજો ધર્મ **મુસલમાની** છે. એ લોકો મોહંમદ પેગમ્બર સાહેબના અનુયાયી છે.

---

૧. શિક્ષકે પોતાના તાલુકા અને જિલ્લાની વસ્તી સાથે આ આંકડા સરખાવવા. આ આંકડા લગભગ કે આસરે સમજવા.

૨. મુખ્ય પ્રાંતો, તેમાંનાં મુખ્ય શહેરો, તથા મુંબઈ ઇલાકાના જિલ્લા, વિભાગ, તથા શહેરો, વગેરેની વસ્તીના આંકડા સને ૧૯૨૧ના વસ્તીપત્રક પ્રમાણે દાખલ કરેલા છે.

૩. શિક્ષકે ચોથી ચોપડીના ૩૫મા પાઠનો ઉપયોગ શીખવતી વખતે કરવો, અને પોતાને જ્ઞાન હોય તે ઉપરથી આ જાતો વિષે કંઈ કંઈ રસિક રીતે કહેવું.

૪, ૫, આ શબ્દો સમજાવવા.

પારસીઓ **જરથોસ્ત** પેગમ્બરના અનુયાયી છે અને તેઓ અગ્નિને પૂજે છે.

કેટલાક લોકો **જૈન** ધર્મ પણ માને છે. જૈન ધર્મના બે મુખ્ય વિભાગ છેઃ—દિગંબરી અને શ્વેતાંબરી.

દિગંબરી પારસનાથને આંગી[૧] ચઢાવતા નથી, પણ શ્વેતાંબરી આંગી ચઢાવે છે.

ખ્રિસ્તી ધર્મ માનનારાની સંખ્યા આ ઇલાકામાં બે લાખ બોતેર હજાર છે. તેમાં ૩૧ હજાર યુરોપીઅનો છે, અને બાકીના દેશી ખ્રિસ્તી છે. એ ધર્મવાળા લૉર્ડ* જીસસ ક્રાઇસ્ટના અનુયાયી છે.

ભાષાઓઃ—આગળ બતાવ્યું છે તેમ સિંધમાં **સિંધી,** કચ્છમાં **કચ્છી,** ગુજરાતમાં **ગુજરાતી,** મહારાષ્ટ્રમાં **મરાઠી,** અને છેક દક્ષિણમાં **કાનડી** ભાષા બોલાય છે.

કચ્છની અંદર અને કાઠિઆવાડના દરીઆકિનારા પરના ભાગમાં **કચ્છી** ભાષા બોલાય છે. તે ગુજરાતી અને સિંધીનું મિશ્રણ છે; અને તે માત્ર બોલવાનાજ કામમાં આવે છે.

મુસલમાનોની સામાન્ય ભાષા ઉર્દુ છે.

ગુજરાતમાંના કેટલાક મુસલમાનો ગુજરાતી અને દક્ષિણના કેટલાક મરાઠી બોલે છે.

ધંધાઓઃ—મુંબઈ ઇલાકાના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે, અને તેમાં વસ્તીનો અડધા ઉપરાંત (૬૪ ટકા જેટલો) ભાગ કામે લાગેલો છે. એ ઉપરાંત બીજા મુખ્ય ધંધા કારીગરી કે મજુરી, વેપાર, અને ખાનગી નોકરી છે.

ગામડાંમાં કેટલાક જાડું સુતરાઉ કાપડ વણીને, કેટલાક નોકરી કરીને, અને કેટલાક સાધારણ ઉપયોગની વસ્તુ બનાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. મોટાં શહેરોમાં વણવા, કાંતવા, વગેરેનાં સાંચાકામ ઉઘડ્યાં જાય છે, અને તેમાં પણ લાખો માણસોને રોજી મળે છે. ખાલસા મુલકમાં

---

૧. આ શબ્દ સમજાવવો. * લૉર્ડનો અર્થ અહીં શ્રી જેવો થાય છે. ખ્રિસ્તી લોકો લૉર્ડનો અર્થ આ જગાએ પ્રભુ કરે છે.

૭ લાખ ૯૯ હજાર, અને દેશી રાજ્યોમાં ૨ લાખ ૧૪ હજાર માણસ રેશમ, રૂ, વગેરેના વણાટ કામમાં રોકાએલા રહે છે. કનારાના લોકો ખલાસીનો ધંધો કરે છે.

खनीजः—કાઠિઆવાડના ડુંગરોમાંથી ઘર બાંધવા લાયક પુષ્કળ **पत्थर** નીકળે છે, તેથી પોરબંદર તરફ આવા પત્થરોનો વેપાર વધારે છે. ધારવાડમાંથી **लोढानी काची धातु** નીકળે છે; પણ બળતણના તોટાને લીધે મોટા પાયા પર તે ગાળવામાં આવતી નથી. ધારવાડમાંથી **सोनुं** પણ નીકળે છે, અને હાલ તે ખોદી કાઢવામાં આવે છે. સિંધની પશ્ચિમમાં પહાડમાંથી **फटकडी, त्रांबुं, सीसुं,** અને **गंधक** નીકળે છે; પણ તે મોટા જથ્થામાં ન નીકળવાથી ખોદી કાઢવામાં આવતાં નથી. માત્ર ફટકડીનોજ વેપાર છે. રાજપીપળાના ડુંગરમાંથી **अकीक**ના પત્થર નીકળે છે; તે ખંભાતમાં પકવવામાં આવે છે, અને તેનાં બોરીઆં, એરીંગ, વગેરે બને છે. આરાસુરી વગેરે કેટલીક જગાએથી **आरस** નીકળે છે. પંચમહાલમાંથી **लोढुं** તથા **मॅगेनीझ** નીકળે છે. દરીઆના અથવા કુવાના પાણીમાંથી મીઠું પકવવામાં આવે છે.

खेती वगेरेः—મુંબઈ ઇલાકાનો ઉત્તરદક્ષિણ વિસ્તાર ઘણો હોવાથી તે ઘણા અક્ષાંશ રોકે છે, તેથી જુદી જુદી જાતની હવા તથા જમીનને લીધે પાક જુદો જુદો થાય છે. સામાન્ય રીતે ઘણેખરે ઠેકાણે ઘઉં, ડાંગર, બાજરી, કઠોળ, જુવાર, તલ, સરસવ, એરંડી, શેરડી, વગેરે થોડાઘણા જથ્થામાં જોવામાં આવે છે. સિંધમાં તૂલની આબાદાનીનો આધાર નદીના પૂર અને નહેર પર છે. ત્યાં મુખ્ય પાક ઘઉં, બાજરી, જુવાર અને ડાંગર છે. ઉત્તર વિભાગમાં ભરૂચ જિલ્લો **कपाळ**નો, ખેડા જિલ્લો **तमाकु**નો, અને પંચમહાલ **मकाई**નો મહાલ છે. કપાસ અને ઘઉં કાળી જમીનમાં સારા થાય છે; તેથી ભરૂચ જિલ્લામાં, સુરત જિલ્લામાં, અને મધ્ય વિભાગના અને દક્ષિણ વિભાગના જિલ્લાઓમાં કાળી જમીન છે ત્યાં **कपास** અને **घउं** એ મુખ્ય પાક છે. કોંકણની પહાડી અને વરસાદવાળી ધરતીમાં મુખ્ય પાક **डांगर**નો છે. બાગાયત જમીનમાં **पान, सोपारी,** [illegible], **केळां,** વગેરે થાય છે. ખાસ

દરીઆકિનારા તરફ નાળિએર અને સોપારીનો પાક વિશેષ છે, કારણ કે આ બે ચીજને દરીઆકિનારા પાસેની જમીન ઘણી માફક આવે છે.

નહેરોઃ—સિંધ સિવાય બીજા ભાગોમાં મોટા પાયા પર **નહેરોથી** ખેતરને પાણી પહોંચાડવામાં આવતું નથી. કેટલેક ઠેકાણે નાની નહેરો જોવામાં આવે છે. અમદાવાદના પ્રાંતીજ તાલુકામાં હાથમતીની નહેર છે.

હુન્નરોઃ—સુતરાઉ કાપડ, રેશમી કાપડ, અને મીઠું, એ ત્રણ ઉદ્યોગની મોટી ચીજો છે. મુંબઈ અને અમદાવાદમાં ઘણી મિલો હોવાને લીધે પુષ્કળ સુતરાઉ કાપડ બને છે. સુરત, અમદાવાદ, નાશક, અને પુનામાં રેશમી કાપડ વણાય છે. આ જિલ્લાઓમાં રેશમ થતું નથી, પણ બહારદેશથી આવે છે. તે વણવાના કામમાં આવે છે. વળી અમદાવાદમાં અને સુરતમાં સારો કસબ બને છે, તેથી ત્યાં સોનેરી ફીત અને કીનખાબ સારાં બને છે. સુરત હજુ હાથીદાંતનાં રમકડાં અને સુખડનાં નકશીકામો માટે પ્રખ્યાત છે. કચ્છ અને સિંધ રૂપા અને સોના પરના કોતરકામ માટે પ્રખ્યાત છે. નાશક અને પુનામાં ત્રાંબાપિત્તળનાં વાસણ વખણાય છે. આ ઉપરાંત લક્કડ અને ધાતુની કોતરણી, કુંભારકામ, કાચનું કામ, વગેરે બીજા હુન્નરો કેટલાંક શહેરમાં છે; પણ તે ચીજો જથાબંધ નહિ થવાથી પરદેશ મોકલાતી નથી.

વેપારના માર્ગોઃ—અગાઉના વખતમાં જ્યારે આગગાડી નહોતી, ત્યારે વેપારને બહુ અગવડ હતી. માલ એક ભાગમાંથી બીજા ભાગમાં જલદી મોકલી શકાતો નહિ. હાલ મોટી મોટી રેલવેને લીધે લોકોને અગવડ વેઠવી પડતી નથી. ઉત્તર વિભાગમાં મોટી રેલવે **બૉમ્બે બરોડા ઍન્ડ સેન્ટ્રલ ઇંડિઆ રેલવે** છે. મધ્ય વિભાગમાં **ગ્રેટ ઇંડિઅન પેનિન્સ્યુલર રેલવે** છે, અને દક્ષિણ વિભાગમાં **સધર્ન મરાઠા રેલવે** છે. કાઠિઆવાડમાં નાના માપની ગાડીઓ છે, અને સિંધમાં કરાંચી બંદરેથી ઉત્તરે મુલતાન તરફ ગાડી જાય છે. આગગાડીને રસ્તે કરાંચી જવું હોય તો હાલ ફેરે ખાઈ રજપુતસ્તાનમાં થઈને જવાય છે.

મોટાં મોટાં શહેરો અને ગામોને આગગાડીને લીધે વેપારની ઘણી સગવડ છે. વળી નાનાં ગામોથી મોટાં ગામ અથવા શહેરોમાં આવવા

પાકી અને કાચી સડકો બાંધેલી છે. આવા રસ્તા અગાઉ નહોતા, અને વળી રસ્તે ભય બહુ હતો, તેથી લોકોને અગવડ પડતી હતી. હાલ અંગ્રેજી રાજ્યમાં કોઈ પણ જાતનો ભય નથી, એટલે વેપારીઓ ગમે તે સડકો ઉપર થઈને માલ લઈ રેલવે સ્ટેશને લાવે છે.

દરીઆકિનારા પરનાં શહેરો વચ્ચે જળમાર્ગે વહાણોથી વેપાર ચાલે છે. આ ઇલાકામાં નદીઓ બહુ મોટી નથી, એટલે નદીમાર્ગે વેપાર ચાલતો નથી. માત્ર નર્મદા, તાપી, સિંધુ, અને મહીમાં મુખથી થોડે દૂર સુધી હોડીઓ ફરે છે.

વેપાર–નિકાસઃ—આપણા દેશમાં જે વધારાની ચીજ હોય છે તે આપણે પરદેશ મોકલીએ છીએ. મિલોમાં સુતરાઉ કાપડ બને છે, તે અને અનાજ આપણે જથાબંધ પરદેશ ચઢાવીએ છીએ. એ ઉપરાંત તેલી બીઆં, ચામડાં, શણ, અને ગળી પણ આપણા મુલકમાંથી પરદેશ જાય છે.

આયાતઃ—આપણા દેશમાં લોખંડનાં કારખાનાં જોઈએ તેટલાં નથી, તેથી લોખંડનો સામાન પરદેશથી પુષ્કળ આવે છે. આ ઉપરાંત ખાંડ, સુતરાઉ, ગરમ, અને રેશમી કાપડ, કેરોસીન, કોલસા, કાચ, દવાઓ, વગેરે પરદેશથી આવે છે. આપણા ઇલાકામાં કોલસા નથી, તેથી ઘણાં મોટાં કારખાનાં કાઢવાં મુશ્કેલ છે.

રાજ્યતંત્રઃ—પટેલ, તલાટી, મામલતદારો, અને કલેક્ટરો વિષે તથા તેમની ફરજો વિષે તમે જાણો છો. એક વિભાગમાંના બધા કલેક્ટરોનો ઉપરી કમિશનર છે. આ ઇલાકામાં છ વિભાગ છે, અને તે દરેકના ઉપરી કમિશનર છે. એ બધા કમિશનરના ઉપરી અધિકારી ગવર્નર સાહેબ છે, અને તે આખા ઇલાકાની દેખરેખ રાખે છે. તેની નીમણુક નામદાર શહેનશાહના હુકમથી થાય છે, અને તે પાંચ પાંચ વર્ષ સુધી ચાલે છે. એમને રાજ્યકારભારમાં મદદ કરવા બે મંડળ છે. તેમાંનું એક ઇલાકાનો કારભાર ચલાવનારૂં (એગ્ઝીક્યુટિવ) અને બીજું કાયદાકાનુન બાંધનારૂં (લેજિસ્લેટિવ) છે. કારભાર ચલાવનાર મંડળમાં ગવર્નર સાહેબ, સરકારના નીમેલા ચાર સભાસદો, અને ત્રણ દેશી પ્રધાનો હોય છે. લોકલ બોર્ડ અને મ્યુનિસિપાલિટિઓને લગતાં કામકાજ અને વૈદક, કેળવણી, આબકારી, જાહેર બાંધકામ, આરોગ્ય અને જંગલખાતા જેવાં કેટલાંક ખાતાંનો રાજ્ય

વહીવટ ત્રણ પ્રધાનોને સોંપવામાં આવેલો છે; અને તેઓ ગવર્નર સાહેબને તે બાબતમાં સલાહ આપી શકે છે. ગવર્નર સાહેબ ઉપલી બાબતોમાં તેમની સંમતિ લઈ રાજ્ય વહીવટ ચલાવે છે. જે ખાતાંનો વહીવટ સરકાર હસ્તક રાખવામાં આવેલો છે; તેમનો રાજ્ય વહીવટ ગવર્નર સાહેબ ઉપરના કારભાર ચલાવનાર અગર કારોબારી મંડળના સભાસદોની સલાહ લઈ ચલાવે છે.

બીજું મંડળ માત્ર કાયદાજ બાંધે છે અને તેને ધારાસભા કહે છે. તે મંડળમાં સભાસદોની કુલ સંખ્યા ૧૧૧ હોય છે; જેમાં લોકોના ચૂટી કાઢેલા ૮૬ સભાસદો હોય છે, અને બાકીના સરકારના નીમેલા હોય છે. સરકારે નીમેલા સભાસદો પૈકી સરકારી અમલદારની સખ્યા ૧૬થી વધારે હોતી નથી. ઉપરના મંડળમાં પ્રજાના ચૂટી કાઢેલા સભાસદોમાંથીજ ખાતાંવાર પ્રધાનોની નીમણુક કરવામાં આવે છે. આ મંડળ ત્રણ વર્ષ સુધી કામ કરી શકે છે, અને પછીથી ફરી ચુંટણી કરી નવું મંડળ બનાવવામાં આવે છે.

સરકારી બધું કામકાજ સેક્રેટરિ તૈયાર કરી કારભારીમંડળ પર મોકલી આપે છે.

ન્યાય ખાતાનો વહીવટ મુંબઈની [1]હાઇ કોર્ટના હાથમાં છે. તે ગવર્નરથી સ્વતંત્ર છે, અને મુનસફો વગેરે ન્યાયખાતાના તમામ અધિકારીઓ ઉપર તેની સત્તા છે.

દેશી રાજ્યોઃ—દેશી રાજ્યોના બે વિભાગ છે. એક હિન્દ સરકારના તાબા હેઠળ અને બીજો મુંબઇસરકારની દેખરેખ નીચે છે. આ ઇલાકામાં આવેલાં દેશી રાજ્યોના ઉપર દેખરેખ રાખવાની નીચે પ્રમાણે ગોઠવણ છે.

વડોદરા રાજ્ય ઉપર દેખરેખ રાખવાનું કામ મુંબઈસરકાર પાસેથી લઈ ઇ. સ. ૧૮૭૫માં હિન્દી સરકારને સોંપવામાં આવ્યું, અને ત્યારથી ત્યાં વાઇસરૉય તરફથી નીમેલો રેસિડન્ટ રહે છે. ઇ. સ. ૧૯૨૪થી પશ્ચિમ હિન્દુસ્તાનનાં રાજ્યની એજન્સિ બનાવી કાઠિઆવાડ એજન્સિ, કચ્છ, અને પાલણપુર એજન્સિ, હિન્દી-સરકારની દેખરેખ નીચે મૂકવામાં આવી છે, અને તે માટે એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ નીમવામાં આવે છે.

મુંબઈસરકારની દેખરેખ નીચેનાં દેશી રાજ્યોના પાછા બે ભાગ છેઃ-એક ભાગ મુંબઈસરકારની ખુદ દેખરેખ નીચે અને બીજો કમિશનરની દેખરેખ નીચે છે. કોલ્હાપુર મુંબઈસરકારની દેખરેખ નીચે છે. કમિશનરની દેખરેખ નીચેનાં રાજ્યોમાં જો *એજન્સિ મોટી હોય છે, તો જુદો પોલિટિકલ

---

૧. મોટી અદાલત. *નાનાં રાજ્યના સમૂહને એજન્સિ કહે છે.

એજન્ટ રહે છે, અને જો એજન્સિ નાની હોય છે તો પાસેના જિલ્લાના કલેક્ટર તે એજન્સિના પોલિટિકલ એજન્ટ કહેવાય છે. આ એજન્ટો રાજાઓને સલાહ આપે છે, અને રાજાઓ રાજ્યમાં સારો બંદોબસ્ત રાખે છે કે નહિ તેની દેખરેખ રાખે છે. એ ઉપરાંત તેઓ રાજારજવાડામાંથી ખંડણી વસુલ કરી ગાયકવાડી રાજ્યને અથવા બીજા જે સંસ્થાનને ભરવાની હોય છે તેને ભરે છે. કોઈ રાજા, ઠાકોર, નવાબ, વગેરે બાળકુંવરને મૂકીને મરી જાય છે, ત્યારે તેના સંસ્થાનનો હવાલો પોલિટિકલ એજન્ટ લે છે, અને સંસ્થાનનું કામ સંભાળથી ચલાવી મરનાર દેવું મૂકી ગયો હોય તે અદા કરે છે.


उत्तर विभाग अने गुजरात.

ઉત્તર વિભાગમાં (૩૭,૧૮,૦૦૦) નીચેના જિલ્લાઓ (ખાલસા મુલક) અને એજન્સિઓ આવેલાં છે.

खालसा मुलक.	एजन्सिओ.
१ अमदावाद जिल्लो.	१ महीकांठा एजन्सि.
२ खेडा जिल्लो.	२ रेवाकांठा एजन्सि.
३ भरुच जिल्लो.	३ सुरत एजन्सि.
४ पंचमहाल जिल्लो.	
५ सुरत जिल्लो.	
६ थाणा जिल्लो.	

ઉત્તર વિભાગના કમિશનરના હાથ નીચે જિલ્લાદીઠ એકેક કલેક્ટર છે. એજન્સિઓમાં દેશી રાજ્યોના ઉપર દેખરેખ રાખવાને પોલિટિકલ એજન્ટ રહે છે, અને તેઓ ઘણી બાબતમાં કમિશનરની દેખરેખ નીચે છે. **रेवाकांठा** અને **सुरत** એ બે નાની એજન્સિઓ હોવાથી ત્યાંના એજન્ટ તરીકેનું કામ અનુક્રમે પચમહાલ અને સુરત જિલ્લાના કલેક્ટરોને સોંપેલું છે. ખેડાના કલેક્ટરની દેખરેખ નીચે **खंभात** સંસ્થાન અને થાણાના કલેક્ટરની દેખરેખ નીચે **जवार** સંસ્થાન છે. આમાંનો થાણા જિલ્લો ગુજરાતને લગતો નથી પણ દક્ષિણને લગતો છે.

આ ઉત્તર વિભાગની સાથે વડોદરા રાજ્યનો મુલક ચાર કકડામાં વહેંચાએલો સેળભેળ થઈ ગએલો છે. તેના ઉપર દેખરેખ રાખવાનું કામ કમિશનરને હાથ રાખેલું નથી, પણ આખા હિન્દુસ્તાનના ઉપરી (વાઇસરૉય)ના હાથમાં રાખેલું છે.



સિં
ધ
પાલણ
ક
ભુજ
અંજાર
મોરબી
ઝાલાવાડ
લીમડી
નવાનગર
હાલાર
રાજકોટ
ગોંડળ
કા
ઠિ
આ
વા
ડ
જુનાગઢ
અમરેલી
ગોહીલવાડ
સોરઠ

પશ્ચિમ હિંદુસ્તાનના રાજ્યની એજન્સિના ઉપરી પોલિટિકલ એજન્ટ હિંદુસ્તાનના ગવર્નર જનરલને તાબે છે, અને તે એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ કહેવાય છે.

થાણા જિલ્લો બાદ કરતાં આખો ઉત્તર વિભાગ, વડોદરા રાજ્યનો મુલક, અને કાઠિઆવાડ એજન્સિ, એટલો મુલક મળીને **ગુજરાત** પ્રાંત થાય છે, એ તમે આગળ શીખી ગયા છો.

ગુજરાત પ્રાંતમાં મૂળ રજપુતોનું રાજ્ય હતું. તેમની પાસેથી અલાઉદ્દીન ખીલજીના વખતમાં મુસલમાન લોકોએ લીધું. ત્યારબાદ દિલ્હીસરકાર તરફથી સુબા નિમાતા, અને તેઓ પાટણમાં રહીને રાજ્યવહીવટ ચલાવતા. દિલ્હીના રાજાઓનું રાજ્ય નબળું પડવાથી આ સુબાઓ રાજ્ય ચલાવતા ચલાવતા સ્વતંત્ર થયા, અને ત્યારથી ગુજરાતમાં સલ્તનત સ્થાપન થઈ અને અહમદશાહ નામના એક સુલતાને અમદાવાદ વસાવી તેને રાજનગર ઠરાવ્યું. આ બાદશાહી ઘણા વખત ચાલ્યા પછી અકબર બાદશાહે ઇ. સ. ૧૫૭૩માં અમદાવાદના સુલતાન મુઝફરશાહ ત્રીજાને હરાવી ગુજરાત દિલ્હીના રાજ્યમાં જોડી દીધું. વળી પાછા દિલ્હીમાંથી સુબાઓ આવી અમદાવાદમાં રાજ્ય કરવા લાગ્યા. એટલામાં મરાઠી રાજ્યનું જોર વધી પડયું, અને વડોદરા, સોનગઢ, અને પાવાગઢમાં ગાયકવાડે રાજ્ય જમાવ્યું. દિલ્હીના રાજાઓ પાછા નબળા પડ્યા, ત્યારે ગુજરાતમાં અંધાધુંધી ચાલી. ગાયકવાડે આખા ગુજરાતના રાજાઓ પાસે ખંડણી લીધી, અને સુબાઓને નસાડી આખું ગુજરાત તાબે કર્યું. પેશ્વાએ તેમની પાસેથી ભાગ લીધો. આખરે અંગ્રેજ સરકારે પેશ્વાઈ (ઇ. સ. ૧૮૧૮માં) જીતી લઈ ગુજરાત કબજે કર્યું, અને ગાયકવાડ સાથે કરાર કરી કેટલોક ખાલસા મુલકનો બદલો કરી હાલની સ્થિતિમાં ગુજરાતને આણ્યું. ગાયકવાડની ખંડણીની અમુક રકમ ઠરાવી અંગ્રેજ સરકારે દેશી રાજ્યોને પછી તાબામાં લીધાં, અને તે પર દેખરેખ રાખવા પોલિટિકલ એજંટો નીમી એજન્સિઓની ગોઠવણ કરી છે. છેવટે ગાયકવાડનું એજન્સિમાં રહેતું લશ્કર પણ કમી કરી તેજ પૈસામાંથી અંગ્રેજ સરકારે એજન્સિમાં પોલીસ ફોજ રાખી.

ગુજરાતની પૂર્વે આવેલા વિંધ્યાચળના ફાંટાને આરાસુરના ડુંગરોમાંથી નીકળેલા ફાંટા દક્ષિણ તરફ જઈ મળે છે. આ ઉચ્ચ પ્રદેશના નૈઋત્ય તરફના ઢાળમાં થઈને **બનાસ, સરસ્વતી, સાબરમતી, મહી,** વગેરે નદીઓ રણમાં કે ખંભાતના અખાતમાં જાય છે. ગુજરાતની પૂર્વે પણ વિંધ્યાચળ, સાતપુડા, અને સહ્યાદ્રિના છેડા મળી જાય છે. આ બીજા ઉચ્ચ પ્રદેશને ચીરીને **નર્મદા** અને **તાપી** એ બે મોટી નદીઓ પશ્ચિમ તરફ વહે છે. નર્મદાના પ્રદેશથી ઉત્તરનાં પહાડી જંગલોમાં મહુડો, સાગ, ખાખરો, લીમડો, એ મુખ્ય ઝાડ છે. તાપીના પ્રદેશમાં

વડ, સાગ, બેર, અને આમલી, એ મુખ્ય ઝાડ છે. પશ્ચિમ તરફનો ઢોળાવ હિંદુસ્તાનમાંની સારામાં સારી જમીન જેવો ફળદ્રુપ છે, અને ત્યાં દરેક જાતની ખેતી થાય છે. ઉત્તર તરફનો નિચાણ પ્રદેશ ખંભાતના અખાત અને રણ વચ્ચે આવીને કાઠિઆવાડને સાંધે છે. એ ભાગ ખારવાળો તથા વનસ્પતિ વિનાનો છે. આ ઠેકાણે આગળ દરીઓ હશે અને કાઠિઆવાડ બેટ હશે એવું ધરાય છે. ઉત્તર ગુજરાતનો પશ્ચિમ ભાગ પણ રણને લગતો હોવાથી ખેતી અને બીજી વનસ્પતિની પેદાશમાં તે ઉતરતો છે. કાઠિઆવાડનો ચારે તરફથી ચઢતો ઢાળ બર્ડા અને થાન સુધી ૭૦૦ ફુટ ઉંચો થાય છે. ત્યાંથી નદીઓ નીકળી ચારે તરફ સમુદ્રમાં જાય છે. તેમાં પશ્ચિમ તરફ જનારી ભાદર અને પૂર્વમાં જનારી શેત્રુંજી મુખ્ય છે. આ નદીઓના પ્રદેશ ફળદ્રુપ છે. તેમાં ગીરનાર જેવા જ્વાળામુખીથી થએલા પણ કોઈ કોઈ ડુંગરા છે.

ગુજરાતના નિચાણના ભાગોમાં મુખ્ય ઝાડ આંબો, મહુડો, લીમડો, આમલી, વગેરે છે. ગુજરાતમાં મુખ્ય ધંધો ખેતીનો છે; તોપણ ઘણા લોકો મજુરી, વેપાર, ખાનગી કારીગરી, કે નોકરી ઉપર પણ આધાર રાખે છે. સુતર અને સુતરાઉ કાપડની, કપાસ લોઢવાની, દળવાની, પીલવાની, ચોખા કાઢવાની, વગેરે મિલો ગુજરાતમાં ઘણી છે, અને તેથી બે ત્રણ લાખ કરતાં વધારે માણસને રોજી મળે છે. પહાડોમાંથી સારા પત્થર નીકળે છે. તેમજ લોઢું, મેંગેનીઝ, વગેરે પણ કોઈ કોઈ જગાએ નીકળે છે, અને તેમાં પણ ઘણા માણસોને રોજી મળે છે. ગુજરાતમાંથી સુતરાઉ કાપડ, સુતર, કપાસ, તેલી બીઆં, અને કેટલીક કારીગરીની ચીજો બહારગામ મોકલવામાં આવે છે. લોકોના વ્યવહાર માટે સરકારે આખા ગુજરાતમાં રેલવે તેમજ કાચી પાકી સડકો કરી છે. લોકો ઉદ્યાગી, પૈસાદાર, અને વેપારમાં કુશળ છે, અને તેઓ કાયદાને અનુસરીને તેમજ સરકાર તરફ ઘણું માનપૂર્વક જોઈ વર્તે છે, તેથી તેમને શાંતિનો લાભ મળે છે.

આ ઉત્તર વિભાગ અને ગુજરાત આપણો મુલક છે, અને તેને વિષે બારીક જ્ઞાનની જરૂર છે, માટે તે આપણે આગળ ઉપર તપાસીએ.

उत्तर विभाग.

अमदावाद जिल्लो.


ઉત્તર વિભાગમાં સૌથી ઉત્તરમાં આવેલો જિલ્લો અમદાવાદ છે, અને તે આ વિભાગમાં બધા જિલ્લાઓમાં સૌથી મોટો (૩,૮૨૪ ચો. મા.) છે. આ જિલ્લો બધો એક જથે નથી; પણ ઇશાનમાં **મોડાસા** પેટામહાલ અને **પ્રાંતીજ** તાલુકો ગાયકવાડી મુલક તથા મહીકાંઠા એજન્સિના મુલકથી જુદા પડ્યા છે, અને દક્ષિણમાં **ઘોઘા** પેટામહાલ ભાવનગરનું રાજ્ય વચ્ચે આવવાથી જુદો પડ્યો છે. આ જિલ્લામાં **સાબરમતી** મોટી નદી છે, અને તે **અંબાજીના** નામીચા ધામથી થોડેક છેટે **અરવલ્લીના** ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. દરીઓ આઘો હોવાને લીધે અહીં તાપ તેમજ ટાઢ અતિશય પડે છે. ઘોઘા તરફ દરીઓ નજીક હોવાથી તાપ ઓછો લાગે છે. આ જિલ્લામાં વસ્તી લગભગ નવ લાખની છે. લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. અમદાવાદમાં સુતરાઉ, રેશમી, અને કસબી કાપડ (કીનખાબ) વણી ઘણા લોકો ગુજરાન ચલાવે છે. અમદાવાદ જિલ્લામાં **ઉત્તર દસક્રોઈ**, **દક્ષિણ દસક્રોઈ**, **વીરમગામ**, **પ્રાંતીજ**, **ધોળકા**, અને **ધંધુકા**, એ છ તાલુકા છે; અને **મોડાસા**, **સાણંદ**, અને **ઘોઘા**, એ ત્રણ પેટામહાલ છે. પેટામહાલમાં સૌથી ઉપરી અમલદારને મહાલકરી કહે છે, અને તાલુકાના ઉપરી અમલદારને મામલતદાર કહે છે. પેટામહાલનું ક્ષેત્રફળ નાનું હોવાને લીધે મામલતદારથી ઉતરતી પંક્તિનો અમલદાર મહાલકરી ત્યાં રાખવામાં આવે છે.

जाणवा लायक स्थळोः—

અમદાવાદ (૨,૭૪,૦૦૦)* શહેર ઇ. સ. ૧૪૧૨માં ગુજરાતના સુલતાન અહમદશાહે વસાવ્યું હતું, અને પોતાના નામ પરથી એનું નામ અમદાવાદ (અહમદાબાદ) રાખ્યું હતું. શહેર સુલતાનોના વખતમાં ગુજરાતની રાજધાનીનું નગર હતું, અને હાલ ઉત્તર વિભાગના

* શહેરની પાસે કૌંસમાં આંકડા મુકેલા છે તે વસ્તીના છે. આ આંકડા ગોખાવવાની જરૂર નથી. માત્ર શહેર કેવડું મોટું છે તે જાણવા આપ્યા છે.

કમિશનરનું તથા જિલ્લાના કલેક્ટરનું રહેવાનું સ્થળ છે. અહીં જુના વખતનાં ઘણાં જોવા લાયક મકાનો છેઃ–જુમામસજીદ, શાહઆલમનો રોઝો, કાંકરીઉં તળાવ, હઠીસીંગનું દહેરૂં, વગેરે. આ શહેરમાં ૬૦ કરતાં વધારે મિલો



હઠીસીંગનું દહેરૂં

છે, અને દીવાસળી બનાવવાની પણ એક મિલ છે. શહેર કીનખાબ, રેશમી કાપડ, રેશમી કોરનાં ધોતીઆં, અને મિલના સુતરાઉ કાપડના વેપારને માટે પ્રખ્યાત છે. અમદાવાદ રેલવેનું મોટું જંક્શન[૧] છે. ત્યાંથી દિલ્હી, મુંબઈ, ધોળકા, પ્રાંતીજ, અને વઢવાણ તરફ ગાડી જાય છે.

વીરમગામ (૨૬,૩૦૦) તાલુકાગામ છે. એની પડોશમાં સિદ્ધરાજની મા મીનલદેવીનું બંધાવેલું મુનસર તળાવ છે. ગામમાં મુખ્ય વેપાર રૂનો છે.

ખારાઘોડા[૨]માં વરાગડું મીઠું પકવવામાં આવે છે. ત્યાંથી મીઠું લાવવાને ખાસ વીરમગામથી ખારાઘોડા સુધી રેલવે બનાવેલી છે.

---

૧. જ્યાં આગગાડીના રસ્તા મળે છે તે જગા જંક્શન કહેવાય છે.

૨. જે ગામ મુંબઈ ઇલાકાના નકશામાં ન આવ્યાં હોય તે જિલ્લાના નકશામાં બતાવવાં.

ધોળકા (૧૨,૫૦૦) તાલુકાગામ સુંઠ અને દાડમને માટે વખણાય છે. મહાભારતમાં આવેલા વિરાટનગરની જગાએ આ ગામ વસ્યું છે, એમ કહેવાય છે. ગામ ઘણું પ્રાચીન જણાય છે. અહીં મીનલદેવીનું બંધાવેલું મલાવ તળાવ છે.

ઘોઘા (૪,૨૦૦) અગાઉ તાલુકાગામ હતું. અહીંની હવા દરીઆ પાસે હોવાથી સારી ગણાય છે, તેથી ગરમીની ઋતુમાં ઘણા લોકો ત્યાં જઈને રહે છે. ઘોઘા નામીચું બંદર હતું, પણ ખંભાતના અખાતનો આ ભાગ પુરાઈ જવાથી વેપાર ભાંગી પડ્યો છે.

ખેડા જિલ્લો.

અમદાવાદ જિલ્લાની દક્ષિણે અને પૂર્વે આવેલો ખેડા જિલ્લો અમદાવાદ જિલ્લાથી લગભગ અડધો છે. એનો મધ્યભાગ ચરોતર નામે ઓળખાય છે, અને તે ઘણોજ ફળદ્રુપ છે. આ જિલ્લામાં મુખ્ય નદી **મહી** અને **સાબરમતી** છે. મહી નદી સાબરમતી કરતાં દોઢી લાંબી છે; **અને** એ ખેડા જિલ્લાને પંચમહાલ અને ગાયકવાડી રાજ્યથી જુદો પાડે છે. આખા મુંબઈ ઇલાકામાં ક્ષેત્રફળના પ્રમાણમાં ઘાડામાં ઘાડી વસ્તીવાળો (૭,૧૧,૦૦૦) આ જિલ્લો છે. લોકોનો મુખ્ય ધંધો ખેતી છે. જમીન સારી હોવાને લીધે જુદો જુદો પાક—બાજરી, ડાંગર, તુવર, કોદરા, બાવટો, તમાકુ, વરિઆળી, જીરૂં, વગેરે—થાય છે. ખાસ કરીને આ જિલ્લો તમાકુને માટે ઘણો વખણાય છે. કપડવંજમાં સાબુ બનાવવાનાં કારખાનાં ઘણાં છે. આ બની શકવાનું કારણ એ છે કે ત્યાં ઊસ પુષ્કળ મળી આવે છે કપડવંજથી ૧૫ માઇલ પર આવેલી માજમ નદીમાંથી અકીકના પથર નીકળે છે. એ પથર ખંભાત મોકલવામાં આવે છે અને ત્યાં તેને પકવી સાફ કરવામાં આવે છે.

આ જિલ્લાના **કપડવંજ, ઠાસરા, આણંદ, નડિઆદ, મેમદાવાદ, માતર,** અને **બોરસદ,** એ સાત તાલુકા પાડવામાં આવ્યા છે.

જાણવા લાયક સ્થળોઃ—

કપડવંજ (૧૪,૮૦૦) તાલુકાગામ મોહર નદી પર આવેલું છે, અને કાચની ચીજો તથા સાબુને માટે પ્રખ્યાત છે.

લસુંદ્રા કપડવંજ તાલુકામાં ઉના પાણીના કુંડને માટે પ્રખ્યાત છે.

ડાકોર (૮,૦૦૦) ઠાસરા તાલુકામાં જાત્રાનું ધામ છે. ત્યાં શ્રીરણછોડજીની મૂર્તિ છે, અને દર માણેકઠારી પુનેમે મોટો મેળો ભરાય છે.

નડિઆદ (૩૧,૯૦૦) આખા જિલ્લામાં મોટું ગામ છે. ત્યાંથી એક રેલવે કપડવંજ તરફ જાય છે.

વડતાલ નડિઆદ તાલુકામાં બોરીઆવી સ્ટેશનથી દોઢ માઇલ પર સ્વામીનારાયણ ધર્મવાળાનું જાત્રાનું મુખ્ય ધામ છે.

ખેડા (૮,૩૦૦) જિલ્લાનું મુખ્ય કિલ્લેબંધી ગામ વાત્રક અને શેઢીના સંગમ પર આવેલું છે. મેમદાવાદ સ્ટેશનથી ખેડા જવાની પાકી સડક છે.

મેમદાવાદ (૬,૨૦૦)નું અસલ નામ મહમુદાબાદ હતું અને એ ઇ. સ. ૧૪૭૯માં મહમુદ બેગડાએ વસાવ્યું હતું.

આણંદ (૧૧,૧૦૦) રેલવેનું જંકશન હોવાને લીધે અગત્યનું ગામ છે. ત્યાંથી એક રેલવે ખંભાત તરફ અને બીજી ગોધરા થઈ રતલામ તરફ જાય છે.

પંચમહાલ.

ખેડા જિલ્લાની પૂર્વે આવેલો જિલ્લો પચમહાલ નામે ઓળખાય છે. એની અંદર આવેલા **ગોધરા, કાલોલ, હાલોલ, ઝાલોદ,** અને **દાહોદ,** એ પાંચ મહાલ ઉપરથી એનું નામ પંચમહાલ પડયું છે. **રેવાકાંઠા** એજન્સિના જંગલવાળા અને ડુંગરાવાળા **બારીઆના** રાજ્યથી એના બે ભાગ પડ્યા છે. પૂર્વ ભાગમાં ઝાલોદ અને દાહોદ, અને પશ્ચિમ ભાગમાં ગોધરા, કાલોલ, અને હાલોલ આવેલા છે. આ જિલ્લામાં નૈર્ઋત્ય તરફનો ભાગ વધારે રસાળ અને ખેડાણ લાયક છે. ગોધરાની દક્ષિણે ૨૫ માઇલ પર પાવાગઢ નામે ૨,૫૦૦ ફુટ ઉંચો ડુંગર આવેલો છે. એ ડુંગર પરનો કિલ્લો તાબે કરવાને અહીં ઘણી વખત હિંદુ રાજા અને ગુજરાતના મુસલમાન રાજાઓ વચ્ચે લડાઈઓ થઈ હતી. હાલ તે કિલ્લો ખડિએર સ્થિતિમાં જોવામાં આવે છે. ઉપર કાળીકા માતાજીનું દેહેરૂં છે, અને ઉનાળામાં કેટલાક લોકો ત્યાં ઉપર જઈને રહે છે. વડોદરા અને ગોધરા વચ્ચેના ચાંપાનેર રોડ

સ્ટેશનથી રેલવેની નાના માપની ગાડી તે તરફ જાય છે તેનું પાવાગઢ એક સ્ટેશન છે. જંગલોને લીધે પચમહાલના કેટલાક ભાગની હવા સારી નથી. પંચમહાલમાં જંગલો ઘણાં છે. મહુડાનાં ઝાડ એટલાં બધાં છે કે આખા કાઠિઆવાડ, ગુજરાત, અને દક્ષિણમાં મહુડાં પુરાં પડે છે. અહીં ઇ. સ.ની ૧૭મી સદીમાં જંગલોમાં હાથી જોવામાં આવતા હતા. પચમહાલ લગભગ ખેડા જિલ્લા જેવડો છે, પણ વસ્તી (૩,૧૪,૮૬૦) ખેડાની વસ્તીથી અડધી કરતાં થોડી વધારે છે. આ જિલ્લામાં ભીલની વસ્તી વધારે છે. અહીં મુખ્ય પાક મકાઈનો છે. ડુંગરોમાંથી સીસું, લોખંડ, અને મેગેનીઝ નીકળે છે.

આ જિલ્લામાં **ગોધરા, દાહોદ,** અને **કાલોલ,** એ ત્રણ તાલુકા અને **હાલોલ** અને ઝાલોદ, એ બે પેટામહાલ છે.

जाणवा लायक स्थळोः—

गोधरा (૨૭,૦૦૦) જિલ્લાનું મુખ્ય ગામ છે. એની પાસે ગોધરક નામે તળાવ છે.

हालोल પાવાગઢની વાયવ્યમાં આવેલું છે. મહમુદ બેગડાના વખતમાં આ જગાએ હાલુર નામના સુથારે સુંદર બાગ બનાવ્યો હતો, એ ઉપરથી મહમુદ બેગડાએ આ જગાનું નામ હાલોર રાખ્યું હતું.

दाहोद (૧૬,૦૦૦) ઔરંગજેબની જન્મભૂમિ છે. પાસે છાબ તળાવ નામે જુનું તળાવ છે. સિદ્ધરાજના વખતમાં જસમા ઓડણની સરદારી નીચે ઓડ લોકોએ આ તળાવ બાંધ્યું હતું. આ લોકોની એટલી મોટી સંખ્યા હતી કે એકેક જણે છાબડી ભરી મટોડું કાઢ્યુ કે તળાવ ખોદાઈ ગયું એવી દંતકથા છે.

चांपानेर વનરાજના વખતમાં વસ્યું હતું, અને ચાંપા નામના મંત્રી પરથી વનરાજે તેનું નામ ચાંપાનેર રાખ્યું હતું. હાલ તે ખડિએર છે.

भरुच जिल्लो.

ખેડા જિલ્લાની દક્ષિણે ખંભાતના અખાત પર આવેલો જિલ્લો ભરૂચ જિલ્લાને નામે ઓળખાય છે. આ જિલ્લો પંચમહાલ કરતાં સહેજ નાનો છે, અને વસ્તી (૩,૦૭,૭૪૫) પણ સહેજ થોડી છે. આ જિલ્લાની લગભગ

ર્હ્ જમીન કાળી છે, અને તેમાં રૂનો પાક ઘણો સારો ઉતરે છે. **આ** જિલ્લામાં મોટામાં મોટી નદી **નર્મદા** છે. એ નદી સાબરમતી કરતાં **ચારગણી** લાંબી છે, અને એ પણ સાબરમતીની માફક ખંભાતના અખાતને મળે છે. નર્મદા નદી પર ભરૂચ મોટું શહેર છે, અને ત્યાંસુધી વહાણો આવી શકે છે. ગુજરાતમાં જેમ ખેડા જિલ્લો તમાકુનો મહાલ ગણાય છે, તેમ આ જિલ્લો કપાસનો મહાલ ગણાય છે. રેલ્વે સ્ટેશનો પાસે કપાસ લોઢવાનાં કારખાનાં પુષ્કળ છે, તેથી રૂની મોસમમાં આગગાડીને રસ્તે જતાં રૂ સિવાય બીજું કાંઈ ભરૂચ જિલ્લાનાં સ્ટેશન આગળ નજરે પડતું નથી. આ જિલ્લાના **ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ,** અને **જંબુસર,** એ પાંચ તાલુકા છે; અને **હાંસોટ** પેટામહાલ છે. ભરૂચથી આમોદ અને જંબુસર થઈને વડોદરા તરફ એક રેલવેની નાના માપની ગાડી જાય છે.

जाणवा लायक स्थळोः—

भरुच (૪૨,૬૦૦) જિલ્લાનું મુખ્ય શહેર નર્મદા નદીને દક્ષિણ કિનારે પાઘડીપને આવેલું છે. એ શહેરમાં ભૃગુ ઋષિનો આશ્રમ હતો, અને તેમના નામ પરથી એનું નામ ભરૂચ પડયું છે. ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણો ભૃગુ ઋષિના કુળમાંથી ઉતરી આવેલા છે. શહેરની પૂર્વમાં બલિ રાજાએ કરેલા યજ્ઞની જગા અને ભૃગુ ઋષિનું દહેરૂં જોવા લાયક છે.

अकलेश्वर (૧૧,૮૦૦) તાલુકાગામ અને રેલવે સ્ટેશન છે. અહીંથી નાંદોદ જવાને રેલવેની નાના માપની ગાડી છે. નાંદોદથી લાકડાં, વાંસ, મીણ, મધ, વગેરે જંગલની પેદાશ તથા કપાસ અહીં આવે છે.

भाडभूत નર્મદા નદી પર ભરૂચથી ૮ માઇલ પર આવેલું નાનું ગામડું છે. ત્યાં ભાડભૂતેશ્વર મહાદેવનું દહેરૂં છે, તેથી ગામનું નામ ભાડભૂત પડયું છે. જ્યારે અધિક માસ ભાદરવા મહીનામાં આવે છે ત્યારે ત્યાં મોટી જાત્રા ભરાય છે.

शुक्लतीर्थ ભરૂચથી પૂર્વે દસ માઇલ પર નર્મદાના કિનારા પર આવેલું નાનું ગામડું છે. અહીં દર કાર્તિકી પુનેમે મેળો ભરાય છે, અને તે પાંચ દિવસ રહે છે. ત્યાં ૐકારેશ્વરની મૂર્તિ છે.


શુકલતીર્થ પાસે **કબીરવડ** નામનો એક મોટો વડ છે. તે એટલો મોટો હતો કે ૭,૦૦૦ માણસનું લશ્કર નીચે ખુશીથી રહી શકતું. હજુ પણ ગુજરાતમાંનું એક જોવા લાયક એ ઝાડ છે. કબીરે દાતણ કરી જે ચીરી નાખી હતી તેમાંથી આ વડ ઊગ્યો છે એમ કહેવાય છે, અને તેથી એ કબીરવડ નામે ઓળખાય છે.

सुरत जिल्लो.

ગુજરાતનો છેક દક્ષિણમાં આવેલો જિલ્લો સુરત જિલ્લાને નામે ઓળખાય છે. જેમ બારીઆનું રાજ્ય પંચમહાલના બે વિભાગ કરે છે. તેમ ગાયકવાડી મુલક પણ સુરત જિલ્લાના બે વિભાગ કરે છે; એટલે **માંડવી** અને **બારડોલી** તાલુકાને સુરત જિલ્લાના બીજા તાલુકાથી ગાયકવાડી મુલક જુદા પાડે છે. એમાં જાણવા જેવો ડુંગર માત્ર **पारनेरा**નો છે, અને તે વલસાડની પાસે આવેલો છે. એ ડુંગર પર હિંદુ રાજાનો કિલ્લો હતો. હાલ ત્યાં માત્ર માતાનું દહેરૂં અને કિલ્લાના ખંડિએર ભાગ જોવામાં આવે છે. આ જિલ્લામાં ઘણી નદીઓ છે, અને તે સર્વેમાં **તાપી** નદી મોટી છે. તાપી સાબરમતીથી બમણી લાંબી છે. એ નદી મધ્ય પ્રાંતમાં આવેલા બીટલ અથવા બૈતુલ જિલ્લામાંથી નીકળી ખંભાતના અખાતમાં પડે છે. એ નદીમાં ઘણી વખત મોટી રેલ આવે છે; તેથી આજુબાજુનાં ગામડાંમાં નુકસાન થાય છે. એ નદીના મુખ આગળ સુરત મોટું શહેર છે, અને ત્યાંસુધી વહાણો આવી શકે છે. સુરત જિલ્લાનું ક્ષેત્રફળ ભરૂચ જિલ્લાથી સહજ મોટું છે, પણ વસ્તી (૬,૫૪,૧૦૯) ભરૂચ જિલ્લાની બમણી વસ્તી કરતાં પણ વધારે છે. આ જિલ્લાના ૫ તાલુકા **ઓરપાડ, ચોર્યાસી, જલાલપોર, વલસાડ,** અને **પારડી** દરીઆ પર આવેલા છે, તેથી ત્યાં તાપ વિશેષ લાગતો નથી. અંદરના ત્રણ તાલુકા **માંડવી, બારડોલી,** અને **ચીખલી** છે, તેમાં માંડવીની હવા જંગલોને લીધે ખરાબ ગણાય છે. ઇ. સ.ના ૧૬મા સૈકાથી તે ઇ. સ.ના ૧૮મા સૈકા સુધી સુરત એ ઘણુંજ મોટું બંદર ગણાતું અને પશ્ચિમ કિનારા પર વેપારનું મુખ્ય મથક હતું, તેથી યુરોપની જુદી જુદી પ્રજાઓએ વેપારને માટે અહીં કોઠી રાખી હતી.

जाणवा लायक स्थळोः—

સુરત (૧,૧૭,૪૦૦) જિલ્લાનું મુખ્ય શહેર તાપી નદીના કિનારા પર આવેલું છે. ઇ. સ. ૧૬૮૭માં કંપનિ સરકારે મરાઠાઓના હુમલા તથા લૂટફાટને લીધે સુરત બદલીને મુંબઈ મુખ્ય સ્થળ રાખ્યું, ત્યાંસુધી એ ઘણુંજ આબાદ શહેર હતું. એના નામ વિષે ઘણી દંતકથા છે. કેટલાક કહે છે કે સુરતા નામની એક સ્રીના નામ પરથી શહેરનું નામ સુરત પડયું છે. એ શહેર હજુ એનાં રેશમી કાપડ તથા કસબકામને માટે પ્રખ્યાત



સુરતનો કિલ્લો

છે. શહેરમાં ત્રણ મિલો છે. રીતભાતમાં સુરતની વસ્તી ઘણી સુઘડ છે. અહીંથી બારડોલી, વ્યારા, અને સોનગઢ થઈને ખાનદેશ તરફ એક રેલવે જાય છે, તેને ટાપ્ટિવૅલિ રેલવે કહે છે.

वलसाड (૧૯,૮૦૦) બંદર છે. અહીંથી ઇમારતી અને બાળવાનાં લાકડાં, અનાજ, ગોળ, અને ઈંટ બહારગામ મોકલવામાં આવે છે. વલસાડની પાસે **तीथल** દરીઆકિનારા પર હવા ખાવાનું સ્થળ છે.

ડુમસ સુરતથી આસરે દસ માઇલ પર સચીનના રાજ્યના તાબાનું ગામ દરીઆકિનારા પર આવેલું છે, અને ત્યાં ઉનાળામાં શ્રીમંત લોકો જઈ રહે છે.

ઉદવાડા પારડી તાલુકામાં પારસીઓનું જાત્રાનું ધામ છે.

હજીરા તાપી નદીના મુખ ઉપર જમણે કિનારે ઓરપાડ તાલુકામાં હવા ખાવાનું મથક છે. ગામનું નામ હઉ છે પણ વોક્સ સાહેબની ત્યાં કબર (હજીરો) છે તેથી એ જગા હજીરા નામે ઓળખાય છે. ત્યાં દીવાદાંડી પણ છે.

બહુધાન માંડવી તાલુકામાં તાપી નદીને તીરે આવેલું જાત્રાનું ધામ છે. દર બાર વર્ષે સિંહસ્થ* વર્ષમાં ત્યાં જાત્રા ભરાય છે.

આ ઉપરાંત, સુરત પાસે આવેલું જુનું ગામ **રાંદેર** (૧૦,૫૪૭) જાણવા લાયક સ્થળ છે.

थाणा जिल्हो.

ઉત્તર વિભાગનો સૌથી દક્ષિણનો જિલ્લો થાણા છે. આ જિલ્લાનું ક્ષેત્રફળ લગભગ અમદાવાદ જિલ્લા જેવડું છે, પણ અમદાવાદ જિલ્લા કરતાં અહીં વસ્તી વધારે છે. પશ્ચિમ તરફનો દરીઆકિનારાનો પ્રદેશ નીચો અને ફળદ્રુપ છે. પૂર્વ તરફ સહ્યાદ્રિ આવેલો છે, અને તે ઉપરનાં જંગલોમાં ભીલ જેવી અનાર્ય જાત વસે છે. આખા જિલ્લામાં વસ્તી ૭,૫૯,૯૧૬ માણસની છે. આ ભાગના બ્રાહ્મણ દેશસ્થ કોંકણ કહેવાય છે. લોકો ગુજરાતી ભાષાને બદલે મરાઠી ભાષા બોલે છે, તેથી આપણા જિલ્લાઓ કરતાં એ જિલ્લો જુદો પડે છે. આ ભાગમાં ડાંગરનો પાક વધારે છે; કારણ કે વધારે વરસાદ, અને પથરાવાળી જમીન, એટલે તેમાં ડાંગર સિવાય બીજો પાક થઈ શકતો નથી. કિનારા તરફના તાલુકા ફળદ્રુપ છે, અને તેમાં શેરડી, કેળાં, પાન, આદુ, નાળિએર, વગેરે થાય છે. આગાશીમાં સુકાં કેળાં થાય છે. એવાં બીજી કોઈ પણ જગાએ થતાં નથી. ભાયદર અને વસઈ ગામ આગળ સુરત જિલ્લાના ધરાસણાની† માફક મીઠું પકવવામાં આવે છે.

* ગુરુ દર બાર વર્ષે સિંહ રાશિમાં આવે છે, અને તે વર્ષે સિંહસ્થ (રુંધસ) કહેવાય છે.

† વલસાડની પાસે ગામ છે.

આ જિલ્લાના નવ તાલુકા કરવામાં આવ્યા છે. તેમાંના **ડાહાણું, માહીમ, વસઈ, ઉત્તર સાષ્ટી,** અને **ભીંવડી** દરીઆકિનારે આવેલા છે, અને બાકીના ચાર, **વાડા, શાહપુર, મુરબાદ,** અને **કલ્યાણ** અંદરના ભાગમાં આવેલા છે.

जाणवा लायक स्थळोः—

थाणा (૨૨,૬૦૦) જિલ્લાનું મુખ્ય ગામ સાલસેટ (સાષ્ટી) બેટમાં આવેલું છે. મુંબઈની પાસે હોવાને લીધે કેટલાક લોકો ત્યાં રહી રોજ મુંબઈ જાઆવ કરે છે.

वसई (૧૦,૪૦૦) તાલુકાગામ છે. એ વસઈ સ્ટેશનથી પાંચ માઇલ પર આવેલું છે. ત્યાં પાન, શેરડી, કેળાં, વગેરે થાય છે.

चोरीवली સ્ટેશનથી દોઢ માઇલ પર **केनेरी** ગુફા જોવા લાયક **છે.**

कल्याण (૧૭,૯૦૦) ઘણું જુનું શહેર છે. ઇ. સ ની ૧૪મી સદીમાં મુસલમાનોએ એનું નામ ઇસ્લામાબાદ રાખ્યું હતું. આ ગામથી જી. આઇ. પી. રેલવેનો એક ફાંટો નાશક તરફ જાય છે.

देशी राज्यो.

ઉત્તર વિભાગની પડોશમાં ત્રણ તરેહનાં દેશી રાજ્યો છે. કેટલાંક દેશી રાજ્યો અથવા એજન્સિ (મહીકાંઠા, વગેરે) આપણા ઉત્તર વિભાગના કમિશનરની દેખરેખ નીચે છે. કાઠિઆવાડની મોટી એજન્સિ ગવર્નર જનરલની તરફથી નિમાયલા અમલદાર એજન્ટ ટુ ધ ગવર્નર જનરલની દેખરેખ નીચે છે, અને એ અમલદારને આપણા ઉત્તર વિભાગના કમિશનર જોડે કંઈ સંબંધ નથી. ત્રીજા પ્રકારનું રાજ્ય ગાયકવાડી છે, અને તે રાજ્ય હિંદુસ્તાનના સર્વથી ઉપરી અમલદાર વાઇસરૉયની દેખરેખ નીચે છે, અને તેમની તરફથી રેસિડન્ટ નામનો અમલદાર વડોદરે રહે છે.

एजन्सिओ.

पालणपुर एजन्सि.

પાલણપુર એજન્સિ હિંદુસ્તાનના પશ્ચિમ હિંદુસ્તાનના રાજ્યની એજન્સિનો ભાગ છે અને તે ગવર્નર જનરલની દેખરેખ નીચે છે, અને

તે ગુજરાતના છેક ઉત્તર ભાગમાં આવેલી છે. એ મૂકીને આગળ જતાં રજપુતાના આવે છે. આ એજન્સિમાં નાનાં મોટાં ૧૩ રાજ્યો છે, અને તેમાં **पालणपुर** અને **राधनपुर** એ બે મુખ્ય છે. આ એજન્સિ અમદાવાદ જિલ્લાથી બમણી મોટી છે, પણ ઘણો ભાગ રેતીનું મેદાન હોવાને લીધે તેમાં વસ્તી ઘણી થોડી (૫,૧૮,૫૬૬) છે. આ ભાગમાં **बनास** અને **सरस्वती** એ બે નદીઓ છે. તેમાં સરસ્વતી પવિત્ર નદી મનાય છે. ઉનાળાની ઋતુમાં અહીં તાપ સખત પડે છે, તેથી દિવસે મુસાફરી કરવી ઘણી મુશ્કેલ થઈ પડે છે. ફળદ્રુપ જમીનમાં મુખ્ય પાક કપાસ, ડાંગર, શેરડી, બાજરી, જુવાર, ઘઉ, અને કઠોળ છે. આ ભાગના લોકો મારવાડ પાસે આવ્યાને લીધે કંઈ અંશે મારવાડીને મળતા આવે છે. વેપારમાં મુખ્ય નિકાસ સુરોખાર, અનાજ, સરસવ, તલ, કપાસ, તથા ચંપા અને કેવડાનું અત્તર છે. વેપારનાં સ્થળો **पालणपुर**, **राधनपुर**, અને **मुंजपुर** છે. આ એજન્સિનો સર્વથી ઉપરી અમલદાર પોલિટિકલ એજન્ટ કહેવાય છે, અને તેનું રહેવાનું સ્થળ પાલણપુર છે.

राज्योः—

पालणपुरનું મુસલમાની રાજ્ય સૌથી ઉત્તરમાં આવેલું છે, અને તે લગભગ અમદાવાદ જિલ્લા જેવડું મોટું છે. તેની રાજધાનીનું શહેર પાલણપુર (૧૭,૮૦૦) છે. **डीसा** (૭,૨૦૦) પાલણપુરમાં અંગ્રેજી લશ્કરનું સ્થળ પાલણપુર ગામની પશ્ચિમે ૧૮ માઇલ પર આવેલું છે.

राधनपुर એ પાલણપુર એજન્સિમાં બીજું મોટું રાજ્ય છે, અને ક્ષેત્રફળમાં તે અમદાવાદ જિલ્લાનો ત્રીજો ભાગ છે. રાધનપુરના રાજા નવાબ કહેવાય છે, અને તેની રાજધાની રાધનપુર (૯,૯૦૦) છે. એની મુખ્ય નિકાસ સુરોખાર છે.

આ ઉપરાંત **वाव**, **थराद**, વગેરે બીજાં નાનાં રાજ્યો છે.

महीकांठा एजन्सि.

ગુજરાતના ઇશાન ભાગની સરહદ પર આવેલાં પર રાજ્યોનો સમૂહ મહીકાંઠા એજન્સિ નામે ઓળખાય છે. આ રાજ્યોમાં ફક્ત ઇડરનું રાજ્ય મોટું છે. અમદાવાદ જિલ્લા જેવડી આ એજન્સિનો ઉત્તર તરફનો અને

પૂર્વનો ભાગ ડુંગરાળ ને જંગલવાળો છે. આ ભાગમાં થઈને **સાબરમતી, વાત્રક, હાથમતી, સરસ્વતી**, વગેરે નદીઓ નૈર્ઋત્ય તરફ વહે છે. હાથમતીનું પાણી અમનગરની ઉત્તરે બંધ બાંધી ખેતીવાડીને પુરૂં પાડવામાં આવે છે. ડુંગરો અને જંગલોને લીધે આ એજન્સિની મુખ્ય પેદાશ બાજરી, મકાઈ, ઘઉ, ચણા, તલ, અને રૂ છે. આ એજન્સિનો વહીવટ ચલાવવા એક પોલિટિકલ એજન્ટ સાદરામાં રહે છે. તેનું કામકાજ ઉત્તર વિભાગના કમિશનર મારફત કરવામાં આવે છે.

ઈડરનું રાજ્ય લગભગ ભરૂચ જિલ્લા જેવડું છે, પણ વસ્તી ભરૂચ જિલ્લાથી પોણી છે. એનો ઉત્તર અને ઈશાન તરફનો ભાગ ડુંગરાળ છે. ડુંગરાની તળેટીમાં મહુડા, આંબા, રાયણ, વગેરે ઝાડોનાં જંગલ આવેલાં છે. એની મુખ્ય પેદાશ અનાજ, તલ, સાણુ, અફીણ, અને શેરડી છે. અમનગર પાસે પત્થરની ખાણ છે. આ રાજ્યમાં **ઈડર** અને **અમનગર** એ બે મોટાં ગામો છે. ઈડર (૪,૯૦૦) રાજધાની છે, અને ત્યાં રાઠોડ રજપુત રાજા રહે છે. અમનગર (૩,૯૦૦) અમદાવાદના સુલતાન અહમદશાહે ઈડરના રાજાને દાબમાં રાખવાને ઇ. સ. ૧૪૨૭માં વસાવ્યું હતું. એનું અસલ નામ અહમદશાહના નામ ઉપરથી અહમદનગર છે. હાલ તેને હિમતનગર કહે છે.

દાંતાનું નાનું રાજ્ય અંબા માતાના દહેરા તથા તેમાં આવેલા આરાસુર પહાડને લીધે પ્રખ્યાત છે. દહેરાની આવક રાજ્યમાં જમા થાય છે. ત્યાંનો રાજા પરમાર રજપુત છે.

આ ઉપરાંત **પેથાપુર, વડાલી, માલુસણા**, વગેરે બીજાં નાનાં રાજ્યો છે.

રેવાકાંઠા એજન્સિ.

આ એજન્સિ ગુજરાતની પૂર્વે છે અને એમાં ૩૨ નાનાં રાજ્યો છે. એમાંનાં કેટલાંક રાજ્યો રેવા (નર્મદા) નદી પર આવેલાં છે, તેથી એ રેવાકાંઠા એજન્સિ નામથી ઓળખાય છે. આ એજન્સિ મહીકાંઠા એજન્સિ કરતાં દોઢી મોટી છે, અને એમાં પાંચ મોટાં રાજ્યો આવેલાં છે. આ એજન્સિમાં ડુંગરાની મોટી હાર આવેલી છે. એક દક્ષિણમાં રાજપીપળાના ડુંગર નામે ઓળખાય છે, અને તે સાતપુડાના પશ્ચિમ તરફના છેડાના ભાગો છે, અને બીજી હાર એજન્સિના મધ્ય ભાગમાં આવેલી છે, અને તે વિંધ્યાચળના છેડા છે.

મહી અને **નર્મદા** એ બે મોટી નદી આ એજન્સિમાં વહે છે. રેવાકાંઠાના ઘણાખરા ભાગમાં મોટાં જંગલો આવેલાં છે, અને તેમાં મુખ્ય ઝાડો મહુડા, સાગ, સીસમ, આમલી, આંબા, રાયણ, સાદડ, બીલી, હળદરવો, વાંસ, અને ખેર છે. જંગલોમાં શિકાર કરવા લાયક જંગલી જનાવરો વાઘ, ચિત્તા, રીંછ, ડુક્કર, વગેરે નજરે પડે છે. આ ભાગમાં વસ્તી સાડાસાત લાખ માણસની એટલે મહીકાંઠા એજન્સિ કરતાં વધારે છે. આ ભાગમાં પણ ભીલની વસ્તી વધારે છે. ખેતીનો મુખ્ય પાક, ડાંગર, જુવાર, રૂ, મકાઈ, અને ચણો છે. ડુંગરોમાંથી અકીક, આરસ, અને લાલ, સફેદ, વગેરે જુદા જુદા રંગના પથરો નીકળે છે. આ એજન્સિમાંથી ગુજરાતના બીજા ભાગોમાં મહુડા, સાગ, અને તેલી બીઆં (ખરસાણી કે રામતલી) મોકલવામાં આવે છે. પંચમહાલ જિલ્લાનો કલેક્ટર આ એજન્સિનો પોલિટિકલ એજન્ટ છે; અને એ કલેક્ટરનું રહેવાનું સ્થળ **ગોધરા** છે, એટલે પોલિટિકલ એજન્ટનું પણ રહેવાનું સ્થળ ગોધરા છે.

રાજ્યો:—

રાજપીપળાનું રાજ્ય બધાં રાજ્યમાં મોટું છે, અને તેનું ક્ષેત્રફળ લગભગ ખેડા જિલ્લા જેવડું છે, પણ વસ્તી ખેડા જિલ્લાની વસ્તીથી ચોથા ભાગની છે. આ સંસ્થાનમાં ડુંગરા અને જંગલો ઘણાં છે અને તેમાં ઇમારતી લાકડાં પુષ્કળ થાય છે. નર્મદાની ખીણનો પ્રદેશ ફળદ્રુપ છે, અને તે ભાગમાં બાજરી, જુવાર, તેમજ બીજું અનાજ થાય છે. રાજધાનીનું નગર **નાંદોદ** (૧૧,૧૦૦) કરજેણ નદી પર આવેલું છે. રાજા ગોહીલ રજપુત જાતનો છે, અને તેણે પોતાના રાજ્ય માટે રેલવે બાંધી છે અંકલેશ્વરથી અથવા મિયાંગામથી નાંદોદ જવાય છે. નાંદોદ ગામમાં એક હાઇ સ્કૂલ છે.

છોટાઉદેપુર અને **બારીઆ**:—એ બે રાજ્યો ચોહાણ રજપુતોનાં છે, અને બંને રાજાઓ એક કુળના છે. છોટાઉદેપુરના રાજ્યમાં રાજપીપળાથી પોણી અને બારીઆના રાજ્યમાં રાજપીપળાથી પોણા કરતાં કંઇક વધારે વસ્તી છે. બંને ભાગની હવા જંગલને લીધે ખરાબ ગણાય છે. **છોટાઉદેપુર** સાડાપાંચ હજાર અને **બારીઆ** પાંચ હજાર માણસની વસ્તીનાં ગામ છે.

લુણાવાડાનું રાજ્ય સોલંકી રજપુત રાજાના તાબામાં છે. આ રાજ્યમાં વસ્તી લગભગ છોટાઉદેપુરના રાજ્યથી પોણી છે. આ ભાગમાં ડુંગરા છે, પણ બીજાં રાજ્યોની માફક તે પર જંગલો નથી. એની રાજધાની **લુણાવાડા** દસ હજાર માણસની વસ્તીનું ગામ છે. ગોધરાથી અહીં સુધી રેલવેની ગાડી છે.

આ ઉપરાંત **સુંથ** અને **વાડાશિનોર** એ બે રાજ્યો છે. બાકીનાં બીજાં તો ઘણુંજ નાનાં છે. વાડાશિનોરના રાજા નવાબ કહેવાય છે, અને તે બાબી કુટુંબના છે. **વાડાશિનોર** આઠ હજાર માણસની વસ્તીનું ગામ છે. સુંથનું રાજ્ય પરમાર જાતના રજપુતના તાબામાં છે. વાડાશિનોરના રાજ્યમાં ૪૪,૦૩૦ અને સુંથના રાજ્યમાં ૭૦,૯૫૭ માણસની વસ્તી છે.

खंभातनुं राज्य.

ખેડા જિલ્લાની પશ્ચિમે અને મહી નદીની ઉત્તરે આવેલું નાનું મુસલમાની રાજ્ય ખંભાતના રાજ્યને નામે ઓળખાય છે. આ રાજ્યનું ક્ષેત્રફળ ૩૫૦ ચો. મા. છે. આ રાજ્ય સપાટ મુલક છે, પણ જમીનમાં એટલો બધો ખાર છે કે દર પાંચ વર્ષે નવા કુવા ખોદવા પડે છે. એનો પૂર્વ ભાગ ફળદ્રુપ છે. તેમાં જુવાર, બાજરી, તુવેર, ઘઉં, કપાસ, ગળી, તમાકુ, વગેરે થાય છે. એ રાજ્યમાં જંગલ નથી, તેમજ ખનીજ પણ નથી; છતાં રાજપીપળા વગેરે ભાગો તરફથી અકીકના પત્થર આવે છે, તે પકવી તેનાં બોરીઆં, એરીંગ, વગેરે બનાવવાનો ત્યાં મોટો હુન્નર છે. ખંભાતના રાજ્યમાં વસ્તી ૭૧,૭૯૨ માણસની છે. રાજા મોગલ જાતનો મુસલમાન છે અને તે નવાબ કહેવાય છે. ખેડા જિલ્લાના કલેકટર આ રાજ્યના પોલિટિકલ એજન્ટ છે. રાજધાનીના નગર **ખંભાત** (૨૭,૨૦૦)નું જુનું નામ **સ્તંભાવતી** છે. આગળ તે ઘણુંજ માતબર શહેર હતું. હાલ તો ખંભાત શહેરથી દરીઓ પાંચ માઇલ દૂર છે, અને બધો વેપાર ભાંગી ગયો છે. ખંભાતના અખાતના આ ભાગમાં ભરતી ઘણા જોરથી આવે છે, એટલે વહાણો છેક નાકા સુધી આવવા હિંમત કરતાં નથી. ખંભાતમાં લુગડાં અને શેતરંજી બને છે.

सुरत एजन्सि.

સુરત જિલ્લા પાસે આવેલાં સચીન, વાંસદા, અને ધરમપુર, એ ત્રણ નાનાં રાજ્યો સુરત એજન્સિ નામે ઓળખાય છે, અને સુરત જિલ્લાના કલેક્ટર આ ત્રણ રાજ્યોના પોલિટિકલ એજન્ટ ગણાય છે. હાલ ડાંગનાં જંગલનું રાજ્ય પણ કલેક્ટરને સોંપવામાં આવ્યું છે. આ ચારે રાજ્યનું કૂલ ક્ષેત્રફળ સુરત જિલ્લા જેવડું છે, અને તેની વસ્તી ૧,૭૯,૭૫૪ છે.

સચીનનું રાજ્ય મુસલમાની રાજ્ય છે, અને ત્યાંના રાજા નવાબ કહેવાય છે. એ નવાબ જંજીરાના નવાબના કુળના છે. સચીન તાબાનાં ગામો ચોરાસી તાલુકામાં વીખરાએલાં છે. એ સંસ્થાનમાં મુખ્ય પેદાશ જુવાર, કપાસ, ડાંગર. અને શેરડી છે. સચીન તાબાનું **ડુમસ** ગામ દરીઆકિનારા પર આવેલું છે, અને એ હવા ખાવાનું સ્થાન છે. એ રાજ્યની રાજધાની **સચીન** (૧,૦૪૪) છે. આ રાજ્યમાં વસ્તી ૧૫,૯૭૭ છે.

ધરમપુરનું રાજ્ય જુના વખતમાં રામનગર નામે ઓળખાતું હતું. એ રાજ્યોનો ઘણો ભાગ જગલવાળો હોવાથી હવા ખરાબ ગણાય છે. ધરમપુરના રાજ્યમાં સચીનથી પાંચગણી વસ્તી છે. વલસાડથી ધરમપુર જવાની ૧૮ માઇલની પાકી સડક છે. ધરમપુરના રાજ્યમાંથી નાશક જવાનો પણ એક પગ રસ્તો છે. મુખ્ય નિકાસ કઠોળ, શેરડી, ડાંગર, અને નાગલી છે. રાજ્યમાં જગલ હોવાને લીધે ઇમારતી લાકડાંનો મોટો વેપાર છે. રાજધાની **ધરમપુર** સવા છ હજાર માણસની વસ્તીનું ગામ છે. રાજા સિસોદીઆ જાતના રજપુત છે.

વાંસદાના રાજ્યનો ઘણો ભાગ ડુંગરા અને જંગલવાળો છે. એની રાજધાનીનું નગર **વાંસદા** લગભગ સાડા ત્રણ હજાર માણસની વસ્તીનું ગામ છે. તે બિલીમોરાથી પૂર્વે ૨૯ માઇલ પર આવેલું છે. આ રાજ્યની વસ્તી સચીનના રાજ્યની વસ્તીથી લગભગ બમણી છે. બિલીમોરાથી વાંસદા જવા માટે પાકી સડક છે. એની મુખ્ય ઉપજ ડાંગર, નાગલી, કઠોળ, કોદરા, તલ, અને જુવાર છે. એમાં જંગલ હોવાને લીધે ઇમારતી લાકડું પણ થાય છે. એ રાજ્યની સરહદ પર વાંસદાની ઉત્તરે ૭ માઇલ પર **उनाई** નામનો ઉના

પાણીનો કુંડ છે. દર વર્ષે ચૈત્રી પુનમે અહીં જાત્રા ભરાય છે. આખું વર્ષ એ કુંડમાં ઉનું પાણી રહે છે, પણ ફક્ત જાત્રાને દિવસે પાણી ઠંડું નાહવા જેવું હોય છે. આ કુંડ આગળ બ્રિટિશ, ગાયકવાડી, અને વાંસદા, એ ત્રણ રાજ્યોની સરહદ મળે છે, તેથી મેળા વખતે ત્રણે રાજ્યો તરફથી ત્યાં બંદોબસ્ત રાખવામાં આવે છે. ઉનાઈ એ **બિલીમોરા કાળા આંબા રેલવે**નું એક સ્ટેશન છે. વાંસદાના રાજા સોલંકી રજપુત છે.

ડાંગનું રાજ્ય તદન જંગલનો પ્રદેશ છે. એનું ક્ષેત્રફળ ખંભાતના રાજ્યથી બમણું છે, પણ વસ્તી ખભાત શહેરથી ઓછી છે. મુખ્ય પેદાશ જંગલની છે. ભીલો પોતાને સારૂ ડુંગરો પર જુવાર, બાજરી, બટાટા, અને ઘઉં વાવે છે.

जवार संस्थान.

થાણા જિલ્લામાં આવેલા આ નાના સંસ્થાનનું ક્ષેત્રફળ ૩૦૦ ચો. મા. છે. વાંસદાના રાજ્યની માફક તેમાં જંગલો અને ડુંગરો આવેલાં છે. એની મુખ્ય પેદાશ ડાંગર, નાગલી, બાવટો, અને કઠોળ છે. રાજા કોળી જાતનો છે. આ સંસ્થાનના પોલિટિકલ એજન્ટ થાણાના કલેક્ટર છે.

काठिआवाड.

અરબી સમુદ્રની અંદર બહાર પડતો દ્વીપકલ્પ હાલ કાઠિઆવાડ એજન્સિ નામે ઓળખાય છે. એનું જુનું નામ સૌરાષ્ટ્ર અથવા સોરઠ છે. જુનાગઢ, દીવ, અને કોડીનારનો મુલક આજે પણ સોરઠ નામે ઓળખાય છે. કાઠિઆવાડ નામ કાઠી નામના રજપુતો પરથી પડ્યું છે અને તેઓનાં સંસ્થાનો ઝાલાવાડના મધ્ય ભાગથી તે જુનાગઢની દક્ષિણ સીમા સુધી આવેલાં છે. આ દ્વીપકલ્પમાં ગાયકવાડી અમરેલી પ્રાંત અને ઓખામંડળ, ફિરંગીનું દીવ, અને અંગ્રેજી ધધુકા તાલુકો અને ઘોઘા પેટામહાલ છે. તે ઉપરાંત તેમાં ૧૯૩ નાનાં રાજ્યો છે. એમાંનાં ભાવનગર, પોરબંદર, ગોંડળ, ધ્રાંગધ્રા, મોરબી, નવાનગર, જુનાગઢ, અને જાફરાબાદ પહેલા વર્ગનાં છે. છ બીજા વર્ગનાં છે, અને બાકીનાં બધાં નાનાં છે. બધાં રાજ્યોની દેખરેખ સારૂ ગવર્નર જનરલ તરફનો ખાસ અમલદાર રાજકોટમાં રહે છે, અને તે અમલદાર એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ

કહેવાય છે. એના હાથ નીચે બીજા બે અમલદાર છે, અને તે દરેકને પોલિટિકલ એજન્ટ કહે છે. દરેકના તાબામાં કાઠિઆવાડનો એકેક પ્રાંત આપવામાં આવ્યો છે. કાઠિઆવાડના બે ભાગના પ્રાંતનાં નામ પશ્ચિમ કાઠિઆવાડનાં રાજ્યો અને પૂર્વ કાઠિઆવાડનાં રાજ્યો છે; અને વઢવાણ, અને જેતલસર, એ પ્રાંતોના પોલિટિકલ એજન્ટનાં રહેવાનાં સ્થળ છે. કાઠિઆવાડ વગેરે બધી એજન્સિઓના રાજા ગાયકવાડ અને અંગ્રેજ સરકારને ખંડણી આપે છે. ગાયકવાડની ખડણી અગ્રેજ સરકાર ઉઘરાવી તેને રવાના કરે છે. એનું ક્ષેત્રફળ ૨૧,૦૦૦ ચો. માઇલ છે, એટલે આપણા ઉત્તર વિભાગના ક્ષેત્રફળથી દોઢું છે.

એની રચના પરથી માલમ પડે છે કે આ દ્વીપકલ્પ એક વખત ટાપુ, અથવા જ્વાળામુખીના નાના નાના ટાપુઓનો સમૂહ હોવો જોઈએ. એની આખી સપાટી ડુંગરાવાળી અને કિનારાવાળો ભાગ રેતાળ છે. એમાં મુખ્ય પર્વતો **ગીર, ગીરનાર, શેત્રુંજા,** અને **બર્ડા** છે. ગીરનાર જુનાગઢની પાસે હિન્દુ તથા જૈન દહેરાં માટે પ્રખ્યાત છે, અને શેત્રુંજા પાલિતાણા પાસે જૈન દહેરાં માટે તથા જૈન લોકોના જાત્રાના સ્થળ તરીકે પ્રસિદ્ધ છે. ગીરના ડુંગરો સોરઠના દક્ષિણ ભાગમાં છે, અને ત્યાં સિંહ નજરે પડે છે. હિન્દુસ્તાનમાં ફક્ત ગીરના ડુંગરમાંજ સિંહ છે. બર્ડો પર્વત હાલારની સરહદ પર આવેલો છે, અને તેમાંથી લોખંડ નીકળે છે. કાઠિઆવાડની નદીઓ નાની છે. તેમાં **ભાદર** (૧૧૫ માઇલ) અને **શેત્રુંજી** (૧૦૦ માઇલ) મોટી છે. ભાદર જસદણ પાસેના ડુંગરમાંથી નીકળી નવીબંદર આગળ અરબી સમુદ્રને મળે છે; અને શેત્રુંજી ગીરમાંથી નીકળી પૂર્વ તરફ વહી પાલિતાણા પાસે થઈ ખંભાતના અખાતમાં પડે છે. કાઠિઆવાડને ઉત્તર કિનારે એક મોટો બેટ આવેલો છે, તેનું નામ શંખોદ્ધાર છે, પણ તે બેટને નામે ઓળખાય છે. બેટ ગાયકવાડને તાબે છે, અને હિન્દુઓનું જાત્રાનું ધામ છે. કિનારા પર દ્વારકા, પોરબંદર, વેરાવળ, દીવ, જાફરાબાદ, અને ભાવનગર, એ મુખ્ય બંદરો છે.

અહીં ગુજરાત જેવો વરસાદ પડતો નથી. દરીઆના પવનને લીધે તાપ કિનારા પર વધારે લાગતો નથી, પણ મધ્યમાં ઉનાળામાં તાપ વધારે

લાગે છે. ત્યાં ખેતીની મુખ્ય પેદાશ બાજરી, જુવાર, ઘઉં, કઠોળ, અને તેલી બીઆં છે. કાઠિઆવાડમાં વસ્તી ૨,૫૩૮,૪૯૭, એટલે ઉત્તર વિભાગથી પોણી છે. તેમાં ચાવડા, સોલંકી, જાડેજા, પરમાર, કાઠી, વગેરે રજપુત જાતો, અને મેમણ, મિઆના, વગેરે મુસલમાન જાતો જોવામાં આવે છે. લોકોનો મુખ્ય ધંધો ખેતી છે, પણ કેટલીક જગાએ સોનેરી કસબનું કામ, અતલસ, કીનખાબ, ગુલાલ, કંકુ, મીઠું, વગેરે લોકો બનાવે છે, અને તે ઉપર તેઓ પોતાનું ગુજરાન ચલાવે છે. પોરબંદરી પત્થર, ઘી, રૂ, અને તેલી બીઆં કાઠિઆવાડની મુખ્ય નિકાસ છે. દેશી રાજાઓએ પોતાની સગવડ માટે રેલવે બાંધેલી છે. રેલવે વઢવાણથી ધોળે થઈ ભાવનગર જાય છે, અને એક ફાંટો ધોળેથી પશ્ચિમે છેક પોરબંદર સુધી જાય છે. એક રેલવે વેરાવળથી જેતલસર તથા રાજકોટ થઈ જામનગર સુધી પણ જાય છે. મોરબી લાઇન વઢવાણથી રાજકોટ જાય છે. હાલ શેત્રુંજા જવા માટે ભાવનગર દરબારે સિહોરથી પાલિતાણા સુધી એક ફાંટો કાઢેલો છે.

હાલાર પ્રાંત.

હાલાર પ્રાંત કાઠિઆવાડની વાયવ્યમાં આવેલો છે, અને એમાં **નવાનગર**, **મોરબી**, અને **ગોંડલ**, એ ત્રણ પહેલા વર્ગનાં મોટાં રાજ્યો છે.

નવાનગર રાજ્યનું ક્ષેત્રફળ ૩,૮૦૦ ચો. માઇલ એટલે લગભગ અમદાવાદ જિલ્લા જેવડું છે, અને વસ્તી અમદાવાદ જિલ્લાથી અડધી છે. એની અંદર બર્ડા પર્વત છે, તેમાંથી આરસ તથા લોખંડ નીકળે છે. ખંભાળીઆમાંથી તાંબુ નીકળે છે. એની રાજધાની **નવાનગર** (૪૨,૫૦૦) કંકુ તથા રેશમી અને કસબના ભરતકામને માટે પ્રખ્યાત છે. ત્યાંના રાજા કાઠિઆવાડના જાડેજા રજપુતોના શિરોમણિ ગણાય છે, અને જામને નામે ઓળખાય છે. નવાનગર રાજ્યની હદના દરીઆમાંથી મોતી નીકળે છે. નવાનગર એના રાજાના નામ પરથી જામનગર નામે ઓળખાય છે.

મોરબીના રાજ્યનું ક્ષેત્રફળ ૮૦૦ ચોરસ માઇલ એટલે ખંભાતના રાજ્યથી અઢીગણું છે, પણ વસ્તી ખંભાતના રાજ્યથી સહેજ વધારે છે.

એની રાજધાની **મોરબી** (૧૩,૧૦૦) મચ્છુ નદી પર આવેલું શહેર છે. એનો રાજા જાડેજા રજપુત છે.

ગોંડળના રાજ્યનું ક્ષેત્રફળ ૧,૦૦૦ ચો. માઇલ એટલે ખંભાતના રાજ્યથી ત્રણગણું મોટું છે, અને એની વસ્તી ખંભાતના રાજ્યથી **બમણી** છે. એના રાજા પણ જાડેજા રજપુત છે. એની રાજધાની **ગોંડળ**માં (૧૭,૪૦૦) ગરાસીઆઓને માટે એક સ્કૂલ તથા એક હાઇ સ્કૂલ છે.

વાંકાનેર, **ધ્રોળ**, અને **રાજકોટ**, એ ત્રણ બીજા વર્ગનાં રાજ્ય છે. તેમાં રાજકોટ વધારે અગત્યનું છે, કારણ કે ત્યાંની હવા સારી છે, અને એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ રાજકોટમાં રહે છે.* રાજકોટ (૩૬,૦૦૦)માં રાજકુમારોને ભણવા સારૂ એક શાળા, એક હાઇ સ્કૂલ, બે ટ્રેનિંગ કોલેજો, અને એક ઉદ્યોગશાળા છે.

ઝાલાવાડ.

આ પ્રાંત હાલારની પૂર્વે આવેલો છે, અને ઝાલા રજપુતો ઉપરથી એનું નામ ઝાલાવાડ પડયું છે. એમાં **ધ્રાંગધ્રા** પહેલા વર્ગનું, અને **વઢવાણ** અને **લીમડી** એ બે રાજ્યો બીજા વર્ગનાં છે.

ધ્રાંગધ્રા રાજ્યનું ક્ષેત્રફળ લગભગ ગોંડળ જેટલું છે, અને એ રાજ્યમાં વસ્તી ગોંડળના રાજ્યથી અડધી છે. એનો રાજા ઝાલા રજપુત છે. લીમડી, વઢવાણ, અને વાંકાનેર, એ ત્રણે રાજ્યો ધ્રાંગધ્રાની શાખા છે. વઢવાણ (૧૬,૪૦૦), ધ્રાંગધ્રા (૧૭,૫૦૦), ને લીમડી (૧૧,૦૦૦), એ ત્રણ આ પ્રાંતમાં મોટાં ગામ છે. વઢવાણ કૅમ્પમાં[1] તાલુકદારી ગરાસીઆ સ્કૂલ છે.

વઢવાણ રાજાના તાબાનું ગામ છે, અને વઢવાણ કૅમ્પ વઢવાણ પાસે પોલિટિકલ એજન્ટનું સ્થાન છે.

ગોહીલવાડ પ્રાંત.

આ પ્રાંત કાઠિઆવાડના અગ્નિ ખુણા તરફ આવેલો છે અને ગોહીલ

---

* રાજકોટ રાજાના તાબાનું ગામ છે અને તેની પાસેજ રાજકોટ કૅમ્પ છે; ત્યાં એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ રહે છે.

૧ શિક્ષકે કૅમ્પનો અર્થ સમજાવવો.

રજપુતો ઉપરથી તેનું નામ ગોહીલવાડ પડયું છે. તેમાં **ભાવનગર** પહેલા વર્ગનું અને **પાલિતાણા** બીજા વર્ગનું, એમ બે મોટાં રાજ્યો છે.

ભાવનગર રાજ્ય ગોંડળના રાજ્યથી લગભગ ત્રણગણું છે, અને વસ્તી અઢીગણી છે. એ રાજ્યમાં ઘણે ભાગે જમીન કાળી છે તેથી કપાસ થાય છે. એની રાજધાનીનું નગર **ભાવનગર** (૫૯,૪૦૦) ઇ. સ. ૧૭૪૨માં ભાવસીંગે વસાવ્યું હતું. એ એક મોટું અને શોભીતું શહેર છે. હાલમાં દરીઓ ત્યાંથી વેગળો ગયો છે તેથી ખાડી ખોદી નાનાં નાનાં વહાણોને માટે માર્ગ કરેલો છે. આ રાજ્યનો ઘણો વેપાર દરીઆમાર્ગે ચાલે છે. ભાવનગર શહેરમાં એક મહાવિદ્યાલય (આર્ટ્સ કોલેજ), એક હાઇ સ્કૂલ, અને એક મિલ છે. બીજું રાજ્ય **પાલિતાણા** (૧૨,૮૯૦) શેત્રુંજાના ડુંગરને લીધે પ્રખ્યાત છે.

सोरठ.

કાઠિઆવાડના નૈર્ઋત્ય ખુણા તરફ જે પ્રાંત આવેલો છે તે સોરઠ કહેવાય છે. એની અંદર **जुनागढ** અને **पोरबंदर** એ બે પહેલા વર્ગનાં રાજ્યો છે.

जुनागढના રાજ્યનું ક્ષેત્રફળ અમદાવાદ જિલ્લા કરતાં સહેજ નાનું છે, અને વસ્તી અમદાવાદ જિલ્લાથી લગભગ અડધી છે. આ મુસલમાની રાજ્ય છે, અને રાજા બાબી કુટુંબનો નવાબ છે. એની રાજધાની **जुनागढ** (૩૩,૨૦૦)મા હાઇ સ્કૂલ, મહાવિદ્યાલય (આર્ટ્સ કોલેજ), નવાબ સાહેબનો મહેલ, વગેરે જોવા લાયક મકાનો છે. એની પાસે ગીરનાર પર્વત છે, તે હિંદુ તથા જૈન લોકોનું જાત્રાનું ધામ છે. સોમનાથ પાટણ જુનાગઢના રાજ્યમાં દરીઆ પર આવેલું જુનું શહેર છે. અહીં સોમનાથ મહાદેવનું દહેરૂં છે, તે મુસલમાન રાજાઓએ ઘણી વખત ભાગી નાખ્યું હતું. હાલ તેનો ઘણો ભાગ ખંડિએર છે.

पोरबंदरના રાજ્યનું ક્ષેત્રફળ ૬૦૦ ચો. માઇલ અને તેની વસ્તી ૧૦૧,૮૮૧ છે. રાજા જેઠવા રજપુત જાતનો છે. એની રાજધાની **पोरबंदर** (૨૮,૭૦૦) દરીઆકિનારા પર બંદર છે. કેટલાક કહે છે કે આ જગાએ સુદામાપુરી હતી. અહીંથી મુંબઈ, સુરત, અમદાવાદ, વગેરે જગાએ પથરો મોકલવામાં આવે છે.

जाफराबादનું નાનું મુસલમાની રાજ્ય જંજીરાના નવાબને તાબે છે.

વડોદરાનું રાજ્ય.

આ રાજ્યનો અમરેલી પ્રાંત કાઠિઆવાડમાં આવેલો છે, અને તે ત્રણ કડકે વહેંચાએલો છે. મોટો ભાગ સોરઠની પૂર્વે છે, અને બાકીના બે કડકા પૈકી એક ઓખામંડળ વાયવ્ય ખુણા પર અને બીજો કોડિનાર સોરઠની દક્ષિણે દીવની પાસે છે. અમરેલી પ્રાંતની મુખ્ય પેદાશ રૂ છે. ઓખામંડળમાં દ્વારકા બંદર છે અને હિંદુઓનું જાત્રાનું ધામ છે. બેટ નામનો ટાપુ કચ્છના અખાતમાં આવેલો છે અને તે શંખોદ્ધાર નામે ઓળખાય છે. બેટ પર ઘણાં જુનાં મંદિર છે, અને એ પણ જાત્રાનું ધામ છે.

દીવ અને દમણ.

દીવ નામનો નાનો ૨૫ ચો. માઈલનો બેટ કાઠિઆવાડમાં દક્ષિણ કિનારા પર આવેલો છે અને તે ફિરંગીઓને તાબે છે. દીવના ભાવસારો છાપવાનું કામ સારૂં જાણે છે. દ્વીપ ઉપરથી તેનું નામ દીવ પડયું હશે. જ્યારે એ વેપારનું મોટું મથક હતું, તે વખતે ત્યાં ૫૦,૦૦૦ માણસની વસ્તી હતી.

દમણ સુરત જિલ્લાની દક્ષિણે ફિરંગીનું બીજું સંસ્થાન છે, અને તેનું ક્ષેત્રફળ લગભગ ખંભાતના રાજ્ય જેવડું છે. દમણ તાબાનો **નગર હવેલી** તાલુકો ઘણો ફળદ્રુપ છે, અને તેમાં મુખ્ય પેદાશ ડાંગર, ઘઉં, નાગલી, કઠોળ, અને તમાકુ છે.

વડોદરાનું રાજ્ય.

મુંબઈ ઇલાકાના ગવર્નરની સત્તા નીચે નહિ એવું ગુજરાતમાં મોટું દેશી રાજ્ય વડોદરાનું છે, અને તે આપણી પાડોશમાં છે; માટે ઉત્તર વિભાગની ભૂગોળ શીખી રહ્યા પછી તેની ભૂગોળ જાણવી એ અવશ્યનું છે. એ રાજ્ય ઇ. સ. ૧૮૭૫ સુધી મુંબઈ સરકારના તાબા હેઠળ હતું, અને ત્યારપછી વાઇસરૉયની સત્તા નીચે છે. હિંદુસ્તાનમાં જે પાંચ રાજ્યો-(૧) હૈદરાબાદનું, (૨) મ્હૈસુરનું રાજ્ય, (૩) વડોદરાનું રાજ્ય, (૪) કાસ્મીરનું રાજ્ય, (૫) ગ્વાલીઅરનું-પહેલા વર્ગનાં ગણાય છે તેમાંનું આ એક છે. રાજા સુધરેલો હોવાથી રાજ્ય સુધરેલી પદ્ધતિ પર ચાલે છે. એ રાજ્ય એક જથે નથી પણ ચાર ભાગમાં વહેંચાઈ ગએલું છે. વડોદરા એ ભરૂચ જિલ્લાની પૂર્વે, કડી પ્રાંત અમદાવાદ જિલ્લાની ઉત્તરે, નવસારી પ્રાંત સુરત જિલ્લાની પૂર્વે, અને અમરેલી પ્રાંત કાઠિઆવાડમાં જુદે જુદે ઠેકાણે વહેંચાએલો છે. અમરેલી પ્રાંતનો એક પેટામહાલ ઓખામંડળ છેક દરીઆકિનારા

પર કાઠિઆવાડની વાયવ્યમાં આવેલો છે. આ રાજ્યનું ક્ષેત્રફળ ૮,૧૦૦ ચો. માઇલ છે. એનો કડી પ્રાંત મોટામાં મોટો પ્રાંત છે.

આ રાજ્ય જુદા જુદા ભાગમાં વહેંચાએલું છે, એટલે કુદરતી રીતે જુદા જુદા પ્રાંતની કુદરતી રચના જુદીજ માલમ પડ્યા વગર રહેતી નથી. ઓખામંડળ રેતીનું રણ છે, અમરેલી તરફ ગીરના ડુંગરો આવેલા છે, વડોદરા અને કડી પ્રાંત સપાટ મેદાનો છે, અને નવસારી પ્રાંતમાં સોનગઢ અને વ્યારા એ ડુંગરના અને જંગલના પ્રદેશ છે. આ રાજ્યમાં ગુજરાતમાં વહેતી ઘણી નદીઓ આવેલી છે. કડી પ્રાંતમાં **બનાસ** અને **સરસ્વતી** એ બે નદીઓ વહે છે. **વિશ્વામિત્રી** નદી પર વડોદરા શહેર આવેલું છે, અને તે પાવાગઢના પશ્ચિમ ઢોળાવ ઉપરથી નીકળી **ઢાઢર** નામે બીજી નદીને મળે છે.

બધા પ્રાંતોમાં કડી પ્રાંતની હવા સારી ગણાય છે. નવસારી પ્રાંતમાં જંગલવાળા ભાગોની હવા ખરાબ ગણાય છે. નવસારી પ્રાંતમાં બીજા પ્રાંતો કરતાં વરસાદ વધારે પડે છે. અમરેલી અને નવસારી પ્રાંત દરીઆકિનારા ઉપર આવેલા હોવાથી તેમાં શિઆળામાં કડી પ્રાંત જેટલી ઠંડી રહેતી નથી. કડી પ્રાંત, વડોદરા પ્રાંતનો પશ્ચિમ ભાગ, અને નવસારી પ્રાંતના દરીઆ તરફના તાલુકા ઘણાજ ફળદ્રુપ છે. કડી પ્રાંતમાં અળસી, તેલી બીઆં, અને અફીણ; અમરેલીમાં રૂ, નવસારીમાં શેરડી, અને વડોદરા પ્રાંતમાં રૂ અને તમાકુ મુખ્ય પેદાશ છે. આ ઉપરાંત દરેક જાતનું અનાજ આ રાજ્યમાં થાય છે. નવસારી પ્રાંતમાં બાગાયાત પેદાશ પુષ્કળ થાય છે, અને ત્યાં આંબા, અનનાસ, ફણસ, વગેરે મેવો પણ થાય છે. હાલ ગાયકવાડી મુલકમાં કેટલીક જગાએથી આરસનો પત્થર નીકળે છે.

આ રાજ્યની વસ્તી ૨૧ ૨૧,૯૦૦ છે. આ રાજ્ય જુદા જુદા ભાગમાં વહેંચાઈ ગએલું છે, એટલે કુદરતી રીતે એમાં વસ્તી પણ જુદી જુદી જાતની છે. વડોદરામાં દક્ષિણી બ્રાહ્મણો અને મરાઠાઓ, ઓખામંડળમાં વાઘેર રજપુતો, અમરેલી પ્રાંતમાં કાઠી રજપુતો, સિદ્ધપુરમાં ઔદીચ બ્રાહ્મણો અને વહોરાઓ, પેટલાદમાં પાટીદારો, નવસારીમાં પારસી અને અનાવલા બ્રાહ્મણો, અને સોનગઢ વ્યારા તરફ અનાર્ય જાતના ચોધરા વગેરે જોવામાં આવે છે. લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે અને રાજ્ય તરફથી ખ નગી કારીગરી, કારખાનાં, વેપાર, વગેરેને પણ ઉત્તેજન મળે છે. બધા પ્રાંતોમાં રેલવે બાંધવામાં આવેલી છે.

રાજ્યમાં વાઇસરૉય તરફનો એક અમલદાર રેસિડન્ટ રહે છે. રાજ્યવ્યવસ્થા લગભગ અંગ્રેજી રાજ્યની માફક છે, પણ અમલદારોનાં નામ જુદાં છે. તાલુકાના

ઉપરીને મામલતદારને બદલે વહીવટદાર, પ્રાંતને જિલ્લો, અને તેના ઉપરી અમલદારને કલેક્ટરને બદલે સુબો કહે છે. તેવા ચારે સુબાઓના ઉપરીને સરસુબો કહે છે. તેના ઉપરી તરીકે દિવાન અને માથે રાજા છે. કાઠિઆવાડ, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા વગેરે એજન્સિના રાજાઓ તથા તાલુકદારો પાસે ગાયકવાડની લેણી ખંડણી અંગ્રેજ સરકાર વસુલ કરી ગાયકવાડને પહોંચાડે છે.

जाणवा लायक स्थळोः—

वडोदरा (૯૪,૭૦૦) વડોદરા રાજ્યની રાજધાનીનું નગર છે. રાજા ચંદને આ નગર વસાવ્યું હતું, અને પોતાના નામ પરથી એનું નામ ચંદનાવતી રાખ્યું હતું. શહેરમાં કોલેજ, ન્યાયમંદિર, રાજાના મહેલો, સંગ્રહસ્થાન, બાગ, વગેરે ઘણાં જોવા લાયક સ્થળો છે. આ શહેર રેલવેનું જંક્શન છે અને રેલવેનો એક ફાંટો ગોધરા મથુરા તરફ જાય છે.

डभोई (૧૪,૦૦૦) વડોદરાથી ૧૮ માઇલ ઉપર જુના કિલ્લાને માટે પ્રસિદ્ધ છે. ડુભોઈ નામના એક ઇજનેરના નામ ઉપરથી એનું નામ ડભોઇ પડયું છે. ડભોઈ રેલવે જંક્શન છે. ભરૂચથી આમોદ, જંબુસર, અને વિશ્વામિત્રી થઈને ચાણોદ જતી રેલવે તથા મિયાગામથી છોટાઉદેપુર તરફ જતી રેલવે અહીં એક બીજીને મળે છે; અને ત્યાંથી નાંદોદ જવાય છે.

पाटण (૩૧,૦૦૦) કડી પ્રાંતમાં આવેલું શહેર છે. તે વનરાજે ઇ. સ. ૭૪૬માં વસાવ્યું હતું. પ્રાચીન કાળમાં એ ઘણું પ્રસિદ્ધ શહેર હતું અને જુના વખતનાં ખંડેરો હજી જોવામાં આવે છે. રાણીવાવ અને વનરાજની મૂર્તિ, એ બે જુના વખતનાં કામો હજુ મોજુદ છે. સિદ્ધરાજનું સહસ્ત્રલિંગ તળાવ તદન પુરાઈ ગએલું છે, અને તે પર ખેતી કરવામાં આવે છે. એ શહેર તરવાર, સુડી, પટોળાં, અને માટીનાં વાસણને માટે હજુ પ્રખ્યાત છે.

वडनगर (૧૪,૦૦૦) જુનું ઐતિહાસિક શહેર છે. એક વખતે એમાં ઘણો પૈસો હતો. આ ગામ વડનગરા નાગરનું મૂળ સ્થાન છે, અને અહીંથી તેઓ ગુજરાતના જુદા જુદા ભાગમાં જઈને વસ્યા છે. તાજુબની વાત એ છે કે વડનગરા નાગરનું મૂળ સ્થાન છે, પણ ત્યાં માત્ર તેઓનાં હાલ એક કે બેજ ઘર છે.

सिद्धपुर (૧૫,૦૦૦) સરસ્વતી નદી પર જાત્રાનું ધામ છે. એ સ્થળ પર માતૃશ્રાદ્ધ કરવામાં આવે છે. અહીં રુદ્રમાળ નામના પ્રસિદ્ધ દહેરાનાં ખંડિએરો જોવામાં આવે છે.

नवसारी (૨૧,૦૦૦) જુનું શહેર નવસારી પ્રાંતમાં આવેલું છે. ત્યાં પારસીઓની વસ્તી વધારે છે અને ત્યાંની હવા સારી ગણાય છે.

सोनगढ નવસારી પ્રાંતમાં ટાપ્ટિ વૅલિ રેલવેનું સ્ટેશન છે. એ ગુજરાતમાં ગાયકવાડનું પહેલું રાજધાનીનું શહેર હતું. હાલ માત્ર તેના જુના કિલ્લાને માટે પ્રસિદ્ધ છે.

कर्नाळी નર્મદાને તીરે મોટું યાત્રાનું ધામ ગણાય છે.

આ ઉપરાંત **बहुचराजी*** યાત્રાનું સ્થળ છે અને **उंझा**માં* કડવા કણબીની કુળદેવીનું સ્થાન છે. **कडी** (૧૩,૦૦૦) અને **वीसनगर** (૧૭,૦૦૦) જાણવા લાયક જગાઓ છે. **महेसाणा** (૯,૦૦૦) એ રેલવેનું જંક્શન છે. અહીંથી એક રેલવે વઢવાણ તરફ, બીજી પાટણ તરફ અને તેનો એક ફાંટો બહુચરાજી તરફ, અને ત્રીજી વીસનગર વડનગર તરફ જાય છે.

कच्छ.

તમે ઉત્તર વિભાગની, કાઠિઆવાડની, ગાયકવાડી રાજ્યની, અને મુંબઇ ઇલાકાની સામાન્ય ભૂગોળ શીખી ગયા. હવે મુંબઈ ઇલાકાના બાકીના વિભાગો અને દેશી રાજ્યની તમારે ભૂગોળ શીખવાની છે. ગુજરાતની ઉત્તરે કચ્છનું રણ અને અખાત આવેલાં છે. એ ઓળંગીને ઉત્તરમાં જઈએ તો પહેલો મુલક **कच्छ** આવે છે. એ દેશી રાજ્ય છે અને એનું ક્ષેત્રફળ અમદાવાદ જિલ્લાથી બમણું છે.

(કચ્છ એ શબ્દનો અર્થ દરીઆકિનારાની ભૂમિ થાય છે.)

कुदरती रचनाः—એનો દક્ષિણ કાંઠો તદન સપાટ છે, અને ત્યાંની ભૂમિ રસાળ છે. બાકીની બીજી દિશામાં ડુંગરા અને પથરાવાળી જમીન છે. અહીં ઘણી વખત ધરતીકંપ† થાય છે. ઇ. સ. ૧૮૧૯માં જે ધરતીકંપ થયો

---

*શિક્ષકે આ જગાનાં સ્થાન નકશા પર બતાવવાં.

†આ શબ્દ સારી રીતે સમજાવવો. એથી શું નુકસાન થાય છે, અને જમીનમાં શા ફેરફાર થાય છે, તે કહેવું.

હતો, તેને લીધે ભુજની અંદર ૭,૦૦૦ ઘરો (કચ્છના રાવના મહેલ સુદ્ધાં) નાશ પામ્યાં હતાં અને રણની કેટલીક જગા બેસી ગઈ હતી.

વસ્તી:—કચ્છની વસ્તી અમદાવાદ જિલ્લાની અડધી વસ્તી કરતાં સહેજ વધારે છે. લોકો ઘણા મજબુત અને વેપારમાં સાહસિક છે, અને વેપારને અર્થે દૂર દેશમાં જઈને વસેલા જોવામાં આવે છે. મુંબઈમાં ભાટીઆ લક્ષાધિપતિ અને કરોડપતિ છે, તે કચ્છના રહેવાસી છે.

વેપાર અને ઉદ્યોગ:—ભુજનું કસબી અને હીરનું ભરતકામ બહુ વખણાય છે. ફટકડી, સુરોખાર, અને સોનારૂપાનાં નકસીનાં વાસણો અહીંથી પરદેશખાતે મોકલવામાં આવે છે.

રાજ્યો:—એ રાજ્ય જાડેજા રજપુતનું છે, અને રાજાને રાવ કહે છે. એમાં **ભુજ** અને **માંડવી** એ બે મોટાં શહેર છે, અને **કંથકોટ** જુનું ઐતિહાસિક શહેર છે. ભુજમાં રાજાને સલાહ આપવા એક પોલિટિકલ એજન્ટ રહે છે. આ રાજ્ય પણ પશ્ચિમ હિંદુસ્તાનનાં રાજ્યોની એજન્સિનો એક ભાગ છે.

ભુજ+ (૧૯,૩૦૦) કચ્છની મધ્યમાં રાજધાનીનું નગર છે. ઇ. સ. ૧૬૦૫માં રાવ શ્રી ખેંગારજીએ આ શહેર વસાવ્યું હતું. એમાં ભુજંગ નામના સાપનું દહેરૂં હતું, તેથી એનું નામ ભુજ પડેલું છે એમ કહેવાય છે. શહેરમાં રાવ શ્રી પ્રાગમલજીનો નવો મહેલ જોવા લાયક છે. અંગ્રેજી કેળવણી આપવા એક હાઇ સ્કૂલ પણ ત્યાં છે.

માંડવી (૨૨,૭૦૦) દક્ષિણ કિનારે બંદર છે. અહીં આગબોટ આવે છે, અને ખલાસીઓની સગવડ માટે દીવાદાંડી બાંધેલી છે.

સિંધ.

કચ્છની ઉત્તરમાં રણ ઓળંગીને આપણે જઈએ તો **સિંધ વિભાગ** આવે છે. એ મુંબઈ ઇલાકાનો છેક ઉત્તરનો વિભાગ છે. આ વિભાગની સરહદ

+ગામની પાસે જે કૌંસમાં આંકડા છે તે ત્યાંની વસ્તીના છે. માટે શિક્ષકે પોતાના ગામની અથવા જાણીતા શહેરની વસ્તી સાથે તે સરખાવવા; અને વસ્તી વધારે અથવા ઓછી છે તેનું કારણ સમજાવવું.

આ આંકડા છોકરા પાસે ગોખાવવાના નથી.

ઓળંગીને ઉત્તરમાં જઈએ તો બલુચિસ્તાન અને પંજાબ આવે છે. આપણા ઉત્તર વિભાગથી આ વિભાગ લગભગ સાડાત્રણગણો છે. એ વિભાગને લગતું **खैरपुरनुं राज्य** છે, અને તેના પોલિટિકલ એજન્ટ સક્કરના કલેક્ટર છે.

આ વિભાગનું નામ **सिंध** સિંધુ નદી પરથી પડ્યું છે. હિંદ અને હિંદુસ્તાન નામ પણ સિંધુ નદી પરથી પડ્યાં છે.

कुदरती देखावः—આ દેશનો મધ્ય ભાગ સપાટ મેદાન છે. એના પશ્ચિમ ભાગમાં ડુંગરા છે, અને તેમાં ચારો પુષ્કળ ઊગે છે, તેથી ભરવાડો ત્યાં ઘેટાં ચરાવે છે. એના પૂર્વ ભાગમાં મોટું રણ છે, અને તેમાં રેતીનાં મેદાન અને ટેકરા છે. એનો દક્ષિણ ભાગ નીચો અને ખારવાળો છે, તેથી ત્યાંની હવા રોગી છે. જે ભાગ પર સિંધુ નદીનો કાંપ ઠરે છે તે ભાગ ફળદ્રુપ છે. ફળદ્રુપ જમીન પર પણ જો નદીનો કાંપ ઠરતો નથી તો તે ઉજડ થઈ જાય છે, કારણ કે અહીં વરસાદ ઘણોજ થોડો પડે છે.

नदीः—સિંધુ નદી (જુઓ હિંદુસ્તાન, નદીઓ). એ નદી પર કરાંચી, કોટ્રી, હૈદરાબાદ, સક્કર, અને રોહરી શહેરો આવેલાં છે. આ નદી પોતાનો માર્ગ બદલ્યા કરે છે. એ નદીનો મુખ આગળનો કાંપથી બનેલો ત્રિકોણપ્રદેશ (ડેલ્ટા)× ખેડા જિલ્લાથી બમણો મોટો છે.

आबोहवाः—સિંધમાં વરસાદ ઘણોજ ઓછો પડે છે અને રેતી તપે છે, તેથી ગરમી વધારે પડે છે. જેકોબાબાદમાં અતિશય ગરમી પડે છે. કિનારા પરની હવા દરીઆને લીધે સારી છે. ઉત્તર વિભાગ કરતાં આ વિભાગમાં વરસાદ ઓછો અને તાપ વિશેષ પડે છે.

वनस्पतिः—આ વિભાગમાં ઉત્તર વિભાગ, મધ્ય વિભાગ, અને દક્ષિણ વિભાગના જેવાં ઇમારતી લાકડાંનાં જંગલ નથી; પણ જે જંગલો છે, તેમાં બાળવાનાં ઝાડ પુષ્કળ છે. અહીં બાવળનાં બીઆં ઢોરને ખવડાવવામાં આવે છે, એની છાલ ચામડું કમાવવાના કામમાં આવે છે, એનાં પાંદડાં ઊંટ અને બકરાં ખાય છે, અને લાકડું બાળવાના કામમાં આવે છે.

ખારેક, કેળાં, કેરી, નારંગી, દાડમ, અંજીર, શેતુર, ખડબુચાં, તડબુચ, વગેરે ગરમ પ્રદેશ જેને માફક આવે એવો મેવો અહીં ઉત્પન્ન થાય છે.

×આ શબ્દ સારી રીતે સમજાવવો, તેની ઉત્પત્તિ વિષે પણ ગજા પ્રમાણે જ્ઞાન આપવું.

લોકો, ધર્મ, અને ભાષાઃ—સિંધ વિભાગ ક્ષેત્રફળમાં આપણા વિભાગથી સાડાત્રણગણો છે, તોપણ વસ્તી તો આપણા વિભાગથી સહેજ ઓછી છે. સિંધી અને બલુચી એ બે મુખ્ય ભાષા છે. વસ્તીનો પોણો ભાગ મુસલમાન છે. અહીંના હિંદુઓ મુસલમાન જેવાં કપડાં પહેરે છે.

ખેતીવાડી, ધંધો, અને વેપારઃ—આ વિભાગનો મુખ્ય પાક ડાંગર, જુવાર, બાજરી, ઘઉં, મગ, જવ, કપાસ, તથા તેલી બીઆં છે. સિંધમાં ઉંચી જાતના ઇજિપ્શન રૂની વાવણી અજમાવી છે ને તે ફતેહમંદ થઈ છે. શેતરંજી, ચામડાની વસ્તુઓ, અને માટીનાં વાસણો માટે આ દેશ પ્રખ્યાત છે. વેપારનું મુખ્ય મથક કરાંચી છે, અને તેનો મુખ્ય વેપાર અનાજ બહારગામ મોકલવાનો છે. ચોખા, ઘઉં, રૂ, ઊન, ચામડાં, અને હાડકાં અહીંથી બહારગામ મોકલવામાં આવે છે. અમદાવાદથી કરાંચી જતાં હાલ રજપુતસ્તાનમાં થઈને જવું પડે છે, પણ તે રસ્તો લાંબો હોવાને લીધે કચ્છના રણમાં થઈને ટુંકે રસ્તે આગગાડી લઈ જવાની હાલ યોજના ચાલે છે.

ઇતિહાસઃ—હિંદુસ્તાન ઉપર મુસલમાનોએ ઇ. સ. ૭૧૨માં પહેલી ચઢાઈ દરીઆમાર્ગે કરી હતી; અને ત્યારપછી જે જે ચઢાઈઓ થઈ છે, તે બધી જમીનમાર્ગે ખાઈબરઘાટને રસ્તે તેઓએ કરી છે. આ પ્રાંત ઇ. સ. ૧૮૪૨માં ખાલસા કરવામાં આવ્યો હતો.

સિંધના વિભાગોઃ—**કરાંચી, હૈદરાબાદ, થર** અને **પારકર, સક્કર, લારખાના, નવાબશાહ,** અને **સિંધનો ઉપલો સરહદનો મુલક**, એ પ્રમાણે સાત જિલ્લા છે, અને એક દેશી રાજ્ય **ખૈરપુર** છે.

સિંધના ઉપલા સરહદના મુલકના ઉપરી અધિકારી ડેપ્યુટિ કમિશનર છે. બીજા છ જિલ્લામાં ઉપરી અધિકારી આપણા જિલ્લાઓની માફક કલેક્ટર છે. સિંધના કમિશનરનું રહેવાનું સ્થળ કરાંચી છે.

કરાંચી જિલ્લોઃ—સિંધુ નદીના મુખવાળો સિંધનો પશ્ચિમ ભાગ [1]કરાંચી જિલ્લાને નામે ઓળખાય છે. આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ સાતગણો મોટો છે, પણ વસ્તી લગભગ તેનાથી પોણી છે. આ વસ્તી ઓછી

૧. શિક્ષકે હંમેશાં પોતાના જિલ્લા જોડે સરખાવવા.

છે તેનું કારણ એ છે કે એ જિલ્લાનો પશ્ચિમ ભાગ ખરબચડો અને વેરાન છે, અને નદીના મુખ આગળનો પ્રદેશ નીચો અને ભેજવાળો છે.

મુખ્ય શહેરોઃ—

કરાંચીઃ (૨,૧૭,૦૦૦) આ ઇલાકામાં બીજા નંબરનું બંદર છે. ઇ. સ. ૧૭૨૫ અગાઉ આ જગા પર શહેર જ નહોતું. ઇ. સ. ૧૮૪૨માં અંગ્રેજ સરકારના હાથમાં આ શહેર આવ્યું ત્યારથી એની આબાદાની વધતી ગઈ છે.

ઠટ્ટા (૮,૪૭૦) જૂનું ઐતિહાસિક શહેર છે.[1]

હૈદરાબાદ જિલ્લોઃ—કરાંચી જિલ્લો મૂકી પૂર્વમાં જઈએ તો હૈદરાબાદ જિલ્લો આવે છે. આ જિલ્લો સુરત જિલ્લાથી અઢીગણો છે, પણ વસ્તી સુરત જિલ્લા કરતાં ઓછી છે. આ સપાટ પ્રદેશ છે, અને તેમાં ઘણી નહેરો આવેલી છે. કારીગરી માટે સિંધમાં હૈદરાબાદ જિલ્લો પ્રખ્યાત છે. એની શેતરંજી, રેશમી અને સુતરાઉ કાપડ, માટીનાં વાસણ, અને ચામડાની વસ્તુ વખણાય છે.

મુખ્ય શહેરઃ

હૈદરાબાદ (૮૨,૦૦૦) ઇ. સ. ૧૭૬૮માં વસાવવામાં આવ્યું હતું, અને ઇ. સ. ૧૮૪૩માં અંગ્રેજ સરકારના હાથમાં આવ્યું ત્યાંસુધી એ સિંધની રાજધાની ગણાતું હતું. ત્યાં રૂપાનું અને લોખંડનું કામ ઉત્તમ થાય છે.

થર અને પારકર જિલ્લોઃ—હૈદરાબાદ જિલ્લાની પૂર્વે થર અને પારકર જિલ્લો આવે છે. આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ સાડાઆઠગણો છે, પણ વસ્તી સુરત જિલ્લાની અડધી કરતાં થોડી વધારે છે. આ જિલ્લાના મધ્ય અને પૂર્વ ભાગમાં થર એટલે રણનો વિસ્તીર્ણ પ્રદેશ છે, અને તેમાં રેતીના ટેકરા છે. એમાં ધાબળી, શેતરંજી, અને ચામડાની જણસ બને છે.

મીરપુરખાસ (૫,૮૦૦) જિલ્લાનું મુખ્ય સ્થળ છે.

મુખ્ય શહેરઃ—

ઉમરકોટ (૪,૨૦૦)માં ઇ. સ. ૧૫૪૨માં અકબરનો જન્મ થયો હતો.

સક્કર જિલ્લોઃ—થર અને પારકરની ઉત્તરે ખૈરપુર સંસ્થાન છે, અને તેની ઉત્તરે સક્કર જિલ્લો છે. અસલ આ ભાગનું નામ શિકારપુર

---

૧. આ શહેરનો ઇતિહાસ જોડે સંબંધ છે તે શિક્ષકે કહેવો.

જિલ્લો હતું. ઇ. સ. ૧૯૦૧માં શિકારપુર જિલ્લામાંથી સાત તાલુકા અને કરાંચી જિલ્લામાંથી ત્રણ તાલુકા લઈ નવો લારખાના જિલ્લો કરવામાં આવ્યો; અને શિકારપુરના બાકીના તાલુકાનો જે જિલ્લો બનાવવામાં આવ્યો તેનું નામ સક્કર રાખવામાં આવ્યું.

આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ સાડાત્રણગણો છે, પણ વસ્તી સહેજ ઓછી છે. એનો મુખ્ય પાક ડાંગર, ઘઉં, જુવાર, સરસવ, તલ, ને રૂ છે.

मुख्य शहेर:—

सक्कर (૪૨,૮૦૦) જિલ્લાનું મુખ્ય ગામ છે.

शिकारपुर (૫૫,૦૦૦) શહેરને પહેલાં ખોરાસાનની ભાગોળ કહેતા. એ વેપારનું મથક છે. શેતરંજી અને ગામઠી કાપડ અહીં બને છે.

बक्कर (૧૧,૪૦૦) સક્કર અને રોહરી વચ્ચે સિંધુ નદીમાં બેટ છે, અને તે પર એક મોટો કિલ્લો છે.

लारखाना जिल्लो:—આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ ત્રણગણો છે, પણ વસ્તી લગભગ સુરત જિલ્લા જેટલી છે. અહીં ખેતીવાડીનો આધાર સિંધુ નદીની નહેરો પર રહેલો છે. એનો મુખ્ય પાક ડાંગર, ઘઉં, જુવાર, સરસવ રૂ, અને તમાકુ છે.

मुख्य शहेरो:—

लारखाना (૧૮,૦૦૦)માં બાગબગીચા પુષ્કળ છે. ગરભસુતરાઉ કાપડ અને પિત્તળનાં વાસણ અહીં બને છે.

सेवान (૪,૪૦૦)માં સિકંદરના વખતનો એક જુનો કિલ્લો જોવામાં આવે છે.

नवाबशाह जिल्लो:—આ જિલ્લો અમદાવાદ જિલ્લાથી સહેજ મોટો છે; પરંતુ વસ્તી અમદાવાદ જિલ્લાની અડધી વસ્તી કરતાં પણ સહેજ ઓછી છે. આ જિલ્લો ખૈરપુર સંસ્થાનની પશ્ચિમે અને લારખાના જિલ્લાની પૂર્વ દિશાએ આવેલો છે. આ જિલ્લાની પશ્ચિમ સરહદે સિંધુ નદી આવેલી છે, અને તેથી પૂર્વ કરતાં પશ્ચિમ તરફનો ભાગ વિશેષ ફળદ્રુપ છે. લારખાના અને કરાંચી જિલ્લાની માફક આ જિલ્લામાં ડુંગર આવેલા નથી. જિલ્લાના

મધ્ય ભાગમાં થઈને રેલ્વે જાય છે, જે વડે ઉત્તરમાં પેશાવર સુધી જવાય છે અને દક્ષિણમાં કરાંચી અને મધ્ય હિંદુસ્તાનમાં જવાય છે. આ જિલ્લો ઇ. સ. ૧૯૧૨માં હૈદરાબાદ જિલ્લાના સાત તાલુકા અને થરપારકર જિલ્લાનો એક તાલુકો લઈ બનાવવામાં આવ્યો હતો.

મુખ્ય શહેરોઃ—

નવાબશાહ (૨,૮૦૦) એ જિલ્લાનું મુખ્ય શહેર છે.

નૌશેહરો અને **શાહદાદપુર** (૬,૦૦૦) બીજાં શહેર છે; અને તે રેલ્વે નજીક આવેલાં હોવાથી વેપારનાં સ્થળ છે.

સિંધનો ઉપલો સરહદનો મુલકઃ—આ જિલ્લો સિંધની છેક ઉત્તરનો છે, અને મુંબઈ ઇલાકાનું ઉત્તર નાકું છે. જેકોબાબાદ એ જિલ્લાનું મુખ્ય શહેર છે, અને તેની રેતાળ જમીનમાં તડબુચ અને ખડબુચાં ઘણાં થાય છે. આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ દોઢો છે, પણ વસ્તી લગભગ ⅘ છે.

મુખ્ય શહેરઃ—જેકોબાબાદ (૧૦,૬૦૦) ખાનઘર નામે જુના શહેરની જગા પર જેકબ સાહેબે ઇ. સ. ૧૮૪૭માં વસાવ્યું હતું. અહીં તાપ ઘણોજ પડે છે.

ખૈરપુર સંસ્થાનઃ—આ નાનું મુસલમાની દેશી રાજ્ય સુરત જિલ્લાથી લગભગ ચારગણું છે, પણ વસ્તી લગભગ સુરતનો ⅘ છે. તેનો જે ભાગ સિંધુ પર આવેલો છે, તે રસાળ છે, પણ બાકીના ભાગમાં રેતીના ડુંગર છે. એના રાજ્યકર્તા બલુચ જાતના મુસલમાન છે. એ રાજ્યના પોલિટિકલ એજન્ટ સક્કરના કલેક્ટર છે. એની મુખ્ય પેદાશ સુરોખાર, રૂ, ઊન, અનાજ, તેલી બીઆં, ઘી, તમાકુ, અને ગળી છે. વળી હાથીદાંતનું કામ, તરવાર, લાખનાં રમકડાં, શેતરંજી, વગેરે પણ અહીં બને છે. રાજધાનીનું શહેર **ખૈરપુર** (૧૫,૭૦૦) છે.

મુંબઈ.

ઉત્તર વિભાગની દક્ષિણમાં દરીઆકિનારે **મુંબઈ** શહેર છે. એ શહેર મુંબઈ ઇલાકાની રાજધાની છે, અને તે શહેર પરથીજ ઇલાકાનું નામ

મુંબઈ ઇલાકો પડ્યું છે. મુંબઈ શહેર બેટ પર વસેલું છે, અને તે બેટ એકલાને જુદો વિભાગ ગણ્યો છે.

આ બેટ ઇ. સ. ૧૬૬૧માં પોર્ટુગલના રાજાએ ઇગ્લંડના બીજા ચાર્લ્સ રાજાને તેની રાણી કેથેરાઇનના કન્યાદાન સાથે પહેરામણીમાં આપ્યો હતો. તે વખતે એ બેટમાં માત્ર દસ હજાર માછીની વસ્તી હતી અને તે સાત જુદા જુદા બેટ હતા. આ બેટની કંઇજ ઉપજ ન હોવાને લીધે ઇ. સ. ૧૬૬૮માં ઇગ્લંડના રાજાએ વરસદહાડે દસ પૌંડ* (તે વખતે ૧૦૦ રૂ.)માં ઇસ્ટ ઇંડિઆ કંપનિને એ ભાડે આપ્યો હતો. ઇ. સ. ૧૬૮૭માં ઇસ્ટ ઇંડિઆ કંપનિએ તેનું મુખ્ય સ્થાન સુરત બદલી મુબઈ રાખ્યું, ત્યારથી એ શહેરની વૃદ્ધિ થવા લાગી, અને આજે દુનિયાનાં મોટામાં મોટાં શહેરોમાંનું અને પહેલા વર્ગનાં બંદરોમાંનું એ એક છે. મામાદેવી અથવા મુમ્બાદેવી પરથી શહેરનું નામ મુબઈ પડ્યું છે. ઇસ્ટ ઇંડિઆ કંપનિએ પોતાના તાબામાં આ બેટ લીધા પછી આજુબાજુના બેટો પૂરી એક મોટો ટાપુ અને શહેર એને બનાવી દીધું છે. વેપારની સગવડને લીધે અને મુબઈ ઇલાકાની રાજધાની હોવાને લીધે ધીમે ધીમે આ શહેર વધતું ગયું, અને આજે વેપારમાં એ પહેલું શહેર છે. આ બેટમાં આવજા કરવા સારૂ દરીઆની ખાડી ઉપર પૂલો બાંધ્યા છે, અને તે ઉપર બી. બી. ઍન્ડ સી. આઇ રેલવે દોડે છે.

આ બેટ સાડાઅગિઆર માઇલ લાંબો અને ચાર માઇલ પહોળો લગભગ ત્રિકોણાકારે છે, અને એનું ક્ષેત્રફળ ૨૪ ચો. મા. છે. તેની આસપાસ નીચા ડુંગરો છે. આ બેટની પૂર્વે તથા એની અને કોંકણના કિનારાની વચ્ચેનો ૫ થી ૭ ચોરસ માઇલનો પાણીનો ભાગ બારૂં[1] છે. આસપાસ આવેલી પહાડી જમીન પવનના જુસ્સાને તથા પાણીના ઉછાળાને ખાળી એ બારાનું સંરક્ષણ કરે છે. બારામાં વહાણો અને આગબોટો હંમેશ જથાબંધ રહે છે, અને તેઓ દુનિયાના જુદા જુદા ભાગમાંથી માલ લઇ જાય છે. એ બારામાં કેટલાક નાના બેટ છે, અને તેમાંનો **ઘારાપુરી** નામે બેટ ડુંગરમાંથી કોરી કાઢેલાં દહેરાંને માટે પ્રખ્યાત છે. એ દહેરાં

* પૌંડ તથા ઇસ્ટ ઇંડિઆ કંપનિ શું છે તે શિક્ષકે સમજાવવું.

૧. વહાણો સહીસલામત રહી શકે એવો પાણીનો ભાગ તે બારૂં કહેવાય છે.

હાલ ખંડિત સ્થિતિમાં છે. બારાનું રક્ષણ કરવાને કોઈ કોઈ બેટો પર લશ્કર તેમજ બારામાં મનવારો[1] રાખેલી છે.

બેટની પશ્ચિમે એક પહોળો અખાત છે, તેને "બૅક બે"[2] કહે છે. એ "બૅક બે" પૂરી નાખવાની યોજના હાલ અમલમાં મૂકવામાં આવી છે. એ બૅક બે અને બારાની વચ્ચે આવેલી ઉંચી જમીન કોટ (કિલ્લો) નામે ઓળખાય છે. એ ભાગમાં મોટા મોટા વેપારીઓની ને શાહુકારોની જોવાલાયક દુકાનો છે, અને સરકારી વસુલાત, ન્યાય, ટપાલ, તાર, અને બીજા ખાતાંની ઑફિસો માટે સરકારે લાખો રૂપીઆ ખરચીને ત્યાં સુંદર અને ભવ્ય મકાનો બાંધ્યાં છે. કોટમાંથી ઉત્તર તરફ જઈએ છીએ એટલે દેશીઓથી વસાએલો ભાગ આવે છે, અને તેને બહારકોટ કહે છે.

મુંબઈની વસ્તી ૧૧,૭૫,૯૧૪ છે. આ વસ્તી આખા સુરત જિલ્લાની વસ્તીથી લગભગ બમણી છે. શહેર જેમ આબાદ હોય છે, તેમ ત્યાં વસ્તી વધારે હોય છે. આ શહેર ઘણુંજ આબાદ છે, અને ત્યાં હુન્નર-ઉદ્યોગ પણ પુષ્કળ છે.

પૃથ્વી પરના ઘણા દેશોના લોક આ શહેરમાં વસેલા છે. ચીન, જાપાન, સિલોન (લંકા) અફ્ઘાનિસ્તાન, વગેરે દેશોના લોકો, તેમજ બંગાળા, મદ્રાસ, પંજાબ, સિંધ, મારવાડ, વગેરે પ્રાંતોના લોકો અહીં જોવામાં આવે છે. આ બધી જાતના લોકોને આવવાનું મુખ્ય કારણ વેપાર છે. તેઓ પોતાના દેશમાંથી માલ મંગાવી વેચે છે, અથવા તો પોતાના દેશને માટે માલ વેચાતો લઈ રવાના કરે છે.

મુખ્યત્વે કરીને મુંબઈમાં મરાઠી અને ગુજરાતી ભાષા બોલાય છે, પણ જુદા જુદા દેશના લોકો આવીને વસેલા છે, તેથી સૌ પોતપોતાની ભાષા વાપરે છે. ભાષાઓના આવા શંભુમેળામાં એક દેશના લોક બીજા દેશના લોકોની જોડે અંગ્રેજી અથવા હિંદુસ્તાની ભાષામાં વાત કરે છે.

પરદેશ જોડે મુંબઈનો કૂલ વેપાર ૩૧૩ કરોડ રૂપીઆનો છે, તે ઉપરથી એ કેટલું અગત્યનું સ્થાન છે, તેનો ખ્યાલ આવશે. દેશદેશાવરથી

---

૧. મનવાર શું છે તે શિક્ષકે કહેવું.
૨. બૅક=પાછળનો ને બે=અખાત.

માલ અહીં આવે છે, અને દેશદેશાવર જાય છે. આ બેટમાં વરાળયંત્રથી ચાલતાં કાંતવાનાં અને વણવાનાં કારખાનાં સો કરતાં વધારે છે. રેશમી અને ગરમ કાપડ પણ મિલમાં અહીં વણાય છે. મિલોમાં બે લાખ કરતાં વધારે માણસોને રોજી મળે છે. ગોદીમાં* સખ્યાબંધ મજુરોને રોજી મળે છે. રેલવેની મોટી ઑફિસો, સરકારી મોટી ઑફિસો, અને વેપારની મોટી ઑફિસો મુંબઇમાં છે, તેમાં પણ ઘણા માણસોને રોજી મળે છે. જેમ મુંબઈ અને અમદાવાદ વચ્ચે જલદીથી સદેશા મોકલવા તારનાં દોરડાં નાખેલાં જોવામાં આવે છે, તેમ મુબઈ અને લંડન વગેરે દૂરનાં શહેરો વચ્ચે સંદેશા મોકલવા સારૂ દરીઆમાં તારનાં દોરડાં નાખેલાં છે.


શહેરમાં ઉંચી વિદ્યાનું જ્ઞાન આપવા ત્રણ મહા વિદ્યાલયો, એક કાયદાનું મહાવિદ્યાલય, એક વૈદકનું મહાવિદ્યાલય, એક પશુ-વૈદકનું મહાવિદ્યાલય, એક વેપારને લગતું મહાવિદ્યાલય, એક હુન્નરશાળા, એક ચિત્ર વગેરે ઉદ્યોગની શાળા, અને ઘણી હાઇ સ્કૂલો છે. સાર્વજનિક હિત ખાતર ઉંચી કેળવણીની પરીક્ષા લેવા, એ પરીક્ષાઓ માટે કયા કય વિષયોનો અભ્યાસ કરવો તેનો નિર્ણય કરવા, તથા મહાવિદ્યાલયોની સામાન્ય દેખરેખ રાખવા, સરકારે અહીં વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટિ સ્થાપ્યું છે. આ ઇલાકામાં ઉંચી કેળવણીનું મુખ્ય સ્થાન મુંબઈ છે, અને ઇલાકાના જુદા જુદા ભાગમાંથી છોકરાઓ કેળવણીને માટે અહીં આવે છે.

મુંબઈના કલેક્ટરના તાબામાં બીજા જિલ્લાના કલેક્ટરોની માફક મહેસુલખાતું છે, અને તે ઉપરાંત જકાતખાતું પણ છે. એનો ઉપરી કમિશનર તે પણ મુંબઈમાં રહે છે. એ કમિશનર આખા મુંબઈ ઇલાકા માટેના જકાતના, અફીણના, અને આબકારી કમિશનર છે. ઇલાકાના ગવર્નર સાહેબ ડિસેંબરથી માર્ચ સુધી મુંબઈમાં રહે છે, અને એમનું રહેવાનું મકાન મલબાર હિલ (ડુંગર) પર છે. વળી મુંબઈ ઇલાકામાં સૌથી મોટી જે ન્યાયની અદાલત (હાઇ કોર્ટ) છે તે પણ મુંબઇમાંજ છે. બીજા વિભાગોની માફક અહીં પણ પોલીસ વગેરે જુદાં જુદાં ખાતાં છે.

*આગબોટ કિનારા પાસે આવી માલ લઈ શકે અથવા ઉતારી શકે તેની સગવડ સારૂ બારામાં જે બાંધકામ કરેલું હોય છે, તેને ગોદી કહે છે.

મુંબઈની મ્યુનિસિપાલિટિ આખા ઇલાકામાં મોટામાં મોટી છે. તેની વાર્ષિક ઉપજ બે કરોડ ૩૧ લાખ રૂપીઆની છે. લોકોને ચોકખું પીવાનું પાણી પહોંચાડવા સારૂ વિહાર, તુળસી, અને તાનસા તળાવો બાંધવામાં આવ્યાં છે, અને નળે વતી શહેરમ પાણી પુરૂં પાડવામાં આવે છે.

શહેરમાં વીજળીના બળથી ટ્રામ તથા કેટલાંક કાંતવાનાં તથા વણવાનાં કારખાનાં ચાલે છે અને વીજળીના દીવા થાય છે અને *કોલગૅસના પણ દીવા કરવામાં આવે છે. મુંબઈની બહાર રહેનારા લોકોને આવવાજવા સારૂ રેલવે ગાડીની સગવડ સારી છે મુંબઈમાં જોવા લાયક સ્થળો ઘણાં છે. કોટમાં મ્યુનિસિપાલિટિની ઑફિસનું મકાન, ક્રાફર્ડ માર્કેટ નામનું શાકભાજીનું બજાર, ટંકશાળ, ટાઉનહૉલ, બોરીબંદર સ્ટેશન, રાજાબાઇ ટાવર; પોસ્ટ ઑફિસ, હાઇ કોર્ટ, વગેરે સરકારી ઑફિસો, દીવાદાંડી, અને વિકટોરિઆબાગ ને તેમાંનું સગ્રહસ્થાન, એ મુખ્ય છે.



વિકટોરિઆ ટરમિનસ. (બોરીબંદર સ્ટેશન)

* પાંચમી ચોપડીના પાઠ ૭૮માં કોલગૅસનુ વર્ણન આપેલું છે.

मुंबई इलाकाना ताबानां अरबस्ताननां संस्थान[१]:–

મુંબઈમાં જે વહાણો અને આગબોટો આવે છે, તેના રક્ષણાર્થે અરબસ્તાનની નૈર્ઋત્ય દિશાએ એડનમાં સરકારે એક સંસ્થાન કર્યું છે. એ સંસ્થાનનું ક્ષેત્રફળ ૮૦ ચો. માઇલ છે, અને તેમાં ૫૫,૫૦૦ની વસ્તી છે. એ શહેર[૨] મુંબઇથી **૧૬૬૪** માઇલ દૂર છે, અને આગબોટમાં બેસી મુંબઇથી ત્યાં જતાં ૬ દિવસ લાગે છે. ત્યાં તાપ ઘણો પડે છે, અને વરસાદ નહિજ જેવો પડે છે. અરબસ્તાનના અને આફ્રિકાના કિનારા પરનાં સંસ્થાનો સાથે એડનનો મુખ્ય વેપાર છે. વેપારની મુખ્ય ચીજો કાપડ, અનાજ, ગુંદ, તમાકુ, અને ચામડાં છે. દરેક આગબોટ ત્યાં અટકે છે, અને કોલસા વગેરે જે ચીજ જોઈએ તે ત્યાંથી લે છે. એડનથી થોડા માઇલ પર રાતા સમુદ્રમાં **પેરિમ** નામનો બેટ છે, તે પણ મુંબઇસિરકારના તાબામાં છે. **સોકોત્રા** પણ મુંબઇસિરકારને તાબે છે.

मुंबई परां विभाग.

થાણા જિલ્લાના સાષ્ટી તાલુકાના બે ભાગ પાડી, દક્ષિણ ભાગનું નામ દક્ષિણ સાષ્ટી અને ઉત્તર ભાગનું નામ ઉત્તર સાષ્ટી તાલુકો પાડેલું છે. દક્ષિણ સાષ્ટી અને કલ્યાણ તાલુકાનો કેટલોક ભાગ લઈ એક નવો વિભાગ બનાવવામાં આવ્યો છે; જેને મુંબઈ પરાં વિભાગ કહે છે. આ વિભાગમાં એકજ જિલ્લો છે; અને તેનું નામ પણ મુંબઈ પરાં જિલ્લો પાડેલું છે. આ વિભાગનો ઉપરી કલેક્ટર છે. આ વિભાગમાં બે તાલુકા છે. એક દક્ષિણ સાષ્ટી અને બીજો અંબરનાથ તાલુકો છે, અને ડેવલોપમેંટ ડીપાર્ટમેંટનો સેક્રેટરિ એનો કમિશનર છે. આખા વિભાગનું ક્ષેત્રફળ ૧૪૨ ચો. મા. છે, અને વસ્તી ૧,૫૨,૮૪૦ છે. તેમાં ફક્ત ૪ શહેરો અને ૭૫ ગામડાં આવેલાં છે.

मुख्य शहेरोः—

बांद्रा (૨૯,૨૦૦) મુંબઇથી નવ માઇલ પર આવેલું છે.

---

૧. આ શીખવતી વખતે એશિઆ ખંડનો નકશો રાખવો, અને એડન ક્યાં છે તે બતાવવું.

૨. પાઠ ૬૮, છઠ્ઠી ચોપડી.

કુર્લા (૨૬,૦૫૯) અને **સાંતાક્રુઝ** (૬,૯૫૩) બીજાં જાણવા લાયક શહેરો છે. મુંબઈની પાસે હોવાને લીધે કેટલાક લોક સાંતાક્રુઝમાં રહી દર રોજ મુંબઈ આવજા કરે છે.

મધ્ય વિભાગ.

મુંબઈની પૂર્વમાં જે વિભાગ આવેલો છે તે **મધ્ય વિભાગ** નામે ઓળખાય છે. સહ્યાદ્રિના **બોરઘાટ**[1] અને **થળઘાટ**ને રસ્તે આ વિભાગમાં જવાય છે. બોરઘાટ પુના તરફ જવાનો રસ્તો, અને થળઘાટ નાશકનો રસ્તો છે. આ બે ઘાટને રસ્તે આગગાડી પણ જાય છે, અને રસ્તામાં આગગાડીને જવાઆવવા સારૂ પહાડો કોતરી ટનલો[2] બનાવેલી જોવામાં આવે છે. સહ્યાદ્રિમાં થઈને મધ્ય વિભાગમાં જવા સારૂ આ બે ઘાટ ઉપરાંત બીજા પણ ઘણા નાના માર્ગો છે. આ વિભાગની દક્ષણ સરહદ દક્ષિણ વિભાગને, પૂર્વ સરહદ નિજામના રાજ્યને, અને ઉત્તર સરહદ હોલકર અને ભોપાળના રાજ્યને લાગેલી છે. એની આખી પશ્ચિમ સરહદ પર સહ્યાદ્રિ આવેલો છે.

કુદરતી રચના અને **આબોહવા**.—આ વિભાગ આપણા ઉત્તર વિભાગથી લગભગ ત્રણગણો મોટો છે. આપણા વિભાગની અને આ વિભાગની રચના તદનજ જુદી છે. આ વિભાગ ડુંગરવાળો ઉચ્ચ પ્રદેશ છે, અને આપણો વિભાગ સપાટ નીચો પ્રદેશ છે. આપણા વિભાગની પશ્ચિમે સમુદ્ર આવેલો છે, ને આ વિભાગની પશ્ચિમે સહ્યાદ્રિ આવેલો છે. આપણા વિભાગની હવા ભેજવાળી છે, અને આ વિભાગની હવા કોરી છે. આ વિભાગમાં જેમ પૂર્વ તરફ જઈએ છીએ તેમ તાપ વધારે અને વરસાદ ઓછો છે. આ વિભાગ આપણા વિભાગ કરતાં ઓછો ફળદ્રુપ છે.

પહાડોઃ—પશ્ચિમ અને પૂર્વ ખાનદેશ જિલ્લાના ઉત્તરભાગમાં સાતપુડા પર્વતના ફાંટા આવેલા છે; અને તે તાપી નદીના પ્રદેશને નર્મદાના પ્રદેશ**થી** જુદો પાડે છે. ખાનદેશ જિલ્લાઓની દક્ષિણે **ચાંદવડ, સાતમાળા** અથવા

૧. પહાડમાં થઈને જવાઆવવાના માર્ગને "ઘાટ" કહે છે.

૨. પહાડ કે જમીનની અંદર થઈને જવાય તેવો કોરીને બનાવેલો માર્ગ 'ટનલ' કહેવાય છે.

અજિન્ટા છે. અજિન્ટામાં જુના વખતની બૌદ્ધ લોકોની ગુફા છે. ચાંદવડ ડુંગરાની દક્ષિણની નદીઓ ગોદાવરીમાં પડે છે, અને ઉત્તરની નદીઓ તાપીમાં પડે છે.

નદીઓઃ—આ વિભાગમાં **ગોદાવરી** અને **કૃષ્ણા** એ બે મોટી નદીઓ છે, પણ તેમનો થોડોજ ભાગ આ વિભાગમાં આવેલો છે. **ભીમા, નીરા,** અને **સીના,** એ ત્રણ નદીઓ શોલાપુર તરફ છે. તેમાંની નીરા અને સીના ભીમાને મળે છે. સતારા જિલ્લામાં જે **વાર્ણા** નદી છે તે અને ભીમા કૃષ્ણાને મળે છે.

વસ્તીઃ—(૬૦,૫૯,૧૧૪) આપણા વિભાગથી આ વિભાગ વિસ્તારમાં લગભગ ત્રણગણો છે, છતાં વસ્તી માત્ર લગભગ બમણી છે, તેથી તે આપણાથી ઓછી વસ્તીવાળો પ્રદેશ છે. જંગલો તરફ અને ડુંગરાવાળા ભાગોમાં આપણા વિભાગની માફક ભીલ, કાથોડી, વારલી, વગેરે જંગલી અને અનાર્ય પ્રજા રહે છે. આ તરફના બધા લોકો દક્ષિણી કહેવાય છે, અને તેમની ભાષા આપણાથી જુદી છે. મહારાષ્ટ્ર પરથી તે મરાઠી ભાષા કહેવાય છે. ત્યાંના કણબી મરાઠા કહેવાય છે, અને તેઓ પહાડી જમીનમાં રહેવાને લીધે શરીરે મજબુત છે. વેપાર અર્થે આ વિભાગ તથા દક્ષિણ વિભાગમાં ઘણા ગુજરાતી અને મારવાડીઓ જઈ વસેલા છે, અને પોતાની ગુજરાતી અથવા મારવાડી જે ભાષા હોય તે ઘરમાં વાપરે છે, અને ઘરની બહાર મરાઠી વાપરે છે. અહમદનગર જિલ્લામાં ૨૩,૦૦૦ ખ્રિસ્તી છે.

ખેતીઃ—આ વિભાગમાં જે ખેડવા લાયક જમીન છે તે કાળી છે, અને તેથી પાક ઘણો સારો થાય છે. વળી ઉચ્ચ પ્રદેશ હોવાને લીધે હવા જ્યાં સમધાત રહે છે ત્યાં દ્રાક્ષ વગેરે મેવો પણ પુષ્કળ થાય છે. આ ભાગનો મુખ્ય પાક જુવાર, બાજરી, ઘઉ, તેલી બીઆં, અને રૂ છે. ખાનદેશ જિલ્લાઓ, અહમદનગર, નાશક, અને પુનામાં ઘઉ થાય છે. પુના સિવાય ઉપર લખેલા ચાર જિલ્લામાં રૂ ઉત્પન્ન થાય છે.

વેપારઃ—આ વિભાગમાંથી રૂ, તેલી બીઆં, અને અનાજ વિભાગની બહાર મોકલવામાં આવે છે. નાશક જિલ્લાના યેવલા ગામમાંથી હાથના વણાટનું કાપડ મુંબઈ, પુના, સતારા, અને શોલાપુર જાય છે. વળી આ

જિલ્લામાં જાડા ચોપડાના કાગળ અને તાંબાપિત્તળનાં વાસણો બનાવવાના ઉદ્યોગો ચાલે છે. અહમદનગરમાં દક્ષિણી સ્ત્રીઓને પહેરવાની સાડીનો મોટો ઉદ્યમ ચાલે છે. આ વિભાગમાં કેટલીક જગાએ ધાબળીઓ પણ વણાય છે.

માર્ગો:—આ વિભાગની અંદર જી. આઇ. પી. રેલવે એ મોટી આગગાડીના સડક છે એ સડક પર થઈને કલકત્તા,* મદ્રાસ, અલાહાબાદ, દિલ્હી, એવે મોટે સ્થળે જઈ શકાય છે. મુંબઇથી આગ્રા જવાની મોટી પાકી સડક આ વિભાગમાં થઈને જાય છે. આ સડક જુના વખતની છે, તોપણ હજુ સારી સ્થિતિમાં છે. જી. આઇ. પી. રેલવેનો એક ફાંટો ઉત્તર તરફ ખાનદેશ જિલ્લામાં જાય છે, અને બીજો ફાંટો દક્ષિણ તરફ પુના અને શોલાપુર જિલ્લામાં થઈ નિજામના રાજ્ય ભણી જાય છે.

जिल्हाओ:—આ વિભાગમાં સાત જિલ્લાઓ છે. આપણા વિભાગના જિલ્લાઓ કરતાં આ વિભાગના જિલ્લાઓ વિસ્તારમાં ઘણા મોટા છે. આપણો મોટામાં મોટો જિલ્લો અમદાવાદ આસરે ૩,૮૦૦ ચો. મા. છે, ત્યારે એનો નાનામાં નાનો જિલ્લો પૂર્વ ખાનદેશ આસરે ૪,૫૦૦ ચો. મા. છે. એ સાત જિલ્લાઓનાં નામ નીચે પ્રમાણે છે:—**पश्चिम खानदेश, पूर्व खानदेश, नाशक, अहमदनगर, पुना, सतारा,** અને **शोलापुर**. આ વિભાગના કમિશનરનું રહેવાનું સ્થળ પુના છે.

पश्चिम खानदेश जिल्लो:—અસલ ખાનદેશ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ ૬⅔ગણો મોટો હતો, તેથી તેના હાલ બે વિભાગ કરવામાં આવ્યા છે. પશ્ચિમ તરફનો ભાગ પશ્ચિમ ખાનદેશ જિલ્લાને અને પૂર્વ તરફનો ભાગ પૂર્વ ખાનદેશ જિલ્લાને નામે ઓળખાય છે.

આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ ચારગણો મોટો છે, પણ વસ્તી સુરત જિલ્લાથી સહેજ ઓછી છે. એમાં તાપી નદી પરનો પ્રદેશ રસાળ છે, પણ એનો ઉત્તરનો ભાગ ડુંગરાવાળો છે, અને તેમાં ભીલો રહે છે. **पींपळनेर** તરફ વરસાદ વધારે પડે છે, કારણ કે તે ભાગ પહાડોની

*આ શહેરો ક્યાં છે તથા કેટલે દૂર તથા શા માટે પ્રખ્યાત છે એ વિષે થોડું જ્ઞાન આપવું.

નજદીક આવેલો છે. એમાં મુખ્ય પાક રૂ, બાજરી, ચણા, મઠ, અને તેલી બીઆં છે. અહીંના લોકોની મુખ્ય ભાષા મરાઠી છે. આ જિલ્લામાં વણજારા નામના લોક વસે છે. તેઓ અસલના વખતમાં અનાજ લાવવા લઈ જવાનો ધંધો કરતા હતા, પણ હાલ આગગાડીને લીધે તેમનો ધંધો બંધ પડી ગયો છે અને તેઓએ ખેતીનો ધંધો હાથમાં લીધો છે.

मुख्य शहेरोः—

धुळीआ (૩૦,૬૦૦) જિલ્લાનું મુખ્ય શહેર છે. ઇ. સ ૧૮૧૮માં અંગ્રેજોના હાથમાં આ ભાગ આવ્યો ત્યાંસુધી ધુળીઆ પ્રસિદ્ધિમાં આવ્યું નહોતું. એ હાલ અળસી તથા રૂના વેપારને માટે પ્રખ્યાત છે.

नंदरबार (૧૩,૮૦૦) શહેર નંદગવળી નામના મુસલમાન સુલતાને વસાવ્યું હતું રૂ, અળસી, ઘઉં, ચણા, અને રોસા તેલના વેપારનું એ મથક છે.

पूर्वखानदेश जिल्लोः—આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ ત્રણગણો મોટો છે, પણ એની વસ્તી સુરત જિલ્લાથી માત્ર દોઢગણી છે. એના ઉત્તરના ત્રણ તાલુકા ઓછી વસ્તીવાળા છે, કારણ કે ત્યાં ડુંગરો ઘણા છે, અને તે ડુંગરો પર ઘાડાં જંગલો છે. છેક દક્ષિણમાં અને પશ્ચિમ તરફ પણ ડુંગરો છે, પણ તે બાજુએ જંગલો નથી. એની હવા એકંદરે સારી છે, પણ ઉત્તરમાં ઉનાળામાં તાપ ઘણો પડે છે. આ ભાગમાં મુખ્ય પાક રૂ છે. ખેડવા લાયક જમીનના ૪૫ ટકા જેટલા ભાગ પર કપાસ રોપવામાં આવે છે. રૂથી ઉતરતો પાક જુવાર, બાજરી, ઘઉં, મગ, અડદ, તલ, અને અળસી છે.

मुख्य शहेरोः—

जळगाम (૨૩,૭૦૦) જિલ્લાનું મુખ્ય શહેર છે, ને રૂ, તલ, તથા અળસીના વેપાર માટે પ્રખ્યાત છે.

भुसावळ (૨૫,૬૦૦) શહેર રેલવે જંકશન છે. અહીંથી જી. આઇ. પી.નો એક ફાંટો જબલપુર થઈ અલ્લાહાબાદ જાય છે, અને બીજો ફાંટો નાગપુર થઈ કલકત્તા જાય છે.

नाशक जिल्लोः—આ જિલ્લો પશ્ચિમ અને પૂર્વ ખાનદેશ જિલ્લાઓની દક્ષિણે આવેલો છે. આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ

સાડાત્રણગણો મોટો છે, પણ વસ્તી સુરત જિલ્લાથી લગભગ સવાગણી છે. પશ્ચિમનાં થોડાં ગામ બાદ કરતાં આખો જિલ્લો દરીઆની સપાટીથી ૧,૩૦૦થી ૨,૦૦૦ ફુટ ઉંચો છે. એના પૂર્વ તરફના ભાગમાં તાપ વિશેષ પડે છે, પણ વચલા ભાગની હવા ઘણીજ સારી છે. અહીં મુખ્ય પાક બાજરી, ઘઉં, તેલી બીઆં, રૂ, અને શેરડી છે. ડુંગરો તરફ ચોખા, જુવાર, અને નાગલી થાય છે. **इंगतपुरी** (વિગતપુરી) (૧૦,૬૦૦) આગળ થઈને થળઘાટને રસ્તે જી.આઇ. પી. રેલવે આ જિલ્લામાં દાખલ થાય છે. જી. આઇ. પી. રેલવેના બે ફાંટાને ઘોંડ મનમાડ સ્ટેટ રેલવે જોડે છે. એ રેલવેના એક નાકા ઉપર નાશક જિલ્લાનું મનમાડ સ્ટેશન છે, અને બીજે નાકે પુના જિલ્લાનું ઘોંડ સ્ટેશન છે. ચાંદવડ અને નાશક તાલુકામાં દ્રાક્ષ થાય છે. જ્યાં પાણીની વધારે સગવડ છે ત્યાં શેરડી, અંજીર, જમરૂખ, અને કેળાં થાય છે.

मुख्य शहेरोः—

नाशक (૪૨,૮૦૦) શહેર નાશક રોડ સ્ટેશનથી ચાર માઇલ ઉપર ગોદાવરીના જમણા કિનારા પર આવેલું છે. આ ઘણું જુનું શહેર છે. નદીના ડાબા કિનારા પર પચવટી નામનું પવિત્ર સ્થળ છે, અને તેમાં ઘણાં દેવાલયો છે. આ શહેર પુના જેટલી ઉંચાઈએ આવેલું છે, અને એની હવા ઘણી સારી ગણાય છે.

देवलाली (૧૮,૮૦૦) નાશકના અગ્નિ ખુણા પર ચાર માઇલને છેટે હવા ખાવાનું સ્થળ છે. ત્યાંની હવા ઘણી સુકી છે.

त्र्यंबक (૪,૬૦૦) ગામમાં દર બાર વર્ષે સિંહસ્થ (સંઘસ) વર્ષમાં જાત્રા ભરાય છે. અહીં ગોદાવરી નદીનું મૂળ છે તેથી કેટલાકો આ જાત્રાને ગોદાવરીની જાત્રા કહે છે.

सिन्नर (૮,૭૦૦) ગામમાં શેરડી, પાન, કેળાં, અને ડાંગર થાય છે. આ ગામ પણ આગળ લખેલા ગવળી રાજાએ વસાવેલું કહેવાય છે.

अहमदनगर जिल्लोः—નાશક જિલ્લાની દક્ષિણે આ જિલ્લો આવેલો છે. એ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ ચારગણો મોટો છે, પણ

વસ્તી સુરત જિલ્લાથી થોડી વધારે છે. આ જિલ્લામાં જે **जामखेड** તાલુકો છે તેની ચારે બાજુએ નિજામના રાજ્યનો મુલક આવેલો છે. એનો પશ્ચિમ તરફનો ભાગ ડુંગરાળ છે અને તેમાં **कळसुबाई** નામનું શિખર છે. એ શિખર આપણા પાવાગઢના ડુંગરથી બમણું ઉંચું છે, અને મહાબળેશ્વર કરતાં પણ વધારે ઉંચું છે. ડુંગરો ઉપર સામાન્ય રીતે ઝાડી નથી એમ કહી શકાય. એની હવા એકંદરે સારી છે. પશ્ચિમ તરફ પહાડોને લીધે વરસાદ વિશેષ છે. ગોદાવરી અને ભીમા નદીની ખીણમાં મુખ્ય પાક ઘઉં અને ચણા છે. આખા જિલ્લામાં જુવાર થાય છે, અને ઈશાન તરફ રૂ, બાજરી, શેરડી, અને પાન મુખ્ય પેદાશ છે. આ ભાગમાં મરાઠા (કણબી)ની વસ્તી વધારે છે, અને તેઓ બ્રાહ્મણ કરતાં વધારે શામળા હોય છે.

मुख्य शहेरोः—

अहमदनगरः—(૪૯,૯૦૦) જિલ્લાનું મુખ્ય શહેર સીના નદીના ડાબા કિનારા પર આવેલું છે. ઇ. સ. ૧૪૯૪માં અહમદ નિજામશાહે આ શહેર વસાવ્યું હતું. ઇ. સ. ૧૫૯૫માં અકબરના છોકરા મુરાદે આ શહેરને ઘેરો ઘાલ્યો હતો, ત્યારે ચાંદબીબીએ બહાદુરીથી આ શહેરનો બચાવ કર્યો હતો. એમાં મુસલમાની વખતની જોવા લાયક ઘણી મસાદો છે.

खर्डा (૬,૨૦૦) આગળ ઇ. સ. ૧૭૯૫માં મરાઠા અને નિજામ વચ્ચે લડાઈ થઈ હતી, તેમાં નિજામ હારી ગયો હતો. આ લડાઈ કુર્દલાની પણ કહેવાય છે.

पुना जिल्लोः—અહમદનગરની પશ્ચિમે અને દક્ષિણે આ જિલ્લો આવેલો છે. આ જિલ્લો સુરત જિલ્લાથી સવાત્રણગણો છે, પણ વસ્તી સુરત જિલ્લાથી દોઢી છે. પશ્ચિમ તરફ સહ્યાદ્રિના ઘણા ફાંટા આવેલા છે. એમાંના કેટલાક ડુંગરો ઉપર કિલ્લા અથવા માતાનાં દહેરાં છે. આ જિલ્લામાં નાની નદીઓ ઘણી છે, અને તે પૂર્વમાં **भीमा**ને મળે છે. ઘાટ આગળના તાલુકાની હવા ભેજવાળી છે, પણ જેમ પૂર્વમાં જઈએ છીએ તેમ હવા કોરી હોય છે. પુના શહેરની હવા સારી હોવાથી ગવર્નર સાહેબ જૂન માસથી ચાર મહીના સુધી ત્યાં પોતાનો મુકામ રાખે છે. ડુંગર તરફ

ડાંગર, ઘઉં, ચણા, શેરડી, અને ખરસાણીનો મુખ્ય પાક છે. મધ્ય ભાગમાં બાજરી, તેલી બીઆં, ઘઉં, અને શેરડી છે. પુના નજદીક દ્રાક્ષ, અંજીર, નારંગી, વગેરે પુષ્કળ મેવો થાય છે. વળી આ જિલ્લામાં પિત્તળ અને રૂપાનાં વાસણ, માટીનાં રમકડાં, ખસના પંખા, અને રેશમી કાપડ બને છે.

મુખ્ય શહેરો:—

પુના (૨,૧૪,૭૯૬ પરાંની મ્યુનિસિપાલિટિના આંકડા એમાં આવી ગએલા છે.) જિલ્લાનું મુખ્ય શહેર દરીઆની સપાટીથી ૧,૮૫૦ ફુટ ઉંચું છે. પેશ્વાના વખતમાં એમાં રાજધાની હતી. હાલ ગવર્નર સાહેબ ત્યાં ચોમાસામાં રહે છે. ત્યાં ઉંચી કેળવણી સારૂ ત્રણ મહાવિદ્યાલય અને એક ઇજનેરી કળાનું જ્ઞાન આપવા મહાવિદ્યાલય છે. ગવર્નર સાહેબનો દરબાર હૉલ, પર્વતી ડુંગર, વગેરે જોવા લાયક ઘણી જગાઓ છે.

ખડકી (૧૮,૩૦૦) હવેલી તાલુકામાં પુનાથી ચાર ગાઉ ઉપર ગામ છે. અહીં જ્યારે ઇ સ. ૧૮૫૭માં અંગ્રેજ અને પેશ્વા વચ્ચે લડાઈ ચાલતી હતી, ત્યારે પર્વતીના ડુંગર પરથી પેશ્વાએ તે જોઈ હતી. હાલ અહીં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

લોણાવલા (૧૧,૦૦૦) બોરઘાટ પર હવા ખાવાનું સ્થળ છે. ત્યાંથી થોડે દૂર ડુંગરમાંથી કોતરી કાઢેલી **કાર્લા**ની જુની ગુફાઓ છે.

સતારા જિલ્લો:—પુના જિલ્લાની દક્ષિણે સતારા જિલ્લો આવેલો છે, પણ પુના અને આ જિલ્લા વચ્ચે ફલટણ અને ભોર એવાં બે દેશી સંસ્થાન આવેલાં છે. આ જિલ્લો સુરત જિલ્લાથી ત્રણગણો મોટો છે, પણ વસ્તી સુરત જિલ્લાથી દોઢી છે. એ પહાડી મુલક છે, છતાં મધ્ય ભાગ ઘણો રસાળ છે. વાયવ્યમાં **મહાબળેશ્વર** શિખર ૫,૦૦૦ ફુટ ઉંચું છે. પશ્ચિમ તરફનાં જંગલોમાં સુખડ, આંબા, ફણસ, વાંસ, વગેરે થાય છે. એની હવા એકંદરે સારી છે, પણ પશ્ચિમ તરફ અતિશય વરસાદ પડે છે. મૉન્સન* (મોસમનો) પવન સહ્યાદ્રિને બરાબર કાટખુણે અડકે છે,

*** એપ્રિલથી જે નૈર્ઋત્યનો ભેજવાળો પવન વાય છે તેને મૉન્સુન (મોસમનો) પવન કહે છે.**

તેથી આ ભાગમાં પુષ્કળ વરસાદ પડે છે. **મુખ્ય પાક** ડુંગરમાં ડાંગર, મધ્ય ભાગમાં જુવાર અને બાજરી, અને પૂર્વ ભાગમાં બાજરી છે. મહાબળેશ્વર પર બટાટા અને તમાકુ થાય છે. શિવાજીનું માવલા લશ્કર આ જિલ્લાના ડુંગરો પર રહેનારા મરાઠાઓનું હતું.

સતારા (૨૨,૫૦૦) જિલ્લાનું મુખ્ય શહેર દરીઆની સપાટીથી ૨,૩૨૦ ફુટ ઉંચું છે. આ શહેરને સત્તર કોટ, બુરજ, અને દરવાજા હતા, તે પરથી તેનું નામ સતારા પડયું છે. અહીં શિવાજીના વંશના રાજ્યકર્ત્તા રહેતા હતા, પણ ઇ. સ. ૧૮૪૮માં છેલ્લા રાજાને વારસ નહિ હોવાથી રાજ્ય ખાલસા કરવામાં આવ્યું હતું.

મહાબળેશ્વર જાવલી તાલુકામાં ૫.૦૦૦ ફુટ ઉંચું હવા ખાવાનું સ્થળ છે ઇ સ. ૧૮૨૮માં મુંબઈના ગવર્નર સર જૉન માલ્કમે સતારાના રાજા પાસેથી બીજાં ગામો આપી આ શિખર લીધું હતું. એ ગવર્નરના નામ ઉપરથી ત્યાં હજુ એક ગામડાનું નામ માલ્કમ પેઠ છે સધર્ન મરાઠા રેલવેના વહાર સ્ટેશનથી તે ૪૦ માઇલ પર આવેલું છે. પુનેથી પગરસ્તે પણ ત્યાં જવાય છે, અને તે રસ્તો એવો સારો છે કે મોટરકારમાં બેસી તે પર થઈ મહાબળેશ્વર જવાય છે.

શોલાપુર જિલ્લોઃ—સતારાની પૂર્વે શોલાપુર જિલ્લો આવેલો છે. આ જિલ્લાના બાર્સી તાલુકાની આજુબાજુ નિઝામનો મુલક આવેલો છે. એનું ક્ષેત્રફળ સુરત જિલ્લાથી લગભગ ત્રણગણું છે, પણ વસ્તી સુરત જિલ્લાથી સહેજ વધારે છે. આ જિલ્લો લગભગ સપાટ છે. આ જિલ્લામાં તાપ વિશેષ પડે છે, પણ હવા એકંદરે તંદુરસ્ત છે. એનો મુખ્ય પાક જુવાર છે. આ ઉપરાંત ઘઉ, રૂ, બાજરી, અને તેલી બીઆં પણ થાય છે. મોટાં ગામોમાં લોકો વણવાનો ધંધો કરે છે. જિલ્લાના દક્ષિણ ભાગમાં કાનડી ભાષા બોલાય છે. જી. આઇ. પી. રેલવે આ જિલ્લામાં થઈ નિઝામના મુલકમાં જાય છે, અને તે રસ્તે મદ્રાસ જવાય છે.

મુખ્ય શહેરોઃ—

શોલાપુર (૧,૨૦,૦૦૦) જિલ્લાનું મુખ્ય શહેર દરીઆની સપાટીથી ૧,૮૦૦ ફુટ ઉંચું છે. શહેરના નૈઋત્ય ખુણા પરનો મોટો કિલ્લો

બ્રાહ્મણી વંશના સ્થાપનાર હસન ગંગુએ બંધાવ્યો હતો. અહીં દેશી લુગડ સારાં બને છે અને વળી શહેરમાં કાંતવા અને વણવાની મિલો છે.

બાર્સી (૨૨,૦૦૦) બાર્સી તાલુકાનું મુખ્ય ગામ છે. ત્યાં કપાસ અને તેલી બીઆંનો વેપાર મુખ્ય છે.

પંઢરપુર (૨૫,૦૦૦) ભીમા નદી પર પંઢરી વિઠોબાની મોટી જાત્રાનું સ્થળ છે. ત્યાં તપખીર, અગરબત્તી, કંકુ, અને દાળીઆ સારાં મળે છે. પંઢરપુર સુધી રેલવે જાય છે.

નાનાં દેશી રાજ્યો.

મહેવાસી પરગણાં:—આ પ્રદેશ પશ્ચિમ ખાનદેશ જિલ્લાની વાયવ્યમાં નર્મદા અને તાપી નદીઓની વચ્ચે છે. આ મુલક સુરત જિલ્લાથી લગભગ દોઢગણો છે. મુખ્ય પાક મહુડાં, મધ, લાખ, અને ઇમારતી લાકડાં છે. એમાં મુખ્યત્વે કરીને ભીલ લોકોની વસ્તી છે. આ પરગણાં નાનાં નાનાં છે.

સુરગાણાનો મુલક:—સહ્યાદ્રિની પશ્ચિમે અને ડાંગની દક્ષિણે છે. આ સંસ્થાન ખંભાત જેવડું છે, પણ મુલક તદન પહાડી છે. મુખ્ય પાક ડાંગર, નાગલી, અને ઇમારતી લાકડું છે. એ મુલક પર હિંદુ રાજા રાજ્ય કરે છે, અને તે નાશકના કલેક્ટરની દેખરેખ નીચે છે.

સતારા જાગીર.

આ નીચે લખેલી જાગીરો સતારા જાગીર નામે ઓળખાય કારણ કે તે બધી એક વખતે સતારાના રાજાને તાબે હતી.

ભોર:-પુના જિલ્લાની દક્ષિણે આવેલું આ સંસ્થાન પંતસચિવ નામના બ્રાહ્મણ જાગીરદારનું છે. એ સંસ્થાન લગભગ ભરૂચ જિલ્લાનું પોણું છે, પણ મુલક ડુંગરાળ છે. મુખ્ય પાક ડાંગર, તલ, અને નાગલી છે. પુના જિલ્લાના કલેક્ટર આ સંસ્થાનના પોલિટિકલ એજંટ છે. ભોરમાં ચાર હજાર માણસની વસ્તી છે.

ઔંધ:-આ સંસ્થાન સતારા અને શોલાપુર જિલ્લા વચ્ચે છે, અને તે ખંભાતના રાજ્યથી લગભગ દોઢું છે. એના રાજા બ્રાહ્મણ છે, અને

તે પંત પ્રતિનિધિ કહેવાય છે. આ **સંસ્થ**નના પોલિટિકલ એજંટ સતારાના કલેક્ટર છે. **ઔંધ**માં ત્રણ હજારની વસ્તી છે.

फलटण સતારા જિલ્લાથી ઉત્તરે આવેલું છે. આ નાનું સંસ્થાન ખંભાતથી સહેજ મોટું છે. રાજા રજપુત સરદાર છે, અને તે નિંબાળકર નામે ઓળખાય છે. એનો મુખ્ય પાક જુવાર, ચણા, તેલી બીઆં, અને સાગનું લાકડું છે. એમાં પત્થરની મૂર્તિઓ સારી કોતરવામાં આવે છે. આ સંસ્થાન પણ સતારાના કલેક્ટરની દેખરેખ નીચે છે. **ફલટણ**માં નવ હજાર માણસની વસ્તી છે.

अक्कलकोट संस्थान:–આ સંસ્થાન શોલાપુર જિલ્લાના અગ્નિ કોણમાં આવેલું છે, અને ખંભાતના રાજ્યથી લગભગ દોઢું છે. ત્યાંનો રાજા ભોંસલે કુટુંબનો છે. એ રાજ્યની હવા ઠંડી અને ઘણી સારી છે. એની મુખ્ય પેદાશ જુવાર, ડાંગર, શેરડી, ચણા, અને ઘઉં છે. આ રાજ્યના પોલિટિકલ એજંટ શોલાપુરના કલેક્ટર છે. **અક્કલકોટ**માં નવ હજારની વસ્તી છે.

दक्षिण विभाग.

મધ્ય વિભાગની દક્ષિણનો ભાગ તથા સહ્યાદ્રિ અને અરબી સમુદ્ર વચ્ચેના બે જિલ્લા (રત્નાગિરિ અને કોલાબા) **दक्षिण विभाग** નામે ઓળખાય છે. આ વિભાગમાંથી પણ પશ્ચિમમાં જવાના ઘણા ઘાટો છે. બેલગામ જિલ્લામાંથી પશ્ચિમમાં જવાની રેલવેનું નામ **वेस्ट इंडिआ पोर्टुगीझ रेलवे** છે, અને **लोंढा** જંક્શનથી શરૂ થઈ **મારમૅગોવાના** બંદર સુધી જાય છે.

कुदरती रचना, विस्तार, अने आबोहवाः—

આ વિભાગ આપણા ઉત્તર વિભાગથી લગભગ બમણો છે. આપણો ઉત્તર વિભાગ સપાટ અને નીચો પ્રદેશ છે; આ વિભાગ ઉચ્ચ પ્રદેશ છે. આ વિભાગમાં મધ્ય વિભાગ જેટલા ડુંગર નથી. એમાં વિસ્તીર્ણ મેદાનો, કાળી ભૂમિ, અને ખેડાણ લાયક જમીન છે. ગામોનાં નામ પરથીજ માલમ

પડે છે કે આ વિભાગ મધ્ય વિભાગથી કંઇક જુદો છે, કારણ કે ગામોનાં નામ કાનડી ભાષાનાં લાગે છે. એના પશ્ચિમ તરફના બે જિલ્લા પહાડી છે, અને તેમાં પત્થરની જમીન છે. પૂર્વ જિલ્લાની હવા મધ્ય વિભાગની હવાને મળતી આવે છે, પણ પશ્ચિમ જિલ્લામાં પુષ્કળ વરસાદ પડે છે અને હવા ભેજવાળી છે.

પહાડોઃ—આ વિભાગમાં સહ્યાદ્રિ ઉત્તરદક્ષિણ આવેલો છે અને તે એના પૂર્વ અને પશ્ચિમ એવા બે ભાગ કરે છે.

નદીઓઃ—ભીમા અને **કૃષ્ણા** એ આ વિભાગમાં બે મોટી નદીઓ છે. એ સિવાય નાની નદીઓ **ડૂોણ** બિજાપુર જિલ્લામાં, **ઘટપ્રભા** અને **મલપ્રભા** બેલગામ જિલ્લામાં, અને **તુંગભદ્રા** ધારવાડ જિલ્લામાં છે. આ બધી નદીઓ સહ્યાદ્રિની પર્વમાં વહે છે. સહ્યાદ્રિની પશ્ચિમની નદીઓ નાની છે, અને તેનો માર્ગ નાનો હોવાને લીધે તેઓ ઝડપથી વહેતા પાણીના વહેળા જેવી છે. એમાં **શિરાવતી** (કાનડા જિલ્લામાં) મુખ્ય છે, અને તે અરબી સમુદ્રમાં પડે છે. એ નદીમાં **ગેરસપ્પા**નો ધોધ જોવા લાયક છે.

જંગલોઃ—કોલાબા જિલ્લાના જંગલમાં સાગ અને સીસમ થાય છે, અને એ સાગ ઘણો વખણાય છે. રત્નાગિરિ જિલ્લામાં બાણકોટ**ની** ખાડી ઉપર ઘાડું જંગલ છે, અને ત્યાં સીસમ, તમન, વાંસ, અને ખેરનાં ઝાડ પુષ્કળ છે. આ જિલ્લામાં ઝેરી સાપ ઘણા છે. બેલગામ જિલ્લામાં પણ સહ્યાદ્રિ તરફ ઘાડાં જંગલ છે.

વસ્તીઃ—આ વિભાગમાં વસ્તી ઉત્તર વિભાગથી લગભગ દોઢી છે. પૂર્વના જિલ્લામાં બ્રાહ્મણો અને થોડા લોક મરાઠી ભાષા બોલે છે, બાકીના બધા લોકો કાનડી ભાષા બોલે છે. આ વિભાગના એક જાતના લોક લિંગાયત કહેવાય છે, અને તેઓ શૈવ ધર્મ પાળે છે, તોપણ બ્રાહ્મણને પૂજ્ય ગણતા નથી. રત્નાગિરિ તથા કાનડા જિલ્લા તરફ દેશી ખ્રિસ્તીની વસ્તી વધારે છે કોલાબા જિલ્લામાં યાહુદીની વસ્તી જોવામાં આવે છે. યાહુદી લોકો મરાઠી ભાષા બોલે છે, અને તેમની સ્ત્રીઓનો પહેરવેશ ઘણે ભાગે દક્ષિણી સ્ત્રીઓના પહેરવેશને મળતો આવે છે.

ખેતી અને **ઉદ્યોગ**:—દરીઆકિનારા પરના જિલ્લાઓમાં અતિશય વરસાદને લીધે મુખ્ય પાક ડાંગર છે. વળી એ ભાગ દરીઆકિનારા પર હોવાને લીધે નાળિએર અને સોપારી પણ અહીં થાય છે. એ ઉપરાંત નાગલી, વરી, કોદરા, ચણા, અને તુવેર થાય છે. પૂર્વ તરફના જિલ્લામાં મુખ્ય પાક જુવાર, બાજરી, ઘઉ, ચણા, કપાસ, દીવેલી, અળસી, તલ, કોસંબ, અને મરચાં છે. કાનડા જિલ્લામાં એલચી થાય છે. કાથાનાં દોરડાં વણવાનો, સાદડી ગુંથવાનો, કાચની બંગડી બનાવવાનો, દેશી કાપડ વણવાનો, અને તેલ કાઢવાનો, એ ધંધા મુખ્ય છે. રત્નાગિરિ જિલ્લાના કેટલાક લોક લશ્કરમાં સિપાઈની નોકરીએ જાય છે.

વેપાર:—કાંઠા પર આવેલાં ગામડાંના માછીઓ જથાબંધ માછલાં બહારગામ મોકલે છે. કોલાબા જિલ્લામાં જે મીઠું પાકે છે તે દક્ષિણમાં મદ્રાસ તરફ મોકલવામાં આવે છે. પશ્ચિમ ભાગમાં **અલીબાગ, રત્નાગિરિ, માલવણ, વેંગુર્લા, કારવાર, અંકોલ, કુમટા,** અને **હોનાવર** બંદરો છે. એમાં સૌથી મોટું કારવારનું બંદર છે. અહીંથી ચોખા, રૂ, સાગ, નાળિએર, કોપરેલ, મીઠું, વહેરેલાં પાટીઆં, અને સુખડનું કોતરેલું કામ બહારગામ મોકલી આપવામાં આવે છે. પૂર્વ ભાગમાં **સધર્ન મરાઠા રેલવે**ના બે ફાંટા આવેલા છે, અને તે મારફતે અનાજ, તેલી બીઆં, અને કપાસ બહારગામ જાય છે.

ખનીજો:—કીમતી ખનીજો આ વિભાગમાંથી નીકળે છે. ધારવાડ જિલ્લામાંથી સોનું, રૂપું, લોખંડ, તાંબું, વગેરે કાચી ધાતુ ડુંગરોમાંથી નીકળી આવે છે. જુના વખતમાં આ જિલ્લામાંથી સોનું ઘણું નીકળતું હતું, અને હાલ પણ ડુંગરામાંથી અને નદીની રેતીમાંથી સોનું નીકળે છે.


જિલ્લાઓ:—આ વિભાગમાં આપણા વિભાગની માફક છ જિલ્લાઓ છે:—**બિજાપુર, બેલગામ, ધારવાડ, કાનડા, રત્નાગિરિ,** અને **કોલાબા** છે. એમાં સૌથી મોટો જિલ્લો બિજાપુર અને નાનામાં નાનો જિલ્લો કોલાબા છે. આ વિભાગનો કમિશનર બેલગામમાં રહે છે.

બિજાપુર જિલ્લો:—મધ્ય વિભાગના શોલાપુર જિલ્લાની દક્ષિણે આ જિલ્લો આવેલો છે. અસલ એ કલાદગી જિલ્લો કહેવાતો હતો,

પણ ઇ. સ. ૧૮૮૫માં મુખ્ય સ્થળ કલાદગી બદલી બિજાપુર રાખવામાં આવ્યું ત્યારથી એ બિજાપુર જિલ્લાને નામે ઓળખાય છે. આ જિલ્લો સુરત જિલ્લાથી સાડાત્રણગણો મોટો છે, પણ વસ્તી સુરત જિલ્લાથી આસરે સવાગણી છે. ઉત્તરનો ભાગ ઝાડ વગરનો ઉચ્ચ પ્રદેશ છે, પણ તેમાંની ખીણો ફળદ્રુપ છે. ડ્રોણ નદીની ખીણ કાળી ફળદ્રુપ જમીનનો પ્રદેશ છે. એની હવા કોરી અને તંદુરસ્ત છે, પણ અહીં વરસાદ નિયમિત નથી. એનો મુખ્ય પાક ઉત્તરમાં જુવાર, બાજરી, ઘઉં, કપાસ, તલ, અળસી, અને કોસંબી છે, અને મધ્યમાં કપાસ મુખ્ય પાક છે. લોકોનો મુખ્ય ખોરાક જુવાર છે. આ જિલ્લામાંથી સ્લેટના પત્થર અને લોખંડની કાંકરી નીકળે છે.

મુખ્ય શહેરો:—

વિજાપુર (૩૨,૪૦૦) જિલ્લાનું મુખ્ય શહેર, દરીઆની સપાટીથી ૧૯૫૦ ફુટ ઉચું છે. મુસલમાની રાજ્યની એ રાજધાની હોવાને લીધે



બિજાપુર ગોળગુંબઝ. (પૃથ્વી પર મોટામાં મોટો ઘુમટ આ છે.)

ત્યાં ઘણાં જોવા લાયક જુનાં મકાનો છે. તેમાં સુલતાન મહમદનો રોજો ઘણો સુંદર છે. રોજાના ઘુમટનો વ્યાસ ૧૨૪ ફુટ, અંદરના ભાગથી ઉંચાઈ ૧૭૫ ફુટ, બહારના ભાગથી ઉંચાઈ ૧૯૮ ફુટ, અને જાડાઈ ૧૦ ફુટ છે. પૃથ્વી ઉપરનો મોટામાં મોટો ઘુમટ આ છે. વળી ત્યાં "મલિકે મેદાન" નામની ૨૮ ઇંચ વ્યાસની તોપ છે.

तालिकोट (૮,૫૦૦) ગામથી ૩૦ માઇલ પર દક્ષિણના મુસલમાન રાજાઓ અને વિજયનગરના હિન્દુ રાજા વચ્ચે ઇ. સ. ૧૫૬૫માં મોટી લડાઈ થઈ હતી તેમાં વિજયનગરનો રાજા હાર્યો હતો, અને તેનું રાજ્ય નાશ પામ્યું હતું.

बेलगाम जिल्लो:—બિજાપુર જિલ્લાની પશ્ચિમે આ જિલ્લો આવેલો છે, અને એની ત્રણે બાજુએ નાનાં દેશી રાજ્યો આવેલાં છે. આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ ત્રણગણો છે, પણ વસ્તી સુરત જિલ્લાથી લગભગ દોઢી છે. આ જિલ્લાનો પશ્ચિમ અને દક્ષિણ ભાગ ઘણોજ ઉચો છે. એમા પશ્ચિમ તરફની હવા સારી છે, અને પૂર્વ તરફ તાપ પડે છે, પણ હવા રોગી નથી. એનો મુખ્ય પાક જુવાર, કપાસ, ઘઉ, અને શેરડી છે. એ સિવાય તમાકુ, શણ, અને તેલી બીઆં પણ થાય છે.

बेलगाम (૪૮,૩૦૦) જિલ્લાનું અને વિભાગનું મુખ્ય શહેર છે. એમાં લશ્કરની છાવણી પણ છે. એનું નામ "વેણુગ્રામ" છે, કારણ કે અહીં વાંસ પુષ્કળ થાય છે. (વેણુ=વાંસ).

गोकाक (૯,૯૦૦) ગામમાં રમકડાં સારાં બને છે. અહીં હલકા કાગળ પણ બને છે. ઘટપ્રભાનો ધોધ જોવા લાયક છે.

अथणी (૧૩,૫૦૦) ગામમાંથી ધાબળા અને સુરોખાર બહારગામ મોકલવામાં આવે છે. કિનારા પરથી ડાંગર, નાળિએર, અને સુકાં માછલાં અહીં આવે છે.

धारवाड जिल्लोः—આ જિલ્લો બિજાપુર જિલ્લાની છેક દક્ષિણે અને મદ્રાસ ઇલાકાના સરહદની લગોલગ છે. આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ ત્રણગણો મોટો છે, પણ વસ્તી સુરત જિલ્લાથી લગભગ દોઢી છે. એની પશ્ચિમ તરફની જમીન ઉંચી અને પહાડી છે, અને પૂર્વ તરફની જમીન સપાટ છે. આ ભાગમાં વરસાદ નિયમિત નથી. એના મધ્ય ભાગની હવા ઘણીજ સારી છે. અહીં મુખ્ય પાક જુવાર, બાજરી, ઘઉ, કપાસ, તેલી બીઆં, શેરડી, ડાંગર, અને મરચાં છે. આ ભાગમાંથી કીમતી ખનીજો જેવા કે સોનું, રૂપું, તાંબું, વગેરે નીકળે છે. કેટલાંક ચિહ્નો પરથી માલમ પડે છે કે આ જિલ્લામાં આગળ લોઢું ગાળવામાં આવતું હતું.

मुख्य शहेरोः—

धारवाड (૩૪,૮૦૦) જિલ્લાનું મુખ્ય શહેર છે. એ શહેરનો કિલ્લો ઇ. સ. ૧૪૦૩માં ધાર રાવ નામના અમલદારે બંધાવેલો કહેવાય છે.

हुबळी (૬૯,૨૦૦) શહેર આ જિલ્લામાં વેપારનું મુખ્ય સ્થળ છે. સુતરાઉ અને રેશમી કાપડ, તાંબાનાં વાસણ, અનાજ, અને મીઠું વેપારની મુખ્ય ચીજો છે.

कानडा जिल्लोः—ઇ. સ. ૧૮૬૧માં મદ્રાસસરકારે આ જિલ્લો મુંબઇસરકારને હવાલે કર્યો હતો. આ જિલ્લો ધારવાડની પશ્ચિમે છે, અને મ્હૈસુરની સરહદને અડકે છે. આ જિલ્લો સુરત જિલ્લાથી લગભગ અઢીગણો છે, પણ વસ્તી સુરત જિલ્લાની પોણી વસ્તી કરતાં પણ ઓછી છે. આ જિલ્લામાં સહ્યાદ્રિ ઉત્તર દક્ષિણ મધ્યમાં આવેલો છે. દરીઆ-કિનારો કેટલીક જગાએ રેતીવાળો અને કેટલીક જગા પર ખડકનો છે, અને તે નિચાણનો પ્રદેશ છે દરીઆકિનારા પર પુષ્કળ વરસાદ પડે છે, પણ જેમ જેમ પૂર્વમાં જઈએ છીએ તેમ તેમ વરસાદ ઓછો થતો જાય છે. દરીઆકિનારાની હવા ભેજવાળી છે, પરંતુ તંદુરસ્ત છે. આ જિલ્લાનો મુખ્ય પાક ડાંગર છે, પણ એ ઉપરાંત એલચી, નાળિએર, સોપારી, શેરડી, કોસંબ, અને મરી ત્ય થાય છે. પૂર્વના ઉચ્ચ પ્રદેશની

બાગાયત પેદાશ પીપર, એલચી, આદુ, કેળાં, નારંગી, લીંબુ, વગેરે છે. એ બાજુએ ફણસ, આંબા, અને પાન પણ પુષ્કળ થાય છે.

મુખ્ય શહેરોઃ—

કારવાર (૧૪,૬૦૦) જિલ્લાનું મુખ્ય શહેર અને બંદર છે. આ બંદરમાં ચોમાસામાં વહાણો રહી શકે છે. ઇ. સ. ૧૬૪૭માં શિવાજીએ એ શહેર બાળી નાખ્યું હતું.

હોનાવર (૭,૦૦૦) બંદરેથી ગેરસપ્પાનો ધોધ જોવા જવાય છે.

ગોકર્ણ (૮,૩૦૦) જાત્રાનું ધામ છે. શિવનું દહેરું દ્રાવિડ પદ્ધતિ પર બાંધેલું છે. શિવે રાવણને જે બાણ આપ્યું હતું, તે આ દહેરામાં છે એમ કહેવાય છે.

રત્નાગિરિ જિલ્લોઃ—આ જિલ્લો કાનડાથી ઉત્તરે દરીઆકિનારા પર આવેલો છે. એની અને કાનડા જિલ્લાની વચ્ચે ફિરંગીનો મુલક ગોવા આવેલો છે. આ જિલ્લો અમદાવાદ જિલ્લાથી સહેજ મોટો છે, પણ વસ્તી અમદાવાદ જિલ્લાથી સવાગણી છે. સામાન્ય રીતે જોતાં તે ખડકવાળો અને ખડબચડો છે, કારણ કે એમાં ડુંગરો ઘણા છે. સહ્યાદ્રિ આ જિલ્લામાં કિનારાને સમાન્તરે (૩૦થી ૪૫ માઇલને અંતરે) આવેલો છે, એટલે આ જિલ્લો સાંકડો પટી જેવો છે. એકંદરે એની હવા સારી છે, પણ વરસાદ બહુ પડે છે. આ જિલ્લાના ***દાપોલી, ખેડ, સંગમેશ્વર,** અને **રાજાપુર** ગામમાં ઉના પાણીના ઝરા છે. અહીંનો મુખ્ય પાક ડાંગર, નાગલી, કોદરા, સોપારી, અને નાળિએર છે. સહ્યાદ્રિની બીજી બાજુ પરથી આવેલું અનાજ, કપાસ, વગેરે આ જિલ્લાના બંદરેથી બહારગામ મોકલવામાં આવે છે.

મુખ્ય શહેરોઃ—

રત્નાગિરિ (૧૮,૫૦૦) જિલ્લાનું મુખ્ય ગામ દરીઆ પર આવેલું છે.

માલવણ (૨૨,૨૦૦) બંદર છે. આ બંદરમાંના એક ટાપુ પર સિંહદુર્ગ નામે મોટો કિલ્લો હતો, અને તે ચાંચીઆઓનું આશ્રયસ્થાન હતું.

***આપણા વિભાગમાં કયાં કયાં ઉના પાણીના ઝરા છે તે શિક્ષકે કહેવું.**

वेंगुर्ला (૧૯,૧૦૦) બંદરેથી બેલગામ જિલ્લાનો બધો માલ ચઢે છે. અહીં કાજુ પુષ્કળ થાય છે.

कोलाबा जिल्लो:—રત્નાગિરિની ઉત્તરે દરીઆ પર આ જિલ્લો આવેલો છે. એનું ક્ષેત્રફળ ભરૂચ જિલ્લાથી દોઢું છે, પણ વસ્તી ભરૂચ જિલ્લાથી લગભગ બમણી છે. આ જિલ્લો આપણા થાણા જિલ્લાને ઘણી રીતે મળતો આવે છે. બંને જિલ્લા દરીઆ પર છે; બંનેની પૂર્વે સહ્યાદ્રિ છે; બંને જિલ્લામાં વરસાદ ઘણો પડે છે; બને જિલ્લા પહાડી છે; બંને જિલ્લાના કિનારા પર ખાડીઓ પુષ્કળ છે, અને બંને જિલ્લાનો મુખ્ય પાક ડાંગર છે. કિનારાથી ઘાટ તરફ જઈએ છીએ તેમ વરસાદ વધારે પડે છે. એનો મુખ્ય પાક ડાંગર છે. તે ઉપરાંત કોદરા અને થોડું કઠોળ થાય છે. બીજી પેદાશ કાથાનાં દોરડાં, મીઠું, અને માછલાં છે.

मुख्य शहेरो:—

अलीबाग (૫,૩૦૦) જિલ્લાનું મુખ્ય ગામ અને બંદર છે. અલી નામના મુસલમાને ત્યાં ઘણા કુવા બંધાવી આપ્યા હતા, તે પરથી એનું નામ અલીબાગ પડયું છે.

उरण (૮,૨૦૦) મુંબઈના કાર્નાક બંદરેથી ૬ માઇલ પર આવેલું છે. ત્યાં દારૂ ગાળવાની ભઠ્ઠી છે.

महाड (૭,૨૦૦)ની વાયવ્યમાં બે માઇલ પર બૌદ્ધ લોકોની જોવા લાયક ગુફાઓ છે.

माथेरान સહ્યાદ્રિનું શિખર આપણા પાવાગઢ જેટલું ઉંચું છે. ગરમીના દિવસમાં ત્યાં લોકો જઈને રહે છે. મુંબઇથી ૫૦ માઇલને છેટે **નેરળનું** સ્ટેશન છે. ત્યાંથી એ શિખર પર રેલવે મારફતે હાલ જવાય છે.

चेउल (૭,૦૦૦)નાં જુનાં નામ ચંપાવતી અને રેવતીક્ષેત્ર છે. આ જગ્યાનાં પાન ગુજરાતમાં આવે છે, અને તે ચેવલી પાન કહેવાય છે. અહીં વળી રેશમી કાપડ બને છે.

દેશી રાજ્યો.

कोल्हापुर.

દક્ષિણ વિભાગમાં કોલ્હાપુર મોટું દેશી રાજ્ય છે, અને તે બેલગામ અને રત્નાગિરિ જિલ્લાની વચ્ચે આવેલું છે. એ ભરૂચ જિલ્લાથી બેવડું છે, અને એની વસ્તી ભરૂચ જિલ્લાની વસ્તીથી આસરે ત્રણગણી છે. પશ્ચિમમાં સહ્યાદ્રિના ડુંગરો પર ઘાડાં જંગલો છે, અને તેમાં સાગ થાય છે. જેમ જેમ પૂર્વમાં જઈએ તેમ તેમ વધારે ફળદ્રુપ મુલક આવે છે. એ રાજ્યમાં મુખ્ય પાક ડાંગર, જુવાર, શેરડી, તમાકુ, રૂ, મરચાં, અને તેલી બીઆં છે. સુતર અને ઊનનું જાડું વણાટકામ, અને માટીનાં વાસણ અહીં બને છે.

શિવાજીના વંશની વડી શાખાનું રાજ્ય સતારામાં હતું, અને નાની શાખાનું રાજ્ય કોલ્હાપુરમાં હતું જે હજુ ચાલે છે. એની રાજધાની **कोल्हापुर** (૫૫,૬૦૦) છે. રાજાને સલાહ આપવાને ત્યાં એક પોલિટિકલ એજન્ટ રહે છે.

दक्षिण मराठा जागीर.

નીચે લખેલી જાગીરો દક્ષિણ મરાઠા જાગીર નામે ઓળખાય છે, અને તે કોલ્હાપુરના પોલિટિકલ એજન્ટના તાબામાં છે.

सांगली, मोरज—वडी शाखा अने नानी शाखा અને **कुरुंदवाड—वडी शाखा** અને **नानी शाखा**, આ પાંચ જાગીર કોલ્હાપુરની ઈશાનમાં અને **जमखिंडी** જાગીર બેલગામની પૂર્વે છે.

આ છ જાગીર પટવર્ધન નામના બ્રાહ્મણના વંશમાં છે. એ છની મુખ્ય પેદાશ જુવાર, ઘઉં, ચણા, અને ડાંગર છે. સાંગલી ખભાતથી ત્રણગણું, જમખિંડી ખંભાતથી દોઢું, મીરજની દરેક શાખા લગભગ ખંભાતના રાજ્ય જેવડીજ, અને બાકીની બે જાગીરો નાની છે. મીરજમાં સારંગી, તંબુરા, વગેરે વાજિંત્રો સારાં બને છે. સાંગલી સસ્થાનનાં ગામો ઘણાં વીખરાએલાં છે. એક ગામ **મંગળવેઢ** શોલાપુરની દક્ષિણે અને બીજું **શીરહટ્ટી** ધારવાડમાં છે.

મુધોળની જાગીર બેલગામની પૂર્વે ખંભાતના રાજ્ય જેવડી છે. આ મુલક ખુલ્લો છે અને એમાં કોઈ મોટો પહાડ નથી. એની મુખ્ય પેદાશ જુવાર, ઘઉ, ચણા, અને રૂ છે. આ જાગીર ભોંસલે વંશના ઘોરપડેના કુળમાં છે.

रामदुर्ग નામની નાની જાગીર બેલગામની પૂર્વે આવેલી છે. તેનો જાગીરદાર ભાવે વંશનો બ્રાહ્મણ છે.

बीजां नानां राज्यो.

जत अने डफळापूरः—આ બે જાગીર બેલગામની ઉત્તરે છે. જતનું ક્ષેત્રફળ ૮૮૪ ચો. મા. અને ડફળાપુરનું ક્ષેત્રફળ ફક્ત ૯૪ ચો. માઇલ છે. એનો મુખ્ય પાક બાજરી, જુવાર, રૂ, ઘઉ, ચણા, અને કોસંબ છે. આ જાગીરદારોના સરદાર મરાઠા જાતના છે. ડફળાપુર જત જાગીરમાં જોડી દેવામાં આવશે. આ સ્થાનમાં સુરોખાર અને લોઢુ જડે છે. આ સંસ્થાન બિજાપુરના કલેક્ટરના હાથ નીચે છે.

सावनुरः—આ નાનું મુસલમાની રાજ્ય ધારવાડ જિલ્લામાં આવ્યું છે, અને એના પોલિટિકલ એજન્ટ ધારવાડના કલેક્ટર છે. એનું ક્ષેત્રફળ ૭૦ ચો. મા. છે. મુખ્ય પેદાશ ડાંગર, જુવાર, અને ઘઉ છે.

सावंतवाडी संस्थानः—રત્નાગિરિ જિલ્લાની દક્ષિણે આવેલું આ ડુંગરી સસ્થાન ખભાતના રાજ્યથી લગભગ ત્રમણું છે. એની મુખ્ય પેદાશ નાળિએર, સોપારી, કેરી, કેળાં, લીંબુ, અને કાજુ છે. ફણસ, આંબા, અને કોકમનાં ઝાડ પણ અહીં પુષ્કળ છે. ખેતીની પેદાશ ડાંગર, તલ, અને બાવટો છે. જંગલમાં સીસમ, ખેર, અને સાગનાં ઝાડ પુષ્કળ છે. અહીં રંગીત (લાખથી રંગેલા) લાકડાનું કામ ઘણુંજ ઉત્તમ થાય છે. આ રાજ્ય ભોંસલે કુળના મરાઠા સરદારના તાબામાં છે. ત્યાં એક પોલિટિકલ સૂપરિન્ટેન્ડન્ટ રહે છે. એની રાજધાની સાવંતવાડીને (૯,૮૦૦) કેટલાક વાડી પણ કહે છે. ઇ. સ. ૧૬૭૦માં ફોંડ સાવને આ સુંદર શહેર વસાવ્યું હતું.

जंजीरा संस्थानः—કોલાબા જિલ્લાની પશ્ચિમે દરીઆ પર આવેલું આ સંસ્થાન ખભાતના રાજ્યથી સહેજ નાનું છે. એની મુખ્ય પેદાશ ડાંગર,

નાગલી, વરી, તલ, કોદરા, નાળિએર, અને સોપારી છે. જંજીરા ટાપુમાં સીદીની વસ્તી છે. કાઠિઆવાડનું જાફરાબાદ આ રાજ્યના સીદી વંશનું છે.

આ રાજ્ય કોલાબાના કલેક્ટરની દેખરેખ નીચે છે. એની રાજધાની જંજીરા રાજપુરી ખાડીના મોં પર બેટ છે અને અરબી શબ્દ "જજીરા" (ટાપુ) પરથી એનું નામ પડ્યું છે.

ફિરંગીનું સ્વતંત્ર સંસ્થાન.

રત્નાગિરિ અને કાનડા જિલ્લાની વચ્ચે ફિરંગીનું સંસ્થાન ગોવા આવેલું છે, અને તે સ્વતંત્ર છે. આ સંસ્થાન અમદાવાદ જિલ્લાથી ચોથે ભાગે છે, પણ વસ્તી અમદાવાદ જિલ્લાની વસ્તીથી અડધી છે. એની મુખ્ય પેદાશ ડાંગર, નાળિએર, અને મીઠું છે.

ગોવા (પાંજિમ) ફિરંગીના સંસ્થાનોની રાજધાની છે, અને ફિરંગી ગવર્નર જનરલ અહીં રહે છે. જુનું ગોવા પાંચ છ માઇલ અંદર છે. માર્મંગોવા બંદર છે.

હિંદનું સામ્રાજ્ય.

આપણા ઇલાકાનું નામ મુંબઈ ઇલાકો છે, અને તેમાં ખાલસા મુલક તથા દેશી રાજ્યો કે દેશી રાજ્યોના સમૂહ પર દેખરેખ રાખવાને માટે સૌથી મોટા સરકારી અમલદાર ગવર્નર છે. આપણા ઇલાકાના જેવા આપણી આસપાસ બીજા ઇલાકા અને પ્રાંતો છે, અને તેમાં પણ રાજ્ય કરવાની સરકારે તેવીજ ગોઠવણ કરેલી છે. આ ઇલાકા કે પ્રાંતો અને દેશી રાજ્યો મળીને આપણુ **હિંદુસ્તાનનું સામ્રાજ્ય** થાય છે, અને તે બધાના ઉપરી તરીકે સરકારે ગવર્નર જનરલ નીમ્યા છે. એ રાજાના પ્રતિનિધિ છે તેથી વાઇસરૉય પણ કહેવાય છે. તે નાના મોટા ઇલાકા કે પ્રાંતોના ગવર્નર જેવા બધા ઉપરીઓના ઉપરી છે. આપણા ગવર્નરના ઉપરી પણ તે છે. તેમના તાબામાં ઇલાકા, પ્રાંતો, દેશી રાજ્યો, અને મોટી મોટી એજન્સિઓ છે.

હિંદુસ્તાન એ એક ઘણો જોવા લાયક વિશાળ દેશ છે. ચાર હજાર વર્ષ પર આ દેશ સુધારાની ટોચ પર હતો, અને તે વખતે વિદ્યામાં, તત્ત્વજ્ઞાનમાં, વેપારમાં, ઉદ્યોગમાં, અને કારીગરીમાં દુનિયાના સુધરેલા દેશોમાં પ્રખ્યાતિ પામ્યો હતો. આજ પણ એ દેશ એના જુના સાહિત્ય, જુના બાંધકામ, જુના રીતરિવાજો, અને કારીગરીને માટે પ્રખ્યાત છે. દુનિયાની દરેક જાતની હવા, વનસ્પતિ, પ્રાણી, વગેરેની કુદરતે તેમાં સગવડ કરેલી છે.

આર્ય લોકો જ્યારે પહેલવહેલા હિંદુસ્તાનમાં દાખલ થયા તે વખતે પહેલી નદી જે તેમના માર્ગમાં આવી તે સિંધુ હતી. **स्यन्द्** = વહેવું એ પરથી એ નદીનું નામ એ લોકોએ સિંધુ પાડયું હતું. નદીના નામ પરથી આજુબાજુનો મુલક સિંધુ અને તેમાં રહેનારા **सिन्धवः** કહેવાવા લાગ્યા. ઇરાન દેશના જુના રહેવાસીઓ **स** ને બદલે **ह** મૂકી અવસ્તા ભાષામાં આ દેશને **हेन्दु** કહેવા લાગ્યા; અને ગ્રીસ દેશના લોકોએ **ह** બદલી દેશને **इंडीकोस** અને લોકોને **इंडोस** કહેવાનું શરૂ કર્યું. મુસલમાન લોકોએ અહીં આવી સ્તાન પ્રત્યય ઉમેરી દેશનું નામ **हिंदुस्तान** પાડયું. સાધારણ વાતચીતમાં નર્મદાની ઉત્તરનો મુલકજ હિંદુસ્તાન નામે ઓળખાય છે, પણ પુસ્તકોમાં આખા દેશને માટે **हिंदुस्तान** કે **इंडिआ** શબ્દ વપરાય છે.

સીમાઃ—ઉત્તરે ઉંચા **હિમાલય પર્વત**, કારાકોરમ **પર્વત**, અને **હિંદુકુશ પર્વત**, હિંદુસ્તાનનું રક્ષણ કરે છે, અને એ પર્વતોને લીધે કોઈ પણ પરદેશી પ્રજા ઉત્તરની સરહદ ઉપર થઈને હિંદુસ્તાન ઉપર ચઢાઈ કરવાને શક્તિમાન થઈ નથી. પશ્ચિમે **અફઘાનિસ્તાન,** ઇરાનના પહાડી પ્રદેશો, અને **અરબી સમુદ્ર** આવેલા છે. દક્ષિણે **હિંદી મહાસાગર,** અને પૂર્વે **ચીન, હિંદી ચીન**, અને **બંગાળાનો અખાત** છે.

બ્રહ્મદેશ અને બલુચિસ્તાન હિંદુસ્તાનની કુદરતી સરહદ બહાર આવેલા છે, પણ હાલ એ હિંદુસ્તાનના રાજ્યના ભાગ ગણાય છે.

क्षेत्रफळ अने कुदरती रचनाः—

હિંદુસ્તાનના રાજ્યનું ક્ષેત્રફળ ૧૮,૦૦,૦૦૦ ચો. મા. એટલે મુંબઈ ઇલાકાના ક્ષેત્રફળ કરતાં લગભગ દસગણું, ઇંગ્લંડ અને વેલ્સ કરતાં ૩૫ગણું, રશિઆ બાદ કરતાં લગભગ આખા યુરોપખંડ જેવડું, અને બ્રિટિશ સામ્રાજ્યનો છઠ્ઠો ભાગ



હિંદુસ્તાનનો પ્રાકૃતિક નકશો.

છે. *એમાંનો લગભગ ૧૦,૦૦,૦૦૦ ચો. મા. કરતાં વધારે પ્રદેશ અંગ્રેજી ખાલસા મુલક છે, અને બાકીના ભાગમાંથી ઘણો દેશી રાજાઓને તાબે અને સહેજ ભાગ ફ્રેંચ અને ફિરંગી વગેરે સ્વતંત્ર રાજ્યોના હાથ તળે છે. હિંદુસ્તાનનો આકાર ત્રિકોણ જેવો છે, અને તે ત્રિકોણનો પાયો હિમાલય પર્વત છે. એ દેશ ૮° અક્ષાંશ ઉત્તરથી શરૂ થઈ છેક ૩૭° અક્ષાંશ ઉત્તર સુધી અને પૂર્વ રેખાંશ ૬૭° થી ૧૦૧° સુધી ફેલાએલો છે. કાશ્મીરની છેક ઉત્તરથી દક્ષિણમાં કન્યાકુમારિકા ભૂશિર સુધી તેની લંબાઈ ૨,૦૦૦ માઇલ અને પૂર્વ છેડાથી બલુચિસ્તાનના પશ્ચિમ છેડા સુધીનું અંતર ૨,૫૦૦ માઇલ છે.

હિંદુસ્તાનની ઉત્તરનો પ્રદેશ હિમાલય પર્વતને લીધે પહાડી છે, અને તે છેક આસામની ઉત્તરથી શરૂ થઈ કાશ્મીર સુધી આવેલો છે. એ પ્રદેશની ખાણો એવી તો મોટી છે કે યુરોપખંડના મોટા પર્વત આલ્પ્સનો પણ તેમાં સમાસ થઈ શકે. હિંદુસ્તાન તરફ એ પર્વતનો ઢાળ ઉભો છે, અને એની દક્ષિણે મોટું વિશાળ સપાટ મેદાન છે. એ વિશાળ મેદાન સિંધુ નદીથી ગંગા નદી સુધી આવેલું છે, તેથી તેને સિંધુગંગાનો પ્રદેશ પણ કહેવામાં આવે છે. દક્ષિણ તરફ એ મેદાન પાછું ઉંચું થતું જાય છે, અને પછી પહાડી પ્રદેશ જોવામાં આવે છે. એ પહાડી પ્રદેશ વિંધ્ય તથા સાતપુડા પર્વતનો પ્રદેશ છે. એ પહાડી પ્રદેશની દક્ષિણે મોટો વિશાળ ઉચ્ચ પ્રદેશ આવે છે, અને તેની પશ્ચિમ અને પૂર્વની સરહદ પર પશ્ચિમઘાટ અને પૂર્વઘાટ એવા બે પહાડોની હાર આવેલી છે. સિંધુગંગાના પ્રદેશમાં રજપુતાનાની વાયવ્યમાં એક રણ આવેલું છે. દરીઆકિનારાનો પ્રદેશ કુદરતી રીતે નીચો પ્રદેશ છે.

પર્વતો:–

હિમાલય પર્વત:—(હિમ+આલય=હિમનું સ્થાન) આ પર્વતને લીધે ઉત્તરમાંથી કોઈ પણ દુસ્મને હિંદુસ્તાન પર ચઢાઈ કરી નથી, અને વરસાદ તિબેટ તરફ જતો નથી, ને ગંગા નદીના પ્રદેશને વરસાદ મળે છે. વળી એનેજ લીધે ઉત્તરનો ઠંડો પવન તથા ગોબીના રણનો ગરમ પવન હિંદુસ્તાનમાં આવી શકતો નથી. આ ૧૫,૦૦ માઇલ લાંબો પર્વત કાશ્મીરમાં

---

* યુરોપનું ક્ષેત્રફળ ૩૭,૫૦,૦૦૦ ચો. મા.; રશિઆનું ૨૦,૯૫,૬૪૬; બ્રિટિશ સામ્રાજ્યનું ૧,૧૪,૦૦,૦૦૦; ઇંગ્લંડ અને વેલ્સનું ૫૮,૩૦૯; હિંદુસ્તાનના ખાલસા મુલકનું ૧૦,૮૭,૨૦૪; અને દેશી રાજ્યોનું ૬,૭૯,૩૯૩ છે.

સિંધુ નદીથી પૂર્વમાં આસામની બ્રહ્મપુત્રા નદી સુધી ફેલાએલો છે. અર્થાત્ મુંબઈ અને કલકત્તા વચ્ચેના અતર (૧,૨૨૧ માઇલ) કરતાં પણ તેની લંબાઈ વધારે છે. તેની ઉત્તરદક્ષિણ પહોળાઈ ૧૮૦થી ૨૨૦ માઇલ સુધીની છે. એની સરાસરી ઉંચાઈ ૨૦,૦૦૦ ફુટ છે. દુનિયામાં ઉંચામાં ઉંચો પર્વત હિમાલય છે. એનું સૌથી ઉંચું શિખર **ગૌરીશંકર** અથવા **એવેરેસ્ટ** ૨૯,૦૦૨ ફુટ ઉંચું છે, અને તે યુરોપના સૌથી ઉંચા શિખર બ્લૅાકથી બમણું ઉંચુ છે. બીજાં બે શિખર **ધવલગિરિ** ૨૬,૮૨૬ ફુટ અને **કાંચનગંગા** ૨૮,૧૫૬ ફુટ ઉંચાં **છે.** હિમાલય પર્વતની એક હાર નથી, પણ સમાન્તર રહેલા **બે** પર્વતોની હાર છે. આ પર્વતની ત્રણ માઇલથી ઉપરાંત ઉંચાઈએ આવેલા ભાગ પર નિરંતર બરફ પડ્યો રહે છે, તેથી એનું નામ હિમાલય પડ્યું છે. આખી પૃથ્વીની વનસ્પતિના નમુના તેમાં છે, અને દુનિયામાં એ એક મોટો જંગલપક પ્રદેશ છે. ઘણી ઉંચાઈએ દેવદાર, ઓક, વગેરે ઉત્તરમાં થતી વનસ્પતિની, તેમજ નીચે તાડ, વડ, વગેરે તાપના મુલકમાં થતી વનસ્પતિની અનેક જાતો ઉગે છે. એના ઘણાક ભાગ પર ઘાડાં જંગલ છે. તેને **તેરાઈ** (તળેટીની નજીકના) કહે છે. તેરાઈનાં હવાપાણી બહુ નબળાં છે, તેમ ત્યાં ફાડી ખાનારાં જંગલી પશુઓ પણ બહુ રહે છે. કાસ્મીર, નેપાળ, ભુતાન, સિક્કીમ, વગેરે પ્રદેશો તેની ઉપર મધ્ય ઉંચાઈએ આવેલા છે. **કૈલાસ** શિખર હિંદુઓનું પવિત્ર સ્થાન છે, અને તેની પાસે **માન, રાવણહ્રદ**, વગેરે સરોવર છે. તેનાથી થોડે દૂરથીજ **સિંધુ, સતલજ, જમના, ગંગા, બ્રહ્મપુત્રા**, વગેરે મોટી નદીઓ નીકળતી જણાય છે. સિંધુ પશ્ચિમ તરફ, સતલજ નૈર્ઋત્યમાં, જમના જમ્નોત્રીથી દક્ષિણમાં, ગંગા ગંગોત્રીથી દક્ષિણમાં, અને બ્રહ્મપુત્રા પૂર્વ તરફ વહે છે. એને દક્ષિણ ઢાળે બીજી હજારો નદીઓ નીકળી મોટી નદીઓને મળે છે.

શિવાલિક પર્વત ગંગા અને બિઆસ નદીની વચ્ચે આવેલો નીચો પર્વત છે. એ પર્વતમાંથી મોટાં જનાવરોનાં હાડકાં મળે છે.

હિમાલયમાંથી નીકળતા **કારાકોરમ** અને **હિંદુકુશ**ના ફાંટા પામીર નામના તિબેટની પશ્ચિમે આવેલા ઉચ્ચ પ્રદેશના અગ્નિ અને નૈર્ઋત્ય ખુણા તરફથી કાસ્મીરની સરહદ પર આવેલા છે. બંને પર્વતમાં

૨૦,૦૦૦ ફુટ કરતાં વધારે ઉંચાં શિખરો આવેલાં છે. **ડાપસંગ શિખર** ૨૮,૦૦૦ ફુટ છે. કારાકોરમમાં થઈને ઉત્તર તરફ જવાનો જે ઘાટ છે તેની ઉંચાઈ ૧૮,૦૦૦ ફુટ છે.

સુલેમાન પર્વત હિન્દુસ્તાનને અફ્ઘાનિસ્તાનથી જુદો પાડે છે. તેમાં સૌથી ઉંચું શિખર **તખ્તે સુલેમાન** ૧૧,૦૦૦ ફુટ ઉંચું છે. **હાલા** પર્વત બલુચિસ્તાનને સિંધથી જુદો પાડે છે.

વિંધ્ય પર્વત મધ્ય હિન્દુસ્તાનમાં નર્મદાના પ્રદેશની સરહદે પડેલો છે, અને તે ખભાતના અખાતથી પૂર્વમાં ૬૦૦ માઇલ લાંબો ગએલો છે. તેની ઉંચાઈ ૨,૫૦૦ ફુટ છે.

અરવલ્લી ડુંગરની હાર રજપુતાનામાં આવેલી છે. એની સરાસરી ઉંચાઈ ૩,૬૦૦ ફુટ છે. એના **આબુ** નામના (૫,૬૫૦ ફુટ) ઉંચા શિખર પર ઘણાં જોવા લાયક દહેરાં છે, અને તે ગરમીની ઋતુમાં હવા ખાવાનું સ્થળ છે.

સાતપુડા પર્વત નર્મદા અને તાપીની વચ્ચે વિંધ્યની સમાંતરે છે. એની સરાસરી ઉંચાઈ ૨,૦૦૦ ફુટ છે, અને **પંચમઢી** નામનું એનું ઉંચું શિખર ૪,૫૦૦ ફુટ ઉંચું છે.

પશ્ચિમઘાટ દક્ષિણના ઉચ્ચ પ્રદેશની પશ્ચિમ સરહદ પર આવેલો છે. દરીઆકિનારા અને પશ્ચિમઘાટ વચ્ચેના નિચાણના પ્રદેશનો પટો (કોંકણ) ૩૦થી ૪૦ માઇલ પહોળો છે. પશ્ચિમઘાટની સરાસરી ઉંચાઈ ૩,૦૦૦ ફુટ છે, અને તેમાં સૌથી ઉંચુ શિખર **મહાબલેશ્વર** ૪,૮૦૦ ફુટ છે. મુંબઈના ગવર્નર ગરમીની ઋતુમાં ત્યાં જઈને રહે છે. પૂર્વઘાટ અને તે બાજુના દરીઆકિનારા વચ્ચેનું અંતર ત્રીસચાળીસ માઇલ કરતાં વધારે છે.

પૂર્વઘાટ દક્ષિણના ઉચ્ચ પ્રદેશની સરહદ પર પશ્ચિમઘાટ કરતાં નીચો આવેલો છે. તે પશ્ચિમઘાટની માફક સળંગ નથી તેથી, અને દક્ષિણના આખા ઉચ્ચ પ્રદેશનો ઢાળ પૂર્વ તરફ હોવાથી, મોટી નદીઓ (ગોદાવરી અને કૃષ્ણા) પૂર્વ તરફ વહે છે.

નીલગિરિ મ્હેસુરના ઉચ્ચ પ્રદેશની દક્ષિણે આવેલો છે, અને પૂર્વઘાટ અને પશ્ચિમઘાટને સાંધે છે. એમાં **દોડાબેટા** નામનું શિખર

ઘણું ઉંચું (૮,૭૬૦ ફુટ) છે. ઉતાકામંડ નામનું નીલગિરિમાં હવા ખાવાનું સ્થાન છે. નીલગિરિની દક્ષિણે **पालघाट** નામનો ખાડો અથવા સપાટ મેદાન છે, અને તેની દક્ષિણે **अनमलाई, कारडेमम,** અને **पालनी** નામના ડુંગરો છે, તે છેક કન્યાકુમારિકા ભૂશિર સુધી પહોંચેલા છે.

હિમાલયને પૂર્વ છેડે **पतकाई पर्वत** બ્રહ્મદેશની પશ્ચિમ સરહદ પર આવેલો છે, અને તે ઉપલા બ્રહ્મદેશને આસામથી જુદો પાડે છે. આસામના **नागा, खास्या,** અને **गारो** ડુંગરો પતકાઈ પર્વતના ફાંટાઓ છે. બ્રહ્મદેશના દક્ષિણ ભાગમાં પર્વતોની હાર ઘણી છે, અને તે એક બીજીને સમાન્તર આવેલી છે, તેથી નદીઓના પ્રદેશ જુદા પડેલા છે.

मेदानः—

હિમાલય અને દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ એ બેની વચ્ચે ખાસ્યા ડુંગરથી તે સુલેમાન પર્વત સુધી મોટું ફળદ્રુપ મેદાન આવેલું છે. દુનિયાનાં સારામાં સારાં મેદાનો પૈકીનું આ એક છે. આ મેદાનમાં સિંધુ, ગંગા, અને બ્રહ્મપુત્રા, એ ત્રણ મોટી નદીઓ વહે છે; અને તે આખો પ્રદેશ લોકો અને વનસ્પતિથી ભરપુર છે. દક્ષિણ હિન્દુસ્તાનના કિનારા ઉપર સાંકડા અને નાના સપાટ પ્રદેશ આવેલા છે, અને તેમાં પૂર્વ કિનારા કરતાં પશ્ચિમ કિનારાનો પ્રદેશ વધારે સાંકડો છે.

उच्च प्रदेशोः—

હિન્દુસ્તાનમાં **दक्षिण हिंदुस्तान** એ એક ત્રિકોણાકૃતિ ઉચ્ચ પ્રદેશ ૨,૦૦૦થી ૩,૦૦૦ ફુટ ઉંચો છે. તેનો ઢોળાવ ધીમે ધીમે પૂર્વ તરફ ઉતરીને છેક કિનારા સુધી જાય છે. પશ્ચિમ તરફનો ઢોળાવ એકદમ સીધો ઉતરે છે, તેથી ઉચ્ચ પ્રદેશ અને દરીઆની સપાટી પરનો નીચો પ્રદેશ એકદમ જુદા પડે છે.

ગંગાસિંધુ નદીના મેદાનની દક્ષિણે એક ઉચ્ચ પ્રદેશની પટી છેક બંગાળાથી હિન્દુસ્તાનના પશ્ચિમ કિનારા સુધી આવેલી છે. તેના પૂર્વ ભાગમાં છોટાનાગપુર અને ઓરીસાના ડુંગરો આવેલા છે. આ ભાગની દક્ષિણ સરહદ પર મહાનદી અને તેને મળનારી બીજી નદીઓ છે. તેના

મધ્ય ભાગમાં મધ્ય હિન્દુસ્તાન અને મધ્ય પ્રાંતોનો થોડો ભાગ આવેલો છે; અને તે દક્ષિણમાં દક્ષિણ હિન્દુસ્તાનના ઉચ્ચ પ્રદેશ સાથે જોડાએલો છે. અરવલ્લી અને વિંધ્ય વચ્ચે આવેલો મધ્ય હિન્દુસ્તાન અને રજપુતસ્તાનનો કેટલોક ભાગ **માળવાના ઉચ્ચ પ્રદેશ**ને નામે ઓળખાય છે.

હિંદુસ્તાનમાંથી જવાઆવવાના માર્ગોઃ–હિન્દુસ્તાનમાં જમીનમાર્ગે આવવાના રસ્તા ઘણાજ થોડા છે, કારણ કે તેની આખી જમીનની સરહદ પર પહાડો આવેલા છે. એ પહાડો ઘણા ઉંચા હોવાને લીધે તથા તે પર બરફ પડી રહેવાને લીધે તે ઓળંગતાં મુસાફરોને ઘણી અડચણ પડે છે. જે કંઈ રસ્તાઓ છે, તે પણ પહાડ ઉપર ઘણી ઉંચાઈએ આવેલા છે. પશ્ચિમની સરહદ ઉપર **બોલન ઘાટ** અને **ખાઈબર ઘાટ** નામના બે માર્ગ છે. ખાઈબર ઘાટ પેશાવરની પશ્ચિમે અફઘાનિસ્તાનના રસ્તા પર આવેલો છે. નીચા બોલન ઘાટમાં થઈને બલુચિસ્તાનમાં જવાય છે, અને તે રસ્તે થઈને કંદહાર આગળ થઈ અફઘાનિસ્તાનમાં પણ જવાય છે. ઉત્તર તરફના ઘાટો ૧૪,૦૦૦ ફુટથી વધારે ઉંચા છે; તેમાં **કારાકોરમ ઘાટ** અને **જેલાપલા** ઘાટ મુખ્ય છે. કારાકોરમ ઘાટને રસ્તે કાશ્મીરમાંથી ચિનાઈ તુર્કસ્તાનમાં અને જેલાપલા ઘાટને રસ્તે સિક્કીમમાંથી તિબેટમાં જવાય છે.

રણઃ—અરવલ્લીના ડુંગરના પશ્ચિમ ભાગમાં રણ આવેલું છે, અને સિંધનો થોડો ભાગ પણ એ રણમાં આવેલો છે.

નદીઓઃ–

એશિઆ ખંડના બીજા કોઈ દેશ કરતાં હિન્દુસ્તાનમાં વધારે નદીઓ વહે છે. સિંધુગંગાના પ્રદેશમાં ઘણી અને મોટી નદીઓ આવેલી છે. એ પ્રદેશમાં જમનાની પશ્ચિમમાં જળક્ષેપક પ્રદેશ છે, તેથી પૂર્વની નદીઓનો ઢાળ પૂર્વ તરફ છે, ને પંજાબનો ઢાળ દક્ષિણ તરફનો હોવાને લીધે તે તરફની નદીઓ દક્ષિણ તરફ વહે છે. દક્ષિણના ઉચ્ચ પ્રદેશનો ઢાળ પૂર્વ તરફનો હોવાને લીધે નદીઓ પૂર્વ તરફ વહે છે. સહ્યાદ્રિ અને દરીઆકિનારા વચ્ચેનો પ્રદેશ ઘણો સાંકડો છે, તેથી જે કોઈ નદીઓ તે તરફ છે તે નાની છે.

સિંધુગંગાના પ્રદેશમાં **સિંધુ, ગંગા,** અને **બ્રહ્મપુત્રા,** એ ત્રણ મહા નદીઓ હિમાલયના દક્ષિણ ભાગના તેમજ ઉત્તર ભાગના વરસાદનું પાણી સમુદ્રમાં ખેંચી જાય છે. **સિંધુ** નદી* (૨,૦૦૦) તિબેટના ઉચ્ચ પ્રદેશમાં આવેલા કૈલાસ શિખર નજીકથી નીકળી હિમાલય પર્વતમાં થઈ કાસ્મીર, પંજાબ, અને સિંધમાં થઈ અરબી સમુદ્રને મળે છે. જમણી બાજુથી ×અટક આગળ **કાબુલ** અને ડાબી બાજુએથી **જેલમ, ચિનાબ, રાવી,** અને **સતલજ** એને મળે છે. એમાં કરાંચીથી અટક સુધી વહાણો ફરી શકે છે. સિંધની ખેતીનો આધાર સિંધુ નદી પર છે, કારણ કે ત્યાં બીજી નદીઓ તેમજ વરસાદ પણ નથી. સિંધુ નદીમાંથી નહેર વાટે પાણી ખેતીવાડીના ઉપયોગમાં લીધામાં આવે છે.

ગંગા નદી (૧,૫૦૦) સિંધુ નદી કરતાં લંબાઈમાં નાની છે, પણ એની ખીણમાં આવેલો પ્રદેશ ઘણો રસાળ છે. ૧૨,૦૦૦ ફુટની ઉંચાઈએથી હિમાલયના દક્ષિણ ઢાળે આવેલા ગંગોત્રીના બરફના ડુંગરમાંથી તે નીકળતી જણાય છે. હરદ્વાર (તળેટી આગળ) આગળ તે મેદાનમાં દાખલ થાય છે, ત્યારે તેની ઉંચાઈ દરીઆની સપાટીથી માત્ર ૧,૦૦૦ ફુટ છે. એનું પાણી નહેર વાટે ખેતીવાડીના ઉપયોગમાં લીધામાં આવે છે. એક નહેર હરદ્વારથી કાનપુર (૪૪૫ માઇલ) સુધીની છે, અને કાનપુર આગળ તેનું પાણી પાછું ગંગાને મળે છે. મુખ આગળ ગંગા બ્રહ્મપુત્રાને મળે છે, અને બંને નદી અમેરિકાની મિસિસિપિ જેટલી માટી ખેંચી લાવે છે, તેથી પાંચગણી માટી લાવે છે. બંનેના મુખ આગળના ત્રિકોણાકૃતિ પ્રદેશનો દરીઆકિનારા તરફનો ભાગ સુંદરી નામનાં ત્યાંનાં ઝાડો પરથી **સુંદરવન** નામે ઓળખાય છે. આ ભાગ ઘીચ જંગલ અને ભેજવાળો છે. દરીઆથી ૨૦૦ માઇલ પર ગંગા નદીના

*નદીની જમણી તરફ કૌંસમાં લખેલા આંકડા નદીઓની લંબાઈના માઇલ છે, તે નદીઓ એક બીજી સાથે સરખાવવા આપેલા છે અને ગોખાવવાના નથી.

×નદીના મુખ તરફ મોં રાખી ઉભા રહીએ તો ડાબી બાજુએ જે કિનારો આવે છે તે ડાબો કિનારો, અને જમણી બાજુએ જે કિનારો હોય તે જમણો કિનારો કહેવાય છે.

એ ફાંટા થાય છે. મોટો ફાંટો પૂર્વ તરફ વહે છે, અને તે **પદ્મા** કે **પાદ્મા** નામે ઓળખાય છે, અને પશ્ચિમનો ફાંટો **ભાગીરથી** નામે ઓળખાય છે. વળી એજ ભાગીરથી છેક દક્ષિણમાં **હુગલી** નામે પણ ઓળખાય છે.

ગંગા નદીને મળનારી નદીઓમાં **જમના** સૌથી મોટી છે. એ નદી હિમાલયના જમ્નોત્રી શિખરમાંથી નીકળી અલાહાબાદ આગળ ગંગાને મળે છે. આ ઉપરાંત બીજી ઘણી નદીઓ ગંગાને મળે છે. **ગોગ્રા રામગંગા, ગોમતી, ગંડકી, કુશી,** વગેરે ઉત્તર તરફથી અને વિંધ્ય પર્વતમાંથી નીકળેલી **શોણ** દક્ષિણ તરફથી એને મળે છે. **ચંબલ** અને **બટવા** નદી વિંધ્ય પર્વતમાંથી નીકળી જમનાને મળે છે. કલકત્તાથી ઉત્તરે ૨૨ માઇલ પર ચંદ્રનગર સુધી મોટી આગબોટ આવી શકે છે. ગંગા નદી પવિત્રમાં પવિત્ર ગણાય છે, અને તેને કાંઠે મોટાં મોટાં શહેરો છે.

બ્રહ્મપુત્રા નદી (૧,૮૦૦) હિમાલયના ઉત્તર ઢાળેથી નીકળી તિબેટમ વહી હિમાલય પર્વત ઓળંગી હિન્દુસ્તાનમાં આવી બંગાળાના ઉપસાગરને મળે છે. હિમાલયના ઉત્તર ભાગમાં એ **સાંપુ** નામે, અને બ્રિટિશ રાજ્યમ બ્રહ્મપુત્રા નામે ઓળખાય છે. ગંગા નદીની માફક મુખ આગળ એના બે ફાંટા થાય છે. પશ્ચિમ ફાંટો **જમના** નામે અને પૂર્વનો ફાંટો **બ્રહ્મપુત્રા** નામે ઓળખાય છે. આ છેલ્લા ફાંટાને ઇશાનમાંથી **સુરમા** નદી મળે છે, અને તે ફાંટો પછી **મેઘના** નામે ઓળખાય છે. મુખ આગળ એનો પ. ૨૦ માઇલ છે.

નર્મદા, તાપી, વગેરે મુંબઈ ઇલાકામાં વહેતી નદીઓ વિષે તમે આગળ શીખી ગયા છો.

મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, અને **કાવેરી** પૂર્વે બંગાળાના સમુદ્રને મળે છે.

મહાનદી (૫૨૦) પૂર્વઘાટ તરફના ડુંગરમાંથી નીકળી કટક આગળ બંગાળી અખાતને મળે છે. એના મુખ આગળનો ત્રિકોણપ્રદેશ પણ મોટો છે. એ નદી સપાટ અને ધીમી ગતિવાળી હોવાથી તેના મુખથી લગભગ ૪૦૦ માઇલ સુધી તેમાં વહાણ ફરી શકે છે.

ગોદાવરી (૯૦૦) દક્ષિણમાં મોટામાં મોટી નદી છે. તે પશ્ચિમ-ઘાટમાંથી નીકળી પૂર્વ તરફ વહી બંગાળાના અખાતને મળે છે. એના મુખ આગળનો ત્રિકોણપ્રદેશ પણ મોટો છે. આ નદીમાંથી ખેતરોને પાણી પુરૂં પાડવા ઘણી નહેરો બાંધવામાં આવી છે. **પેનગંગા**, **વાઇનગંગા**, **વર્ધા**. (આ ત્રણના સંગમથી જે એક નદી બને છે તે **પ્રાણહિતા** કહેવાય છે), અને **માંજરા** નદીઓ ગોદાવરીને મળે છે.

કૃષ્ણા (૮૦૦) પણ પશ્ચિમઘાટમાંથી મહાબળેશ્વર આગળથી નીકળી બંગાળાના ઉપસાગરમાં પડે છે. એના મુખ અને ગોદાવરીના મુખ વચ્ચે બહુ અંતર નથી. બંને નદીમાં જ્યારે પાણી ઉભરાઈ જાય છે, ત્યારે કોલર સરોવર જે હિન્દુસ્તાનમાં મોટામાં મોટું છે, તેમાં પાણી દાખલ થાય છે.

કાવેરી (૪૭૦) નદી પણ પશ્ચિમઘાટમાંથી નીકળી મ્હૈસુરમાં વહી બંગાળાના અખાતમાં પડે છે. શ્રીરંગપટન અને સિવાસમુદ્રમ એ બે બેટો નદીમાં આવેલા છે. સિવાસમુદ્રમ આગળ જે ધોધ પડે છે તેથી વીજળી ઉત્પન્ન કરી સાંચાકામ ચલાવવામાં આવે છે. એનો ધોધ ઘણોજ જોવા લાયક છે, અને તે ૪૬૦ ફુટની ઉંચાઈએથી પડે છે.

તુંગભદ્રા નદી **તુંગ** અને **ભદ્રા** નામની બે નદીના સંગમથી ઉત્પન્ન થએલી છે, તે કૃષ્ણાને મળે છે.

બ્રહ્મદેશની નદીઓઃ—

ઇરાવદી (૧,૦૦૦) બ્રહ્મદેશના ઉત્તરના ભાગમાંથી નીકળી દક્ષિણ તરફ આખા દેશમાં વહી માર્તાબાનન અખાતમાં પડે છે. દરીઆથી સો માઇલ પર એનો ત્રિકોણપ્રદેશ શરૂ થાય છે. **રંગુન** નદી અને **બાસીન** નદી એ બંને તેના મુખ આગળના ફાંટા છે.

સાલવીન નદી તિબેટના પૂર્વ ભાગમાંથી નીકળી દક્ષિણ તરફ વહી માર્તાબાનના અખાતમાં પડે છે.

સરોવરોઃ—*

હિંદુસ્તાનનાં સરોવરો મોટાં અને અગત્યનાં નથી. **વુલર** સરોવર કાશ્મીરમાં શ્રીનગર પાસે આવેલું છે. **સાંબર** રજપુતસ્તાનમાં ખારા

* મોટું તળાવ તે સરોવર.

પાણીનું સરોવર છે, અને એમાંથી મીઠું પકવવામાં આવે છે. **कोल** ગોદાવરી અને કૃષ્ણાનાં મુખ વચ્ચે આવેલું છે.

પૂર્વ કિનારા ઉપરનાં **चिल्का** અને **पुलीकट** એ ખારા પાણી· સરોવર છે. આ બને સરોવરો દરીઆ સાથે જોડાએલાં છે, એટલે તે ખાડીઓ કહીએ તોપણ ચાલે, કારણ કે સરોવરની ચારે બાજુ: જમીન જોઈએ.

किनारोः—હિંદુસ્તાનના કિનારાની લંબાઈ દેશના મહત્ત્વ· પ્રમાણમાં થોડી (૪,૦૦૦ માઇલ) છે, કારણ કે તેનો કિનારો સીધો અ ઘણા ખાંચા (અખાત)વાળો **નથી.** તેથી કિનારા ઉપર બારે માસ વહા આવી તે સહીસલામત રહી શકે એવાં બંદર પણ બહુ નથી. ઘણી જગા: સમુદ્રની મોટી છોળોને લીધે વહાણો બંદરમાં આવી શકતાં નથી. મુબઈનિ ઉત્તરે રેતીને લીધે નદીનાં મુખો પુરાઈ ગએલાં છે, અને મુબઈની દક્ષિ પહાડ નજદીક આવી જવાથી નદીઓ મોટી નથી. પૂર્વ તરફ કિનારા· જમીન નીચી અને સપાટ છે; પણ પાણી છાછરૂં, તેથી મોટાં વહાણ આવી શકતાં નથી.

ब्रह्मदेशनो किनारोः—[1]બ્રહ્મદેશના દક્ષિણ કિનારાના મ ભાગમાં **मार्ताबाननो अखात** છે, અને તેની પશ્ચિમ તરફ **इरावद** નદીના મુખ આગળના ઘણા ફાંટા આવેલા છે. એ કિનારા પર **निग्रे** નામની ભૂશિર[2] અને **रंगुन** બંદર આવેલાં છે.

हिंदुस्ताननो पूर्व किनारोः—પૂર્વ કિનારા અને બ્રહ્મદેશ વચ્ચે બંગાળાનો ઉપસાગર[3] છે. આ કિનારાનો દક્ષિણ ભાગ **कोरोमंडल** કિનારાને નામે ઓળખાય છે. દક્ષિણમાં **पाकनी सामुद्रधुनी**[4] સિલોન

[1] શિક્ષકે માટીના નમુના બનાવી પાણી ભરી અખાત, ઉપસાગર, સરોવર, ખાડી, ભૂશિર, વગેરે પ્રત્યક્ષ બતાવવાં.

[2] જમીનની અણી સમુદ્રમાં ગએલી છે તે ભૂશિર (જમીનનું માથું, છેડો, અણી

[3] પહોળો અખાત તે ઉપસાગર.

[4] બે મોટા પાણીના ભાગને સાંધનારો નાનો પાણીનો ભાગ.

હિંદુસ્તાનથી જુદો પાડે છે. પૂર્વ કિનારા પર ઘણા વાંક તેમજ સારાં બંદરો નથી. **પલમાયરા** ભૂશિર ઓરીસાના કિનારા પર આવેલી છે. પાકની સામુદ્રધુનીનો દક્ષિણ ભાગ પરવાળાંની ટેકરીઓ અને રેતીના ડુંગરથી પુરાઈ ગએલો છે. આ ટેકરીઓ લગભગ સમુદ્રની સપાટી સુધી ઉંચી છે, અને રામેશ્વરના બેટથી સિલોન સુધી લગભગ જાય છે, તેથી આ ઓળંગતાં મોટાં વહાણોને બહુ મુસ્કેલી નડે છે. આ ટેકરીઓને આપણા લોકો **રામનો સેતુ** કહે છે. આની દક્ષિણમાં આવેલા પાણીના ભાગને **મનારનો અખાત** કહે છે, અને તે **કન્યાકુમારી** ભૂશિર સુધી પહોંચે છે.

પશ્ચિમ કિનારોઃ—એ કિનારાના ઉત્તર ભાગમાં **કરાંચી** અને મધ્યમાં **મુંબઈ** એ બે મોટાં બંદર છે. એ કિનારાનો દક્ષિણ ભાગ **મલબાર** કિનારાને નામે ઓળખાય છે.

ટાપુઓઃ—આપણા દેશની આજુબાજુના સમુદ્રમાં ઘણા દ્વીપો આવેલા છે, તેમાં સૌથી મોટો **સિલોન** હિંદુસ્તાનની દક્ષિણે આવેલો છે, અને તે આપણા ઉત્તર વિભાગથી લગભગ દેઢો છે.

દક્ષિણ હિંદુસ્તાનની પશ્ચિમ તરફ કિનારાથી આસરે ૨૦૦ માઇલ પર **લક્ષદ્વીપ** અને **માલદ્વીપ** નામના ગોળાકારમાં આવેલા નાના પરવાળાંના બેટોના બે જુદા જુદા સમૂહ છે.

અંદામાન અને તેની દક્ષિણે **નિકોબાર** પૂર્વ તરફ બંગાળી સમુદ્રમાં આવેલા જ્વાળામુખીથી ઉત્પન્ન થએલા બેટોના સમૂહ છે.

હિંદુસ્તાનને દક્ષિણ કિનારે રામના સેતુ પાસે **રામેશ્વર** નામે બેટ છે. **મેર્ગુઇદ્વીપસમૂહ** અંદામાન અને ટિનાસરીમ વચ્ચે આવેલો છે.

આબોહવાઃ—

હિંદુસ્તાન વિશાળ પ્રદેશ છે, અને તેની અંદર ઘણા ઉંચા પર્વત આવેલા છે, તેથી તેમાં વિષુવવૃત્તના પ્રદેશથી તે છેક ધ્રુવપ્રદેશ સુધીની હવા જોવામાં આવે છે. અતિશય તાપ તથા અતિશય ઠંડી, અતિશય વરસાદ

૧ પ્રાકૃતિક ભૂગોળનો આ વિષેનો ભાગ છોકરાઓને અધિકાર પ્રમાણે સમજાવવો.

તથા વરસાદની અતિશય તાણ, એ બધું અહીં જોવામાં આવે છે. હિન્દુસ્તાનનો લગભગ અડધો ભાગ ઉષ્ણ કટિબંધમાં આવેલો છે, તેથી તે ભાગ પર ઉનાળામાં તાપ વિશેષ પડે છે. ડુંગરો, પર્વતો, અને ઉચ્ચ પ્રદેશો સમુદ્રની સપાટીથી ઉંચાઈએ હોવાને લીધે ઠંડા હોય છે. અને ગરમીની ઋતુમાં તવંગર લોકો દરીઆથી ઉંચાઈનાં સ્થળ પર જઈ રહે છે. હિમાલય પર્વત એટલો બધો ઉંચો છે કે ત્યાં ધ્રુવના પ્રદેશની માફક હિમ પડી રહે છે. વળી હિમાલયની ઉંચી દિવાલ મહાસાગરમાંથી આવતા ભેજવાળા પવનોને અટકાવી દે છે, અને તેમજ ઉત્તરમાંથી આવતા ઠંડા પવનને હિન્દુસ્તાનમાં આવવા દેતી નથી. હિન્દુસ્તાનમાં ફુંકાતા કેટલાક પવનો હિન્દી મહાસાગર પાસે હોવાને લીધે પુષ્કળ ભેજવાળા હોય છે.

ઉપલાં કારણોને લીધે આ દેશની આબોહવાના ત્રણ મુખ્ય પ્રકાર છેઃ—

૧. **भेजवाळी अने शिआळा अने उनाळाना उष्णतामानमां बहु फेर नहि पवी हवा.** આ જાતની હવા ત્રાવણકોર, મલબાર, અને બ્રહ્મદેશના કિનારા પર જોવામાં આવે છે. એ ભાગો ઉષ્ણ કટિબંધમાં અને દરીઆકિનારા પર આવેલા છે.

૨. **सुकी अने शिआळामां अतिशय ठंडी अने उनाळामां अतिशय गरम पवी हवा.** નૈર્ઋત્ય તરફ દૂર સુધી મહાસાગર ન હોવાથી પંજાબ અને સિંધમાં ભેજવાળા પવનો બહુ આવી શકતા નથી. વળી શિઆળામાં પહાડોને લીધે અતિશય ઠંડી અને ઉનાળામાં રણને લીધે અતિશય ગરમી ત્યાં જોવામાં આવે છે.

૩. **अतिशय वरसादवाळी हवा.** આસામના ઉંચા ડુંગરો અને કારવારના કિનારા પાસેના ડુંગરો મોસમના ભેજવાળા પવનોને અટકાવી, ઠારી, ભેજ લઈ લે છે, તેથી ત્યાં વરસાદ પડે છે.

દક્ષિણના ઉચ્ચ પ્રદેશની હવા સુકી છે, પણ જેમ જેમ દક્ષિણમાં જઈએ છીએ તેમ તેમ હિન્દી મહાસાગરના ભેજવાળા ગરમ પવનને લીધે શિઆળો ઓછો ઠંડો હોય છે. મદ્રાસ ઇલાકાના મેદાનમાં હવા ઓછા ભેજવાળી છે, પણ શિઆળા અને ઉનાળાના ઉષ્ણતામાનમાં ઉષ્ણ કટિબંધને લીધે બહુ ફેર નથી.

ઋતુઓઃ—

અહીં મુખ્ય ત્રણ ઋતુઓ જોવામાં આવે છેઃ—શિઆળો, ઉનાળો, અને વર્ષા. શિઆળો નવેમ્બરથી ફેબ્રુઆરિ સુધી, ઉનાળો માર્ચથી જૂન સુધી, અને વર્ષા જુલાઇથી ઑક્ટોબર સુધી રહે છે.

વરસાદઃ—દરીઆ પરનો પવન ભેજવાળો હોય છે અને તે જ્યારે અમુક દેશ પર વાય છે ત્યારે ત્યાં વરસાદ થાય છે. જો જમીન પરનો પવન આવે છે તો કુદરતી રીતે વરસાદ થતો નથી. જે જે દેશોમાં બારે માસ મહાસાગર પરથી પવન આવે છે ત્યાં બારે માસ વરસાદ થાય છે. જ્યાં જ્યાં અમુક વખતે દરીઆ પરનો પવન આવે છે ત્યાં ત્યાં તે અમુક વખતેજ વરસાદ થાય છે. હિન્દુસ્તાનનો મુખ્ય પવન ઇશાન તરફનો છે; પણ ઉનાળામાં જ્યારે સૂર્ય સિંધ અને રજપુતસ્તાનના રેતીના મેદાનમાં અને મધ્ય એશિઆના મેદાનમાં તપે છે તે વખતે તે ભાગની હવા ગરમ થઈ ઉંચી ચઢે છે, અને તે ખાલી જગા પર મહાસાગર પરથી ભેજવાળો પવન એટલા જોરથી આવે છે કે ઇશાનનો પવન રહેતો નથી, અને મુખ્ય પવન નૈર્ઋત્યનો થાય છે. એ નૈર્ઋત્યનો પવન જ્યાં જ્યાં પહાડોને કાટખુણે અડકે છે ત્યાં ત્યાં વરસાદ વધારે પડે છે. પશ્ચિમ કિનારે એ પવન ધાટને કાટખુણે અડકે છે, તેથી રત્નાગિરિ, કારવાર, અને મુબઈમાં વધારે વરસાદ પડે છે. એજ પવન બગાળાના ઉપસાગરમાંથી વધારે ભેજ લેતા ખાસ્યાના (આસામના) ડુંગર તરફ જાય છે, એટલે જેટલો ભેજ હોય છે તેટલો વરસાદરૂપે ત્યાં તૂટી પડે છે. એ નૈર્ઋત્યનો પવન એપ્રિલથી શરૂ થાય છે, તે છેક સપ્ટેમ્બર સુધી રહે છે. મહાબળેશ્વર પર વરસાદ વરસમાં સરાસરી ૨૪૦ ઇંચ, અને ખાસ્યા ડુંગરના ચેરાપુંજીમાં આસરે ૫૨૫ ઇંચ પડે છે. પૃથ્વી પર વધારેમાં વધારે વરસાદ આ જગાએ પડે છે. શિઆળામાં જે વરસાદ પડે છે તે ઘણોજ થોડો છે, અને મદ્રાસના કિનારા પર, મધ્ય હિંદુસ્તાન, પંજાબ, અને સંયુક્ત પ્રાંતમાં પડે છે.*

*પ્રાકૃતિક ભૂગોળમાંનો આ ભાગ શિક્ષકે વાંચી બતાવી સરખામણી કરાવવી.

થરનું રણ અને તેની આજુબાજુનો પંજાબનો, સિંધનો, અને રજપુતાનાનો મુલક, એમાં વરસાદ બહુજ ઓછો પડે છે; કારણ કે સહેજસાજ ભેજવાળી હવા તે તરફ આવે છે, તેમાંનો ભેજ ઠારવા પહાડ કે શિતોતરી ત્યાં કાંઈ નથી; અને જે ઘટ્ટ વરાળ ત્યાં આવી હોય, તે પણ અતિશય ગરમીથી પાછું વરાળનું રૂપ પકડે છે. હિંદુસ્તાનના બીજા ભાગોમાં થોડો કે ઘણો પણ ખેતી લાયક સારો વરસાદ પડે છે.

वनस्पति अने जनावरोः—

કઈ વનસ્પતિ અને કયાં જનાવરો અમુક દેશમાં છે, તે તેની આબોહવા ઉપરથી જાણી શકાય છે. અનેક જાતની હવા છે તેમ અનેક જાતનાં પ્રાણી અને વનસ્પતિ છે.

ઉષ્ણ અને ભેજવાળા પ્રદેશમાં થનારો **साग** દક્ષિણમાં અને બ્રહ્મદેશમાં ઊગે છે. ઉષ્ણ કટિબંધમાં થતી **नाळियरी**,અને દરીઆકિનારે થનારાં **ताडनां झाड** અને **नाळियरी**, કિનારા ઉપર અને બંગાળાના અખાતના ટાપુ વગેરે પર જોવામાં આવે છે. આસામના અતિશય વરસાદવાળા અને તેરાઈના જંગલમાં ઉષ્ણ કટિબંધની બધીજ વનસ્પતિ થાય છે. હિમાલયના ઉંચા ભાગમાં શીત કટિબંધની વનસ્પતિ, ઘાસ, લીલ, સેવાળ, વગેરે થાય છે. **साल** નામનું બીજું ઇમારતી લાકડું હિમાલયની તળેટીમાં અને છોટા નાગપુરના અને મધ્ય પ્રાંતના જંગલમાં થાય છે. મ્હેસુરમાં **सुखड**, હિમાલયની વાયવ્યના ઉંચાણના પ્રદેશોમાં **देवदार**, અને આસામ અને બ્રહ્મદેશમાં **इंडिआ रबर** થાય છે. **वड, पीपळो, आमली, आंबा, लीमडा, सीसम, वांस**, વગેરે હિન્દુસ્તાનના લગભગ ઘણા ભાગમાં જોવામાં આવે છે.

વાઘ, ચિત્તો, જંગલી બિલાડી, રીંછ, દીપડો, વરૂ, શિયાળ, ડુક્કર, વાંદરા, અને ઘણી જાતનાં હરણો મેદાનો અને નીચા ડુંગરોનાં જંગલમાં જોવામાં આવે છે. સિંહની સંખ્યા ઘણીજ ઓછી છે, અને માત્ર ગુજરાતમાં ગીરના જંગલમાં તે જોવામાં આવે છે. હાથી બ્રહ્મદેશ અને મ્હેસુર તરફ જોવામાં આવે છે. બંગાળા, આસામ, અને બ્રહ્મદેશમાં ગેંડા, અને સિંધમાં ગધેડાની એક જંગલી જાત જોવામાં આવે છે. આ ઉપરાંત ગાય, ભેંસ, બકરાં, ઘેટાં (મેંઢાં), ઘોડા, ઊંટ, ગધેડા, કુતરા, વગેરે તમામ પાળવા લાયક જનાવરો આ દેશમાં જથાબંધ છે. હિમાલયમાં કસ્તુરી-મૃગ અને ચમરીગાય થાય છે. કાશ્મીરમાં જે ઘેટાં થાય છે તેનું ઊન ઘણું વખણાય છે.

દક્ષિણનાં જંગલમાં ઘણા ઝેરી સાપ હોય છે, અને તેમાંના કેટલાક બહુ લાંબા હોય છે કેટલીક નદીઓમાં મગર જોવામાં આવે છે.

મોર, પોપટ, ગીધ, સમડી, કાગડા, કોયલ, તીતર, અને ચકલી સામાન્ય રીતે ઘણી જગાએ જોવામાં આવે છે. આ ઉપરાંત બીજી ઘણી જાતનાં પક્ષી આ દેશમાં છે. ખીસકોલી સાધારણ રીતે દરેક જગાએ જોવામાં આવે છે.

વસ્તી:-હિંદુસ્તાનના સામ્રાજ્યની વસ્તી ઇ. સ. ૧૯૨૧ની ગણુતરી પ્રમાણે લગભગ ૩૨ કરોડની છે. આખા બ્રિટિશ સામ્રાજ્યની વસ્તીનો આ પોણો ભાગ છે, અને પૃથ્વીની આખી વસ્તીનો લગભગ પાંચમો ભાગ છે. આ વસ્તી મુંબઈ ઇલાકાની વસ્તીથી લગભગ બારગણી છે. બ્રિટિશ રાજ્યમાં ૨૫ કરોડની વસ્તી છે ત્યારે દેશી રાજ્યોમાં ૭ કરોડની છે.

મધ્ય હિંદુસ્તાનના ડુંગરો અને રજપુતાનાના પશ્ચિમ ભાગમાંના રણ તરફ વસ્તી ઘણીજ ઓછી છે; અને ગંગા અને બ્રહ્મપુત્રાના પ્રદેશમાં અને દક્ષિણ હિંદુસ્તાન અને કિનારાના સપાટ અને ફળદ્રુપ પ્રદેશમાં વસ્તી ઘાડી છે.

આ દેશમાં ૫૦,૦૦૦થી વધારે વસ્તીવાળાં માત્ર ૮૯ શહેર છે, અને તેમાં આખી વસ્તીના માત્ર ત્રણ ટકા કરતાં સહેજ વધારે લોક રહે છે. આ ઉપરથી જણાય છે કે વસ્તીનો ઘણો ભાગ ખેતી પર પોતાનું ગુજરાન ચલાવે છે.

હિંદુસ્તાનના ક્ષેત્રફળના ત્રણ ભાગમાં અંગ્રેજી અમલ છે, અને બે ભાગમાં દેશી રાજાનો અમલ છે; પણ વસ્તીના ચાર ભાગ બ્રિટિશ મુલકમાં, અને એક ભાગ દેશી રાજ્યમાં રહે છે. આ ઉપરથી જણાય છે કે અંગ્રેજી મુલકમાં દેશી રાજ્યો કરતાં વસ્તી વધારે ઘાડી છે.

જાતો:-જેમ બીજા દેશમાં વસનારા ઘણું કરીને બધા લોકો એકજ ધર્મ પાળે છે, એકજ ભાષા બોલે છે, અને એકજ જાતના હોય છે, તેમ હિંદુસ્તાનમાં નથી. દેશ બહુ વિશાળ હોવાને લીધે, એક બીજાની સાથે સંબંધ ઓછો હોવાને લીધે, તેમ બીજી જાતો વાયવ્ય તરફથી અહીં આવી વસી તેથી, ઘણી જાતો અને ઘણી ભાષા અહીં જોવામાં આવે છે. છેક નીતિ અને કેળવણીની ટોચે પહોંચેલા લોકથી છેક હલકામાં હલકા જંગલી લોકો પણ હિંદુસ્તાનમાં છે. મુખ્ય જાતો નીચે પ્રમાણે છેઃ—

कोलोरीअनो—છોટાનાગપુર અને મધ્ય પ્રાંતમાં, તેમજ કેટલેક બીજે ઠેકાણે પહાડી જંગલોમાં આ જાત મોટી સંખ્યામાં જોવામાં આવે છે. આ લોકો અનાર્ય છે.

द्राविडो—આ લોકો કેળવાએલા પણ આર્યથી જુદા પડે છે. તેઓ હિંદુસ્તાનની આખી વસ્તીનો લગભગ પાંચમો ભાગ છે, અને દક્ષિણ હિંદુસ્તાનમાં રહે છે. ગોંડ નામની દ્રાવિડની શાખા ઉપલી અનાર્ય પ્રજા જેવી જંગલી સ્થિતિમાં છે.

आर्य—હિંદુસ્તાનમાં ઉંચામાં ઉંચી કેળવણીવાળી અને વસ્તીનો મુખ્ય ભાગ આર્ય છે. તેઓએ ધીમે ધીમે ઉત્તરથી દક્ષિણ તરફ ફેલાઈ પોતાના ઉંચા સંસ્કારની છાપ બીજા પર પાડી છે. ઉત્તર ભાગમાં આર્ય લોકોની વસ્તી વધારે છે.

मोंगोल જાતના લોક બ્રહ્મદેશમાં અને હિમાલયના તિબેટ તરફના ભાગમાં વસે છે અને તેમની વસ્તી કુલ વસ્તીના લગભગ ત્રણ ટકા છે.

मुसलमान લોકોએ હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં રાજ્ય સ્થાપ્યું હતું, તેથી એ લોકોની વસ્તી જુદા જુદા ભાગમાં જોવામાં આવે છે. મુસલમાનની વસ્તી ૬,૮૭,૦૦,૦૦૦ અને તે કુલ વસ્તીના ૨૨ ટકા છે.

पारसी લોકો ઇરાનમાંથી આવી મુંબઈ ઇલાકાના પશ્ચિમ કિનારા પર વસ્યા. એમની વસ્તી લગભગ એક લાખ છે. આ લોક સાહસિક અને વિદ્વાન છે.

याहुदी (૨૨,૦૦૦) લોકોની વસ્તી કોંકણમાં વધારે જોવામાં આવે છે.

खिस्ती લોકોની વસ્તી વધારે મદ્રાસ ઇલાકામાં જોવામાં આવે છે, અને તેમની કુલ વસ્તી આસરે ૪૮ લાખ છે. (૪૭,૫૪,૦૦૦).

भाषाओः—જુદી જુદી જાતોની મૂળ ભાષાઓ જુદી હતી, તેમાં પણ વિભાગ પડી હાલ હિંદમાં બોલાતી કુલ ભાષાની સંખ્યા ૨૨૨ થઈ છે. એમાંની ઘણીખરીનાં મૂળ સંસ્કૃત, દ્રાવિડી, કે બ્રહ્મી છે.

આસરે ૨૩ કરોડ લોક આર્ય ભાષાઓ, ૬ કરોડ દ્રાવિડી ભાષાઓ, અને ૩ કરોડ અન્ય ભાષા બોલે છે.

संस्कृत भाषामांथी नीकळेली બંગાળી, ઉર્ય (ઓઢીઆમાં બોલાતી), હિંદી, પંજાબી, મરાઠી, ગુજરાતી, અને સિંધી ભાષાઓ આર્ય લોકની છે.

हिंदुस्तानी अथवा उर्दु *ભાષા અરબી અને ફારસી ભાષાના શબ્દોથી મિશ્રિત હિંદી ભાષા છે. મુસલમાનો હિંદમાં આવી ભાષા બોલવા લાગ્યા; ત્યારે જથાબંધ ફારસી અને અરબી શબ્દો વાપરવા લાગ્યા. હાલ પણ હિંદી ભાષા બોલવામાં જ્યારે હિંદુ લોકો વધારે સંસ્કૃત શબ્દો વાપરી બોલે છે, ત્યારે હિંદુસ્તાની કહેવાય છે; અને તેજ ભાષા મુસલમાન લોકો ફારસી અને અરબી શબ્દો પણ વાપરીને બોલે છે ત્યારે તેને ઉર્દુ કહે છે. આખા હિંદુસ્તાનમાં એ જાણીતી ભાષા છે.

द्राविडी भाषाओ ખાસ મદ્રાસ ઇલાકામાં બોલવામાં આવે છે. તેમાંની મુખ્ય તામીલ (દક્ષિણ મદ્રાસની), તેલુગુ (ઉત્તર મદ્રાસની), મલયાલમ (મલબાર કિનારની), કાનડી (કાનડા, મ્હૈસુર, અને કર્ણાટકના ઉચ્ચ પ્રદેશની), અને ગોંડ (મધ્ય હિંદુસ્તાનના ગોંડ લોકોની) છે. આ ભાષાઓની અંદર સંસ્કૃત ભાષાના ઘણા શબ્દો દાખલ થએલા છે.

ब्रह्मी भाषाओ ચીન દેશની ભાષા જેવી છે, અને ઇશાન સરહદ પર અને બ્રહ્મદેશમાં બોલાય છે.

अंग्रेजी भाषाનો હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં અભ્યાસ થાય છે, અને સરકારી મોટી કચેરીમાં એ ભાષા વપરાય છે.

धर्मोः—

હિંદુસ્તાનની વસ્તીનો મોટો ભાગ (૬૮ ટકા) હિંદુ ધર્મ પાળે છે. તેનાથી ઉતરતી સંખ્યા (૨૨ ટકા) મુસલમાની ધર્મ માને છે. વાયવ્ય પ્રાંત અને પૂર્વ બંગાળા તરફ મુસલમાન લોકોની વસ્તી વધારે છે. બૌદ્ધ ધર્મ માનનારાની સંખ્યા કૂલ વસ્તીના ૩ ટકા છે, અને તેઓ બ્રહ્મદેશ, સિક્કીમ, અને કાશ્મીરના ઇશાન ભાગમાં વસે છે. એ ઉપરાંત જૈન, શીખ, પારસી, અને ખ્રિસ્તી ધર્મો પણ હિંદુસ્તાનમાં જોવામાં આવે છે.

* ઉર્દુ=છાવણી.

જૈન ૧૨ લાખ, શીખ ૩૨ લાખ, અને ખ્રિસ્તી ૪૮ લાખ છે. ડુંગરમાં રહેનારી અનાર્ય વસ્તી (૯૮ લાખ) ઝાડ, સાપ, વગેરેનેજ દેવ માને છે.

ધંધાઓઃ—હિંદુસ્તાનમાં લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે, અને ૭૩ ટકા લોક ખેતી પર ગુજરાન ચલાવે છે. એથી ઉતરતો ધંધો વણવાનો છે, અને તેમાં ૮૦ લાખ રોકાએલા રહે છે. વણનારની સંખ્યાના ⅔ કરતાં વધારે લોક હાથે કાપડ વણી પોષણ મેળવે છે. જુના વખતથી હિંદુસ્તાનની મલમલ વખણાય છે. અગાઉ હિંદુસ્તાનથી રેશમી અને સુતરાઉ કાપડ પરદેશ ઘણું મોકલવામાં આવતું હતું, પણ તેને બદલે હાલ યુરોપથી ઘણું કાપડ હિન્દુસ્તાન આવે છે. કેટલાક ધંધાઓની પેદાશ માત્ર હિન્દુસ્તાનમાં ખપી જાય છે. હિન્દુસ્તાનની શેત્રંજી, કીનખાબ, સોનેરી અને રૂપેરી કસબનું કામ; સોના, રૂપા, હાથીદાંત, અને સુખડનું કોતરકામ; મલમલ, અને જવાહીરના દાગીના હજુ વખણાય છે, અને કેટલોક માલ પરદેશ ખાતે જાય છે. હિન્દુસ્તાનમાં ઇ. સ. ૧૯૨૦માં ૧૧૪ કોયલાની ખાણ, ૭૬ શણની મિલ, અને ૨૫૩ કાપડની મિલ હતી. કાપડની મિલનો મોટો ભાગ મુંબઈ અને ગુજરાતમાં, અને શણની મિલો બંગાળામાં છે.

ખનીજઃ—હિન્દુસ્તાનની ખાણોની હાલ સુધી જોઈએ તેટલી શોધ થએલી નથી, તે છતાં ઘણી જગાએથી કોયલા, લોખંડ, મીઠું, સોનું, કલાઈ, વગેરે ખોદી કાઢવામાં આવે છે.

કોયલા બંગાળા, અને બિહાર અને ઓરીસામાંથી જડે છે, પણ તે વિલાયતી કોયલા કરતાં હલકા છે. એકલા બંગાળામાં ૨૦૨ કોયલાની ખાણો છે, અને બિહાર અને ઓરીસામાં ૩૮૦ ખાણો છે. **લોખંડ** આખા હિન્દુસ્તાનમાં મળે છે. મદ્રાસ અને વિંધ્યની ખીણમાંથી જે કાચું લોખંડ નીકળે છે તે ઉત્તમ ગણાય છે. **કેરોસીન** તેલ બ્રહ્મદેશમાંથી નીકળે છે, **મીઠું** પંજાબના (સૉલ્ટ રૈન્જ) મીઠાના ડુંગરમાંથી પુષ્કળ નીકળે છે. **કલાઈ** માત્ર બ્રહ્મદેશના ટિનાસરીમમાંથી નીકળે છે. ઉપલા

ખનીજો મોટા જથામાં નીકળે છે. એ ઉપરાંત જે ખનીજો થોડા જથામાં નીકળે છે તે નીચે પ્રમાણે છેઃ—

સોનું મ્હેસુરમાં, **તાંબું** અને **સીસું** બંગાળા અને બીજા ભાગમાં, **હીરા** ગોવલકોંડામાં, **માણેક** ઉપલા બ્રહ્મદેશમાં, **પ્લમ્બેગો** ત્રાવણકોરમાં, અને **મેંગેનીઝ** મધ્ય પ્રાંતો અને ગુજરાત વગેરે ભાગમાં જડે છે. આખી દુનીઆને અડધું અભ્રખ હિંદુસ્તાન પુરૂં પાડે છે અને તેમાંનું અડધું અભ્રખ બિહાર અને ઓરીસામાંથી આવે છે. છોટાનાગપુરમાં તાતા કંપનિનું સાકચી (જમશેદપુર) ગામ આવેલું છે ત્યાં લોખંડનું મોટું કારખાનું છે.


ખેતીની પેદાશઃ—જુદી જુદી હવાને લીધે અનેક જાતની જુદી જુદી પેદાશ થાય છે. દરીઆકિનારા પર વરસાદ વધારે હોવાને લીધે ડાંગર, દક્ષિણની કાળી જમીનમાં રૂ, પંજાબમાં પોટો ઘઉં, ગુજરાતમાં હાંસીઓ ઘઉં, બંગાળામાં શણ, અને આસામ તરફ ચા પુષ્કળ થાય છે. સામાન્ય અનાજ બધે ઠેકાણે થાય છે.

મુખ્ય પેદાશઃ—

અનાજમાં ઘઉં. ચોખા, બાજરી, જુવાર. ચણા, કઠોળ, વગેરે; **તેલી બીઆં**માં અળસી, તલ. સરસવ, દિવેલી, શીંગ, અને ખરસાણી; **રેસા**માં રૂ, શણ, રેશમ અને ઊન; **રંગ**માં ગળી અને કોસંબ; **ઔષધિ**માં સિંકોના, અફીણ, ગાંજો, તમાકુ, ચા, બુંદ, વગેરે છે.

ચોખા–નદીઓના મુખ આગળના ત્રિકોણપ્રદેશમાં અને જ્યાં આગળ પાણી વિશેષ હોય છે ત્યાં ઘણા પાકે છે, જેમકે બંગાળા અને દરીઆકિનારાના ભાગમાં, **ઘઉં** પંજાબ, મધ્ય પ્રાંતો, ખાનદેશ અને ગુજરાતમાં થાય છે; ઓછા વરસાદવાળા મુલકનો એ શિયાળુ પાક છે. **જુવાર**, **બાજરી**. અને **રાગી** લગભગ ઓછા વરસાદવાળી ઘણી જગાએ થાય છે. **અળસી** મધ્ય પ્રાંતોમાં, મુંબઈ ઇલાકામાં અને સંયુક્ત પ્રાંતોમાં થાય છે. **તલ** ગુજરાત, મદ્રાસ, બંગાળા, અને બ્રહ્મદેશમાં થાય છે. **રૂ** ગુજરાત, દક્ષિણ મહારાષ્ટ્ર, વરાડ, સિંધ, અને નિઝામના મુલકમાં થાય છે. **શણ** પૂર્વ બંગાળામાં થાય છે. **ચા** આસામ અને ઉત્તર-બંગાળા, પંજાબ, અને નીલગિરિમાં થાય છે **બુંદ** દક્ષિણ હિંદુસ્તાનમાં નીલગિરિ પર થાય છે. **અફીણ** બહાર અને માળવામાં થાય છે.

કેરી, કેળાં, નારંગી, ફણસ, શેરડી, લીંબુ, જમરૂખ, પપાંઇ, સીતાફળ, અને અનનાસ મુખ્ય મેવો છે. આ ઉપરાંત કાથો, લાખ, રબર, ગોળ, અને નાળિએરનાં છોડાંમાંથી વણેલાં દોરડાં પણ વનસ્પતિની પેદાશ છે.



વેપારઃ—

હિંદુસ્તાનના પ્રદેશનો દરીઆ મારફતનો કુલ વેપાર (આવકજાવક મળીને) ૧૯૨૨-૨૩ના વરસની ગણતરી પ્રમાણે ૬ અબજ ૨૬ કરોડ રૂપીઆનો છે. એમાંનો લગભગ ⅓ વેપાર ઇંગ્લંડ જોડે, અને બાકીનો યુનાઇટેડ સ્ટેટ્સ, ફ્રાન્સ, અને જાપાન વગેરે દેશો જોડે છે.

મુખ્ય નિકાસ (૧૯૨૨-૨૩) કિંમતના પ્રમાણમાં નીચે પ્રમાણે છેઃ— રૂ (૭૧ કરોડ રૂપીઆનું), અનાજ લોટ (૪૨ કરોડ રૂપીઆનું), સણનું કાપડ (૪૦ કરોડ રૂપીઆનું), તેલી બીઆં (૨૭ કરોડ રૂપીઆનાં), કાચું સણ (૨૩ કરોડ રૂપીઆનું), ચા (૨૧ કરોડ રૂપીઆની) લાખ (૧૦ કરોડ રૂપીઆની), ગુંદ (૧ કરોડ ને ૨૩ લાખ રૂપીઆના), ઊન (૪ કરોડ રૂપીઆનું), ઘઉં (૬ કરોડ રૂપીઆના) છે.

મુખ્ય આયાત (૧૯૨૨-૨૩) કિંમતના પ્રમાણમાં નીચે પ્રમાણે છેઃ—


સુતરાઉ કાપડ (૬૨ કરોડ અને ૬૦ લાખ), ખાંડ (૧૫ કરોડ રૂપીઆની), સાંચાકામ (૨૩ કરોડ રૂપીઆનું), લોખંડકામ (૧૮ કરોડ રૂપીઆનું), રેલવે સામાન (૧૧ કરોડ રૂપીઆનો), સુતર (૯ કરોડ રૂપીઆનું), ધાતુ તથા ચપ્પુ વગેરેનો લોખંડનો સામાન (૫ કરોડ રૂપીઆનો), દારૂ (૩ કરોડ રૂપીઆનો), રેશમી કાપડ (૩ કરોડ રૂપીઆનું), કોલસા (૩ કરોડ રૂપીઆના), મીઠું (૨ કરોડ રૂપીઆનું), વગેરે.

જમીનમાર્ગનો હિન્દુસ્તાનની સરહદ પરના (અફઘાનિસ્તાન, નેપાળ, વગેરે), મુલકો જોડે આસરે ૨૮ કરોડ રૂપીઆનો વેપાર ધારવામાં આવે છે.

દરીઆમાર્ગનો બધો વેપાર કલકત્તા, મુંબઈ, રંગુન, મદ્રાસ, કરાચી, અને ચિતેગાવ, એ છ મુખ્ય બંદરો ચલાવે છે કલકત્તા અને મુંબઈ બંદર પાસે લગભગ ૭૫ ટકા વેપાર છે. ત્યારપછી રંગુન મદ્રાસ, અને ચિતેગાંવ છે.

વેપારના માર્ગોઃ—હિંદુસ્તાનમા અંગ્રેજી રાજ્યની અગાઉ વેપારને માટે માર્ગોના બહુ સગવડ નહોતી. હાલ રેલવે થયાને લીધે તથા લુટારાઓનો ભય ન હોવાને લીધે વેપારીઓને અડચણ ભોગવવી પડતી નથી. સિંધુ, ગંગા, બ્રહ્મપુત્રા, અને ઇરાવદી નદી, અને તેને મળનારી નદીઓ, એ મોટા જળમાર્ગો છે, અને તેમાં વહાણો ચાલે છે. બીજી નદીઓ જળમાર્ગ તરીકે નકામી છે, કારણ કે તેમાં ઉનાળામાં પાણી

ઓછું હોય છે, અને ચોમાસામાં પાણીનો પ્રવાહ ઘણો જોરમાં હોવાથી વહાણો તેમાં ફરી શકત નથી.



રેલવે માર્ગો:—આજે હિંદુસ્તાનમાં લગભગ ૩૭,૦૦૦ માઇલ રેલવે સડક છે. અને એમાંની અડધી કરતાં વધારે મોટા માપની સડક

રેલવેથી મુસાફરી ઘણા ટુંકા વખતમાં થાય છે. દાખલા તરીકે મુંબઈથી પેશાવર ૧,૪૫૦ માઇલ,* કલકત્તા નાગપુરને રસ્તે ૧,૨૨૩ માઇલ, દિલ્હી ૮૫૬ માઇલ, અને મદ્રાસ ૭૯૪ માઇલ દૂર છે, છતાં આગગાડીને રસ્તે એ શહેરોમાં જતાં અનુક્રમે ૫૪, ૪૧, ૨૯, અને ૩૪ કલાક લાગે છે. મુંબઈથી જી. આઈ. પી.ને રસ્તે પેશાવર જતાં કલ્યાણ, ઇગતપુરી, મનમાડ, ભુસાવળ, ભોપાળ, ઝાંસી, આગ્રા, દિલ્હી, અંબાલા, અમૃતસર, અને લાહોર શહેર આવે છે. નાગપુરને રસ્તે કલકત્તા જતાં કલ્યાણ, ઇગતપુરા, મનમાડ, ભુસાવળ, નાગપુર, રાયપુર, અને બિલાસપુર શહેર આવે છે. મુંબઈથી મદ્રાસ જતાં કલ્યાણ, પુના, દૌંડ, હોતગી, રાયચુર, ગુત્તી, અને આર્કોનમ છે. મુંબઈથી જી. આઈ. પી.ને રસ્તે દિલ્હી જતાં ૩૧ કલાક લાગે છે, અને બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવેને રસ્તે દિલ્હી જતાં ૨૯ કલાક લાગે છે. બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવેએ દિલ્હી જવા સારૂ નાગદા મથુરા રેલવે કાઢી છે. એથી વખત થોડો લાગે છે. પાછલે રસ્તે સુરત, વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, કોટા, ભરતપુર, અને મથુરા આવે છે. મુંબઈથી જમીનમાર્ગે કરાંચી ૯૯૩ માઇલ દૂર છે, અને ત્યાં ૪૪ કલાકમાં જવાય છે; પણ ત્રણ જગાએ અમદાવાદ, મારવાડ, અને હૈદરાબાદ આગળ ગાડી બદલવી પડે છે. મોટામાં મોટી રેલવે નૉર્થ વેસ્ટર્ન રેલવે (૫,૬૮૦ માઇલ) કરાંચી, પેશાવર, અને લાહોર શહેર આગળ થઈને જાય છે.

ટેલિગ્રાફ અને પોસ્ટઃ—એક ગામથી બીજે ગામ જલદી સંદેશા મોકલવા સારૂ સરકારે ઠામ ઠામ તારઑફિસો રાખેલી છે. વીજળીના તારની લંબાઈ ૧૯૨૧-૨૨ની આખરે ૪,૧૨,૦૦૦ માઇલ હતી. રેલવે ન હોય એવી જગાએ પણ વ્યવહાર માટે તારઑફિસ કાઢવામાં આવી છે, અને ઘણી ખરી પોસ્ટઑફિસો જોડે તારઑફિસો હોય છે. હિંદુસ્તાનનાં બધાં ગામોમાં પોસ્ટ મારફત કાગળ વહેંચાય છે.

---


* આ બધા આંકડા આપેલા છે તે ગોખવાના નથી. રસ્તાઓ બતાવેલા છે તે નકશા પર બતાવવા સારૂ રાખેલા છે.

राज्य वहीवटः–

ઇગ્લંડના મહારાજા હિંદુસ્તાનના શહેનશાહ છે. ઇગ્લંડમાં હિંદુસ્તાનના રાજ્ય ઉપર દેખરેખ રાખવા એક પ્રધાન નીમવામાં આવે છે. હિંદુસ્તાનમાં મુખ્ય *સુબો વાઇસરૉય અને ગવર્નર જનરલ અને તેની કારભારી મંડળી રાજ્યવહીવટ ચલાવે છે. હિંદી પ્રધાન, વાઇસરૉય, ગવર્નરો, લશ્કરી ખાતાના વડા, વાઇસરૉય અને ગવર્નરોની કારભારી મંડળીના સભાસદો, અને હાઈ કોર્ટના જડજોની નીમણુક નામદાર શહેનશાહ પોતે કરે છે. વાઇસરૉયની કારભારી મંડળી ૭ સભાસદ, લશ્કરી ખાતાનો વડો, અને વાઇસરૉયની બનેલી છે. ઇ. સ. ૧૯૧૯ના નવા રીફૉર્મ ઍક્ટ (નવા સુધારાના કાયદા)ની રૂએ કાયદા બાંધનારી બે સભા હોય છે અને તે વાઇસરૉયને તે કામમાં મદદ કરે છે. તે બે સભાને ધારાસભા (લૅજિસ્લેટિવ ઍસેમ્બ્લિ) અને રાજ્યસભા (કાઉન્સિલ ઑવ સ્ટેટ) કહે છે. બંને સભામાં પાસ થયા વિના કોઈ પણ કાયદો પસાર થતો નથી. રાજ્યસભાનું કામ લગભગ ધારાસભામાં પાસ થએલા ખરડા ફરી તપાસવાનું છે; અને એ સભામાં બેસનારની લાયકાત વધારે ઉંચી રાખેલી છે. એમાં કુલ ૬૦ સભાસદ હોય છે, અને તેમાં વીસથી વધારે સરકારી અમલદારો નીમવામાં આવતા નથી. ધારાસભામાં ૧૪૦ સભાસદ હોય છે. એમાં પ્રજાના ચૂંટી કાઢેલા સો સભાસદો અને સરકારના નીમેલા ચાળીસ સભાસદો હોય છે. પહેલી સભા પાંચ વર્ષ સુધી અને બીજી સભા ત્રણ વર્ષ સુધી કામ કરી શકે છે અને પછી ફરીથી ચુંટણી થાય છે.

આ પ્રમાણે હિંદુસ્તાનમાં સૌથી ઉપરી અમલદાર વાઇસરૉય અને ગવર્નર જનરલ છે, અને તે પોતાની કારભારીમંડળી સહિત રાજ્ય ચલાવે છે. એના હાથ નીચેના અમલદારો જુદા જુદા પ્રાંત પર અમલ ચલાવે છે. મદ્રાસ, મુંબઈ, બંગાળા, અને બીજા ઇલાકાઓમાં ગવર્નર અમલ ચલાવે છે, અને તે દરેકને મદદ કરવાને કારભારીમંડળ હોય છે. કાયદા બાંધવાના કામમાં મદદ કરવા એક કાયદા બાંધનારી સભા હોય છે. જેમાં લોકોના ચૂંટી કાઢેલા લગભગ સિત્તેર ટકા જેટલા સભાસદો હોય છે. બહાર અને

*ગવર્નર જનરલ રાજાનો પ્રતિનિધિ છે, માટે તે વાઇસરૉય (રાજાનો પ્રતિનિધિ) કહેવાય છે.


અફઘાનીસ્તાન
કાશ્મીર
તિબેટ
ચીન
બ્રહ્મદેશ
સિઆમ

ઓરીસાના પ્રાંતો, સંયુક્ત પ્રાંતો, પંજાબ, બ્રહ્મદેશ, આસામ, અને મધ્ય પ્રાંતોમાં પણ ગવર્નર અમલ ચલાવે છે. સરહદ પરનો વાયવ્ય પ્રાંત, દિલ્હી, અજમેર, કુર્ગ, અંદામાન અને નિકોબાર, અને બલુચિસ્તાનમાં ચીફ કમિશનર રાજ્ય કરે છે. એ ચીફ કમિશનરને મદદ કરવા એકે મંડળ હોતું નથી, તેથી બધું કામકાજ તે પોતે કરે છે. પ્રાંતોના વિભાગ પાડીને જિલ્લા બનાવવામાં આવ્યા છે. એ જિલ્લાઓનું સરાસરી ક્ષેત્રફળ ૩,૮૦૦ ચો. મા. અથવા અમદાવાદ જિલ્લા જેવડું છે. જે જીલ્લા પર ઠેરવેલા કાયદાકાનુન પ્રમાણે અમલ ચલાવવામાં આવે છે તે "રેગ્યુલેશન ડિસ્ટ્રિક્ટ" કહેવાય છે, અને તેનો ઉપરી અમલદાર મેજીસ્ટ્રેટ અને કલેક્ટર કહેવાય છે; કારણ કે સલાહશાંતિ રાખવાનું અને મહેસુલ એકઠું કરવાનું કામ તેનાં છે. જે જિલ્લાના લોકો કેળવણીમાં આગળ વધ્યા નથી, અથવા જેના ઉપર અંગ્રેજી અમલ તાજેતજ થએલો હોય છે તે જિલ્લામાં ઉપરી અધિકારીને કાયદાને છેક વળગી ન રહી પોતાની વિવેકબુદ્ધિથી વર્તવા વિશેષ છૂટ આપવામાં આવે છે, તેવા જિલ્લાને "નૉન રેગ્યુલેશન ડિસ્ટ્રિક્ટ" કહે છે, અને તેનો ઉપરી ડેપ્યુટિ કમિશનર કહેવાય છે. પ્રાંતના જિલ્લાઓના સમૂહો બનાવવામાં આવે છે, તેમને વિભાગો કહે છે, અને દરેક વિભાગના ઉપરીને કમિશનર કહે છે. આપણા ઉત્તર વિભાગમાં પંચમહાલ જિલ્લો થોડાં વર્ષ અગાઉ નૉન રેગ્યુલેશન ડિસ્ટ્રિક્ટ હતો. સિંધ વિભાગ "નૉન રેગ્યુલેશન" પ્રાંત છે. જ્યાં જ્યાં ચીફ કમિશનર મુખ્ય સત્તાધિકારી છે, તે બધા પ્રાંતો "નૉન રેગ્યુલેશન" પ્રાંતો છે.

આ ઉપરથી સમજાશે કે આપણી માયાળુ અંગ્રેજ સરકાર દેશીઓના યોગ્યતાની કદર કરી તેમને રાજ્યકારભારમાં અગત્યનો ભાગ આપે છે. તેને માટે આપણે સરકારના આભારી છીએ.

હિન્દુસ્તાનના ⅓ દેશી રાજાઓના હાથ નીચે છે. મોટાં દેશી રાજ્યોમાં સરકાર તરફથી દેખરેખ રાખવાને, રાજાને સલાહ આપવાને, તથા તે રાજ્યમાં અંધાધુંધી ન ચાલે તે જોવાને એક બ્રિટિશ અમલદાર રહે છે, અને તેને "રેસિડન્ટ" કહે છે. જો પાસે પાસે નાનાં રાજ્યો હોય, તો આખા સમૂહને માટે એક અમલદાર રહે છે અને તેને "એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ" કહે છે. ઇલાકાને લગતાં નાનાં રાજ્યો તે ઇલાકાના

ગવર્નરની દેખરેખ નીચે રાખવામાં આવે છે. ગવર્નર પોતે પોતાની તરફથી ત્યાં એક અમલદાર નીમે છે અને તે અમલદાર "એજન્ટ ટુ ધ ગવર્નર" કહેવાય છે. પહેલા વર્ગનાં રાજ્યો નિઝામ, મ્હૈસુર, વડોદરા, અને કાશ્મીર છે. રજપુતાના એજન્સિ, મધ્ય હિન્દુસ્તાન એજન્સિ, અને બલુચિસ્તાન એજન્સિ, એ નાનાં રાજ્યોના સમૂહ છે. ઇલાકાને લગતાં રાજ્યોની વ્યવસ્થા જે પ્રમાણે આપણા ઇલાકામાં છે તે પ્રમાણે બધે છે. પ્રાંતો અથવા ઇલાકાના ઉપરીને સોંપેલાં દેશી રાજ્યોની હકીકત તે પ્રાંત વિષે લખ્યું હોય ત્યાં આપી છે. ઉપર લખેલાં ચાર મોટાં રાજ્યો અને ત્રણ એજન્સિઓ વાઇસરૉયની સીધી દેખરેખ નીચે છે તેનું છુટું વર્ણન આપવામાં આવ્યું છે.

हिंदुस्तानना राज्यनी उपज:—નવા કાયદાની રૂએ કેટલીક ઉપજ પ્રાંતિક સરકારને સોંપી છે અને કેટલીક વડી સરકારને સોંપી છે. જમીન મહેસુલ પ્રાંતિક સરકારને સોંપી છે. વડી સરકારની ૧૯૨૩-૨૪ની ઉપજ વીસ અબજ રૂપીઆની હતી. સરકારી રેલવેની ઉપજ લગભગ છઠ્ઠા ભાગ જેટલી છે. મીઠું, અફીણ, જકાત, આબકારીખાતું, પોસ્ટઑફિસખાતું, ટેલિગ્રાફ્ખાતું, વગેરે ખાતાંમાંથી સરકારની બાકીની મહેસુલ ઉત્પન્ન થાય છે. જકાતની ઉત્પન્ન ૬ અબજ રૂપીઆ છે.

खरच:—ઉપજનો લગભગ અર્ધો ભાગ લશ્કરી ખાતામાં, પાંચમો ભાગ રેલવે ખરચમાં, દસમો ભાગ દેવામાં, અને બાકીનો સરકારી અમલદારોના પગાર, ઇરિગેશન, પબ્લિક વર્ક્સ્ ખાતું, વ્યાજ, પોસ્ટ ઑફિસ, વગેરેના સામાન્ય ખરચમાં જાય છે.

लश्कर:—હિન્દુસ્તાનમાં અંગ્રેજી અને દેશી લશ્કર લગભગ ૨૬ લાખ માણસનું છે. એ ઉપરાંત દેશી રાજાઓ પોતાના ખરચે અંગ્રેજી પદ્ધતિએ લશ્કર કેળવે છે, અને તે સરકારને જરૂરને પ્રસંગે આપે છે. એવું લશ્કર લગભગ ૨૧,૦૦૦ માણસનું છે. તે ઉપરાંત કેટલાક માણસો રાજીખુશીથી સરકારને અમુક પ્રસંગે મદદ કરવા લશ્કરી કેળવણી લે છે. એવું લશ્કર લગભગ ૩૮,૦૦૦ આદમીનું બનેલું છે.

केळवणी:—અંગ્રેજ સરકારે કેળવણી આપવા માટે પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, હાઇ સ્કૂલો, અને મહાવિદ્યાલયો સ્થાપેલાં

છે. કલકત્તા, મુંબઈ, મદ્રાસ, અને અલાહાબાદમાં વિશ્વવિદ્યાલયો સ્થાપેલાં છે. આ વિશ્વવિદ્યાલયો પરીક્ષા લે છે અને પદવી આપે છે. હુનરકળાનું જ્ઞાન આપવા, વૈદકનું જ્ઞાન આપવા, ખેતીવાડીનું જ્ઞાન આપવા, અને કાયદાનું જ્ઞાન આપવા, સરકારે જુદાં જુદાં વિદ્યાલયો સ્થાપેલાં છે. સ્ત્રીઓને કેળવણી આપવાથી લોકોની સામાજિક સ્થિતિ સુધરશે, એવા હેતુથી સરકારે ઠામ ઠામ છોકરીઓની નિશાળો કાઢી છે. અંગ્રેજી રાજ્યની અગાઉ કેળવણી આપવા આવી તરેહની સંસ્થાઓ નહોતી. ઉચ્ચ કેળવણી દરેક જગાએ અંગ્રેજીમાં આપવામાં આવે છે. સરકાર આટલી બધી કાળજી લે છે છતાં કેટલાંક માબાપો હજી પોતાનાં છોકરાંને નિશાળે મોકલતાં નથી, અને તેથી હિન્દુસ્તાનનો ઘણો ભાગ હજી અભણ છે.

मद्रास इलाको.

મુંબઈ ઇલાકાની દક્ષિણે આવેલો મદ્રાસ ઇલાકો અંગ્રેજ સરકારના તાબાનો જુનામાં જુનો પ્રાંત છે. એમાં દક્ષિણ હિન્દુસ્તાનનો ઘણો ભાગ અને બંગાળાના ઉપસાગરનો બધો પશ્ચિમ કિનારો આવેલો છે. ત્રણ બાજુએ દરીઆ હોય એવો આ પ્રાંત સિવાય હિન્દુસ્તાનમાં બીજો કોઈ પણ પ્રાંત નથી. મુંબઈ ઇલાકા કરતાં આ ઇલાકો ક્ષેત્રફળમાં નાનો છે, પણ એમાં વસ્તી ૪,૭૭,૦૦,૦૦૦ એટલે મુંબઈ ઇલાકાની વસ્તી કરતાં દોઢી છે.*

આ પ્રદેશનો કેટલોક ભાગ ઉચ્ચ પ્રદેશ છે, કારણ કે દક્ષિણ હિન્દુસ્તાનના ત્રિકોણાકાર ઉચ્ચ પ્રદેશનો શિખરવાળો ભાગ આ ઇલાકામાં આવેલો છે. કિનારા પરના પ્રદેશો સપાટ નિચાણના પ્રદેશો છે. એ ઇલાકામાં વહેનારી નદીઓમાં **गोदावरी, कृष्णा,** અને **कावेरी** મોટી છે. તે ઉપરાંત **पेन्नेर, पालार, पन्नार,** અને **कोलेरुन** છે. આમાંની પહેલી ત્રણ પશ્ચિમ તરફથી નીકળી પૂર્વઘાટ ઓળંગી બંગાળી સમુદ્રને મળે છે. કોલેરૂન, કાવેરી નદીના મુખ આગળનો ફાંટો છે. **वैगा** ત્રાવણકોરના ડુંગરમાંથી નીકળી પાકની સામુદ્રધુનીમાં પડે છે. આ બધી નદીઓમાં બધ

*શિક્ષકે દેશની સીમા નકશા પરથી શીખવવી. હિન્દુસ્તાનની સામાન્ય ભૂગોળમાં પ્રાંતો વિષેની જે હકીકત આવી ગઈ હોય તે ફરીથી પ્રાંત શીખવતી વખતે શીખવવી.

બાંધી તેનું પાણી નહેર વડે ખેતરોને પુરૂં પાડવામાં આવે છે. **चिल्का, कोलर, पुलिकट**, એ ત્રણ આ ઇલાકામાં સરોવરો છે.

આ ઇલાકામાં ૧૭૦૦ માઇલ લાંબો દરીઆકિનારો આવેલો પણ એકે બંદર સારૂં **નથી**. મદ્રાસનું બંદર ઘણે ખરચે બાંધવામાં આવ્યું છે. છતાં જેવી મુંબઈ અને કલકત્તાના બારામાં સગવડ છે તેવી અહીં **નથી**.

વિષુવવૃત્તની પાસે હોવાને લીધે આ ઇલાકાની હવા હિન્દુસ્તાનના બીજા ભાગો કરતાં ગરમ છે, પણ દરીઓ નજીક હોવાથી અતિશય ગરમી કે ઠંડી જોવામાં આવતી નથી, અર્થાત્ ગરમી કે ઠંડીની વચ્ચે બહુ તફાવત નથી. અહીં બુંદના ૧૨૭ બગીચા છે. એ આખો મુલક ખેતીવાડીનો છે, અને વસ્તીના લગભગ ૩/૪ ખેતી પર ગુજરાન ચલાવે છે. ખેતીના પેદાશમાં ચોખા, રાગી, તેલી બીઆં, તમાકુ, શેરડી, રૂ, અને ગરમ મસાલા મુખ્ય છે. ઉંચી જાતનો તમાકુ પણ ઉત્પન્ન થાય છે, અને તેનો મોટો વેપાર ચાલે છે. પશ્ચિમઘાટ અને નીલગિરિ પર ચા, બુંદ, સિંકોના થાય છે. અહીં પૂર્વ કિનારા પર ઑક્ટોબર અને નવેંબરમાં બંગાળી ઉપસાગરનો વધારે વરસાદ પડે છે અને જૂન જુલાઈ ઑગસ્ટમાં હિન્દી મહાસાગરના પવનને લીધે પશ્ચિમ કિનારે વધારે વરસાદ પડે છે. આર્કાટ અને નેલૂરમાં કેટલીક જગાએ ગળી પણ થાય છે. આ ઉપરાંત જમીનમાંથી લોખંડની કાચી ધાતુ, અબરખ, અને મેંગેનીઝની કાચી ધાતુ ઘણી જગાએથી નીકળે છે. પશ્ચિમ ઘાટના વૈનાડના ઉચ્ચ પ્રદેશમાંથી કેટલુંક સોનું અને ગોદાવરી અને કૃષ્ણા નદીના જિલ્લામાંથી હીરા નીકળે છે.

સુતરાઉ કાપડ વણવાનો અને ગળી, ખાંડ, પિત્તળ, અને માટીનાં વાસણ બનાવવાનો, એ આ ઇલાકાના લોકોના મુખ્ય હુન્નર છે. આ ઇલાકાની મુખ્ય નિકાશ* ચામડાં, રૂ, બુંદ, તેલી બીઆં, ચોખા, ગળી, તેલ, અને ખાંડ છે. પરદેશનો વેપાર કોકોનાડ (ગોદાવરીના મુખ આગળ), મદ્રાસ, તુતિકોરીન, કોચીન, અને કાલીકટ, વગેરે બંદરો મારફતે ચાલે છે.

ઇતિહાસઃ—જુના વખતમાં આ ઇલાકામાં ઘણાં દેશી રાજ્યો હતાં. તેલુગુ ભાષાવાળા **પ્રદેશમાં** તૈલંગણનું રાજ્ય, તામીલ ભાષાવાળા પ્રદેશના ઉત્તર

* દરેક પ્રાંતમાં આયાત લગભગ સરખીજ છે, અને તે હિંદુસ્તાનની જે સામાન્ય આયાત આપી છે તેજ છે.

ભાગમાં ચોલ, અને દક્ષિણ ભાગમાં પાંડ્યનું રાજ્ય, કાનડી ભાષાવાળા પ્રદેશમાં વિજયનગરનું રાજ્ય, અને મલયાલમ ભાષાવાળા પ્રદેશમાં ચેરાનું રાજ્ય હતું.

હાલ એના ઉત્તર સરકાર, કર્ણાટક, અને મલબાર, એવા ત્રણ વિભાગ છે; અને તેમાંના ભાગો કકડે કકડે અંગ્રેજ સરકારને મળ્યા હતા. ઇ. સ. ૧૭૫૯માં કર્નલ ક્લાઇવે ફ્રેન્ચ પાસેથી ઉત્તર સરકાર લીધો. કર્ણાટકના બેલ્લારી અને કડપા નિઝામ પાસેથી ઇ. સ. ૧૭૯૯માં મળ્યા. સેલમ (સાલમ), મલબાર, અને મદુરા ટીપુ સાથેના પહેલા વિગ્રહને પરિણામે ઇ. સ. ૧૭૯૨માં મળ્યા. લૉર્ડ વેલેસ્લીએ કર્ણાટક, કાનડા, કોઇમ્બટુર, અને તંજાવર ઇ. સ. ૧૭૯૯માં લીધાં હતાં.

मुख्य शहेरोः—

मद्रास (૫,૨૩,૦૦૦) એ આ ઇલાકાની રાજધાની અને હિન્દુસ્તાનનું (વસ્તીમાં) ત્રીજું શહેર કોરોમંડલ કિનારા પર આવેલું છે. આ શહેર ઇ. સ. ૧૬૩૯માં સ્થાપવામાં આવ્યું હતું. મદ્રાસથી ચામડાં, ખુંદ, રૂ, ચોખા, ગળી, તેલી બીઆં, ગરમ મસાલો, ચા, અને તમાકુ પરદેશ ખાતે મોકલવામાં આવે છે.

कांचीवरम (૪૬,૦૦૦) એ શહેર મદ્રાસની નૈર્ઋત્યમાં દહેરાં માટે પ્રખ્યાત છે. આ શહેર ચોલ રાજ્યની રાજધાની હતું.

बल्लारी (૫૮,૦૦૦) શહેરમાં લશ્કર રહે છે. એની વાયવ્યમાં જુના વિજયનગર શહેરનાં ખંડેરો જોવામાં આવે છે.


तंजावर (૫૭,૦૦૦) શહેર તથા તેજ નામનો પ્રદેશ શિવાજીના ભાઈએ જીત્યો હતો. ઇ. સ. ૧૭૯૯માં લૉર્ડ વેલેસ્લીએ એ મુલક બ્રિટિશ રાજ્યમાં જોડી દીધો. ચૌલા રાજ્યની રાજધાની હતી.

नेगापट्टण (૫૭,૦૦૦) કાવેરીના મુખ પર બંદર છે. અહીંથી સિલોન ચોખા મોકલવામાં આવે છે.

मदुरा (૧,૩૮,૮૦૦) જુના કાળમાં બનેલાં મહાદેવનાં વિશાળ અને સુંદર દહેરાંને માટે પ્રખ્યાત છે. આગળ આ શહેર પાંડ્ય રાજ્યની રાજધાની હતું.

त्रिचीनापल्ली (૧,૧૯,૫૦૦)માં લશ્કરી છાવણી છે. બીડી (ચીરૂટ) અને જવાહીરના દાગીના માટે એ પ્રસિદ્ધ છે.

શ્રીરંગમ (૨૩,૦૦૦) કાવેરીના એક ટાપુ પર વિષ્ણુના વિશાળ સુંદર દહેરાને લીધે પ્રખ્યાત છે, અને રામાનુજ સંપ્રદાયવાળાની જાત્રાનું તે મુખ્ય સ્થાન છે.



શ્રીરંગમનું વિશાળ સુંદર દહેરૂં.

સાલેમ (૫૨,૨૦૦) શહેર આ નામના જિલ્લાનું મુખ્ય શહેર છે. સાલેમ જિલ્લો પોલાદકામને માટે પ્રખ્યાત છે. એની પાસેના શિવરઈ ડુંગર પર બુંદ થાય છે.

ઉતાકામંડ (૭,૦૦૦) નીલગિરિના ઉચ્ચ પ્રદેશ પર હવા ખાવાનું સ્થળ કોનુરના રેલવે સ્ટેશનથી ૧૨ માઇલ પર આવેલું છે. ઉનાળામાં મદ્રાસના ગવર્નર ત્યાં રહે છે, અને ત્યાં જવા માટે કોનુરના રેલવે સ્ટેશનથી ૧૨ માઇલ પાકી સડક છે.

કાલીકટ (૮૧,૯૦૦) મલબાર કિનારા પર મોટું બંદર છે. આ બંદરે વાસ્કો ડી ગામા પહેલો ઇ. સ. ૧૪૯૮માં ઉતર્યો હતો. આજ કિનારા પર **મેંગલુર** (૪૦,૦૦૦), **કાનાનુર** (૨૮,૦૦૦), અને **તેલીચેરી** (૨૮,૦૦૦), એ નાનાં બંદર છે.

मछलीपट्टण (૪૦,૦૦૦) બંદર કૃષ્ણા નદીના મુખ આગળ છે. મદ્રાસ સ્થાપ્યા અગાઉ આ જગા ઉપર અંગ્રેજોની કોઠી હતી.

विज्ञागापट्टण (૪૧,૦૦૦) ઉત્તર સરકારનું બંદર શીંગડાંની પેટીની બનાવટ માટે પ્રખ્યાત છે.

આ ઉપરાંત **अंबुर, आर्णी, वांदीवाश, आर्काट, पोलिलोर,** અને **पोर्तोनोवो** ઐતિહાસિક શહેરો* છે.

मद्रास इलाकाना तावानां देशी राज्यो.

त्रावणकोरનું હિંદુ દેશી રાજ્ય વિસ્તારમાં થાણા જિલ્લાથી બમણું છે, ને વસ્તી લગભગ તેનાથી પાંચગણી છે. પીપર અને એલચીની પેદાશને માટે આ રાજ્ય પ્રખ્યાત છે. વળી અહીં બુંદ પણ થાય છે.

त्रिवेंद्रं (૫૭,૮૦૦) રાજધાની અને **आलेपी** (૨૫,૦૦૦) બંદર છે.

कोचीनનું હિંદુ દેશી રાજ્ય ભરૂચ જિલ્લા જેવડું છે, પણ વસ્તી તેનાથી અઢીગણી છે. રાજધાની **अर्नेकोलम** (૨૨,૦૦૦).

पुदुकोट નામનું રાજ્ય તંજાવરની નૈર્ઋત્યમાં છે. તેની રાજધાની પુદુકોટ (૨૦,૦૦૦) છે.

बेटो.

रामेश्वर બેટ દક્ષિણમાં હિંદુઓનું જાત્રાનું મોટું ધામ છે.

लक्षद्वीप મલબાર કિનારાથી ૨૦૦ માઇલ પર પરવાળાંના ટાપુઓનો સમૂહ છે. એમાંના ઘણાખરા ટાપુ ઉજ્જડ છે, અને એની મુખ્ય પેદાશ નાળિએર છે.

कुर्ग.

મદ્રાસ ઇલાકાના પશ્ચિમ કિનારા પર સુરત જિલ્લાથી પણ સહજ નાનો એક જુદો બ્રિટિશ પ્રાંત છે, અને તેમાં ૧,૬૪,૦૦૦ માણસની વસ્તી છે. ઇ. સ. ૧૮૩૪માં આ નાનું રાજ્ય લોકોની વૃત્તિને અનુસરીને અંગ્રેજ સરકારે ખાલસા કર્યું હતું. એ મુલક ઘણોજ પહાડી છે. તેમાં બુંદ અને એલચી થાય છે. અહીં બુંદના ૧૯૭ બગીચા છે. મ્હૈસુરનો રેસિડંટ તેજ કુર્ગનો ચીફ કમિશનર છે. મુખ્ય શહેરો **मर्कारा** (૭,૦૦૦) દરીઆની સપાટીથી ૩,૮૦૦ ફુટ ઉચું ઉચ્ચ પ્રદેશ પર આવેલું છે.

* આ શહેરો શિક્ષકે ઇતિહાસમાં શા માટે પ્રખ્યાત છે, તે કહેવું.

અંદામાન અને નિકોબાર.

મદ્રાસ ઇલાકાની પૂર્વે આવેલા બંગાળી સમુદ્રના પૂર્વ ભાગમાં આ બંને ટાપુઓના સમૂહ આવેલા છે, અને તે એક ચીફ્ કમિશનરની દેખરેખ નીચે છે. આ ટાપુઓનું ક્ષેત્રફળ ૩,૧૪૦* ચો. મા. અને વસ્તી ૨૬,૮૦૦ છે.

અંદામાન ટાપુના **મોટો અંદામાન** અને **નાનો અંદામાન** એવા બે સમૂહ છે. ઇ. સ. ૧૮૫૮થી ત્યાં દેશનિકાલની સજા પામેલા કેદી રાખવામાં આવે છે મુખ્ય બંદર **પોર્ટબ્લેર**માં ઇ. સ. ૧૯૦૫માં ૧૪,૦૦૦ કેદી હતા. અહીં **લોર્ડ મેયો** નામના ગવર્નર જનરલને ઇ. સ. ૧૮૭૨માં કોઈ કેદીએ મારી નાખ્યા હતા. આ ટાપુની મુખ્ય પેદાશ સાગ છે.

નિકોબાર ટાપુ નાના અંદામાનની દક્ષિણે ૭૮ માઇલ પર આવેલા છે. એ ટાપુ પહેલાં ડેન્માર્કને તાબે હતા; પણ ઇ. સ ૧૮૬૯થી અંગ્રેજ સરકારને તાબે છે. એની મુખ્ય પેદાશ નાળિએર છે.

બ્રહ્મદેશ.

અંદામાનની પૂર્વે બ્રહ્મદેશ આવેલો છે તે હિન્દુસ્તાનના રાજ્યમાં મોટામાં મોટો પ્રાંત છે. એનું ક્ષેત્રફળ ૨,૩૭,૦૦૦ ચો. મા. એટલે મુંબઈ ઇલાકાથી સવાગણું છે, પણ ત્યાંની વસ્તી (૧,૩૨,૦૦,૦૦૦) મુંબઈ ઇલાકાની વસ્તીના અડધા ભાગથી પણ ઓછી છે. આ પ્રાંતની પૂર્વે **ચીન** અને **સિઆમ** આવેલા છે. "નૉન રેગ્યુલેશન"[૧] પ્રાંત ઇ. સ. ૧૮૬૨માં ચીફ્ કમિશનરની દેખરેખ નીચે મૂકવામાં આવ્યો હતો, પણ ઇ. સ. ૧૮૯૭થી એના ઉપરી અમલદાર તરીકે લેફ્ટેનન્ટ ગવર્નર નીમવામાં આવેલો છે, અને તે દરજ્જા પ્રમાણે તે અધિકાર ભોગવી રાજ્ય ચલાવે છે. ઉત્તરથી દક્ષિણ સુધી એની લંબાઈ[૨] ૧૩૦૦ માઇલ, અને પૂર્વથી પશ્ચિમ પહોળાઈ ૫૫૦ માઇલ છે. નવા એક્ટ (નવા સુધારાના કાયદા)ની રૂએ ઇ. સ. ૧૯૨૨થી ત્યાંનો રાજ્યકારભાર ગવર્નર અને કાઉન્સિલ ચલાવે છે.

* અમદાવાદ જિલ્લાથી પણ ક્ષેત્રફળમાં નાના છે.

૧. જુઓ પાનું ૯૫. ૨. શિક્ષકે હિંદુસ્તાનની લંબાઈ જોડે સરખાવવી, અને બીજા શહેરોનું અંતર લઈ લંબાઈનો ખ્યાલ આપવો.

આ પહાડી મુલકમાં ડુંગરોની હાર એક બીજીને સમાંતરે ઉત્તર-દક્ષિણ આવેલી છે. છેક પશ્ચિમની હાર **આરાકાનયોમા** અને તેની પૂર્વની હાર **પેગુયોમા** નામે ઓળખાય છે. પેગુયોમાના જળક્ષેપક પ્રદેશને લીધે ઇરાવદી અને સિતાંગ નદીઓનો પ્રદેશ જુદો પડે છે. આરાકાન અને ટિનાસરીમના કિનારા પરનો સાંકડો મુલક ફળદ્રુપ છે. **ઇરાવદી, સિતાંગ**, અને **સાલવીન**, એ ત્રણ મુખ્ય નદી છે, અને ત્રણે માર્તાબાનના અખાતમાં પડે છે. તેમાં ઇરાવદી સૌથી અગત્યની છે (જુઓ પાનું ૭૯). સિતાંગ નદી માંડલેના અગ્નિખુણાના ડુંગરમાંથી નીકળે છે. ભરતીની વખતે આ નદીમાં પાણી ઘણા જોશમાં જાય છે, તેથી એમાં વહાણો ફરી શકતાં નથી. સાલવીન નદીમાં પણ ખડકો તથા પાણીના ઝડપવાળા વહેણને લીધે વહાણો ફરી શકતાં નથી.

બ્રહ્મદેશનો ઘણો ભાગ* ઉષ્ણ કટિબંધમાં આવવાને લીધે ગરમ છે. કિનારા પર તથા આસામની નજીકના ભાગમાં વધારે વરસાદ પડવાથી હવા ભેજવાળી ને ગરમ છે. આ કારણને લીધે બ્રહ્મદેશમાં વનસ્પતિ પુષ્કળ થાય છે, અને તેથી સાગ અને બીજાં લાકડાંનો મોટો વેપાર ચાલે છે. સપાટ પ્રદેશમાં ખેતીથી થતો મુખ્ય પાક ડાંગર છે, અને હિન્દુસ્તાનમાં દુકાળ વખતે એ ચોખો ઘણો ખપ લાગે છે. ઉત્તર બ્રહ્મદેશમાં મકાઈ, જુવાર, કઠોળ, અને તલ થાય છે. જંગલમાં ગટાપર્ચાનાં ઝાડો, સાગ, એબની, બીજાં ઇમારતી લાકડાં, અને વાંસ થાય છે.

વસ્તીનો મોટો ભાગ મોંગોલિઅન જાતના બ્રહ્મી લોકોનો છે. મદ્રાસ, બંગાળા, અને ચીન તરફથી પણ ઘણા લોકો આવી વેપારને અર્થે અહીં રહે છે, અને દેશનો લગભગ બધો વેપાર આ પરદેશી લોકોનાજ હાથમાં છે. બ્રહ્મી લોકો ઘંટ બનાવવાના તથા રસવાના કામમાં ઘણા હોશિયાર છે. બ્રહ્મદેશમાં સિગાર† બનાવવાનો અને રેશમી કાપડ વણવાનો, એ બે મોટા હુન્નરો છે.

લાકડું કોતરવાનું કામ એ લોકો સારૂં કરી શકે છે. ડાંગર તથા ઇમારતી લાકડાંની વધારે પેદાશ હોવાને લીધે ઠામ ઠામ ડાંગરની અને લાકડાં વહેરવાની મિલો નજરે પડે છે. ખેતી અને વનસ્પતિ વગેરેની ઉપલી પેદાશોને લીધે ચોખા, ઇમારતી લાકડાં, જુદી જુદી જાતના ગુંદર, રૂ, ચામડાં, અને કેરોસીન તેલ મુખ્ય નિકાસ છે.

---

* જુઓ પ્રાકૃતિક ભૂગોળ.

† વિલાયતી બીડીઓ.

માંડલેની ઉત્તરના ડુંગરમાં માણેકની ખાણો છે, પણ હાલ તેમાંથી બહુ માણેક જડતાં નથી. ઇરાવદી પાસેના પ્રદેશમાંથી અંબર ખોદી કાઢવામાં આવે છે. વળી એજ નદીની ખીણમાંથી **કેરોસીન** તેલ નીકળે છે. કોલસા, ઇરાવદીને મળનારી ચ્વેનદનની ખીણમાંથી, સફેદ આરસ માંડલેની નજીકમાંથી, અને કલાઈ ટિનાસરીમમાંથી નીકળે છે.

इतिहासः—ઇ સ. ૧૮૨૬માં બ્રહ્મી વિગ્રહને અંતે આરાકાન અને ટિનાસરીમ પ્રાંતો અંગ્રેજ સરકારને મળ્યા હતા. ઇ. સ. ૧૮૫૨માં બીજો વિગ્રહ ચાલ્યો તે વખતે પેગુ પ્રાંત ખાલસા કરવામાં આવ્યો, અને ત્યારથી એ ત્રણે પ્રાંતો બ્રિટિશ બ્રહ્મદેશને નામે ઓળખાવા લાગ્યા. ઇ. સ. ૧૮૮૬માં ત્રીજા બ્રહ્મી વિગ્રહને અંતે સ્વતંત્ર બ્રહ્મદેશ અને શાન સંસ્થાનો બ્રિટિશ મુલકમાં જોડી દેવામાં આવ્યાં છે.

मुख्य शहेरोः—

रंगुन (૩,૩૯,૦૦૦) બ્રહ્મદેશનું મુખ્ય શહેર રંગુન નદી પર દરીઆથી **૨૧** માઇલ પર આવેલું છે. હિંદુસ્તાનમાં આ બંદર ત્રીજે નંબરે છે. આ બંદરેથી ચોખા અને સાગ પુષ્કળ ચઢે છે. શહેરમાં અડધી વસ્તી બ્રહ્મી લોકની છે, અને બાકીના લોક જૈન, હિંદુ, શીખ, અને પારસી છે.

मांडले (૧,૪૭,૦૦૦) ઇ. સ. ૧૮૮૭ સુધી બ્રહ્મદેશના રાજાની રાજધાની હતું. એ શહેર ઇરાવદીના ડાબા કિનારા પર રંગુનથી ૩૮૬ માઇલના અંતરે આવેલું છે.

आकिआब (૩૮,૦૦૦) આરાકાનનું અને **मुल्मैन** (૫૮,૦૦૦) ટિનાસરીમનું મુખ્ય શહેર છે. પાછલા શહેરના નામ પરથી ત્યાંનું સાગ મોલમીન કહેવાય છે.

बासीन (૩૧,૦૦૦) શહેર બાસીન નદીની બંને બાજુ પર દરીઆથી ૮૦ માઇલ પર આવેલું છે. અહીં સુધી મોટી આગબોટો આવી શકે છે.

प्रोम (૩૦,૦૦૦) ઇરાવદીને ડાબે કિનારે આવેલું શહેર છે. રંગુનથી અહીં સુધી રેલવે છે.

अमरपुरा અને **आवा** જુની રાજધાનીનાં ખંડેરો છે.

भामो માંડલેની ઉત્તરે ૨૦૦ માઇલ પર ચીન સાથેના વેપારનું મુખ્ય શહેર છે.

આસામ.

બ્રહ્મદેશની પશ્ચિમમાં આવેલો પ્રાંત **આસામ** નામે ઓળખાય છે. ઇ. સ. ૧૮૭૪માં બંગાળાનો કેટલોક ભાગ લઈ આસામનો નવો પ્રાંત રચવામાં આવ્યો હતો. ત્યારપછી સને ૧૯૦૫માં બંગાળાના પંદર જિલ્લા આસામમાં ઉમેરી પૂર્વ બંગાળા અને આસામનો પ્રાંત બનાવવામાં આવ્યો હતો, અને સને ૧૯૧૧માં નામદાર શહેનશાહે દિલ્હીમાં દરબાર ભર્યો ત્યારે આસામને પૂર્વ બંગાળથી જુદો પાડી ચીફ કમિશનરની દેખરેખ નીચે મૂકયાનું જાહેર કર્યું હતું. ઇ. સ. ૧૯૧૯ના નવા સુધારાની રૂએ હાલ ત્યાંનો રાજ્યકારભાર ગવર્નર અને કાઉન્સિલ ચલાવે છે. એનું ક્ષેત્રફળ ૫૬,૦૦૦ ચો. મા. એટલે એકલા બહાર પ્રાંતથી લગભગ સત્તાગણું છે, અને વસ્તી લગભગ ૮૦ લાખની છે

ઉત્તરમાં લાંબી સાંકડી પટી બ્રહ્મપુત્રા નદીનો પ્રદેશ સપાટ **છે.** માર્ચથી મે મહીના સુધી આ ભાગમાં અતિશય વરસાદ પડે છે. આ ભાગમાં માત્ર બેજ ઋતુઓ છેઃ–શિઆળો અને ચોમાસું. પુષ્કળ વરસાદને લીધે આ પ્રાંતની હવા ભેજવાળી છે. ચેરાપુંજીમાં આખા હિંદુસ્તાનમાં સૌથી વધારે વરસાદ પડે છે. આ ભાગની હવા ચાના છોડને ઘણી માફક આવે છે, તેથી આસામમાં ચાના ઘણા (૬૦૯) બગીચા છે. હિન્દુસ્તાનમાં જેટલી ચા ઉત્પન્ન થાય છે, તેનો પોણો ભાગ તો આસામમાંજ થાય છે. કિનારા પરનાં ગામોની હવા કલકત્તાને મળતી આવે છે. ભેજવાળી અને ગરમ હવાને લીધે આસામના ડુંગરો પર મોટાં જંગલો છે, અને તેમાં સાલ અને ઇંડિઆ રબરનાં ઝાડ પુષ્કળ છે. આ ભાગની મુખ્ય પેદાસ ચા છે. એ ઉપરાંત ચોખા, શણ, તેલી બીઆં, શેરડી, અને તમાકુ ઉત્પન્ન થાય છે. ખાસીઆ ડુંગરમાંથી કોયલા અને સીલહટ્ટમાંથી ચુનાના પત્થર નીકળે છે. વળી આ ભાગમાંથી કેરોસીન તેલ પણ નીકળે છે. ડુંગરોમાં રેશમની પણ પેદાશ છે.

આસામ ઇ. સ. ૧૮૨૬માં બ્રહ્મી લોકો પાસેથી પહેલા બ્રહ્મી વિગ્રહને અંતે અંગ્રેજ સરકારને મળ્યો હતો.

મુખ્ય શહેરોઃ—

સીલહટ્ટ (૧૪,૦૦૦) સુરમા નદી પર નારંગીને માટે પ્રખ્યાત **છે.**

काचार ચાના બગીચા માટે પ્રખ્યાત છે.

गौहत्ती (૧૨,૦૦૦) આસામ પ્રાંતનું મુખ્ય શહેર છે.

सीलॉंग ખાસીઆ ડુંગર પર ગવર્નરનું રહેવાનું સ્થળ છે. એ દરીઆથી ૫૦૦ ફુટ ઉંચું છે.

देशी राज्योः—

આ પ્રાંતમાં **मणिपुर**નું પહાડી હિન્દુ રાજ્ય છે, અને તે સુરત જિલ્લાથી બેવડું મોટું છે. આ રાજ્યની મુખ્ય નિકાસ ટટ્ટુ, રેશમ, મીણ, ચા, હાથીદાંત, અને ઇંડિયા રબર છે. અહીંના પહાડોમાં બ્રહ્મદેશની માફક હાથી વસે છે.

बंगाळा इलाका.

આસામની પશ્ચિમે **बंगाळा** ઇલાકો આવેલો છે. ઇ. સ. ૧૯૦૫માં આ પ્રાંતના પદર જિલ્લા લઈ આસામમાં ઉમેરી તેનો પૂર્વ બંગાળા અને આસામ પ્રાંત બનાવવામાં આવ્યો હતો, પણ ઇ. સ. ૧૯૧૧થી તે પંદર જિલ્લા પાછા બંગાળામાં ઉમેરી તેનો બંગાળા ઇલાકો બનાવ્યો, અને તેને ગવર્નરની દેખરેખ નીચે મૂકયો. આ ઇલાકાનું ક્ષેત્રફળ મુંબઈ ઇલાકાથી અડધું છે, પણ વસ્તી મુંબઈ ઇલાકાથી લગભગ દોઢગણી છે.

બંગાળાનો ઘણો ભાગ કાંપનો સપાટ પ્રદેશ છે, અને દરીઆની સપાટીથી આ પ્રદેશની ઉંચાઈ ઘણી થોડી છે. આ ઇલાકામાં થઈને વહેનારી નદીઓમાં **गंगा**, **ब्रह्मपुत्रा**, અને **तिस्ता**, એ મુખ્ય છે. તિસ્તા સિકીમમાંથી નીકળી બ્રહ્મપુત્રાને મળે છે. જુના વખતમાં એ ગંગાને મળતી હતી. ગંગા નદીનો એક ફાંટો ભાગીરથી જ્યાં આગળથી ગંગામાંથી છુટો પડે છે, ત્યાં આગળથી ગંગા નદીનો ત્રિકોણપ્રદેશ શરૂ થાય છે. ભાગીરથી દક્ષિણમાં હુગલી કહેવાય છે, અને તે પર કલકત્તા શહેર આવેલું છે. દામોદરા, રૂપનારાયણ, અને કુશી, એ નદીઓ છોટાનાગપુરના ડુંગરમાંથી નીકળી હુગલીને મળે છે. આ દેશ બંગાળાના અખાતની ઉત્તરે કિનારા પર આવવાથી તેની હવા ભેજવાળી છે, અને એમાં વરસાદ વધારે પડે છે. ખેતીની પેદાશમાં ડાંગર મુખ્ય છે. તે ઉપરાંત ઘઉં, જવ, મકાઈ, તેલી બીઆં, અને શણ થાય છે, તથા દાર્જિલિંગમાં ચા થાય છે. અહીં ચાના ૨૪૦ બગીચા છે. જેમ મુંબઈ

ઇલાકામાં રૂનો પાક મુખ્ય છે, તેમ આ બાજુએ શણનો પાક મુખ્ય છે. સિકીમના ડુંગરમાંથી સ્લેટના પત્થર, લોઢું, અને તાંબું જડે છે, ને રાણીગંજ પાસેના ડુંગરમાંથી પુષ્કળ કોયલા નીકળે છે.

આખા હિંદુસ્તાનમાં ઘાડી વસ્તીવાળો અને ફળદ્રુપ ભાગ બંગાળા છે. આ ઇલાકામાં બંગાળી, અને ડુંગરોમાં અનાર્ય ભાષા બોલાય છે. શણની પેદાશ ઘણી હોવાને લીધે અહીં શણની મિલો ઘણી છે. આ ઇલાકાની મુખ્ય નિકાસ ચોખા, શણ, તેલી બીઆં, ચામડાં, ચા, રેશમ, અને કોયલા છે. કૃત્રિમ ગળીની શોધને લીધે કુદરતી ગળીનો વેપાર મંદ પડતો ગયો છે. રેશમના કીડા એ બાજુએ ઉછેરવામાં આવે છે, તેથી રેશમનો વેપાર આ ઇલાકામાં ચાલે છે.

બંગાળા ને બહારની દિવાનીનો હક ઇ. સ. ૧૭૬૫માં કંપનિ સરકારે મોગલ બાદશાહ શાહઆલમને આપ્યો હતો.

મુખ્ય શહેરો:—

કલકત્તા (૧૨,૬૩,૦૦૦) શહેર ઇલાકાની રાજધાની હુગલી નદી પર ડાબે કિનારે દરીઆથી ૮૬ માઇલને અંતરે આવેલું છે. એને "મહેલોનું શહેર" પણ કહે છે. હુગલીના જમણા કિનારા પર આવેલું **હૌરા** પણ કલકત્તાનો ભાગ ગણાય છે. બ્રિટિશ સામ્રાજ્યમાં વસ્તીમાં* લંડન પહેલું અને કલકત્તા બીજું શહેર છે. ઇ. સ. ૧૬૮૭માં અગ્રેજ લોકોએ જ્યારે પોતાનું સંસ્થાન અહીં સ્થાપ્યું ત્યારે મુંબઇની માફક એ નાનું ગામડું હતું. આ શહેર હાલ જળમાર્ગથી તેમજ રેલવેથી હિન્દુસ્તાનના જુદા જુદા ભાગ જોડે જોડાએલું છે, અને મોટા વપારનું સ્થળ થઇ પડયું છે. મુંબઇમાં જ્યારે સુતરાઉ કાપડ ને સુતરની મિલો છે, ત્યારે અહીં શણની મિલો છે. આ બંદરેથી શણ, ચા, ચામડાં, અફીણ, ચોખા, તેલી બીઆં, ગળી, અને લાખ પરદેશ જાય છે. **અલીપોર** કલકત્તાનો એક ભાગ ફોર્ટ વિલિઅમના કિલ્લાથી ચાર માઇલ દક્ષિણે આવેલો છે.

ઢાકા (૧,૧૭,૦૦૦) બ્રહ્મપુત્રાના એક ફાંટા ઉપર આવેલું શહેર છે. ઢાકાની મલમલ વખણાય છે. મુસલમાન નવાબોની રાજધાનીનું શહેર હતું. અહીં જુદું વિશ્વવિદ્યાલય છે.

---

* લંડનની વસ્તી (૭૦,૦૦,૦૦૦) છે.

बरीसल બાકરગંજ જિલ્લામાં મુખ્ય શહેર છે. આ જિલ્લામાં મુખ્ય પાક ડાંગર છે.

चितेगांव (૨૨,૦૦૦) કરનાફુલી નદીના મુખથી ૧૨ માઇલ પર બંદર છે. ચોખા અને સાગ આ બંદરની મુખ્ય નિકાસ છે.

सीरजगंज (૨૩,૦૦૦) શણના વેપારને માટે પ્રખ્યાત છે.

माल्दाની પાડોશમાં બંગાળાની જુની રાજધાની ગૌડનાં ખંડેર છે.

बराकपोर કલકત્તાની ઉત્તરે ૧૫ માઇલ પર હુગલી નદી પર લશ્કરની છાવણીનું સ્થળ છે.

नदया જુના વખતમાં સસ્કૃત પાઠશાળાને માટે પ્રખ્યાત હતું. ઇ. સ. ૧૨૦૩માં મુસલમાનોએ બંગાળા જીત્યો ત્યાંસુધી એ બંગાળાની રાજધાની હતું.

प्लासी કલકત્તાની ઉત્તરે ભાગીરથી નદી પર ગામડું છે. અહીં લૉર્ડ કલાઇવે મોટી જીત મેળવી બંગાળાનો કબજો ઇ. સ. ૧૭૫૭માં લીધો હતો.

मुर्शिदाबाद (૨૯,૦૦૦) ભાગીરથી નદી પર મુસલમાનોની છેલ્લી રાજધાનીનુ નગર હતું. એ શહેર રેશમ અને ગળીના વેપારને માટે પ્રખ્યાત છે.

हुगली કલકત્તાની ઉત્તરે ૨૪ માઇલ પર આવેલું છે. આ ગામ બંગાળામાં અગ્રેજોની કોઠીનું પહેલું સ્થાન હતું (ઇ. સ. ૧૬૪૦).

दार्जिलिंग છેક ઉત્તરમાં સિકીમ પાસે હવા ખાવાનું સ્થાન છે, અને એ એક વખતે સિકીમનાં દેશી રાજ્યોનો ભાગ હતો. આ શહેર સમુદ્રની સપાટીથી ૭,૦૦૦ ફૂટ ઉંચું છે, અને કલકત્તાથી દાર્જિલિંગ સુધી રેલવે છે. એની આજુબાજુ આવેલા ડુંગરોના ઢાળ પર પુષ્કળ ચા થાય છે.

चिन्सुरा હુગલી પાસે વલંદા લોકોને, અને **श्रीरामपुर** ડેન લોકોને તાબે હતાં.

चन्द्रनगर ચિન્સુરાની દક્ષિણે હજુ ફ્રેચ સરકારને તાબે છે.

राणीगंज બરદાન જિલ્લામાં છે. અહીં લગભગ ૨૦૨ કોયલાની ખાણો છે, અને ૪૬,૦૦૦ માણસ કોયલા ખોદવા રોકાયલા રહે છે.

देशी राज्यो.

ઉત્તરમાં **कुचबिहार**નું નાનું હિન્દુ રાજ્ય ભરૂચ જિલ્લાથી પણ નાનું છે. કોચ નામના લોકોએ આ રાજ્ય જીતી તેનું નામ કુચબિહાર રાખ્યું છે. એની નિકાસ શણ, તમાકુ, ને સાગ છે.

ટીપેરાનું રાજ્ય મણિપુર કરતાં સહજ મોટું છે. **એની** મુખ્ય નિકાસ રૂ, સાગ, તલ, વાંસ, અને નેતર છે.

बहार अने ओरीसा.

આ પ્રાંત બંગાળાની પશ્ચિમે આવેલો છે. સને ૧૯૧૧માં બહાર, છોટાનાગપુર, અને ઓરીસા, એ ત્રણને બંગાળાથી છુટા પાડી તેનો નવો પ્રાંત બનાવ્યો, ત્યાંસુધી એ બંગાળાનો પેટાભાગ ગણાતો હતો. ઇ. સ. ૧૯૧૯ના નવા સુધારાની રૂએ હાલ ત્યાંનો રાજ્યકારભાર ગવર્નર અને કાઉન્સિલ ચલાવે છે. અહીંના પહેલા ગવર્નર દેશી હતા. આ પ્રાંતમાં બહાર એ સપાટ ફળદ્રુપ પ્રદેશ છે. ઓરીસા અને છોટાનાગપુર ડુંગરાવાળા ખનીજનો પ્રદેશ છે, પણ તેમાં કોઈ શિખર ૫,૦૦૦ ફુટથી વધારે ઉંચું નથી. બહારના દક્ષિણ ભાગમાં રાજમહાલ ડુંગર ૨,૦૦૦ ફુટ ઉંચા છે, અને સતાલ નામના અનાર્ય લોક તેમાં રહે છે. મુખ્ય નદી **गंगा** છે, અને તેને ઉત્તરમાંથી **गंडकी** અને દક્ષિણમાંથી **शोण** નદી મળે છે. ઓરીસાની નદીઓનો ત્રિકોણપ્રદેશ જુદોજ છે. એ તરફની નદીઓમાં સૌથી મોટી નદી **महानदी** છે. એ ઉપરાંત **ब्राह्मणी** અને **वैतरणी** નામની બીજી બે નદી છોટાનાગપુરના ડુંગરમાંથી નીકળી બંગાળી ઉપસાગરને મળે છે. આ પ્રાંતનું ક્ષેત્રફળ ૧,૧૨,૦૦૦ ચો. મા. છે, અને વસ્તી ૩,૮૦,૦૦,૦૦૦ છે *

બહારમાં ઉનાળામાં ગરમી અને શિઆળામાં ઠંડી વિશેષ હોય છે, અને બંગાળા કરતાં ત્યાં હવા વધારે સુકી છે, તથા વરસાદ પણ ઓછો પડે છે. ઓરીસામાં બીજા ભાગો કરતાં શિઆળામાં ઉષ્ણતામાન વધારે હોય છે. ખેતીની પેદાશમાં ઘઉ, બાજરી, ચોખા, ગળી, અને અફીણ મુખ્ય છે. આ પ્રાંતમાં પણ છોટાનાગપુરના ડુંગરમાંથી તથા બહાર પ્રાંતની દક્ષિણ સરહદ પર આવેલા રાજમહાલ ડુંગરમાંથી પુષ્કળ કોયલા નીકળે છે. અહીં ઝાડો પર પુષ્કળ લાખ ઉત્પન્ન કરવામાં આવે છે. દુનિયાની લાખના જથ્થાનો ઘણો ભાગ અહીં ઉત્પન્ન થાય છે. બહારમાં સુરોખાર ને છોટાનાગપુરમાં અબરખ મળી આવે છે. ચિલ્કા સરોવરને તીરે તથા ઓરીસાને

* શિક્ષકે આ ક્ષેત્રફળ ને વસ્તી મુંબઈ ઇલાકાના ક્ષેત્રફળ અને વસ્તી સાથે સરખાવવાં.

दरीआ कांठे मीठुं पकववामां आवे छे. बहारमां हिंदी, ओरीसामां उर्य, ने डुंगरोमां अनार्य भाषा बोलाय छे.

इ. स. १८०३मां ओरीसा मरेठा पासेथी अंग्रेज लोकोए जीती लीधो हतो.

बहार.

बंगाळानो वायव्य भाग बहार नामे ओळखाय छे, अने ए नाम विहार=मठ उपरथी पड्युं छे. आ नाम बतावी आपे छे के एक वखते अहीं बौद्ध धर्म घणो फेलाएलो होवो जोईए. प्राचीन इतिहासमां जे मगधनुं राज्य लखेलुं छे ते आ बहार प्रांत छे.

मुख्य शहेरोः—

पटणा (१,२०,०००) शहेर शोण, गोग्रा, अने गंडकी नदीना संगम पर आवेलुं छे, अने वेपारनुं मोटुं मथक छे. मगधनी राजधानी पाटलिपुत्र ते आ शहेर छे. अहीं विश्वविद्यालय छे.

गया (६७,०००) जात्रानुं धाम पटणानी दक्षिणे ६३ माइल पर आवेलुं छे, अने रेलवेने रस्ते त्यां जवाय छे. त्यां बौद्ध धर्मना देवालयोनां घणां खंडेरो जोवामां आवे छे. अहीं पीपळाना एक झाड नीचे श्री गौतमबुद्धने ज्ञान थयुं हतुं.

भागलपुर (६८,०००) शहेर आगळ गंगा नदीनो पट ७. माइल पहोळो छे.

मोंगीर (४६,०००) भागलपुरनी पश्चिमे आवेलुं छे, अने तेमां बंदुक, पिस्तोल, वगेरे बने छे.

बक्सर* ऐतिहासिक शहेर छे.

तीरहत जुना वखतनुं मिथिला नगर छे एम कहेवाय छे.

ओरीसा उर्फे ओढीआ.

आ प्रांतना रहेवासीओ ओड्रास नामना लोक छे, ते उपरथी प्रदेशनुं नाम ओड्रासा, ओरीसा, ओढीआ पड्युं छे.

* आ शहेर शा माटे इतिहासमां प्रख्यात छे ते शिक्षके कहेवुं.

મુખ્ય શહેરો:—

કટક (૫૨,૦૦૦) ઓરીસાનું મુખ્ય શહેર મહાનદી પર તેમજ કલકત્તેથી મદ્રાસ જવાની રેલવે પર આવેલું છે.

પુરી (૩૯,૦૦૦) હિંદુસ્તાનના પૂર્વ કિનારા પર કટકની દક્ષિણે ૫૩ માઇલ પર શ્રી જગન્નાથજીની જાત્રાને માટે પ્રખ્યાત છે.

છોટાનાગપુર.

બહાર અને મધ્ય પ્રાંતો વચ્ચેનો ડુંગરવાળો પ્રદેશ છોટાનાગપુર નામે ઓળખાય છે. અહીંથી પુષ્કળ કોયલા નીકળે છે. આ પ્રદેશમાં આવેલું પારસનાથ નામનું શિખર (૪,૫૦૦ ફુટ ઉંચું) જૈન લોકોનું જાત્રાનું ધામ છે. આ ભાગમાં મોટામાં મોટું શહેર **રાંચી** (૩૨,૦૦૦) છે. ટાટાનું પ્રસિદ્ધ, જંગી લોઢાનું કારખાનું આ પ્રદેશના **સાકચી** ગામ આગળ જમશેદપુરમાં આવેલું છે.

દેશી રાજ્યો.

છોટાનાગપુર અને ઓરીસામાં ઘણાં નાનાં દેશી રાજ્યો આવેલાં છે. **સિકીમ** નામનું મોટું દેશી રાજ્ય નેપાળ અને ભુતાનની વચ્ચે આવેલું છે, અને તે ભરૂચ જિલ્લાથી બમણું મોટું છે. એ પહાડી મુલક છે, તેથી રાજ્યમા વસ્તી માત્ર ૮૮,૦૦૦ છે. એની મુખ્ય નિકાસ ટટ્ટુ, મેઢાં, જંગલની નીપજ, એલચી, અને તેલી બીઆં છે. આ રાજ્યના પહાડોના ઉંચા ઘાટોમાં થઈને તિબેટ જવાય છે.

આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતો.

બંગાળાની પશ્ચિમે આ પ્રાંતો આવેલા છે. ઇ. સ. ૧૯૦૧માં પંજાબની સરહદ પર નવો વાયવ્ય પ્રાંત કાઢયો ત્યાંસુધી એ વાયવ્ય પ્રાંતો નામે ઓળખાતા. ઇ. સ. ૧૮૭૭માં આગ્રા અને અયોધ્યા પ્રાંતને માટે એક લેફ્ટેનન્ટ ગવર્નરની નીમણુક કરવામાં આવી, ત્યાંસુધી આ બે પ્રાંતોની વ્યવસ્થા જુદી હતી. ઇ. સ. ૧૯૧૯ના નવા સુધારાની રૂએ હાલ ત્યાંનો રાજ્યકારભાર ગવર્નર અને કાઉન્સિલ ચલાવે છે.

આ બંને પ્રાંતો કાંપનાં વિશાળ મેદાન, અને તેમનો ઢોળાવ અગ્નિખુણા તરફનો છે. આ બંને પ્રાંતોની ઉત્તર સરહદ પર તેરાઈ જંગલ છે. તે

તેમને હિમાલયથી જુદા પાડે છે. આ પ્રાંતમાં **ગંગા, જમના, ગોગ્રા, અને ગોમતી** નદીઓ છે. તેમાં ગંગા અને જમના મોટી નદીઓ છે, અને તેનાં વર્ણન હિન્દુસ્તાનની સામાન્ય ભૂગોળમાં આપેલાં છે. ગંગા નદીના મૂળ આગળ હિમાલયની તળેટી પાસે **હરદ્વાર**, અને પહાડ ઉપર **બદરીનાથ,** અને **કેદારનાથ**, તથા તેની પેલી મેર **ગંગોત્રી**, એ હિંદુ લોકોનાં જાત્રાનાં ધામ છે. પંજાબ અને સંયુક્ત પ્રાંતોની વચ્ચે સરહદ પર આવેલી જમના નદી **જમ્નોત્રી**માંથી નીકળી અલાહાબાદ આગળ ગંગાને મળે છે.

આ પ્રાંતની હવા બંગાળા જેટલી ભેજવાળી નથી, અને બંગાળા કરતાં શિઆળામાં અહીં ઠંડી વધારે પડે છે. આગ્રામાં ઉનાળામાં વધારે તાપ, અને શિઆળામાં વધારે ઠંડી રહે છે. આગ્રા અને મથુરા તરફ વરસાદ ૩૬ ઇંચ પડે છે, એટલે લગભગ સુરત જેટલો પડે છે. આ પ્રદેશ ગંગાનું વિશાળ મેદાન છે, તેથી ફળદ્રુપ છે. જે ભાગમાં પાણીની તાણ છે તે ભાગમાં ગંગા અને જમનામાંથી નહેરો ખોદી ખેતીવાડીને પાણી પુરૂં પાડવામાં આવે છે. આ ભાગમાં ખેતીની મુખ્ય પેદાશ ઘઉં છે. તે ઉપરાંત ડાંગર, કઠોળ, તમાકુ, જુવાર, ગળી, રૂ, શેરડી, અફીણ, અને તેલી બીઆં થાય છે. પ્રાંતના દક્ષિણ ભાગમાં રૂ, શિવાલિકની ખીણ અને હિમાલયના દક્ષિણ ભાગમાં ચા, અને નિચાણના પ્રદેશમાં ડાંગર થાય છે. સુરોખાર જમીન પરથી કેટલીક જગાએ જથાબંધ એકઠો કરવામાં આવે છે.

આ પ્રાંતનું ક્ષેત્રફળ મુમ્બઈ ઇલાકાના ક્ષેત્રફળથી લગભગ અડધું **છે,** પણ વસ્તી મુંબઈ ઇલાકાથી આસરે દોઢી છે. આ ધાડી વસ્તીના મુલકમાં ૮૫ ટકા હિંદુ અને ૧૪ ટકા મુસલમાન છે. આ ભાગના લોકોની મુખ્ય ભાષા હિંદી અને બિહારી છે. આ ભાગમાં એક લાખ કરતાં વધારે વસ્તીવાળાં સાત શહેર છે. હિંદુસ્તાનના કોઈ બીજા પ્રાંતમાં મોટાં શહેરની એટલી સંખ્યા નથી. ઉદ્યોગમાં કાનપુરમાં સુતરાઉ અને ગરમ કાપડની મિલો છે. એ ઉપરાંત ત્યાં ચામડાની બનાવટનાં કારખાનાં પણ છે. બનારસમાં પિત્તળનાં વાસણ અને કસબનું કામ સારૂં બને છે.

ઇ. સ. ૧૮૦૧માં દોઆબ* અને રોહીલખંડનો ભાગ સહાયકારી

*દોઆબ એટલે બે નદી વચ્ચેનો પ્રદેશ, દો=બે, અને આબ=પાણી. ગંગા અને જમના વચ્ચેનો પ્રદેશ.

लश्करने पेटे अयोध्याना नवाबे लॉर्ड वेलेस्लीने आप्या हता. सीरजी+ अंजे गामना कोलकरार प्रमाणे अंग्रेज सरकारने दिल्ही अने आग्रा प्रांत इ. स. १८०३मां मळ्या हता. इ. स. १८५६मां अयोध्याना नवाबनी खराब वर्तणुकने लीधे अयोध्या खालसा करवामां आव्युं हतुं.

आग्रा प्रांत.

इ. स. १८३३मां आ प्रदेशने बंगाळामांथी छुटो पाडी एनुं नाम वायव्य प्रांत राख्युं हतुं, कारण के ते वखते आनी अगाडी कोई पण मुलक अंग्रेज सरकारना ताबे नहोतो.

मुख्य शहेरो:—

अलाहाबाद (१,५६,०००) प्रांतनुं मुख्य शहेर लखनौ, बनारस, अने कानपुर करतां पण नानुं छे. आ शहेर गंगा अने जमनाना संगम उपर आवेलुं छे, अने अकबर पादशाहे किल्लो बांधी एनुं असल नाम प्रयाग बदली अलाहाबाद राख्युं हतुं. अहीं ज्यारे कुंभनो मेळो भराय छे त्यारे दसपंदर लाख माणस भेगां थाय छे. (गुरु कुंभ राशिमां जाय छे त्यारे कुंभ मेळो थाय छे.

बनारस (वाराणसी)–काशी (२,००,०००) गंगाना डाबा किनारा पर हिंदुओनुं जात्रानुं घणुं मोटुं धाम छे. नदी पर मोटा घाटो बांधेला छे, अने त्यां हजारो जात्राळु दर रोज नाहता जोवामां आवे छे. ए शहेरमां हिंदुओनां एटलां बधां देहरां छे के दरेक शेरीए एकाद मोटुं देहरुं नजरे पड्या वगर रहेतुं नथी. मस्जीदो पण त्यां घणी छे, अने केटलीक जोवा लायक छे. संस्कृत विद्याना अभ्यासनुं मुख्य स्थळ हजु काशी छे.


कानपुर (२,१३,०००) गंगाना जमणा किनारा पर लखनौनी नैर्ऋत्ये ४६ माइल पर आवेलुं छे. आ शहेर अनाजना वेपार, सुतराउ तथा गरम कापड, तथा चामडाना सामान माटे प्रख्यात छे. अहीं लश्करनी छावणी पण छे. आ शहेरमां इ. स. १८५७ना बळवा वखते नानासाहेबे अंग्रेजोनी कतल करी हती.

गाजीपुर (३९,०००) बनारसनी पूर्वे गुलाबजळ तथा अफीणना वेपार माटे प्रख्यात छे.

+ शिक्षके आ कोलकरार कोनी वच्चे अने कया विग्रहने अंते थया हता ते कहेवुं.

ઝાંસી (૭૦,૦૦૦) મોટું રેલવે જંક્શન છે. ઇ. સ. ૧૮૮૫માં ગ્વાલીઅરનો કિલ્લો આપી અંગ્રેજ સરકારે સિંધીઆ સરકાર પાસેથી ઝાંસી લીધું હતું.

આગ્રા ૧,૮૫,૦૦૦) જમના નદીના દક્ષિણ કિનારા પર છે. તે અકબર અને શાહજહાંના વખતમાં હિન્દુસ્તાનની રાજધાનીનું નગર હતું. આગ્રામાં જેવા લાયક જુનાં મકાને ઘણાં છે; અને તેમાં સૌથી ઉત્તમ શાહજહાંને બંધાવેલો તાજમહાલ છે. એ રોજાનું કામ તદ્દન આરસનું છે, અને આજે પણ જાણે હમણાંનો બંધાવેલો હોય એમ લાગે છે. બળવા પહેલાં પ્રાંતનું મુખ્ય શહેર આ હતું.



તાજમહાલ.

કનોજ પ્રાચીન કાળમાં મોટું શહેર હતું.

મથુરા (૫૮,૦૦૦) આગ્રાની વાયવ્યમાં શ્રી કૃષ્ણ ભગવાનની જન્મભૂમિને માટે પવિત્ર ગણાય છે. મથુરા પાસે આવેલું **વૃંદાવન** (વૃંદાવન=તુળસીનું વન) (૨૩,૦૦૦) શ્રી કૃષ્ણે બચપણમાં કરેલા વિહાર માટે ઘણીજ પવિત્ર જગા ગણાય છે.

મીરત (૧,૨૨,૦૦૦) ગંગા અને જમના વચ્ચે મોટું લશ્કરી છાવણીનું સ્થળ છે.

अलीगढ (૬૪,૦૦૦) આગ્રાની ઉત્તરે મુસલમાની મોટી કૉલેજ માટે, **सहारणपुर** (૬૬,૦૦૦) વનસ્પતિ–વ્યવસ્થા–દર્શક બગીચા માટે, તેમજ હરદ્વાર પાસે આવેલું **रुरकी** મોટામાં મોટી ઍન્જિનીઅરિંગ કૉલેજ માટે પ્રખ્યાત છે.

देहरादुन (૨૮,૦૦૦) નામના હવા ખાવાના ઉંચા સ્થળમાં જંગલખાતાની કૉલેજ તથા ચાના બગીચા છે.

नैनिताल કમાઉન પ્રાંતમાં દરીઆની સપાટીથી ૬,૫૦૦ ફુટ ઉંચું એક સુંદર સરોવર પર આવેલું છે. ઉનાળામાં આ પ્રાંતના લેફ્ટેનન્ટ ગવર્નર અહીં રહે છે.

बरेली (૧,૨૭,૦૦૦) રોહીલખંડમાં મોટું શહેર છે. અફઘાનોની રોહીલા નામની જાતે એ ભાગ જીતી લઈ તેમાં વાસ કર્યો હતો, તેથી તે રોહીલખંડ નામે ઓળખાય છે.

अयोध्या.

ઇ. સ.ની ૧૨મી સદીની આખરમાં આ રાજ્ય મુસલમાનોના તાબામાં આવ્યું ત્યારથી તે ઇ. સ. ૧૮૫૬માં એ રાજ્ય ખાલસા થયું ત્યાં સુધી આ પ્રાંતમાં મુસલમાની અમલ હતો. ઇ. સ. ૧૭૪૦માં અયોધ્યાના નવાબે દિલ્હીના મોગલ પાદશાહની સત્તા છોડી દઈ સ્વતંત્રપણે રાજ્ય કરવું શરૂ કર્યું હતું.

मुख्य शहेरोः—

लखनौ (૨,૪૦,૦૦૦) અયોધ્યાનું મુખ્ય શહેર ગોમતી પર આવેલું છે. ત્યાં ઘણાં સુંદર મુસલમાની મકાનો આવેલાં છે.

फैझाबाद (૫૪,૦૦૦) ગોગ્રા ઉપર લશ્કરી છાવણીનું સ્થળ છે. પાસે જુના અયોધ્યા શહેરનાં ખંડેરો છે. અયોધ્યા શહેર શ્રી રામચંદ્રજીના જન્મ, રાજ્ય, વગેરે માટે બહુ પવિત્ર ગણાય છે.

देशी राज्योः—

रामपुर નામનું નાનું મુસલમાની રાજ્ય રોહીલખંડમાં છે, એનું મુખ્ય શહેર **रामपुर** (૭૩,૦૦૦) ખેસ, દુપટા, અને ચાદરને માટે વખણાય છે. **गढवाल**નો રાજા રજપુત છે, અને એ રાજાનું મુખ્ય શહેર **तरी** છે. ઇ. સ. ૧૯૧૦થી બનારસના રાજાને રાજ્ય બક્ષવાથી તે પણ નવા રાજ્ય તરીકે દાખલ થયું છે.

दिल्ही प्रांत.

દિલ્હી નામનો નાનામાં નાનો નવો પ્રાંત ઇ. સ. ૧૯૧૨માં રાજ્યગાદી દિલ્હી બદલવાથી બનાવવામાં આવ્યો હતો. આ પ્રાંતનું ક્ષેત્રફળ ૫૫૭ ચો. મા. છે, અને વસ્તી ૩,૯૧,૦૦૦ છે. તેનો રાજ્યવહીવટ ચીફ કમિશનરના હાથમાં છે. એનું મુખ્ય શહેર **दिल्ही** (૩,૦૩,૦૦૦) જમના નદીના જમણા કિનારા પર આવેલું છે. મોગલ બાદશાહોના વખતમાં એ રાજધાનીનું શહેર હતું; અને છેક કૌરવ પાંડવોના વખતથી ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. તેનુ અસલ નામ હસ્તિનાપુર હતું. એ શહેરમાં બાદશાહી વખતમાં બંધાએલાં, જુમા મસ્જીદ, મોતી મસ્જીદ, બાદશાહી મહેલો, કુતુબમિનાર, વગેરે જોવા લાયક મકાનો છે. અહીંની શેતરંજી તથા માટીનાં વાસણ વખણાય છે. નવું દિલ્હી હાલના શહેરના નૈઋત્ય ખુણે બાંધવાનું છે, અને તેમાં શાહી સરકારનાં ભવ્ય મકાનો આવી રહેશે.

पंजाब.

આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતની પશ્ચિમે પંજાબ પ્રાંત આવેલો છે. આ પ્રાંતમાં પાંચ નદીઓ– **झेलम, चिनाब, रावी, बिआस**, અને **सतलज**–વહે છે, તે ઉપરથી એનું નામ પજાબ (પંજ=પાંચ, અને આબ=પાણી) પડયું છે. ઇ. સ. ૧૯૦૧થી પંજાબમાંથી પાંચ જિલ્લા લઈ વાયવ્ય તરફના ડુંગરી મુલકોમાં ઉમેરી એક નવો વાયવ્ય સરહદનો પ્રાંત બનાવવામાં આવ્યો છે. આ પ્રાંતનો પોણો ભાગ ઉત્તર હિન્દુસ્તાનના કાંપના મેદાનનો ભાગ છે. આ મેદાનનો સૌથી ઉંચો ભાગ પંજાબની પૂર્વ સરહદ પર આવેલો છે. આ પ્રદેશનો ઉત્તર ભાગ પહાડી છે. **सॉल्ट रेन्ज** (મીઠાના ડુંગર) નામનો પહાડ ઝેલમ અને સિંધુ વચ્ચે પૂર્વપશ્ચિમ (૫૦૦૦ ફુટ ઉંચો) આવેલો છે. એમાંથી મીઠું (સિંધવ) નીકળે છે, તેથી એનું નામ આવું પડયું છે. ઉપર કહેલી પાંચ નદીઓ ઉપરાંત **सिंधु** અને **जमना** એ બે મોટી નદીઓ એક પશ્ચિમ સરહદ પર, અને બીજી પૂર્વની સરહદ પર વહે છે. પંજાબ છેક દક્ષિણમાં **पंचनद** (પંજાબની પાંચ નદીઓની બનેલી મોટી નદી) સિંધુને મળે છે. ઝેલમ અને ચિનાબ કાશ્મીરમાંથી, રાવી અને બિઆસ હિમાલયના ડુંગરમાંથી, અને મોટામાં મોટી નદી સતલજ તિબેટમાંથી નીકળી એક બીજીને મળતાં છેલ્લે પંચનદ–પંજનદ–બને છે. ઝેલમ

અને રાવી ચિનાબને, અને બિઆસ અને ચિનાબ સતલજને મળે છે. આ નદીઓ વચ્ચેના પ્રદેશોને પણ દોઆબ કહે છે. તેમાં રાવી અને સતલજ વચ્ચેનો **બારીદોઆબ** ઘણોજ વસ્તીવાળો અને ફળદ્રુપ ભાગ છે.

પંજાબની હવા શિઆળામાં અતિશય ઠંડી, અને ઉનાળામાં અતિશય ગરમ હોય છે. ડુંગરમાં ૪૦ ઇંચ વરસાદ પડે છે, પણ જેમ જેમ નીચે આવતા જઈએ છીએ તેમ તેમ ઓછો પડે છે. દક્ષિણમાં વરસાદની તાણ નહેરોને લીધે લાગતી નથી. આ પ્રાંતમાં જેટલી નહેરો બાંધેલી છે તેટલી બીજા પ્રાંતમાં નથી. અહીં ૧૨,૦૦૦ માઇલ નહેરો છે અને ૧૨,૦૦૦ ચો. મા. પર ખેતી થાય છે. જો આ નહેરો ન હોત તો આટલી બધી જમીન ઉજડ પડી રહેત. કાંગરાની* ખીણ ચાને માટે પ્રખ્યાત છે. આ ભાગમાં મુખ્ય પાક ઘઉ છે, અને તે કરાંચી બંદરથી ઇંગ્લંડ મોકલવામાં આવે છે. એ ઉપરાંત ચોખા, બાજરી, મકાઈ, કઠોળ, તેલી બીઆં, અને રૂ પણ આ ભાગમાં પાકે છે. મુલતાનમાં રેશમના કીડા ઉછેરવામાં આવે છે, તેથી રેશમની પણ થોડી પેદાશ છે. મીઠાના ડુંગરમાંથી સિંધવ અને કાલાબાગ આગળથી ફટકડી નીકળે છે. આ પ્રાંતની જમીનમાંથી કોઈ કોઈ જગાએ કોલસા પણ નજરે પડે છે.

આ પ્રાંતનું ક્ષેત્રફળ મુંબઈ ઇલાકાના ક્ષેત્રફળ કરતાં લગભગ પોણું છે, પણ વસ્તી લગભગ મુંબઈ ઇલાકાના ખાલસા મુલક જેટલી છે. એના ઉત્તર અને પૂર્વ ભાગમાં વસ્તી થોડી છે, અને લોકો શરીરે મજબુત બાંધાના છે. શીખ† લોકોનું મૂળ સ્થાન પંજાબ છે, અને તેઓની સંખ્યા ૨૧ લાખ કરતાં પણ વધારે છે. આ લોકો ખાસ લાહોર, અમૃતસર, જાળંધર, અંબાલા, અને ફિરોજપુર તરફ વધારે જોવામાં આવે છે. મુસલમાનોની વસ્તી આ પ્રાંતમાં અડધા કરતાં વધારે છે, પણ તેઓ ઘણે ભાગે પશ્ચિમ ભાગમાં વસે છે. લોકોની મુખ્ય ભાષા પંજાબી ને હિંદી છે. લોકોનો મુખ્ય હુન્નર સુતરાઉ અને રેશમી કાપડ અને શાલ બનાવવાનો છે. ખાસ કરીને શાલને માટે આ પ્રાંત અને કાશ્મીર પ્રસિદ્ધ છે. અફઘાનિસ્તાનના

---

*શિક્ષકે નકશા પર કાંગરાની ખીણનો પ્રદેશ બતાવવો અને ૧૯૦૫માં ધરતીકંપથી ત્યાં જે નુકસાન થએલું તેની વાત કહેવી. (જુઓ શાળાપત્ર પુ૦ ૪૪મું, અંક ૮મો.)

†શીખ લોકો કોણ છે, તથા તેઓ કેવી સારી નોકરી બજાવે છે તે વિષે શિક્ષકે કહેવું.


લોકો જોડે આ પ્રાંતને વેપાર ચાલે છે, અને તે બાજુએથી મુખ્ય ચીજો ઊન, મેવો, હીંગ, અને ઘોડા આવે છે.

ઇ. સ. ૧૮૪૯માં શીખ વિગ્રહો પછી આ પ્રાંત ખાલસા કરવામાં આવ્યો ત્યારે અહીં ચીફ કમિશનરની નીમણુક કરવામાં આવતી હતી, પણ ત્યારપછી ઇ. સ. ૧૮૫૯થી આ પ્રાંતનો ઉપરી અધિકારી લેફ્ટેનન્ટ ગવર્નર ઠરવવામાં આવ્યો છે. ઇ. સ. ૧૯૧૯ના નવા સુધારાની રૂએ હાલ ત્યાંનો રાજ્યકારભાર ગવર્નર અને કાઉન્સિલ ચલાવે છે.

મુખ્ય શહેરોઃ—

લાહોર (૨,૮૦,૦૦૦) આ પ્રાંતનું રાજ્યમથક રાવી નદી પાસે આવેલું છે. શીખવંશની ગાદી સ્થાપનાર રણજીતસિંહનો મહેલ, તથા તેની કબર, એ બે ઘણાં જોવા લાયક મકાનો આ શહેરમાં છે. અકબરે થોડો વખત આ શહેરમાં પોતાની રાજધાની રાખી હતી. અહીંથી થોડે છેટે **મિયાનમીર**માં લશ્કરી છાવણી છે.

અમૃતસર (૧,૬૦,૦૦૦) રાવી અને બિઆસ વચ્ચેના દોઆબમાં



સુવર્ણ મંદિર.

શીખ લોકોનું જાત્રાનું મોટું ધામ છે. એક શીખ ગુરુએ અહીં અમૃતસ નામનું તળાવ બંધાવ્યું છે, અને તે ઉપરથી શહેર અમૃતસર કહેવાય છે ગરમ શાલ તથા રેશમી અને સુતરાઉ કાપડના વેપાર માટે આ શહે પ્રખ્યાત છે. અહીં શીખ લોકોનું તળાવ પર મંદિર છે. તે સુવર્ણ મંદિ નામ ઓળખાય છે.

अंबाला (૭૬,૦૦૦ સતલજ અને જમના વચ્ચે લશ્કરન છાવણીનું સ્થળ છે.

पाणीपत (૨૭,૦૦૦)નું ઇતિહાસમાં આટલું બધું પ્રખ્યાત થએલ મેદાન દિલ્હી અને અંબાલા વચ્ચે મધ્ય ભાગમાં આવેલું છે.

स्थानेश्वर અંબાલાની દક્ષિણે ઐતિહાસિક શહેર છે. એની પડોશમ મહાભારતમાં લખેલું **कुरुक्षेत्र** મેદાન છે.

सीमला હિમાલયના એક ફાંટા ઉપર હવા ખાવાનું સ્થળ છે. આ ટેકરી દરીઆની સપાટીથી ૭,૨૦૦ ફુટ ઉંચી છે, અને ત્યાં ઉનાળામ વાઇસરૉય સાહેબ રહે છે. પહેલા ગવર્નર જનરલ જે અહીં રહ્યા હતા લૉર્ડ ઍમ્હર્સ્ટ હતા. એ સ્થળ મુંબઈથી ૧,૨૦૦ માઇલને અંતરે આવેલ છે, અને ત્યાં જતાં ૪૫ કલાક લાગે છે. છેક સીમલા સુધી રેલવેની સગવ છે. સીમલાથી ૩૨ માઇલને છેટે **कसावली** છે, અને હડકાયા જનાવરથ કરડેલા દરદીના દવાખાના માટે પ્રસિદ્ધ છે.

मुलतान (૮૬,૦૦૦), **रावळपींडी** (૯૭,૦૦૦), અને **शियाळकोट** (૬૪,૦૦૦) લશ્કરી છાવણીનાં સ્થાન છે.

***अलिवाल, सोब्राउन, फिरोजशहेर, मुडकी, गुजरात** અને **चिलीअनवाला** ઐતિહાસિક શહેરો છે.

देशी राज्यो.

પંજાબનાં દેશી રાજ્યોનું ક્ષેત્રફળ કાઠિઆવાડથી પોણાબેગણું છે અને તેમાં વસ્તી કાઠિઆવાડથી દોઢી છે. એમાં ૩૪ રાજ્યો છે, પણ તેમાંનાં ઘણાં તો બહુ નાનાં છે.

भावलपुर મોટું મુસલમાની રાજ્ય (૧૫,૦૦૦ ચો. મા.) સતલજ

---

* શિક્ષકે આનો ઇતિહાસ જોડેનો સંબંધ બતાવવો.

અને સિંધુની દક્ષિણે આવેલું છે. એ રાજ્ય મોટા રણ સુધી લાંબી ચીચરવટી છે. આ રાજ્યની રાજધાની **भावलपुर** છે.

पतिआळा શીખ રાજ્યોમાં મોટું અને ફળદ્રુપ છે. આ રાજ્યનું મુખ્ય શહેર **पतिआळा** (૫૩,૦૦૦) છે. આ ઉપરાંત **झींद, नभा, कपुरथला, फरीदकोट,** અને **मुद्दी**, એ નાનાં શીખ રાજ્યો છે.

वायव्य सरहदनो प्रांत.

પંજાબની પશ્ચિમે જે નવો પ્રાંત બનાવવામાં આવ્યો છે તે વાયવ્ય સરહદનો પ્રાંત નામે ઓળખાય છે. એ પ્રાંતમાં પંજાબના પાંચ જિલ્લા અને કેટલીક એજન્સિઓ, જેવી કે **दीर, स्वात, चित्राळ, खाईबर, कुरम,** વગેરે આવેલી છે. આ પ્રાંત ચીફ કમિશનરની દેખરેખ નીચે છે, અને એ ચીફ કમિશનર એમાંની એજન્સિઓ માટે એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ છે. એ પ્રાંતનો ખાલસા મુલક આપણા ઉત્તર વિભાગથી સહેજ મોટો છે, પણ વસ્તી આપણા વિભાગની અડધીથી થોડી વધારે છે.

આ પ્રાંત પહાડી મુલક છે. માત્ર સિંધુ નદી તરફનોજ મુલક ફળદ્રુપ છે. આ ભાગમાં હિન્દુસ્તાનમાં આવવાનો માર્ગ **खाईबर घाट** પેશાવરની પશ્ચિમે અને કાબુલ નદીની દક્ષિણે આવેલો છે. આ પ્રાંતની ખેતી લાયક જમીનમાં ઘઉં, જવ, અને બીજાં અનાજો, તેલી બીઆં, રૂ, વગેરે થાય છે.

લોકો પઠાણ જાતના મુસલમાન છે. દક્ષિણમાં રહેનારા મુસલમાનો વાઝીરી નામે, અને ઉત્તરમાંના કોહસ્તાની નામે ઓળખાય છે. પહાડોમાં લોકો પુશ્તુ ભાષા, અને મેદાનના મુલકમાં ઉર્દૂ અને પંજાબી બોલે છે. લોકોનો મુખ્ય વેપાર અફઘાનિસ્તાન જોડે છે.

मुख्य शहेरोः—

पेशावर (૯૩,૦૦૦) આ પ્રાંતનું મુખ્ય શહેર છે, અને એમાં લશ્કરની મોટી છાવણી છે.

डेराइस्माइलखान (૩૨,૦૦૦) ગોમાલ ઘાટમાં થઈને ગીઝની જવાના રસ્તા પર સિંધુ નદી પર આવેલું ગામ છે.

चित्राल, कोहाट, एड्वर्ड्‌सआबाद, અને **ॲबटाबाद,** એ બીજાં નાનાં શહેરો છે.

બલુચિસ્તાન.

વાયવ્ય સરહદ પરના પ્રાંતની દક્ષિણે **બલુચિસ્તાન** આવેલો છે. એમાંનો ૪૬,૦૦૦ ચો. મા. એટલે કાઠિઆવાડથી બમણો મુલક ખાલસા છે, અને બાકીના ૮૭,૦૦૦ ચો. મા. જેટલા પ્રદેશ પર દેશી રાજ્યોનો અમલ છે. આ ખાલસા મુલકનો ઇ. સ. ૧૮૮૮માં એક પ્રાંત બનાવવામાં આવ્યો હતો, અને તે વાઇસરૉયની દેખરેખ નીચે છે, એટલે તે હિંદુસ્તાનના સામ્રાજ્યનો ભાગ છે. આ પ્રાંતનો ચીફ કમિશનર તે આ ભાગમાં આવેલાં દેશી રાજ્યોનો એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ છે.

આ પ્રાંત ઇરાની ઉચ્ચ પ્રદેશના અગ્નિ ખુણાનો પહાડી અને રણનો ભાગ છે. સુલેમાન પર્વત તરફનો એનો ભાગ ઘણોજ ઉંચો છે. અહીં શિઆળામાં હવા ઘણીજ ઠંડી અને ઉનાળામાં અતિશય ઉષ્ણ રહે છે. સિંધુ નદીના કિનારાથી બોલનઘાટ સુધીનો માર્ગ ઉનાળામાં હિંદુસ્તાનમાં ઉંચામાં ઉંચા ઉષ્ણતામાનવાળો પ્રદેશ છે.

આ ભાગના ખાલસા મુલકની વસ્તી ૪ લાખ અને દેશી રાજ્યોની વસ્તી ૪ લાખ છે. લોકો બે જાતના છે. બલુચી આર્ય જાતના, અને બ્રાહુઈ મોગલ જાતના છે; પણ બંને મુસલમાની ધર્મ પાળે છે. આ પહાડી લોકો ઘણા મજબુત છે.

મુખ્ય શહેરોઃ—

ક્વેટા (૪૮,૦૦૦) ચીફ કમિશનરનું રહેવાનું સ્થળ બોલનઘાટના ઉત્તર છેડાથી ૨૮ માઇલ પર દરીઆની સપાટીથી ૫,૫૦૦ ફુટ ઉંચાઈએ આવેલું છે. સિંધના સક્કર શહેરથી ક્વેટા સુધી રેલવે છે.

કિલાત ખાનની રાજધાની ૬,૦૦૦ ફુટની ઉંચાઈએ ક્વેટાની દક્ષિણે ૮૪ માઇલ પર આવેલું છે. કિલાત ખાનના તાબામાં મોટો પ્રદેશ છે, અને એ હિંદુસ્તાનની સરકારના તાબાનો રાજા છે.

અજમેર મ્હેરવાડા.

પંજાબની દક્ષિણે રજપુતાના એજન્સિ આવેલી છે. તે મધ્યે **અજમેર મ્હેરવાડા** નામનો નાનો ૨,૭૦૦ ચો. મા.નો બ્રિટિશ પ્રાંત આવેલો છે. ઇ. સ. ૧૮૧૮ના સિંધીઆ સરકારની જોડે થએલા તહનામાની રૂએ અંગ્રેજ

સરકારને અજમેર પ્રાંત મળ્યો હતો. મ્હેરવાડા પ્રાંત ૧૮૨૦માં જીતી અજમેરમાં જોડી દેવામાં આવ્યો હતો. રજપુતાનાના બીજા ભાગની માફક આમાં ખેતી કરવા લાયક જમીન ઘણી થોડી છે, તે છતાં ફળદ્રુપ જમીનમાં મકાઈ, જવ, જુવાર, અને બાજરી થાય છે. આ પ્રાંતનો ચીફ કમિશનર રજપુતાનાનો એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ છે. આ પ્રાંતમાં વસ્તી ૫,૦૦,૦૦૦ છે.

આ પ્રાંતનું મુખ્ય શહેર **અજમેર** (૧,૧૪,૦૦૦) ઇ. સ ૧૪૫માં અજા રાજાએ વસાવેલું કહેવાય છે. શહેર રજપુતાના એજન્સિના એજન્ટ ટુ ધ ગવર્નર જનરલનું રહેવાનું સ્થળ છે. શહેરમાં રાજકુમારોને શીખવવા સારૂ એક મહાવિદ્યાલય છે. એમાં ખ્વાજા મુએઝીન–ઉદ–દીન ચીશતીની દરગાહ છે, અને તેમના માનમાં છ દિવસનો મોટો મેળો ભરાય છે.

મધ્ય પ્રાંતો અને વરાડ.

રજપુતાના એજન્સિની પૂર્વમાં મધ્ય હિંદુસ્તાન એજન્સિ આવેલી છે, અને તેની દક્ષિણે **મધ્ય પ્રાંતો** અને **વરાડ** આવેલા છે. આ ભાગ અસલ ગોંડવાના નામે ઓળખાતો હતો, કારણ કે ગોંડ નામની અનાર્ય પ્રજાનાં અહીં રાજ્ય હતાં.

આ પ્રાંત ઇ. સ. ૧૯૧૯ના નવા સુધારાની રૂએ ગવર્નરની દેખરેખ નીચે છે. વરાડ પ્રાંત નિઝામના તાબાનો મુલક હતો, પણ તે ઇ. સ. ૧૮૫૩માં કરજ પેટે અંગ્રેજ સરકારને આપવામાં આવ્યો હતો, અને હાલ તેને મધ્યપ્રાંતોમાં જોડી દેવામાં આવ્યો છે. આ પ્રાંતો લગભગ મદ્રાસ ઇલાકા જેવડા છે, પણ વસ્તી મદ્રાસ ઇલાકાથી લગભગ ત્રીજે ભાગે છે.

આ પ્રાંતોનો ઘણો ભાગ પહાડો અને જંગલોથી છવાએલો છે. **વિંધ્ય** અને **સાતપુડા** એ બે મુખ્ય પર્વતો છે. નદીઓના મુખ તરફનો એમાંનો પ્રદેશ નીચો છે. **અમરકંટક** જબલપુરના અગ્નિ ખુણામાં ઉચ્ચ પ્રદેશ છે, અને ત્યાંથી નર્મદા નદી નીકળે છે. **નર્મદા** અને **તાપી** ઉપરાંત બીજી પણ નાની નદીઓ આ પ્રાંતોમાં વહે છે. **વર્ધા** સાતપુડા પર્વતમાંથી નીકળી ગોદાવરીને મળે છે. **વાઇનગંગા** ઉપલી નદીને મળે છે, અને પછી આગળ એ બે નદીનાં પાણી **પ્રાણહિતા** નદીને નામે ઓળખાય છે. **પેનગંગા** વરાડની દક્ષિણ સરહદ પર આવેલી છે, અને તે પણ વર્ધાને મળે છે. **પૂર્ણા** નદી વરાડમાં થઈ તાપી નદીને મળે છે.

વરાડના ઉચ્ચ પ્રદેશમાં ગરમી વધારે લાગતી નથી, પણ નાગપુરના મેદાનમાં ઉનાળામાં તાપ સખત પડે છે. મધ્ય પ્રાંતોના ૩ે જંગલ છે. જંગલોમાં સાગ અને સાલ મુખ્ય ઇમારતી લાકડાં છે. વળી લાખ અને રેશમ પણ જંગલમાં એકઠાં કરવામાં આવે છે. વરાડ પ્રાંત ઘણો ફળદ્રુપ છે, અને મધ્ય પ્રાંતોમાં પણ સપાટ ભાગમાં પુષ્કળ અનાજ પાકે છે. મુખ્ય પાક ઘઉં, ડાંગર, રૂ, તુવેર, અને તેલી બીઆં છે. છત્તિસગઢમાં ઘઉં, અને વરાડમાં મુખ્ય પાક રૂનો છે. મહાનદી અને વાઇનગંગાના પ્રદેશમાં ડાંગર થાય છે. આ ભાગમાં કોયલાની ખાણો છે, અને ઉંચું લોખંડ નીકળે છે.

આ પ્રાંતોમાં ચાર ભાગ હિંદુ અને એક ભાગ ગોંડ જાતના અનાર્ય લોકો વસે છે. મધ્ય પ્રાંતોમાં લોકોની મુખ્ય ભાષા હિંદી છે, પણ મરાઠી, ઉર્દુ, અને ગોંડ, અને તેલુગુ ભાષા કોઈ કોઈ જગાએ બોલાય છે. વરાડમાં મુખ્ય ભાષા મરાઠી છે. નાગપુરમાં સુતર કાંતવાની અને વણવાની મિલો છે.

ઇ. સ. ૧૮૫૩માં નાગપુરનો છેલ્લો ભોંસલે રાજા વારસ વિના મરણ પામવાથી તેના તાબાનો મુલક ખાલસા કરવામાં આવ્યો હતો. ઇ. સ. ૧૮૬૧માં કેટલોક ભાગ જુના વાયવ્ય પ્રાંતમાંથી અને કેટલોક મદ્રાસ ઇલાકામાંથી લઈ મધ્ય પ્રાંત નામનો પ્રાંત બનાવવામાં આવ્યો હતો. ઇ. સ. ૧૯૦૨માં મધ્ય પ્રાંતોમાં વરાડ જોડવામાં આવ્યો, તેથી મધ્ય પ્રાંતો અને વરાડ એવું આ ભાગનું નામ રાખવામાં આવ્યું છે. ઇ. સ. ૧૯૦૫માં પૂર્વનો સબલપુર જિલ્લો બંગાળામાં જોડી દેવામાં આવ્યો.

મુખ્ય શહેરોઃ—

નાગપુર (૧,૫૦,૦૦૦) મધ્ય પ્રાંતોની રાજધાની ગવર્નરનું મુખ્ય સ્થાન. અને વેપારનું મથક છે. એ શહેરથી નવ માઇલ પર કામટીમાં લશ્કરી છાવણી છે.

જબલપુર (૧,૦૮,૦૦૦) સાતપુડાની ઉત્તરે દરીઆની સપાટીથી ૧,૩૦૦ ફુટ ઉંચું છે. આ રેલવેનું મોટું સ્થળ છે.

સાગર (૪૫,૦૦૦)ની હવા ઉંચાણને લીધે સારી છે. ત્યાં લશ્કરી થાણું છે.

બુરાનપુર (૨૨,૦૦૦) તાપી નદીના ઉત્તર કિનારા પર રેશમી અને કસબી કાપડ માટે વખણાય છે. એની પડોશમાં **અસીરગઢ**નો કિલ્લો છે.

આ ઉપરાંત **खंडवा** (૨૧,૦૦૦), **पंचमडी**, **रायपुर** (૩૫,૦૦૦), અને **चांदा** (૧૯,૦૦૦) નાનાં ગામો છે. પંચમડીમાં ઉનાળામાં ગવર્નર રહે છે. ચાંદા ગોંડની જુની રાજધાનો મધ્ય પ્રાંતોના નૈર્ઋત્ય ભાગમાં છે.

वराड.

इलीचपुर (૨૬,૦૦૦) વરાડમાં મોટું શહેર છે, અને મુસલમાની રાજ્યની એક વખતે રાજધાની હતું.

उमरावती (૪૦,૦૦૦) રૂના વેપારનું મોટું મથક છે. આ ઉપરાંત **अकोला** (૨૯,૦૦૦) અને **आर्गाम**× એ બીજાં નાનાં શહેરો છે.

देशी राज्यों.

મધ્ય પ્રાંતોનાં દેશી રાજ્યોનો વિસ્તાર કાઠિઆવાડથી દોઢગણો છે, પણ વસ્તી કાઠિઆવાડથી પોણી છે. એ રાજ્યોમાં ઘણે ભાગે જંગલો આવેલાં છે, અને અનાર્ય પ્રજા રહે છે. એ રાજ્યોમાંનું મોટું રાજ્ય **बस्तार** છે, અને તેની રાજધાની **जगदलपुर** ઇંદ્રાવતી નદી પર છે.

देशी राज्यों.

હિંદુસ્તાનમાં નાનાં મોટાં ૬૮૦ દેશી રાજ્યો છે. તેમાંનાં ૪૮૦ રાજ્યો તો ઘણાં નાનાં છે. બાકીનાં રાજ્યોમાંનાં મોટાં જે પ્રાંતોની અંદર આવેલાં છે, તે પ્રાંતોના ઉપરી અધિકારીની દેખરેખ નીચે છે. **काश्मीर**નું, **वडोदरा**નું, **हैदराबाद**નું, **म्हैसुर**નું, અને **ग्वालीअर**નું એ પાંચ મોટાં રાજ્યો વાઇસરૉયની દેખરેખ નીચે છે, એટલે તેની તરફથી ત્યાં રેસિડંટો રાજાને સલાહ આપવા રહે છે. આ પાંચ મોટાં રાજ્યો ઉપરાંત રાજ્યોના સમૂહની બે એજન્સિઓ **रजपुताना एजन्सि** અને **मध्य हिंद एजन्सि** પણ વાઇસરૉયની દેખરેખ નીચે છે, એટલે કે તેની તરફનો અધિકારી એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ એ એજન્સિઓમાં રહી રાજ્યો પર દેખરેખ રાખે છે. આ મોટાં રાજ્યોમાંના વડોદરા રાજ્યનું વર્ણન મુંબઈ ઇલાકાની ભૂગોળમાં શીખી ગયા છો, માટે બાકીનાં ચાર રાજ્યો અને બે એજન્સિનો ભૂગોળનું વર્ણન હવે આપવામાં આવશે.

× ઐતિહાસિક શહેર.

कास्मीर.

પંજાબની ઉત્તરે જે મોટું **કાસ્મીર**નું દેશી રાજ્ય આવેલું છે તે હિંદુસ્તાનનો છેક ઉત્તરનો ભાગ છે. એનો નૈર્ઋત્યનો ભાગ કાસ્મીરની ખીણ કહેવાય છે. અહીં મોગલ શહેનશાહો ઉનાળામાં આવીને રહેતા હતા. ઉત્તરમાં બાલિસ્તાનનો, ઇશાનમાં લાડકનો, અને દક્ષિણમાં જમ્મુનો મુલક કાસ્મીરના રાજાના તાબા હેઠળ હોવાથી, આખું રાજ્ય હાલ કાસ્મીર કહેવાય છે. આ રાજ્યનું ક્ષેત્રફળ ૮૧,૦૦૦ ચો. મા. છે.

કાસ્મીર એ ખીણ અને પહાડોનો પ્રદેશ છે. આ રાજ્યમાં બરફથી છવાએલાં શિખરો અથવા બરફની નદીઓ (ગ્લેશિઅર) ઘણી છે. નૈર્ઋત્યની ખીણ જે ખરૂં કાસ્મીર છે, તે ૮૦ માઇલ લાંબી, અને ૨૦થી ૨૫ માઇલ પહોળી, અને ૫,૦૦૦થી ૬,૦૦૦ ફુટ ઉંચી છે. એવું ધારવામાં આવે છે કે એક વખત આ ખીણ સરોવરનું તળીઉં હતું. કાસ્મીરમાં દાખલ થતી વખતે સિંધુ નદીની દરીઆની સપાટીથી ઉંચાઈ ૧૪,૦૦૦ ફુટ છે, અને કાસ્મીરમાંથી પંજાબમાં દાખલ થતી વખતે એની ઉંચાઈ ૪,૦૦૦ ફુટ છે. ઉપલી બીના બતાવી આપે છે કે સિંધનું પાણી કાસ્મીરમાં ૧૦,૦૦૦ ફુટ નીચે ઉતરવાથી ઘણી ઝડપથી વહેતું હશે.

કાસ્મીરની ખીણની હવા ઠંડી અને ઘણીજ આનંદદાયક છે. મેવો અને અનેક જાતનાં ફૂલ આ ખીણની અંદર થાય છે. એનો પાક પંજાબના જેવો છે. કાશ્મીરી શાલો તિબેટના બકરાના ઊનમાંથી બનાવવામાં આવે છે, અને તે ઘણી કીમતી હોય છે, તેમજ ઘણી વખણાય છે. ઊંટના વાળની મેળવણીનું પશમી નામનું સુંદર કપડું પણ ત્યાં બને છે.

આ પ્રાંતમાં વસ્તી ૩૧,૫૮,૦૦૦ છે, અને ક્ષેત્રફળ જોતાં એ ઘણીજ ઓછી છે; પણ તેનું કારણ એ છે કે મુલક પહાડી છે. ઉત્તરમાં અને પૂર્વમાં વસનારા લોકો મોંગોલ જાતના છે, અને તેઓ બૌદ્ધ અથવા મુસલમાની ધર્મ માને છે. મધ્યમાં આવેલી ખીણના રહેવાસી કાસ્મીરી ઘણે ભાગે મુસલમાન છે, પણ ડુંગરમાં રહેનાર ડોગરા ઘણે ભાગે હિંદુ છે. કાશ્મીરીઓ ગૌર વર્ણના અને ખૂબસુરત છે. કાસ્મીરમાંથી અનાજ, ઇમારતી લાકડું, શાલ, મેવો, ઘી, વગેરે પંજાબ મોકલવામાં આવે છે.

રાજા ડોગરા જાતના રજપુત છે, અને શીખ લોકોનો મુલક જીતી લીધા પછી ઇ. સ. ૧૮૪૬માં લૉર્ડ હાર્ડિન્ગે હાલના રાજાના વશમાં આ મુલક સોંપ્યો હતો.

મુખ્ય શહેરોઃ—

શ્રીનગર (૧,૪૦,૦૦૦) રાજધાની અને મહારાજાનું ઉનાળામાં રહેવાનું સ્થળ ઝેલમ નદી પર ૫,૨૦૦ ફુટની ઉંચાઈએ કાશ્મીરની ખાણના મધ્ય ભાગમાં આવેલું છે. આ ઘણીજ રમણીય જગા છે, અને શેરીમાં હોડીમાં બેસી ફરાય છે. લોકો ઘરોની અગાસી પર ફૂલનાં કુંડાં મૂકી બાગ બનાવે છે.

જમ્મુ (૩૧,૦૦૦) પંજાબના સિયાળકોટની ઈશાનમાં ૨૫ માઇલ પર આવેલું છે. કાશ્મીરનો રાજા કાશ્મીર અને જમ્મુનો મહારાજા કહેવાય છે.

લેહ લાડકનું મુખ્ય શહેર છે, અને ૧૧,૦૦૦ ફુટ ઉંચાઈએ આવેલું છે. એ સિંધુ નદી પર આવેલું છે. ચિનાઈ તુર્કસ્તાનનો વેપાર આ સ્થળને હાથ છે.

રજપુતાના એજન્સિ.

રજપુતાના એજન્સિનો પ્રદેશ પંજાબની દક્ષિણે આવેલો છે. એમાં ૨૦ રાજ્યો છે. તેમાંનાં ૧૭ રજપુત રાજ્યો, ૨ જાટ સરદારોનાં, અને ૧ મુસલમાની રાજ્ય છે. આ બધાં રાજ્યનો ઉપરી અમલદાર એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ અજમેર રહે છે, અને તેના હાથ નીચેના અમલદારો રેસિડંટો જુદાં જુદાં રાજ્યમાં રહે છે. આ બધાં રાજ્યોનું ક્ષેત્રફળ આપણા ગુજરાતથી લગભગ બમણું છે, પણ વસ્તી ગુજરાતથી ગઇજ વધારે છે. મુખ્ય રાજ્યો **ઉદેપુર** અથવા **મેવાડ**, **જોધપુર**, **બિકાનેર**, અને **જેસલમીર** છે. નાનાં રાજ્યો **બુંદી**, **કોટા**, **કિશનગઢ**, **ભરતપુર**, અને **ધોળપુર** (જાટનાં), અને **ટોંક** (મુસલમાની) છે.

અરવલ્લી ડુંગર રજપુતાના એજન્સિના મધ્ય ભાગમાં આવેલો છે. ડુંગરાની પશ્ચિમનો ભાગ સપાટ મેદાન છે, અને તેમાં કોઈ કોઈ જગાએ રેતીના ડુંગર નજરે પડે છે. વાયવ્ય તરફનો ભાગ તદન રણનોજ પ્રદેશ છે. ડુંગરાની પૂર્વનો ભાગ ઉચ્ચ પ્રદેશ છે. એ ઉચ્ચ પ્રદેશનો નૈર્ઋત્ય ભાગ ફળદ્રુપ છે. અરવલ્લીના દક્ષિણ ભાગમાં **આબુ શિખર** હવા ખાવાનું સ્થળ છે, અને ઉનાળામાં એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ અહીં રહે છે. આ ભાગમાં નદીઓ થોડી છે. **લુણી** અજમેર આગળ

અરવલ્લીના ડુંગરામાંથી નીકળી કચ્છના રણમાં પડે છે. એનું પાણી ખારૂં છે. **चंबल** મધ્ય હિંદુસ્તાન એજન્સિના પહાડોમાંથી નીકળી ઉત્તરમાં આગ્રા આગળ જમનાને મળે છે. **बनास** નામની નાની નદી ચંબલને મળે છે. ચંબલ નદી રજપુતાની પૂર્વ સરહદ છે.

અરવલ્લી ડુંગરના પશ્ચિમ ભાગમાં વરસાદ ઓછો પડે છે, અને પૂર્વ ભાગમાં વધારે પડે છે, તેથી પૂર્વ ભાગ વધારે ફળદ્રુપ છે. વાયવ્ય તરફ અતિશય ટાઢ અને અતિશય તાપ પડે છે. રજપુતાના એજન્સિ ખેતીનો પ્રદેશ નથી. પાણીની તાણને લીધે પૂર્વ તથા દક્ષિણ ભાગ સિવાય બીજી કોઈ જગાએ એ પાક થતાજ નથી. ઘઉ અને મકાઈ મુખ્ય અનાજ છે. **सांबर** સરોવર પર મીઠું પકવવામાં આવે છે. આ રણના પ્રદેશમાં મુખ્ય જનાવર ઊંટ છે. બિકાનેર તરફ ઊંટના લશ્કરની ટુકડીઓ છે. ખેતી તથા ગાડીના કામમાં પણ એ બાજુએ ઊંટજ વપરાય છે.

રજપુતાનામાં મુસલમાનોની વસ્તી ઓછી છે. રાજાઓ રજપુત (રાજપુત્ર) છે, તેથી તે ભાગનું નામ રજપુતસ્તાન-રજપુતાના પડેલું છે. લોકો મારવાડી અને ઉર્દુ અથવા હિંદી ભાષા બોલે છે. રજપુતાનાની વસ્તી (૯૮,૪૮,૦૦૦) છે.

मुख्य राज्योः—

जोधपुर અથવા **मारवाड**નું રાજ્ય બધામાં મોટું (૩૫,૦૦૦ ચો.મા.) છે. એ રાજ્યમાં વસ્તી ૩૮,૪૧,૦૦૦ છે, અને લોકો મારવાડી નામે ઓળખાય છે. આ રાજ્યની મુખ્ય પેદાશ બાજરી, મઠ, અને જુવાર છે. એની રાજધાનીનું નગર **जोधपुर** (૭૩,૦૦૦) ઇ. સ ની ૧૪મી સદીમાં જોધા નામના રાજાએ વસાવ્યું હતું.

जयपुरनुं राज्य જોધપુરના રાજ્યથી ક્ષેત્રફળમાં અડધું છે, પણ તેમાંની વસ્તી (૨૩,૨૯,૦૦૦) જોધપુરના રાજ્ય કરતાં વધારે છે. એની રાજધાનીનું નગર **जयपुर** (૧,૨૧,૦૦૦) જયસીંગ બીજાએ ઇ. સ. ૧૭૨૮માં વસાવ્યું હતું. એ શહેરના રસ્તાઓ તથા મકાનો એકસરખાં બાંધેલાં છે. હિંદુસ્તાનમાંનાં જોવા લાયક શહેરમાંનું આ એક છે. શહેરમાં સંગ્રહસ્થાન તથા વેધશાળા જોવા લાયક છે.

उदेपुर અથવા **मेवाड**નું રાજ્ય જયપુર કરતાં પણ નાનું છે, અ તેમાં વસ્તી ૧૩,૯૩,૦૦૦ છે. રજપુત રાજાઓમાં ઉદેપુરના રાજા ઉં કુળના ગણાય છે; કારણ કે તેઓએ પોતાની બેટી કોઈ પણ મુસલમ રાજાને લગ્નમાં આપી નથી. એની રાજધાની **उदेपुर** (૪૬,૦૦૦) રાજાનો મહેલ ઘણોજ સુંદર છે. એની ઇશાનમાં ઉદેપુરના રાજ્યની જુ રાજધાની **चितोड** છે. એની ઉત્તરે ૧૨ માઇલ પર એકલિંગજી મહાદેવ દહેરૂં, અને તેનાથી થોડે છેટે શ્રી નાથજીનું વૈષ્ણવોનું જાત્રાનું મોટું ધામ

बिकानेरના રાજ્યનું ક્ષેત્રફળ ઉદેપુરના રાજ્યથી લગભગ બમ છે, પણ વસ્તી (૭,૦૦,૦૦૦) ઉદેપુરના રાજ્યથી લગભગ અડધી છે. એ રાજા જોધપુરના રાજાના વંશનો છે, કારણ કે જોધાના છોકરા વિકા **बिकानेर** (૬૯,૦૦૦) ઇ. સ. ૧૪૩૯માં વસાવ્યું હતું. ઘણું ઉડું ખોદવા આ રાજ્યના કુવાઓમાં પાણી નીકળે છે.

जेसलमीरના રાજ્યનું ક્ષેત્રફળ ૧૬,૦૦૦ ચો. મા. છે, પણ વસ્ ઘણીજ ઓછી (૬૭,૦૦૦) છે. આ રાજ્યનો લગભગ બધો ભાગ રેત રણ છે. રાજા યદુભટ્ટી જાતનો રજપુત છે. ઇ. સ. ૧૧૫૬માં જેસ નામના રાજાએ **जेसलमीर** (૧૧,૦૦૦) નગર વસાવ્યું હતું. અહીં ૨૦૦–૩૦૦ ફુટ જમીન ખોદ્યા પછી પાણી નીકળે છે.

भरतपुरના રાજ્યનું ક્ષેત્રફળ થોડું (૧૯,૦૦૦ ચો. મા.) છે, દેશ ફળદ્રુપ છે. આ જાટ નામના રજપુત રાજાનો પ્રદેશ છે, અને એ રાજધાની **भरतपुर** (૪૪,૦૦૦) આગ્રાની પશ્ચિમે આવેલું છે. ભરત શહેરનો માટીનો કિલ્લો ઘણો મજબુત ગણાતો હતો. ભરતપુર પાસે **दीग** રાજાનો મહેલ છે, તે હિંદુસ્તાનનાં સુંદર મકાનોમાંનું એક છે. બીજું રાજ્ય ધોળપુરનું છે.

आबु શિરોહીમાં એક માઇલ ઉંચું હવા ખાવાનું સ્થળ છે. આરસ ઘણીજ સુંદર કોરણીવાળાં જૈન દહેરાં માટે એ પ્રખ્યાત છે. **अलघ** અને **कोटा** એ બે નાનાં રજપુત રાજ્યો છે.

मध्य हिंदुस्तान एजन्सि.

રજપુતાના એજન્સિની પૂર્વે આવેલી આ એજન્સિ ૧૪૮ નાનાં રાજ્યોની બનેલી છે. તેમાં **ग्वालीअरनुं राज्य** મોટામાં મોટું હતું પણ હાલ તે સીધું ના.વાઇસરૉયની દેખરેખ નીચે છે. એમાંનાં ૧૨૪ રાજ્ય તો એટલાં નાનાં છે કે તેમાંનાં કોઇનું ક્ષેત્રફળ ૫૦૦ ચો. મા. કરતાં વધારે નથી. આ બધાં રાજ્યોનું ક્ષેત્રફળ કાઠિઆવાડથી ચારગણું છે, અને વસ્તી પણ ચારગણી છે. આ એજન્સિના એક ભાગમાં ગ્વાલીઅર (સિંધીઆ)નું રાજ્ય, અને પ્રાચીન માળવાનો ઘણોખરો ભાગ છે, અને બીજામાં બુંદેલખંડ માંહેલાં દેશી રાજ્યો, અને રેવાનું મોટું રાજ્ય છે. આ બે ભાગો વચ્ચે સંયુક્ત પ્રાંતની એક સાંકડી પટી (ઝાંસીનો મુલક) આવેલી છે. મધ્ય પ્રાંતોનો સૌથી ઉત્તરનો સાગર જિલ્લો આ પટીને મળે છે.

આ પ્રદેશની ઉંચાઈ ૬૦૦થી ૨,૦૦૦ ફુટ છે, અને એનો ઢોળાવ ઉત્તર અને ઇશાન તરફનો છે. વિંધ્યાચળનો ઉત્તરનો પ્રદેશ માળવાનો ઉચ્ચ પ્રદેશ કહેવાય છે. બુંદેલખંડ અને રેવા પહાડી મુલક છે, અને તેમાં દક્ષિણે મોટાં મોટાં જંગલો છે. એમાં **विंध्य** અને **सातपुडा** પર્વતો આવેલા છે. વળી **कैमुर** નામની વિંધ્યાચળની એક શાખા પૂર્વમાં ઇશાન તરફ જાય છે. નદીઓમાં **नर्मदा, शोण,** અને **चंबल** છે. શોણ નર્મદાના મૂળ પાસેથી નીકળી કૈમુરના ડુંગર આગળ થઈ બંગાળામાં ગંગા નદીને મળે છે.

આ ભાગમાં વરસાદ ૩૦-૩૫ ઇંચ પડે છે. ઉત્તરમાં હવા ઉનાળામાં વધારે ગરમ, અને શિઆળામાં વધારે ટાઢી હોય છે. દક્ષિણમાં ઉચ્ચ પ્રદેશને લીધે હવા સમધાત છે. જમીન ઘણે ભાગે રસાળ છે. સાધારણ અનાજ ઉપરાંત આ ભાગમાં ઇંદોરની આજુબાજુ તમાકુ અને અફીણ થાય છે. આ પ્રાંતના પૂર્વ ભાગમાં કોયલાની મોટી ખાણો છે. વિધ્યાચળની તળેટીમાંથી લોખંડ નીકળે છે. બુંદેલખંડ હીરા અને બીજા અમૂલ્ય ખનીજો માટે પ્રખ્યાત છે. ત્યાંના લોકો હિંદી ભાષા બોલે છે. સાતપુડા અને વિંધ્યાચળમાં ગોંડ અને ભીલ જાતના અનાર્ય લોકો રહે છે, અને તેઓ પોતાની ભાષા બોલે છે.

मुख्य राज्यो:—

रेवाना રાજ્યનું ક્ષેત્રફળ ૧૩,૦૦૦ ચો. મા. છે, અને તેમાં વસ્તી

૧૪૦૦,૦૦૦ છે. આ રાજ્યમાં પુષ્કળ ખાણો અને જંગલો છે. એ રાજધાની **રેવા** (૨૬,૦૦૦) છે.

પન્નાનું નાનું રાજ્ય (૨,૬૦૦ ચો. મા) બુંદેલખંડમાં આવેલું અને તે હીરાને માટે પ્રખ્યાત છે.

તહેરીનું રાજ્ય પણ (૨,૧૦૦ ચો. મા.) નાનું છે. આ રાજ રાજા બધા બુંદેલ રાજ્યોમાં મોટા ગણાય છે. બુંદેલા રજપુતોએ મુલક ૫૦૦ વર્ષ પર પોતાના કબજામાં લીધો હતો, અને એ રજ પરથી આ ભાગનું નામ બુંદેલખંડ પડયું છે.

ઇંદોરના રાજ્યનું ક્ષેત્રફળ ૮,૫૦૦ ચો મા. છે, અને તેના ર મરાઠા છે. એ રાજાઓ હોલ્કર નામે ઓળખાય છે. એની રાજધ **ઇંદોર** (૯૨,૦૦૦) **અહલ્યાબાઈ**એ વસાવ્યું હતું, અને ઇ. સ. ૧૮૧ ત્યાં રાજધાની રાખવામાં આવી છે. મધ્ય હિંદુસ્તાન એજન્સિના એ ટુ ધ ગવર્નર જનરલ આ શહેરમાં રહે છે. ઇંદોરમાં મધ્ય હિંદ એજનિ રાજકુમારોને માટે એક કોલેજ છે.

મહુ (૨૯,૦૦૦) ઇંદોરથી નૈર્ઋત્યમાં ૧૩ માઇલ પર અ લશ્કરની છાવણીનું સ્થળ છે.

ભોપાળના મુસલમાની રાજ્યનું ક્ષેત્રફળ ૭,૦૦૦ ચો. મા. છે. રાજ્યમાં બેગમ અમલ ચલાવે છે. એની રાજધાની **ભોપાલ** (૫૫,૦ છે. ભોપાળના પોલિટિકલ એજન્ટ શહેરની પશ્ચિમે **શિહુર**માં રહે છે

આ ઉપરાંત **ધાર** અને **રતલામ** એ બે નાનાં રાજ્યો છે. રત શહેરમાં બાગ જોવા લાયક છે અને શહેરના રસ્તા મોટા અને સમાંતર

ग्वालीअरनुं राज्य.

આ રાજ્ય મધ્ય હિંદુસ્તાન એજન્સિમાંથી છુટું પાડી સીધું વાઇસરૉ દેખરેખ નીચે મૂકવામાં આવ્યું છે એની રાજધાની **ग्वालीअर** છે. રાજા સિંધીઆ કહેવાય છે, અને તે મરાઠા જાતના છે કોલ્હાપુરના મહા તથા ગાયકવાડ પણ એ જાતના છે. એનું ક્ષેત્રફળ ૨૬,૩૮૩ ચો. મા. વસ્તી ૩૧ ૮૬,૦૭૫ છે. મધ્ય હિંદુસ્તાનમાં એ મોટામાં મોટું રાજ્ય છે. ઘણો ભાગ ડુંગરોનો બનેલો છે અને તે પર જંગલો છે. એમાં આવેલો માળ ઉચ્ચ પ્રદેશ કળદ્રપ છે અને તે ૧૬૦૦ ફુટ ઉંચો છે. એની રાજ

ग्वालीअर अथवा लश्कर (૭૬,૦૦૦) છે. ગ્વાલીઅરનો કિલ્લો અંગ્રેજ સરકારે સિંધીઆ સરકારને આપી તેની પાસેથી ઝાંસી લીધું હતું. દક્ષિણમાં **उज्जन** (૪૦,૦૦૦) સિંધીઆને તાબે છે. ઉજ્જનની પાસે જુની ઉજ્જન નગરીનાં ખંડેર જોવામાં આવે છે. હિંદુ ખગોળ શાસ્ત્રી ઉજ્જનથી પહેલું રેખાંશવૃત્ત* ગણે છે. પશ્ચિમમાં **નીમચ** અંગ્રેજી લશ્કરની છાવણી છે.

हैदराबादनुं राज्य.

મધ્ય પ્રાંતો અને વરાડની દક્ષિણે હિંદુસ્તાનનાં દેશી રાજ્યોમાં મોટામાં મોટું એવું **हैदराबाद**નું રાજ્ય આવેલું છે. એનું ક્ષેત્રફળ ૮૩,૦૦૦ચો. મા. છે. આ મુસલમાની રાજ્ય છે, અને રાજ્યકર્ત્તા નિઝામને નામે ઓળખાય છે. આ રાજ્ય વડોદરા રાજ્યથી દસગણું મોટું છે, અને વસ્તી (૧,૩૩,૭૪,૦૦૦) વડોદરા રાજ્યથી છગણી છે. ઔરંગજેબના મરણ પછી તેના એક સરદારે નિઝામ-ઉલ-મુલ્ક (રાજ્યની વ્યવસ્થા કરનાર) નામ ધારણ કરીને દક્ષિણમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું. નિઝામના દરબારમાં બ્રિટિશ સરકાર તરફથી રેસિડંટ રહે છે.

આ મુલક દક્ષિણના ઉચ્ચ પ્રદેશનો ઘણો ભાગ રોકે છે. એમાં કેટલાક પહાડો આવેલા છે, એમાં વાયવ્યમાં **अजिन्टा** મુખ્ય છે. **गोदावरी, कृष्णा, भीमा,** અને **तुंगभद्रा**, એ મુખ્ય નદીઓ છે. તુંગભદ્રા જે તુગ અને ભદ્રા એ બે નામની નદીથી બનેલી છે, અને જે કૃષ્ણાને મળે છે, તે તુંગભદ્રા અને કૃષ્ણા નિઝામના રાજ્યની દક્ષિણ સરહદ પર આવેલી છે. મુંબઈ ઇલાકાની ભીમા નદી તુંગભદ્રાને મળે છે. રાજ્યની જમીન સાધારણ રીતે ફળદ્રુપ છે, પણ કેટલાક ભાગમાં જંગલો આવેલાં છે. રાગી, બીજાં અનાજો, રૂ, અને તેલી બીઆં મુખ્ય પાક છે. ગોદાવરીની ઈશાનની સરહદ પર કોયલાની મોટી ખાણો છે. એ ખાણો નજદીક વળી લોખંડની કાચી ધાતુ પણ નીકળે છે. વાયવ્યમાં કાળી જમીનમાં રૂ થાય છે.

આ રાજ્યમાં લોકો ઘણે ભાગે મુસલમાન છે, પણ પૂર્વમાં તેલુગુ, અને પશ્ચિમમાં મરાઠા લોક વધારે જોવામાં આવે છે. મુસલમાનો ઉર્દુ, તેલુગો તેલુગુ, મરાઠાઓ મરાઠી, અને કાનડીઓ (નૈર્ઋત્યમાં) કાનડી ભાષા બોલે છે.

*શિક્ષકે રેખાંશવૃત્ત વિષે સમજણ આપી નકશાનાં રેખાંશવૃત્ત ક્યાંથી ગણવામાં આવે છે તે કહેવું.

मुख्य शहेरो:—

हैदराबाद (૪,૦૪,૦૦૦) હૈદરાબાદ રાજ્યની રાજધાની મુસી નદી પર આવેલું છે. હિંદુસ્તાનમાં વસ્તીના પ્રમાણમાં આ ચોથું શહેર છે. શહેરમાં ઘણાં જોવા લાયક મકાનો છે. **सिकंदराबाद** અને **बोलाराम** હૈદરાબાદ પાસે લશ્કરી થાણાં છે.

औरंगाबाद (૨૬,૦૦૦) વાયવ્યમાં અજિંટા ડુંગર પાસે શહેર છે. એનાથી આઠ માઇલ પર **दोलताबाद** અથવા **देवगढ**નો કિલ્લો છે. ઔરંગાબાદમાં ઔરંગઝેબની છોકરી બીબી મુકરબાનો રોઝો છે, અને તે તાજમહેલનો નમુનો છે.

गोवलकोंडा હૈદરાબાદની પશ્ચિમે સાત માઇલ પર જુની રાજધાની છે. એક વખત એ હીરાને માટે પ્રખ્યાત હતું.

वरंगुळ તેલંગણના રાજ્યની, **बीदर** (બેદર) મુસલમાની રાજ્યની, અને **कल्याण** ચાલુક્ય રાજ્યની રાજધાનીનાં શહેર હતાં. **रायचुर** (૨૨,૮૮૦) જી. આઈ. પી. રેલવે અને મદ્રાસ રેલવેનું જંક્શન છે. **आसाई** ઐતિહાસિક શહેર છે. **इलोरा** અને **अजिंटा** વાયવ્યમાં બૈદ્ધ તથા હિન્દુ લોકોનાં પહાડમાંથી કોતરી કાઢેલાં દેવાલયો અને ગુફાઓ માટે પ્રખ્યાત છે.

म्हैसुर

નિઝામના રાજ્યની દક્ષિણમાં આ મોટું દેશી રાજ્ય આવેલું છે. એ રાજ્યનું ક્ષેત્રફળ ગ્વાલીઅરના રાજ્ય જેટલું છે, પણ વસ્તી (૬૦,૦૦,૦૦૦) તે રાજ્યથી આસરે બમણી છે. દેશી રાજ્યોમાં આ એક સુધારામાં આગળ પડતું રાજ્ય છે. વાઇસરૉય તરફથી રેસિડંટ અહીં રહે છે, અને તે પાસેના બ્રિટિશ કુર્ગ પ્રાંતના ચીફ કમિશનર પણ છે.

આ ઉચ્ચ પ્રદેશની સપાટી દરીઆથી લગભગ ૨,૦૦૦થી ૩,૦૦૦ ફુટ ઉંચી છે એનો ઉત્તરનો ઢોળાવ તુંગભદ્રા તરફ, પૂર્વનો પેન્નેર, પાલાર, અને પન્નાર તરફ, અને દક્ષિણનો કાવેરી તરફ છે. પશ્ચિમ તરફનો ભાગ વધારે ડુંગરવાળો છે, એટલુંજ નહિ પણ તે જંગલવાળો ને વરસાદવાળો છે. ઉંચાણને લીધે હવા ગરમ નથી, અને ઘણા ભાગમાં સમશીત છે. એની મુખ્ય પેદાશ રાગી છે, અને લોકોનો સામાન્ય ખોરાક પણ **तेज छे.**

બીજા પાકો ડાંગર, શેરડી, તમાકુ, અને રૂ છે. પશ્ચિમ ભાગનો ડુંગરી ભાગ જે મલનાડ નામે ઓળખાય છે, તેમાં બુંદ થાય છે. અહીં ૨૪૨ બુંદના બગીચા છે. હિંદુસ્તાનમાં વધારેમાં વધારે બુંદ અહીં થાય છે. સિંકોના જેમાંથી ક્વીનાઈન બને છે તે પણ ડુંગર પર થાય છે. જંગલમાં પુષ્કળ ઇમારતી લાકડું, અને સુખડ ઉત્પન્ન થાય છે. કોલર જિલ્લા તરફ પુષ્કળ સોનું નીકળે છે.

ઇ. સ. ૧૭૯૯માં ટીપુ સુલતાન પાસેથી અંગ્રેજ સરકારે રાજ્ય જીતી જે આગલા હિંદુ રાજાને હૈદરે પદભ્રષ્ટ કર્યો હતો તેના વંશના એક બાળકને ગાદીએ બેસાડ્યો. મ્હૈસુરના રાજાને કાયદા બાંધવાના કામમાં મદદ કરવા લોકોના પ્રતિનિધિની એક સભા છે, પણ હાલ તો તેને માત્ર સલાહ આપવાનો અધિકાર છે.

मुख्य शहेरोः—

बांगलोर (બંગલૂર) (૨,૩૮,૦૦૦) મદ્રાસની પશ્ચિમે ૨૧૯ માઇલ પર મોટું શહેર છે. એ દરીઆની સપાટીથી ૩,૧૦૦ ફુટ ઉંચું છે, અને એની હવા ઘણીજ સારી ગણાય છે. ત્યાં વિદ્યાની શોધખોળ માટે એક સંસ્થા સ્થાપવામાં આવી છે. લશ્કરી છાવણીનું અને રેસિડન્ટના મુકામનું સ્થાન છે. સુતરાઉ અને ગરમ કાપડ વણવાની મિલો પણ ત્યાં છે.

कोलर (૩૮,૦૦૦) સુલતાન હૈદરઅલીની જન્મભૂમિ છે. હાલ ત્યાંની સોનાની ખાણોમાંથી સોનું કાઢવામાં આવે છે.

म्हैसुर (૮૪,૦૦૦) રાજધાનીનું નગર બાંગલોરથી ૮૬ માઇલ પર નૈઋત્યમાં છે. એની ઉત્તરે દસ માઇલ પર કાવેરી નદીમાં ટાપુ પર **श्रीरंगपट्टण** ટીપુ સુલતાનની રાજધાની હતું. ત્યાંની હવા ખરાબ છે, તેથી શહેર ખંડેર હાલતમાં છે.

स्वतंत्र राज्यो.

नेपाळ.

હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્ય ઉપરાંત કેટલાંક સ્વતંત્ર રાજ્યો છે. તેમાં **नेपाळ**નું રાજ્ય હિંદુસ્તાનની ઉત્તરે આવેલું છે, તે મોટામાં મોટું છે. એ રાજ્યનું ક્ષેત્રફળ (૫૪,૦૦૦ ચો. મા.) સિંધ જેટલું છે. પણ વસ્તી (૫૬,૩૯૦૦૦) સિંધ કરતાં વધારે છે. આ આખું રાજ્ય હિમાલયની તળેટીથી સરેરાશ ૫,૦૦૦ ફુટ

ઉંચું પર્વત ઉપરના પ્રદેશમાં છે. એમાં હિમાલયનાં ઉંચાં શિખરો **धवलगिरि** ને **एवरेस्ट** છે **गोग्रा, गंडकी**, અને **कुशी**, એ ત્રણ નદીઓનાં મૂળ પણ આ રાજ્યની સરહદમાં છે. પહાડોમાં કેટલીક ફળદ્રુપ ખીણો છે. નીચલી ખીણના ભાગમાં ખેડાણ લાયક જમીન છે. તેમાં ડાંગર, અનાજ, તેલી બીઆં, અને તમાકુ થાય છે. વળી સાગ અને સીસમનાં લાકડાં પણ તેરાઈના જંગલમાં ઉત્પન્ન થાય છે. હિમાલયની તળેટીમાં આ જંગલ આવેલું છે.

લોકો ઘણે ભાગે મોગલ (મોગોલ) જાતના છે, અને બૌદ્ધ ધર્મ માને છે. ગુરખા નામના રજપુતોએ આ દેશ ઇ. સ. ૧૭૬૭માં જીતી લીધો ત્યારથી તેમની વસ્તી ત્યાં વધારે થઈ છે. ઘણા ગુરખાઓ હિન્દુસ્તાનમાં લશ્કરી નોકરી બજાવે છે, અને તેઓ શીખ જેવા બહાદુર લડવૈયા છે. રાજ્યની મુખ્ય નિકાસ ચોખા, બીજાં અનાજ, તેલી બીઆં, ઢોર, શણ, અને ચામડાં છે.

રાજા સિસોદીઆ રજપુત છે. બ્રિટિશ રેસિડન્ટ દરબારમાં રહે છે, પણ તે રાજ્યના કામની અંદર હાથ ઘાલતા નથી. આ રાજ્યની રાજધાની **खटमंडु** (૫૦,૦૦૦) દરીઆની સપાટીથી ૪,૫૦૦ ફુટ ઉંચું ખીણમાં આવેલું શહેર છે.

भुतान.

भुतानનું સ્વતંત્ર રાજ્ય સિકીમની પૂર્વે પહાડમાં આવેલું છે, અને તે લગભગ કાઠિઆવાડ જેવડું છે, પણ વસ્તી કાઠિઆવાડની વસ્તીનો પાંચમો ભાગ છે. બ્રિટિશ રૈયત પર જુલમ કરવાના વાંકથી એનો કેટલોક મુલક ઇ. સ. ૧૮૬૩માં ખાલસા કરવામાં આવ્યો હતો. એની રાજધાની **पुनाखा** દાર્જિલિંગની ઈશાનમાં ૨૦૦ માઇલ પર આવેલું છે. આ પ્રદેશ ખરો પહાડી છે, અને ઊન, મીણ, કસ્તુરી, ઘોડા (ટટુ) આ રાજ્યની નિકાસ છે. લોકો શરીરે મજબુત બાંધાના છે, અને બૌદ્ધ ધર્મ માને છે.

फ्रेंच संस्थानो.

ફ્રેંચ સંસ્થાનોનું ક્ષેત્રફળ લગભગ ૨૦૦ ચો. મા. અને વસ્તી ૨,૮૩,૦૦૦ છે. એનું મુખ્ય શહેર **पोंडिचेरी** કોરોમંડલ કિનારા પર આવેલું છે, અને ત્યાં ફ્રેંચ ગવર્નર જનરલ રહે છે. તે શહેરમાં પાંચ મિશનો છે. પોંડિચેરી (૧,૮૫,૦૦૦) ઉપરાંત બીજા ચાર સંસ્થાનો હિન્દુસ્તાનમાં છે- **चंद्रनगर** (૨૫,૦૦૦) હુગલી

નદી પર, **कारीकल** (૫૭,૦૦૦) કાવેરીના મુખ પ્રદેશમાં, **यानाम** (૫,૦૦૦) ગોદાવરીના મુખ આગળ, અને **माही** (૧૧,૦૦૦) મલબાર કિનારા પર. આ સંસ્થાનોની મુખ્ય નિકાસ મગફળી, સુતરાઉ કાપડ, અને ચોખા છે.

फिरंगी संस्थानो.

ફિરંગી સંસ્થાનોનું ક્ષેત્રફળ ૧,૬૦૦ ચો. મા. છે, અને વસ્તી ૫,૦૦,૦૦૦ છે. એમાં ત્રણ સંસ્થાનો **दीव, दमण**, અને **गोवा** પશ્ચિમ કિનારા પર આવેલાં છે. (જુઓ મુંબઈ ઇલાકો). આ સંસ્થાનોની મુખ્ય નિકાસ નાળિએર, માછલાં, અને સોપારી છે.

सिलोन.

હિન્દુસ્તાનની દક્ષિણે આવેલો સિલોન, સિંહલદ્વીપ, કે લંકાનો ટાપુ હિન્દુસ્તાનનો ભાગ છે, અને બ્રિટિશ રાજ્યને તાબે છે; પણ તે હિન્દુસ્તાનના વાઇસરૉયની સત્તા નીચે નથી. ઇ. સ ૧૭૯૬માં અંગ્રેજ લોકોએ આ ટાપુ પરનાં વલંદા સંસ્થાનો વલંદા પાસેથી લઈ મદ્રાસ ઇલાકામાં જોડી દીધાં હતાં, પણ ઇ. સ. ૧૮૦૧માં એને હિન્દુસ્તાનના વાઇસરૉયની સત્તા નીચેથી કાઢી એનું 'કાઉન કૉલોનિ'* કરવામાં આવ્યું હતું. આ ટાપુનું ક્ષેત્રફળ કાઠિઆવાડથી સવાગણું છે, અને વસ્તી કાઠિઆવાડથી દોઢગણી છે.

આ ટાપુના દક્ષિણ ભાગનો મધ્ય ભાગ ઉચ્ચ પ્રદેશ છે, અને તે પર ઉંચા પર્વતો અને શિખરો આવેલાં છે—**पेद्रा ताला गला** પર્વત (૮,૨૦૦ ફુટ), અને **सामनिला** શિખર (૮,૪૦૦). કિનારાનો અને ઉત્તરનો પ્રદેશ નીચું અને સપાટ મેદાન છે.

આ ટાપુ પર નૈર્ઋત્યનો વરસાદ હિંદુસ્તાનમાં પડે તે અગાઉ પડે છે, અને તે નૈર્ઋત્ય ભાગ પર વધારે પડે છે. ઉત્તર ભાગની હવા કર્ણાટકની માફક સુકી અને ગરમ છે. નૈર્ઋત્ય કિનારાથી હવા ગરમ અને ભેજવાળી છે. અહીં ઘણા ભાગમાં પહેલાં જંગલ હતાં. ડુંગર ઉપર અને નૈર્ઋત્ય કિનારા પર હજુ વનસ્પતિ ઘાડી છે. જંગલમાં તજ પુષ્કળ થાય છે, અને તે ઉપરાંત કીમતી ઇમારતી લાકડું થાય છે જંગલમાં હાથી, ચિત્તા, અને રીછ જોવામાં આવે છે.

*જુઓ ભૂગોળ ભાગ બીજો, બ્રિટિશ સામ્રાજ્ય.

આ બાજુએ અગાઉ બુંદ મોટી પેદાશ હતી, પણ તેને બદલે હાલ ચા મુખ્ય પેદાશ છે. એ ઉપરાંત સિંકોના, કેકાઉ, અને તમાકુ થાય છે. અનાજમાં ચોખા મુખ્ય પાક છે. માણેક વગેરે કીમતી ખનીજો, પ્લમ્બેગો, અને મીઠું એ મુખ્ય ખનીજો છે. મનારના અખાતમાંથી મોતી નીકળે છે, અને કિનારા પર પુષ્કળ મીઠું પકવવામાં આવે છે.

આ ટાપુમાં સિંહલી લોકોની વસ્તી વધારે છે. ઉત્તરમાં તામીલ ભાષા બોલનારા લોકો વસે છે. વસ્તીના અડધા ભાગ કરતાં વધારે લોક બૌદ્ધ ધર્મ માને છે. એની મુખ્ય નિકાસ ચા, બુંદ, નાળિએર, કોપરાં, કોપરેલ, કાથાનાં દોરડાં, સિંકોના, રબર, કોકો, તજ, એલચી, પ્લમ્બેગો, એબનિ, સોપારી, અને વેનિલા છે.

આ ટાપુનો ઉપરી ગવર્નર કહેવાય છે, અને તેને રાજકાજમાં મદદ કરવા સાત સભાસદની મંડળી, અને કાયદા બાંધવાના કામમાં ૩૭ સભાસદની મંડળી છે. ઇ સ. ૧૮૧૫માં કાંદીના રાજાને ગાદીએથી ઉઠાડી આખો મુલક ખાલસા કરવામાં આવ્યો હતો.

मुख्य शहेरोः—

कोलंबो (૨,૧૧,૦૦૦) રાજધાની અને મુખ્ય બંદર છે. એ બંદરેથી ચા, બુંદ, કોપરેલ અને તજ ચઢે છે.

पोइंटदीगाली (૪૦,૦૦૦) કોલંબોની ગોદી તૈયાર કરવામાં આવી તે અગાઉ મોટું બંદર હતું. **त्रिंकोमाली** (૧૧,૦૦૦) દરિઆઈ લશ્કરી વહાણુનું મુખ્ય મથક છે, અને **जाफना** (૪૦,૦૦૦) ઉત્તર કિનારે હિંદુસ્તાન જોડે વેપાર કરનારૂં સ્થળ છે. **कांदी** (૩૦,૦૦૦) સિંહલી દેશી રાજાની રાજધાનીનું નગર હતું.

मालद्वीप-સિલોનની પશ્ચિમે ૫૦૦ માઇલ પર પરવાળાંના ટાપુનો સમૂહ **मालद्वीप** નામે ઓળખાય છે. ત્યાંના રાજા સિલોનના ગવર્નરના તાબા નીચે છે ત્યાંના રહેવાસી તેમજ રાજા મુસલમાન છે. ટાપુની મુખ્ય પેદાશ નાળિએર છે. આ ટાપુઓની હવા સારી નથી.

સમાપ્ત.